॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# કૃપા મુક્તિ



-: લેખક :-

સદ્ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)

**પ્રસિદ્ધ કર્તા :-** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ



પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



શ્રી સ્વામિનારાયણ મંદિર
વડતાલધામ

# ‘‘કૃપા-મુક્તિ’’

કાર્તિકી સમૈયા પ્રસંગે

વડતાલધામને આંગણે

# શ્રી વચનામૃત

## દ્વિશતાબ્દી મહોત્સવ

તા. ૦૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ વડતાલધામ

કારતક સુદ નોમ થી પૂનમ



''ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ.'' એ તો ભગવાનના ધામને જ પામે; અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે અને ચંદનનાં લાકડામાં સંસ્કારે યુક્ત બળે તો પણ તે તો નિશ્ચય યમપુરીમાં જાય.'

**– વચનામૃત લોયા પ્ર-૩**

''મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું;<br>
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.''

**– ભક્ત ચિંતામણિ પ્ર-૬૮**

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# ''કૃપા-મુક્તિ''

:: લેખક ::

સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)

દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ
ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ
**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની**
આજ્ઞાથી

:: પ્રસિદ્ધકર્તા ::

**વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી**
મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
ગુરુ : પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી
વડતાલ—સંસ્થાન

# ‘‘કૃપા-મુક્તિ’’

**લેખક** : સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

**પ્રકાશક** : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

ફોન : (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬.

**E-mail :** vadtaldhamvikas@gmail.com

**Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ** : સં. ૨૦૭૬, કાર્તિકી સમૈયો,
તા. ૬ થી ૧૨ નવેમ્બર, ૨૦૧૯
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ

‘‘શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે’’

**આવૃત્તિ** : દ્વિતીય (ઈ.સ. ૨૦૧૯)

**પ્રત** : ૧૦૦૦ (કુલ પ્રત - ૪૦૦૦)

**કિંમત** : ₹ ૫૨/- (સૌજન્યને આભારી વેચાણ કિંમત ₹ ૨૦/-)

**સૌજન્ય** : પ.ભ. શ્રી જેનીશ રાજેશકુમાર પટેલ
અખિયાણા, મૂળી પ્રદેશ, હાલ- વિદ્યાનગર

**પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલધામ

**મુદ્રક** : શ્રીજી આર્ટ, અમદાવાદ.

ફોન. (૦૭૯) ૨૬૪૪૧૫૨૨ (મો.) ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री
श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी
संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. न. ५३/२०७५ ता. १२-१०-२०१८

## आशीर्वादपत्र

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ **આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

"મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું;
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.

- ભક્તચિંતામણિ-પ્ર-૬૮

આપણા અધ્યાત્મ જગતમાં મુમુક્ષુ માત્રની અંતિમ ઈચ્છા ભગવત્પ્રાપ્તિની હોય છે. ધર્મ-જ્ઞાન - વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિમય જીવન વ્યતીત કરનારાને શ્રીહરિએ જે ઉપરોક્ત અભય વચન આપ્યું છે તેના દસ્તાવેજ સ્વરૂપ પ્રસંગો શ્રી ભક્તિસ્વરૂપદાસજી સ્વામીએ લખ્યા છે. સાદી ભાષામાં લખાયેલા આ પ્રસંગો શ્રીહરિના માહાત્મ્યજ્ઞાનમાં વૃદ્ધિ કરનારા છે, પ્રેમભક્તિની પુષ્ટી કરનારા છે. તેથી **વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ** ઉપક્રમે પ્રસ્તુત પ્રકાશન દ્વારા અમો હૃદયથી સ્વામીશ્રીને બિરદાવીએ છીએ. તેમ જ અનેક વિધ સાહિત્યનું સતત ચિંતન અને મનનનાં ભાગરૂપે સ્વામીશ્રી દ્વારા જે પુસ્તકો સત્સંગને પ્રાપ્ત થતાં આવ્યાં છે ત્યારે પ્રસ્તુત પુસ્તક પણ વચનામૃત ગઢડા મધ્ય ૫૮ પ્રમાણે સંપ્રદાયની પુષ્ટીમાં અભિવૃદ્ધિ કરનારું બનશે. એવી શુભભાવના વ્યક્ત કરીએ છીએ અને સ્વામીશ્રીને હૃદય ધન્યવાદ પાઠવીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનમાં સર્વે પ્રકારે સહકાર આપનાર સર્વેનું મંગળ થાઓ તેમજ સ્વામીશ્રી દ્વારા સત્સંગની સાહિત્ય પ્રકાશન દ્વારા અવિરત સેવાઓ પ્રાપ્ત થતી રહે તેવી વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના સહ અમારા ભાવથી જય સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજશ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! सहजानन्द भक्तवत्सल ! ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिं … त्वाम् ॥

## શુભાશિષ...


હે વહાલા સંતો-ભક્તો ! અનંત આત્માઓને નિજાનંદમાં ડૂબાડવા આનંદકંદ સહજાનંદ મહાપ્રભુએ પોતાના પ્રાણપ્યારા પરમહંસો સાથે પધારી આ ધરાને પાવન કરીને મોક્ષનો ધોરી માર્ગ વહેતો મૂક્યો. તેમજ પોતાના યોગમાં અને પવિત્ર પરમહંસોના તથા ભાવિલા ભક્તોના યોગમાં - ઉપયોગમાં યેન-કેન પ્રકારે આવનાર સર્વે મુમુક્ષુઓને અહૈતુકી કૃપાના પાત્ર બનાવ્યાં.

વળી નાનાં-મોટાં નરનારીઓને - ઉત્તમ અધમના ભેદભાવ જોયા વિના ખેચર, જળચર, સ્થળચર તમામ જીવ પ્રાણીમાત્રને અક્ષરધામના અધિકારી કર્યા. નિજાશ્રિતોને અંતકાળે આ નશ્વર શરીર છોડાવી તેજોમય તનુ ધરાવીને અક્ષરધામમાં તેડી ગયા, તેડી જાય છે અને તેડી જવાના છે, એ નિર્વિવાદ છે; તેના કારણે જ આ પુસ્તકનું નામ ‘‘કૃપા મુક્તિ’’ રાખવામાં આવેલ છે.

અમારા મંડળના સ્વામી બ્રહ્મસ્વરૂપદાસે આવી બનેલી બીનાઓને સંપ્રદાયના ગ્રંથોમાંથી એકત્રિત કરી ગ્રંથ સ્વરૂપ આપ્યું છે. તેથી મુમુક્ષુઓનાં અંતરને અદકેરા આનંદથી છલકાવતું આ ‘કૃપા મુક્તિ’ નામનું પુસ્તક ‘વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ’ પ્રસંગે વડતાલ સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહ્યું છે, એ સત્સંગ સમાજ માટે આનંદની વાત છે. આ પુસ્તકના લેખક બ્રહ્મસ્વરૂપદાસને તથા વાંચન કરનારા સૌ કોઈ નરનારીઓને વડતાલવિહારી શ્રીહરિકૃષ્ણ મહારાજ સર્વે પ્રકારે સુખીયા રાખે એ જ અભ્યર્થના.

**લિ.** શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસ
શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામ
મુખ્ય કોઠારી વડતાલ સંસ્થાન

## લેખક તરફથી...



હે વહાલા સંતો-ભક્તો ! અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ એવા સ્વામિનારાયણ મહાપ્રભુ પૃથ્વીને પાવન કરવા આ ધરા ઉપર પ્રગટ થયા અને બુભુક્ષુ-મુમુક્ષુ સૌ કોઈ આબાલવૃદ્ધ નરનારીઓને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી આયુષ્યના અંતે સ્વયં આવીને દિવ્યદેહ ધારણ કરાવી દિવ્ય વિમાન વગેરેમાં બેસાડી પોતાના અક્ષરધામમાં લઈ જઈ પોતાની મૂર્તિનાં સુખે સુખીયાં કરી દીધાં, એ મહાપ્રભુ શ્રીહરિની સૌથી મોટી અને ઉત્તમ કૃપા હતી.

પરમાત્મા શ્રીહરિજી મનુષ્યદેહનો ત્યાગ કરી સ્વધામમાં જવા તૈયાર થયા ત્યારે ભવિષ્યનાં નરનારીઓની મુક્તિ માટે સ્વહસ્તે 'શિક્ષાપત્રી' નામનો નાનકડો ગ્રંથ લખીને જણાવ્યું કે, 'આ અમારી લખેલ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે, તે ધર્મ-અર્થ-કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થને પામશે.' આ હતી મહારાજની વિશેષ કૃપા; કારણ કે જન્મ-મરણ અને લખ-ચોરાશીનાં મહાદુઃખમાંથી છોડાવીને હંમેશાં માટે પોતાની સાથે પોતાના અક્ષરધામમાં રાખવા માટેનું કૃપાળુનું આ કૃપામય વરદાન છે.

હે ભક્તો ! શાસ્ત્રોની રીતે તો આત્યંતિક મુક્તિ મળવી અતિશય કઠિન છે, પરંતુ શ્રીહરિજી કૃપાથી અને સંતો-ભક્તોના રાજીપાથી કઠિન મુક્તિ સરળ બની જાય છે; એ ન્યાયે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આજે પણ સંપ્રદાયના અનુયાયીઓને અંતકાળે સ્વયં સ્વામિનારાયણ મહાપ્રભુ તેડવા પધારે છે અને પોતાના ધામમાં લઈ જાય છે.

હે વહાલા વાચકો ! વર્તમાન સમયમાં શ્રીજીમહારાજ કોને કોને તેડવા આવ્યા હતા એની માહિતી તો મારી પાસે નથી, પરંતુ દોઢસો (૧૫૦) વર્ષ પહેલાં કોને કોને તેડવા પધાર્યા હતા, તેની માહિતી એ સમયના સંતોએ પોતાના ગ્રંથોમાં લીધેલ છે. તેમાંથી મેં ફક્ત ૧૨૬ પ્રસંગો પ્રસ્તુત પુસ્તકમાં લીધેલ છે. આ પુસ્તક વાંચવાથી શ્રીહરિની આપણા ઉપર કેટલી બધી કૃપા છે, તેનો ખ્યાલ આવશે; એટલા માટે જ આ પુસ્તકનું નામ ''કૃપામુક્તિ'' રાખવામાં આવેલ છે.

હે ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની એવા વડતાલધામમાં ભવ્યતાની ભવ્ય 'વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' પ્રસંગે આ કૃપામુક્તિ પુસ્તક પ્રકાશિત થાય એવી ઈચ્છા મેં મારા ગુરુબંધુ - વડતાલ ટેમ્પલ બોર્ડના આસિસ્ટન્ટ કોઠારી ડૉ. શાસ્ત્રી સંતવલ્લભ સ્વામી (એમ.એ., પી.એચ.ડી. વેદાંતાચાર્ય, મહામહોપાધ્યાય) આગળ કરી. તેઓ છેલ્લા પાંચ વર્ષથી અમારા ગુરુશ્રી (વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી)ની આજ્ઞાથી સંપૂર્ણ વહીવટ સંભાળી રહ્યા છે.

હે ભક્તો ! તેમણે સહર્ષ હા કહી. જો કે આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ કંડારી ગુરુકુળ તરફથી ઈ.સ. ૨૦૧૪ માં 'સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવ' પ્રસંગે પ્રકાશિત થઈ હતી, પરંતુ હરિભક્તોની માગણીના કારણે બીજી આવૃત્તિની જરૂર પડવાથી આ શુભ પ્રસંગે 'કૃપામુક્તિ' પુસ્તક પ્રકાશિત થતાં આનંદની લાગણી અનુભવું છું.

હે ભક્તો ! વડતાલ ગાદીના વિદ્યમાન આચાર્ય પરમ પૂજ્ય, ધર્મધુરંધર ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે રાજી થઈને ‘‘કૃપામુક્તિ’’ પુસ્તક વાંચીને ‘આશીર્વાદ પત્ર’ લખી આપેલ છે, તેથી તેઓનો હું વિશેષ આભાર માનું છું. તેમજ વડતાલ મંદિરના મુખ્ય કોઠારીશ્રી મારા ગુરુ પ.પૂ.સ.ગુ. શા. ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી તથા ચેરમેનશ્રી સ.ગુ. કો. દેવપ્રકાશદાસજી સ્વામી અને સમગ્ર ટ્રસ્ટી મંડળનો પણ આભાર માનું છું.

હે ભક્તો ! આ પુસ્તક પ્રકાશિત કરવા આર્થિક સહયોગ આપનાર પ.ભ. શ્રી જેનિશ રાજેશકુમારનો (અખિયાણા હાલ વિદ્યાનગર) પણ હું આભાર માનું છું. તેઓને વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ સર્વે પ્રકારે સુખિયા રાખે એવી તેઓનાં ચરણોમાં પ્રાર્થના સાથે સર્વે વાચકોને ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

લિ. સત્સંગ સેવક સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના
ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

તા. ૧૩-૧૦-૨૦૧૯, સંવત્-૨૦૭૫, શરદપૂર્ણિમા

# હાર્દિક અભિનંદન

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી

**શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા

**શ્રી લક્ષ્મીનારાયણ આદિ દેવો**ની પ્રસન્નતાર્થે તથા

સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાના મહાન સંત

**અ.નિ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી** - વડતાલધામની

પુણ્ય સ્મૃતિમાં તેમના સેવક અને

વડતાલ-મંદિરના મુખ્ય કોઠારી

**સદ્‌ગુરૂ શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

ના સેવક સદ્. શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામીની પ્રેરણાથી

પ.ભ. શ્રી નાગરભાઈ ત્રિભોવનભાઈ પટેલ

અ.સૌ. શ્રી ધનગૌરીબેન નાગરભાઈ પટેલ

''હસ્તે.''

''**સુપુત્ર**'' પ.ભ. રાજેશકુમાર નાગરભાઈ પટેલ

''**પુત્રવધુ**'' અ.સૌ. શ્રી રીમ્પલબેન રાજેશકુમાર પટેલ

**પૌત્ર** : જેનિશ

અખિયાણા : મૂળી પ્રદેશ : હાલ : વિદ્યાનગર.

તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

તેમના સહયોગથી આ પુસ્તકનું પ્રકાશન થઈ રહ્યું છે.

— સાધુ અમૃતવલ્લભદાસના

જય શ્રી સ્વામિનારાયણ.

# અનુક્રમણિકા


| ક્રમ | નામ | પેજ નં. |
|---|---|---|
| ૧. | વરતાલના જોબન પગી | ૦૧ |
| ૨. | ગોંડલના કરમણભાઈ | ૦૩ |
| ૩. | રતનપરના મોહન ભગત | ૦૬ |
| ૪. | ગુડેલના જીભાઈ | ૦૯ |
| ૫. | ગીદડીના અમરા ભગત | ૧૩ |
| ૬. | મલુકપુરના રામસેવક ભગત | ૧૫ |
| ૭. | બરાઈના કૃપારામ-સીતારામ | ૧૭ |
| ૮. | સનાળાના ભાયજીભાઈ | ૧૯ |
| ૯. | દેવળીયાના તેજપાળજી | ૨૦ |
| ૧૦. | ડભાણના ગોવિંદરામભાઈ તથા ડુંગરભાઈ | ૨૨ |
| ૧૧. | બામણગામના હેમંતભાઈ | ૨૪ |
| ૧૨. | ડભોઈના કરુણાશંકરજી | ૨૬ |
| ૧૩. | વડોદરાના હરિપંતજી | ૨૮ |
| ૧૪. | વડોદરાના રામદાસજી | ૩૦ |
| ૧૫. | વડોદરાના લક્ષ્મીબા | ૩૪ |
| ૧૬. | વડોદરાના અંબાબેન | ૩૫ |
| ૧૭. | વડોદરાના જીજીબા | ૩૬ |
| ૧૮. | વડોદરાના દલપત ભગત | ૩૮ |
| ૧૯. | ઉતરાજના સાકરબા | ૪૦ |
| ૨૦. | સુરતના પીલુશા | ૪૨ |

| | | |
|---|---|---|
| ૨૧. | સુરતના અરદેશરજી | ૪૩ |
| ૨૨. | આમોદના ગણપતરામ બાપા | ૪૪ |
| ૨૩. | સારસાના હેતબા | ૪૬ |
| ૨૪. | કણભાના ઉત્તમચંદ શેઠ | ૪૭ |
| ૨૫. | વહેલાલના રઘુનાથદાસ બાપા | ૪૮ |
| ૨૬. | ગામડીના નરસીભાઈ | ૪૯ |
| ૨૭. | લુણાવાડાના લખાબાપા | ૫૧ |
| ૨૮. | કારેલીના રાઘવજીભાઈ | ૫૩ |
| ૨૯. | કાણોતરના બોઘાભગત | ૫૫ |
| ૩૦. | નાનોદરના ચતુર ભગત | ૫૭ |
| ૩૧. | તેજપરના ભાવસિંહજી | ૫૮ |
| ૩૨. | ધોળકાના સરસ્વતીબેન | ૬૦ |
| ૩૩. | મેથાણના દેવજી ભગત | ૬૨ |
| ૩૪. | વિહલપરના સંતોકબેન | ૬૪ |
| ૩૫. | દહીંસરાના કાનજી બાપા | ૬૬ |
| ૩૬. | સમઢીયાળાના હરિભાઈ | ૬૮ |
| ૩૭. | સુંદરીયાણાના પીતાંબરભાઈ | ૭૦ |
| ૩૮. | કુંડલાના પાનબાઈ | ૭૨ |
| ૩૯. | ગઢપુરના અમરાબાપુ | ૭૪ |
| ૪૦. | ગઢપુરના જીવાખાચર | ૭૬ |
| ૪૧. | ગઢડામાં ઘુવડનો મોક્ષ | ૭૮ |
| ૪૨. | ગઢપુરનો બળદ અક્ષરધામમાં | ૭૯ |
| ૪૩. | કોવાયાના રાઘા ભગત'' | ૮૧ |

| | | |
|---|---|---|
| ૪૪. | કોવાયાના નાજા ભગત | ૮૩ |
| ૪૫. | બારપટોળીના આલાભાઈ | ૮૫ |
| ૪૬. | બારપટોળીના બીજલ ભરવાડ | ૮૭ |
| ૪૭. | સામતેરના હમીર ભગત | ૮૯ |
| ૪૮. | ખોડીના અરજણ ભગત | ૯૧ |
| ૪૯. | કડીયાના ભોળા ભગત | ૯૩ |
| ૫૦. | બગસરાના મેપાભગત | ૯૫ |
| ૫૧. | બગસરાના કલા ભગત | ૯૭ |
| ૫૨. | બગસરાના વેલાભાઈ | ૯૯ |
| ૫૩. | તોરીના ઘેલા મહારાજ | ૧૦૧ |
| ૫૪. | ખોખરીના સબળાજી | ૧૦૩ |
| ૫૫. | વંથલીનાં લક્ષ્મીબા | ૧૦૫ |
| ૫૬. | વંથલીના નારાયણ ભગત | ૧૦૭ |
| ૫૭. | વંથલીના કલ્યાણબાપા | ૧૦૯ |
| ૫૮. | ખંઢેરાના કલ્યાણબાપા | ૧૧૧ |
| ૫૯. | ખંઢેરાના દેવચંદભાઈ | ૧૧૩ |
| ૬૦. | મોડાસાના અજાભાઈ | ૧૧૪ |
| ૬૧. | રાજકોટના માંડણદાદા | ૧૧૪ |
| ૬૨. | રાજકોટના દેવકૃષ્ણજી વ્યાસ | ૧૧૬ |
| ૬૩. | લોધીકાના અભેસિંહજી જાડેજા | ૧૧૮ |
| ૬૪. | મેંગણીના અમરસંગજી | ૧૨૨ |
| ૬૫. | મેંગણીના માનભા બાપુ | ૧૨૪ |
| ૬૬. | સનાળાના મૂળજી ભગત | ૧૨૬ |

| | | |
|---|---|---|
| ૬૭. | કંડોરડાનાં જસોદાબેન | ૧૨૮ |
| ૬૮. | કંડોરડાના કેશવજી દવે | ૧૩૦ |
| ૬૯. | સૂપેડીનાં ટબીબેન | ૧૩૨ |
| ૭૦. | ગોંસાઈગંજના સુખપાલજી | ૧૩૪ |
| ૭૧. | ઉપલેટાના સવજી મહારાજ | ૧૩૬ |
| ૭૨. | ઉપલેટાના લાલાબાપા | ૧૩૮ |
| ૭૩. | ઉપલેટાના અરજણદાદા | ૧૪૦ |
| ૭૪. | ઉપલેટાનાં મલાઈ મા | ૧૪૨ |
| ૭૫. | ભાયાવદરના નાનાભાઈ | ૧૪૫ |
| ૭૬. | ભાયાવદરના મૂળજી ભગત | ૧૪૮ |
| ૭૭. | ભાયાવદરના પીતાંબર જોશી | ૧૪૯ |
| ૭૮. | ગણોદના અલીભાઈ | ૧૫૦ |
| ૭૯. | ગણોદના વજાભાઈ | ૧૫૨ |
| ૮૦. | ગણોદના જસા ખવાસ | ૧૫૩ |
| ૮૧. | જૂનાગઢનાં પ્રેમબાઈ | ૧૫૫ |
| ૮૨. | જૂનાગઢના મંગળ ભક્ત | ૧૫૭ |
| ૮૩. | જૂનાગઢના ચકુભાઈ | ૧૫૯ |
| ૮૪. | જૂનાગઢના રૂપશંકર | ૧૬૧ |
| ૮૫. | માળીયાના મકન ભટ્ટ | ૧૬૩ |
| ૮૬. | માંગરોળના મંછારામભાઈ | ૧૬૫ |
| ૮૭. | માંગરોળના માણેકચંદ શેઠ | ૧૬૬ |
| ૮૮. | ડભોઈના પંડિતરામ | ૧૬૮ |
| ૮૯. | વસોના રણછોડ ભગત | ૧૭૦ |

| | | |
|---|---|---|
| ૯૦. | રણુના પ્રભાતગિરિ બાપુ | ૧૭૨ |
| ૯૧. | ઘાણલાનાં મૂળીમા | ૧૭૫ |
| ૯૨. | મેલિયાણાનાં જાનંતીબેન | ૧૭૯ |
| ૯૩. | ડડુસરના ગલુજી | ૧૮૧ |
| ૯૪. | ઉમરેઠનાં કુશળબા | ૧૮૩ |
| ૯૫. | ગામડીનાં તેજોવતી બેન | ૧૮૪ |
| ૯૬. | ગામડીના નરસિંહદાસ | ૧૮૬ |
| ૯૭. | ઉનાના ગણેશ શેઠ | ૧૮૮ |
| ૯૮. | કણભાના ઉત્તમચંદ્ર | ૧૯૦ |
| ૯૯. | ધુવાના બિંદુ ભક્તની કાકી | ૧૯૨ |
| ૧૦૦. | બોટાદના શિવલાલ શેઠ | ૧૯૪ |
| ૧૦૧. | બોટાદના નગરશેઠ ભગા દોશી | ૧૯૫ |
| ૧૦૨. | ભૂજના સુંદરજી સુથાર | ૧૯૮ |
| ૧૦૩. | સરસોદ પ્રદેશના રામજી પટેલ | ૧૯૯ |
| ૧૦૪. | કેલોદના વલીભાઈ | ૨૦૧ |
| ૧૦૫. | રાજપુરના જેકર્ણ ભક્ત | ૨૦૪ |
| ૧૦૬. | ચમારાના દયાળજી ભક્ત | ૨૦૬ |
| ૧૦૭. | અમદાવાદના પ્રાણવલ્લભજી | ૨૦૮ |
| ૧૦૮. | કારિયાણીના મૂળજી ભગત | ૨૦૯ |
| ૧૦૯. | કુંડળના હાથીયા પટગીર | ૨૧૧ |
| ૧૧૦. | રોજકાના મશરુ ગોળ | ૨૧૩ |
| ૧૧૧. | રેફડાના મોળદાન | ૨૧૫ |
| ૧૧૨. | નાવડાના હીરા શેઠ | ૨૧૭ |

૧૧૩. ગોલીડાના રાણા ભક્ત ૨૧૯
૧૧૪. હાથસણીના કાનાભાઈ ૨૨૨
૧૧૫. આંબાની બકરી અક્ષરધામમાં ૨૨૩
૧૧૬. લાઠીદડના ડાહ્યાભગત ૨૨૫
૧૧૭. કલ્યાણીનાં લક્ષ્મીબા ૨૨૭
૧૧૮. ખોખનેશનાં પાર્વતીબા ૨૨૯
૧૧૯. છાપરીનાં જાનબાઈ ૨૩૧
૧૨૦. નાર્દીપુરના તીતા ભગત ૨૩૩
૧૨૧. આખોલના મનોરમ ભગત ૨૩૪
૧૨૨. જેતલપુરના જોઈતા ભગત ૨૩૬
૧૨૩. પંચાળાના ઝીણાભાઈ ૨૩૮
૧૨૪. હળિયાદના ડાયા ભગત ૨૪૦
૧૨૫. કંડોરડાની ગાયને અક્ષરધામ ૨૪૨
૧૨૬. ઈંટોલાના બળદને અક્ષરધામ ૨૪૪




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેત્રામ્ ॥

# "વરતાલના જોબન પગી"

**"મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું;**
**બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.**

**– ભક્ત ચિંતામણિ-પ્ર-૬૮**

હે વ્હાલા ભક્તો ! આપણા ભારત દેશમાં આપણું ગુજરાત રાજ્ય નંદનવન ગણાય છે, એ જ રીતે ગુજરાત રાજ્યમાં પણ ચરોતર પ્રદેશ વૃંદાવન ગણાય છે.

ચરોતર પ્રદેશમાં આરોગ્યની વૃદ્ધિ અને પુષ્ટિ કરે એવાં મીઠા પાણીની અખૂટ જળ-સંપત્તિ છે. જાતજાતનાં વૃક્ષો, લતાઓ તથા ફળ-ફૂલોથી મઘમઘતી વિપુલ વનરાજી, જુદાં જુદાં પ્રકારના ખાદ્ય પાકો અને વેપારી પાકોથી લચી પડતાં ખેતરોનાં કારણે ચરોતર પ્રદેશનાં નરનારીઓ આર્થિક દ્રષ્ટિએ સુખી છે.

ગુજરાત રાજ્યમાં ચરોતર પ્રદેશ એની વિશેષતાને કારણે આજે પણ વખણાય છે. સમુદ્ધિને કારણે તેમજ ભણતરને કારણે ગુજરાતમાં એનો નંબર આવે છે.

અધ્યાત્મ દષ્ટિએ જોઈએ તો સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોચ્ચ તીર્થધામ વરતાલ ખેડા જીલ્લામાં ચરોતર પ્રદેશમાં આવેલ છે. ચરોતરનાં નર-નારીઓમાં ધર્મની પ્રધાનતા ઓછી જોવા મળે છે, પણ પ્રેમથી પ્રધાનતા વિશેષ જોવા મળે છે.

વરતાલધામનો મહિમા જેટલો લખીએ એટલો ઓછો પડે તેમ છે, કારણ કે સ્વયં અક્ષરાધિપતિ સ્વામિનારાયણ ભગવાન અનંતવાર-અગણિતવાર વરતાલ પધારીને ત્યાંની ભૂમિને પવિત્ર કરી છે અને પોતાનું પ્રગટ સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતે જ પધરાવી ઉપાસનાનું કેન્દ્ર બનાવ્યું છે.

આવા પવિત્ર વરતાલ ધામમાં ઘણા ભક્તો થયા છે, એમાં શિરમોડ ગણાય એવા ભક્તરાજ જોબનપગી હતા. તેઓનો જન્મ વિ.સંવત ૧૮૩૧માં થયો હતો. યુવાનીમાં કુસંગને કારણે લુટારાના સરદાર બન્યા હતા.

મુક્તાનંદ સ્વામીના હાથે તેમણે કંઠી પણ બાંધી હતી, પરંતુ પાકા સત્સંગી થયા ન હતા. સંવત્ ૧૮૬૬માં ડભાણ ગામમાં યજ્ઞ વખતે ઘોડા ચોરવા ગયા અને ત્રણ રાત્રી સુધી દરેક ઘોડીએ અને દરેક ઘોડે શ્રીહરિજીનાં દર્શન થયાં, ત્યાર પછી પાકા ભક્ત બની ગયા હતા. અનેક સદ્‌ગુણોને કારણે તેઓ અનેક ભક્તોના આદર્શ બની ગયા હતા.

હે ભક્તો ! શ્રીજી મહારાજની ચરણરજ ખૂટતા જ બોલ્યાઃ ‘‘હવે મારી પણ આયષ્ય ખૂટી ગઈ છે.’’ ત્યાંતો શ્રીજીમહારાજ વિમાન લઈને મુક્તો સાથે પધાર્યા. ત્યારે જોબન બાપાએ કહ્યું : ‘‘મહારાજ મને તેડવા પધાર્યા છે, હું તેઓ સાથે અક્ષરધામમાં જાઉં છું.’’ જય સ્વામિનારાયણ સંવત્ ૧૯૧૭માં ૮૬ વર્ષની ઉંમરે તેઓ ધામમાં ગયા.

## ''ગોંડલના કરમણભાઈ''

''જે કોઈ સતસંગી નામ કા'વે, પંચવ્રતને પાળે પળાવે,
તે આ લોક પરલોકને માંઈ, રહે સુખી તે જન સદાઈ.
જે દી' આવે આ દેહનો કાળ, તે દી' આવે તેડવા દયાળ,
રથ વેલ વિમાન ને વાજી, મૂકે દેહ ઘણું થઈ રાજી,
કહે આવ્યા છે તેડવા નાથ, હું જાઉં છું મહારાજને સાથ;
માનજો મારું હિત વચન, સહુ સ્વામીનું કરજ્યો ભજન.''
-ભક્ત ચિંતામણિ- પ્ર-૬૫

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં રાજકોટ નજીક ગોંડલ નામનું નાનું એવું શહેર આવેલ છે. તે શહેરમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગ છે. ત્યાંનો રાજ પરિવાર પણ સત્સંગી હતો. દેવાજી દરબારે શ્રીજી મહારાજને ગોંડલમાં તેડાવી દરબારગઢ પાવન કરાવ્યો હતો. જેઠા મહારાજ પણ ત્યાં સારા સત્સંગી હતા.

તે ગોંડલમાં સુથાર જ્ઞાતિમાં, કરમણભાઈ સારા એકાંતિક હરિભક્ત થઈ ગયા છે. તેના પડોશમાં જગમાલભાઈ ઘાંચી રહેતા હતા. તેઓએ એક વાર કરમણભાઈને પૂછ્યું : ''તમારા ઘરમાં સવારમાં દરરોજ નાની ટોકરી વાગતી હોય છે અને તમો બધા કંઈક ગાતા હો, તે શું ગાઓ છો ? તમારા કપાળમાં તિલક-ચાંદલો હોય છે. તે બધું મને સમજાવોને. તમારાં બાળકો પણ ખૂબ સભ્યતાથી રહે છે અને ક્યારેય ખરાબ શબ્દ પણ બોલતાં નથી. આવા સારા સદ્‌ગુણો તમારા પરિવારમાં દેખાય છે તેનું શું કારણ છે ?''

આવી જીજ્ઞાસા જાણીને કરમણભાઈ જવાબ આપવા લાગ્યા: ''જગમાલભાઈ ! અમો સ્વામિનારાયણ ભગવાનના ઉપાસક છીએ. સવારે વહેલાં ઊઠી સ્નાન કરી પૂજા કરી ભગવાનની આરતી કરીએ

છીએ. સંતોના સમાગમને કારણે અમારાં બાળકોમાં સારા સંસ્કારો આવ્યા છે. અમો દરરોજ કુટુંબનાં બધાં જ નાનાં-મોટાં સ્ત્રી-પુરુષ, દીકરા-દીકરીયો ભેગાં થઈ ઘરસભા કરીએ છીએ. સ્વામિનારાયણ ભગવાનના જે આશ્રિત થાય તેને અંત સમયે તેઓ સ્વયં વિમાન લઈ, રથ લઈ, પાલખી લઈ તેડવા આવે છે અને તેમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે. ઘણીવાર તો ભક્તની બાજુમાં રહેતા લોકોને પણ ભગવાન દર્શન આપે છે. મરનાર વ્યક્તિ પણ કહે છે કે, " મને સ્વામિનારાયણ ભગવાન અને સંતો તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું."

હે ભક્તો ! કરમણ ભગતની વાત સાંભળી જગમાલભાઈ કહેવા લાગ્યા : "ભગત ! તમારા ભગવાન ઘણા પ્રતાપી છે, એ વાત સત્ય છે, તમોએ કહ્યું કે, 'અંત સમયે અમારા ભગવાન તેડવા આવે છે અને તેનાં દર્શન તેના પાડોશીને પણ ઘણીવાર થાય છે. તો એ તમારા ભગવાનના મને ક્યારેક દર્શન થાય તો સારું."

આ વાતને ઘણાં વર્ષો વીતી ગયાં. કરમણ ભગત વૃદ્ધ થયા અને આયુષ્ય પૂરી થઈ. શરીરમાં થોડો મંદવાડ આવ્યો એટલે સંબંધીઓ તેની પાસે બેઠા હતા. ત્યારે કરમણ ભગત બોલ્યા : "જુઓ, આ શ્રીજી મહારાજ અને મુક્તો મને તેડવા આવ્યા છે અને હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ."

હે ભક્તો ! બરાબર એ સમયે તેના પાડોશી જગમાલભાઈ ભોજપરા ગામથી ગોંડલ આવી રહ્યા હતા. તેણે નદીના કિનારે સોનાનો હીરા જડિત રથ જોયો. તે રથને હાથી જોડેલા હતા અને રથમાં પોતે સ્વામિનારાયણ ભગવાન અને કરમણભાઈ બેઠેલા હતા ! રથની આગળ પાછળ-સંતો-પાર્ષદોનાં વૃંદ હતાં.

કરમણભાઈએ જગમાલભાઈને રથ પાસે નજીક બોલાવીને કહ્યું : ‘‘હું અમારા ભગવાન સાથે તીરથ-જાત્રા કરવા જાઉં છું, તેથી તમો અમારા પાડોશી હોવાથી અમારા ઘરનું ધ્યાન રાખજો. આ ભગવાન પોતે છે માટે દર્શન કરો.’’ તેથી તેઓએ દર્શન કર્યા અને રથ આગળ ચાલ્યો.

હે ભક્તો ! જગમાલભાઈ વિચાર કરતા કરતા આવે છે કે, ‘‘સ્વામિનારાયણ ભગવાન કેવા દયાળુ છે કે તેઓ એના ભક્તને રથમાં બેસાડી યાત્રા પણ કરાવે છે ?’’

થોડા સમયમાં ગોંડલ આવી ગયું. પોતાના ઘેર પહોંચ્યા. ત્યાં તો તેમની દીકરીએ કહ્યું : ‘‘કરમણદાદા ગુજરી ગયા.’’ ત્યારે જગમાલભાઈ કહે : ‘‘જા જા ગાંડી ! આવું જૂઠું શા માટે બોલે છે ? કરમણભાઈ તો એના ભગવાન સાથે યાત્રા કરવા ગયા છે, હમણાં જ મને નદી કીનારે મળ્યા હતા.’’

એ સમયે તેની પત્નીએ આવીને કહ્યું : ‘‘દીકરીની વાત સાવ સાચી છે. કરમણભાઈને અગ્નિસંસ્કાર કરીને આ લોકો ચાલ્યા આવે છે તે જુઓ.’’

આવું સાંભળીને અને જોઈને ઘાંચી જગમાલ તો દિગ્મૂઢ બની ગયા અને બનેલ સર્વે વાત બધાને કહી સંભળાવી. તે સમયે ગોપાળાનંદ સ્વામી ગોંડલ પધાર્યા હતા તેની પાસે જઈ કરમણ ભગતની વાત કરી પછી વર્તમાન ધરાવી કંઠી પહેરી સત્સંગી થયા. અને તે મુસલમાનનો અંતકાળ આવ્યો ત્યારે તેણે પણ કહ્યું : ‘‘મને સ્વામિનારાયણ ભગવાન તેડવા આવ્યા છે અને હું તેઓની સાથે તેમના ધામમાં જાઉં છું. તેઓ સ્વયં ખુદા છે.’’ આ રીતે કહી તેઓ અક્ષરધામમાં મહારાજ સાથે ગયા.

# "રતનપરના મોહન ભગત"

હે ભક્તો ! કાઠિયાડમાં ભાવનગર જીલ્લામાં રતનપર નામનું રળિયામણું ગામ આવેલ છે. ગામમાં સ્વામિનારાયણ ભગવાનનું સુંદર મંદિર છે. મંદિરમાં દરરોજ સાંજે બધા ભક્તો ભેળા થઈને આરતી, ધૂન, કથા-વાર્તા વગેરે કરીને સત્સંગને માથાં સાટે રાખતા હતા.

આશરે સવાસો વર્ષ પહેલાં રતનપર ગામમાં પટેલ જ્ઞાતિમાં જસમત ભાઈ નામના સમજણના અંગવાળા એક સત્સંગી રહેતા હતા. તેઓ શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના બરાબર પાળતા હતા. કપિલજીવન સ્વામીના સમાગમથી તેઓ સારા ભક્ત થયા હતા.

આ જસમત પટેલને મોહન નામનો દીકરો હતો. તેની ઉંમર પચ્ચીસ વર્ષની હતી. તે મોહન ભગત પણ સત્સંગના દરેક નિયમો પાળતા હતા. શ્રીજી મહારાજ અને સંતોમાં તેને ખૂબ હેત હતું. મહારાજની આજ્ઞા પ્રમાણે તેઓ જીવન જીવી રહ્યા હતા.

હે ભક્તો ! એક દિવસ જસમતભાઈ સંધ્યા આરતી વગેરે નિત્ય-નિયમો પૂરા કરી ઘેર આવી જમીને ઓસરીની કોરે ઢોલિયો ઢાળી સૂઈ ગયા. મધરાતનો સમય હતો. રાત્રીના અંધાર-પછેડાએ આખા જગતને ઢાંકી દીધું છે. આકાશનો ઘુમ્મટ અધર-પધર આધાર વિના લટકી રહ્યો છે. તેમાં નાનાં-મોટાં તારલાઓ ઝબૂકી રહ્યા છે. મૃગશીર્ષ નક્ષત્ર માથા ઉપરથી આઘેરું આથમણું જઈને ઊભું છે.

ઉત્તરમાં આઘો ધ્રુવનો તારો ઝબૂકે છે. તેને ફરતાં સપ્ત ઋષિઓ પ્રદક્ષિણા કરી રહ્યા છે. આભમાં તારાઓમાં અનેક રચનાઓ ચોખ્ખી દેખાય છે. પોષ મહિનો છે. ઠંડો હિમાળાનો વા

ઝીકું દઈને વાઈ રહ્યો છે. માણસો ગોદડાં-ધાબળા વગેરે ઓઢીને ભરનિદ્રામાં સૂતાં છે.

આવા સમયે અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ ભગવાને આવીને ગાઢ-નિંદરમાં સૂતેલા જસમત ભગતને ગોદડું ખેંચીને જગાડ્યા. ભગત જાગીને જુએ છે, ત્યાં તો તેજ તેજના અંબારમાં મહારાજનાં દર્શન થયાં. ભગતના હૃદયમાં આનંદનો પાર ન રહ્યો. તે તો પથારીમાંથી ઊઠીને દંડવત કરવા લાગ્યા. આંખોમાંથી પ્રેમનાં આંસુઓ ચાલવાં લાગ્યાં. હૃદયનો ઉલ્લાસ ઉમટ્યો. રૂંવાડાં ઊભાં થઈ ગયાં અને ગદ્‌ગદ્‌ વાણીથી મહાપ્રભુ શ્રીહરિજીને કહેવા લાગ્યા : ''કૃપાનાથ ! આજે મારા ધન્યભાગ્ય ! ધન્ય ઘડી ! આપ અનંત ભુવનના નાથ આજે મારે આંગણે ઓચિંતાના પધાર્યા ?''

હે ભક્તો ! તેજનાં કિરણ વેરતા અને મુખમાંથી અમૃતરસની છોળો ઉછાળતા દયાળુ ભગવાન શ્રીહરિજી જસમત ભગતને કહેવા લાગ્યા : '' ભગત ! અમો તમને એક વાત કહેવા આવ્યા છીએ. તમારા યુવાન દીકરા મોહનને અમારા અક્ષરધામમાં તેડી જઈએ તો તમે રાજી કે નહિ ?''

શ્રીહરિએ જુવાનજોધ દીકરાને ધામમાં તેડી જવાની વાત કરી, છતાં જળકમળવત જીવતા જસમત ભગતના હૃદયનો એક પણ ધબકારો ન વધ્યો. ઉલ્ટાના હાથ જોડી બોલ્યા : ''અરે મહારાજ ! એથી વધારે રૂડું બીજું શું ? જગતના પંચવિષયની ખાટી છાશું પીવા કરતાં અક્ષરધામનું અમૃતસમું અલૌકિક સુખ શું ખોટું ?''

ત્યારે મહારાજ ફરીને બોલ્યા : ''મોહન તમારે એકનો એક પુત્ર છે. તમારું ખેતીનું બધું કામ એ સંભાળે છે. તમે રાજી હો તો જ અમો ધામમાં તેડી જઈએ, નહિતર પાછા જતા રહીએ.''

હે ભક્તો ! ભગતની દૃઢતાને મહારાજે કસોટીની એરણ ઉપર ચઢાવી સવાલ કર્યો. પરંતુ જેણે પોતાનું સર્વસ્વ શ્રીહરિનાં ચરણોમાં સમર્પી દીધું છે એવા જસમત ભગતે જવાબ દીધોઃ '' મહારાજ ! આ માયાની માથાકૂટ તો ક્યાં ખૂટે એવી છે ? અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિનું તેડું આવે અને હું દીકરાને માયાના કાદવમાં ખૂતાડી રાખું તો બાપ ન કહેવાઉં પણ દીકરાનો શત્રુ ગણાઉં. સામે ચાલીને લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવાં જાઉં એવો મૂરખ હું નથી. મોહન તો આપનો જ પુત્ર છે, માટે ખુશીથી તેડી જાવ.''

ભક્તની આવી વાણી સાંભળી શ્રીહરિજી તો રાજી રાજી થઈ ગયા અને બોલ્યા : ''વાહ ભગત ! વાહ તમારી સમજણ. તો આવતી કાલે ત્રણ વાગે મોહનને તેડવા અમો આવીશું.'' આ પ્રમાણે કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

સવારનો સમય થયો. જસમત ભગતે ઊઠી પૂજા વગેરે કરી પોતાના દીકરા મોહન ભગતને રાત્રીએ મહારાજ સાથે જે વાત થયેલી તે બધી વિગતથી કહી અને ત્રણ વાગ્યે ધામમાં જવા તૈયાર રહેવાનું કહ્યું. પિતાજીની આવી વાત સાંભળી પુત્ર તો રાજી થઈ ગયા અને ત્રણ વાગવાની રાહ જોવા લાગ્યા ! રતનપર ગામમાં વાયુવેગે આ વાત ફેલાઈ ગઈ, તેથી ગામનાં નર-નારીઓ આબાલ-વૃદ્ધ બધાં જ તેમના ઘેર આવવાં લાગ્યાં.

હે ભક્તો ! ત્રણ વાગવાની થોડીવાર હતી ત્યાં તો મોહન ભગતને તાવ આવ્યો. એ જ સમયે અચાનક અજવાળાં થયાં. સુંદર વિમાન લઈ શ્રીજી મહારાજ મુક્તો સાથે આવી ગયા ! સુવર્ણમય વિમાનની શોભા અદ્‌ભૂત હતી. દિવ્ય મણિમય તોરણો ઝૂલી રહ્યાં હતાં. અંદરના ભાગમાં અનેક નાનાં મોટાં સિંહાસનો હતાં. તેના

ઉપર સુંદર દિવ્ય શરીરધારી મુક્તો બેઠા હતા. મધ્ય ભાગમાં એક મોટું સિંહાસન હતું, તેના ઉપર શ્રીહરિજી બિરાજમાન હતા.

આવી શોભાયુક્ત વિમાન સાથે મહારાજનાં સહુ લોકોને દર્શન થયાં. ત્યારે મહારાજે મોહન ભગતને કહ્યું : ''ચાલો અક્ષરધામમાં.'' ત્યારે જસમત ભગત બોલ્યા : ''હે પ્રભુ ! થોડી વાર રોકાવ, હમણા હું આવું.'' આટલું કહીને તુરંત તેઓ ગામમાં જઈ વેપારીની દુકાનેથી અડધો મણ સાકર લઈ આવ્યા ને મહારાજને કહે : ''આ સાકર પ્રસાદીની કરી આપો.'' તુરંત મહારાજે હસતાં હસતાં સાકર ઉપર હાથ મૂક્યો. પછી જસમત ભગત ત્યાં જ ખોબા ભરી ભરીને ગામ લોકોને સાકર વહેંચવા લાગ્યા અને કહેવા લાગ્યા : ''આજે મારો દીકરો ભગવાનના ધામમાં જાય છે એની ખુશાલીમાં સાકર લ્યો.''

હે ભક્તો ! એ સમયે મહારાજે મોહન ભગતને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાર્યા ને વિમાન અદશ્ય થયું. ગામના લોકો નજરો-નજર આ દશ્ય નિહાળી આશ્ચર્ય ચક્તિ થઈ ગયા.

## ''ગુડેલના જીભાઈ''

હે ભક્તો ! ભાલપ્રદેશમાં ખંભાત તાલુકામાં ગુડેલ નામનું નામું એવું રળિયામણું ગામ આવેલ છે. તે ગામમાં નર-નારીઓ સાંજે વાળુ પાણી  કરીને સુવાની તૈયારી કરે છે, એવામાં ગામની શેરીમાં કૂતરાં ઉંચા મોઢાં  કરીને રોતાં સંભળાયાં.

આવા અપશુકનના અવાજો સાંભળી મોટેરાઓને ચિંતા થવા લાગી. નક્કી કાંઈક નવા-જૂની થવી જોઈએ. આ એવા એંધાણ છે એમ એકબીજાને કહેવા લાગ્યા. થોડીવાર થઈ ત્યાં તો ગામની પછવાડે બંદૂકના ભડાકા સભળાયા. હાકલા પડકારા સાથે ઘોડેસ્વારો

ગામમાં પ્રવેશ્યા ને એકી સાથે બંદૂકોના ઉપરા-ઉપરી ભડાકા થતાં ગામ ધણધણી ઊઠ્યું. મોરલા ફફડી ઊઠ્યા. ગામ ભાંગવા લુંટારા આવ્યા છે એવો અણસાર આવતા ભય અને ગભરાટનું મોજું વ્યાપી ગયું. નાના-મોટા સહુ ડરના માર્યા થરથર ધ્રૂજવા લાગ્યા. પ્રાણ બચાવવા જ્યાં ત્યાં સંતાવા લાગ્યા.

હે ભક્તો ! લુંટારાઓ ગામમાં આવીને ધાક-ધમકી અને માર મારીને પૈસા તથા ઘરેણાં કઢાવતા હતા. ગામની આવી દુર્દશા જોઈને શૂરવીર સત્સંગી 'જીભાઈ' દરબારનું લોહી ઉકળી ઊઠ્યું. માથું જાય તો ભલે જાય, બાકી ગામને આ ત્રાસમાંથી છોડાવવું એવો નિર્ધાર કરી એણે ખીટીએ ટીંગાતી પોતાની બંદૂક અને તલવાર ઝડપથી ઉપાડી.

તેના રોમરોમમાં શૂરાતન ચડી આવ્યું, પગમાં થનગનાટ વ્યાપી ગયો. હાથ સળવળવા લાગ્યા અને ભૂજાઓ ચંચળ બની. ઘર બહાર આવી એણે આમતેમ નજર કરી. થોડે દૂર ચોકમાં બે લૂંટારા નજરે ચડ્યા. તેથી અફર નિશાન નોંધીને બાર (ભડાકો) કર્યો. તેને કારણે આગેવાન સરદાર વિંધાઈને હેઠો પડ્યો ! સાથેનો સાથીદાર શું થયું? શું થયું ? ક્યાંથી ગોળી આવી ? આમ બોલતો બોલતો ચકળ વકળ જોતો વિંધાયેલાને બેઠો કરવા ગયો ત્યાં તો જીભાઈએ દોડીને તલવારના એક જ ઝાટકે એને વેતરી નાખ્યો ! બાકીના લૂંટારાઓને ખ્યાલ આવતા તેઓ ભાગવા લાગ્યા. જીભાઈ તેઓની પાછળ દોડવા લાગ્યા. એ સમયે એક લૂંટારો અંધારાનો લાભ લઈ એક ખાંચામાં (શેરીમાં) લપાઈ ગયો.

હે ભક્તો ! હાથમાં ખુલ્લી તલવાર લઈ જીભાઈ ત્યાંથી નીકળ્યા. પાછળ બીજું કોઈ આવતું દેખાયું નહિ, એટલે સંતાયેલા

ડાકુએ વળતો હુમલો કરવા વિચાર્યું, જેવા જીભાઈ ત્યાંથી પસાર થયા કે તુરંત જ બિલ્લી પગે દોડીને પાછળથી હુમલો કર્યો. ચપળ જીભાઈએ એનો ઘા ચુકાવવા યુક્તિ કરી પરંતુ તલવાર લબરકો લેતી ગઈ. વળતાં જોરદાર ઝાટકો મારી જીભાઈએ આ દુષ્ટને ત્યાંજ ઢાળી દીધો.

હે ભક્તો ! જીભાઈની આવી શૂરવીરતા જોઈને ગામના જુવાનિયાઓ જે મળ્યું તે સાધન લઈને દોડી આવ્યા. આવીને જોયું ત્યાં તો જીભાઈ ઘાયલ થયેલા જોયા. ઘાવમાંથી લોહી ચાલ્યું જતું હતું. તેમને પીડા વધવા લાગી હતી. તુરંત ઘેર લાવી ઘાવમાંથી વહેતા લોહીને બંધ કરવા વૈદ્યને બોલાવી હીરના ટેભા લેવડાવ્યા. જીભાઈ પથારીમાં સૂતા સૂતા સ્વામિનારાયણ ભગવાનનું અખંડ ભજન કરવા લાગ્યા.

આ રીતે દસ દિવસ થયા. તે રાત્રે શ્રીહરિજીએ આવીને પરમ શૂરવીર ભક્ત જીભાઈને દર્શન દીધાં. પ્રભુને પધાર્યા જાણીને જીભાઈ તો એકદમ ખાટલામાં બેઠા થઈ ગયા અને હાથ જોડી નમસ્કાર કરી કહેવા લાગ્યાઃ “ હે ભક્તવત્સલ ભગવાન ! તમે મને દર્શન દેવા પધાર્યા, એને હું મારાં મોટાં ભાગ્ય માનું છું.”

હે ભક્તો ! ત્યારે સહજાનંદ મહાપ્રભુ કરુણાદષ્ટી કરી બોલ્યાઃ “જીભાઈ ! તમે એકલાએ ભારે શૂરવીરતા બતાવીને આખા ગામને બચાવ્યું છે. ખરે ટાણે ક્ષત્રિય ધર્મ બજાવીને તમે પ્રજાના જાનમાલની રક્ષા કરી છે, તેથી અમે ખૂબ જ રાજી થયા છીએ. હવે તમારું આયુષ્ય ખૂટી ગયું છે, તેથી અમો આજથી ત્રીજે દિવસે અક્ષરધામમાં લઈ જવા આવીશું.”

આ પ્રમાણે કહી શ્રીજી મહારાજ અદશ્ય થઈ ગયા. જીભાઈ તો રાજી રાજી થઈ ગયા અને સવારે પરિવારના લોકોને કહ્યું કે ‘‘મને ત્રીજે દિવસે મહારાજ તેડવા આવશે. તમો સર્વે પણ સત્સંગને શિર સાટે રાખી ભજન કરજો એટલે તમોને પણ અંતકાળે આવી અક્ષરધામમાં લઈ જશે.’’

હે ભક્તો ! ગુડેલ ગામમાં ત્રીજે દિવસે રાતના અગિયાર વાગ્યાની આસપાસ તેજના ઓઘ ઉભરાયા. આખું ગામ તેજથી ઝળહળી ઊઠ્યું. લોકો જાગી ગયા. તેજનો સમુહ જીભાઈના ફળિયામાં જતો જણાયો. સંત પાર્ષદ સાથે શ્રીહરિજીએ જીભાઈને દર્શન આપ્યાં. મહારાજે કહ્યું : ‘‘ જીભાઈ ! તૈયાર છો ? આ જુઓ તમારા માટે વિમાન લાવ્યા છીએ. બેસો આ વિમાનમાં.’’

આ રીતે કહી જીભાઈને ભૌતિક દેહ છોડાવી દિવ્ય દેહ આપ્યો. સૌ ગામના લોકોએ આ બધું નજરો -નજર જોયું. સહુને જય સ્વામિનારાયણ કહીને જીભાઈ વિમાનમાં બેઠા અને અક્ષરધામમાં પહોંચી ગયા.

બીજે દિવસે સવારે વડગામના હરિભક્તોએ ગુડેલ આવીને કહ્યું કે ‘ગઈ રાત્રીએ શ્રીહરિજી અમારા ગામમાં આવ્યા હતા અને કહ્યું હતું કે, ‘‘ ગુડેલમાં જીભાઈને તેડવા જઈએ છીએ.’’ ત્યારે સૌએ કહ્યું : ‘સાચી વાત, જીભાઈને શ્રીજી તેડી ગયા.’

**‘દીધાં દર્શન દાન બહુને, થયું આશ્ચર્ય જન સહુને,**
**કોટિ કોટિ સૂર્યને સમાન, દીઠા સખા સંગે ભગવાન.**
**કહે ધન્ય ધન્ય મારા નાથ, તેડી ચાલ્યા જીભાઈને સાથ.**

**ભક્ત ચિંતામણિ- પ્ર-૧૫૬**

## "ગીદડીના અમરા ભગત"

હે ભક્તો ! જૂનાગઢ બાજુ ગીર પંથકમાં ગીદડી નામનું ગામ છે. ત્યાંના રાઘવજીભાઈ આહીર, ટીકરના નેસમાં ગીરમાં રહેતા હતા. તેને બે દીકરા હતા. એમાં એકનું નામ જીવણાભાઈ અને બીજાનું નામ અમરાભાઈ. તે પરિવાર કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી સત્સંગી થયો હતો.

એકવાર સંધ્યા સમયે વાળુ-પાણી અને કથા-કીર્તન કરીને સૌ સૂતા હતા તે સમયે શ્રીજી મહારાજ માણકી લઈને ટીકરને નેસડે પધાર્યા. મહારાજનાં દર્શન થયાં એટલે રાઘવજીભાઈ વગેરેની આંખોમાં પ્રેમનાં આંસુઓ વહેલાં લાગ્યાં અને સૌએ દંડવત કરીને ચરણ સ્પર્શ કર્યા.

હે ભક્તો ! મહારાજે માણકી ઉપર બેઠા બેઠા સૌની સામે જોઈને આંખના ઈશારા દ્વારા પ્રણામ સ્વીકાર્યા. પછી અમરા ભક્તની સામે જોઈને બોલ્યાઃ "અમરા ભક્ત ! અમો એક મહિનો પૂરો થતાં તમને અક્ષરધામમાં લઈ જવા તેડવા આવીશું, આવવું છે ને મારા ધામમાં ?"

મહારાજનાં આવાં વચનો સાંભળી અમરા ભગતના આનંદનો પાર ન રહ્યો, તે કહેવા લાગ્યા : 'અહોહો ! મારાં કેવાં ભાગ્ય ? હું આટલો વહેલો મુક્તિ પામીશ એવી તો મને કલ્પના જ નહોતી. હે મહારાજ ! અવશ્ય પધારજો, તૈયાર જ છું."

હે ભક્તો ! આટલું કહીને મહારાજ આકાશમાંથી જેમ તારો ખરે-તેમ આંખના પલકારામાં અદૃશ્ય થઈ ગયા. તુરંત રાઘવભાઈએ ઘરનાં નરનારીઓને બોલાવીને કહ્યું : "મહારાજ મહિના પછી તેડી જવાનું કહ્યું છે, તેથી તેની વહુને જલદી આણું તેડી લાવીએ."

ત્યાં તો અમરા ભગત બોલ્યા : ''બાપા ! અનંત જન્મોની ભટકણ પછી પણ જે નથી મળતું તે અક્ષરધામ મને સહેજે મળી રહ્યું છે, હવે તો આ સંસાર વ્યવહારમાં કંઈક થોડીક આસક્તિ રહી હશે તે ટાળવા મહારાજ મને એક મહિનાનો સમય આપ્યો છે. – એમાં વળી એ બાઈને એના પિયરથી બોલાવીને તમે વળી નવું ક્યાં ઊભું કરો છો ?''

આવું કહ્યું છતાં રાઘવજીભાઈ તેની (અમરા ભગતની) પત્નીને સાસરે લાવ્યા. પંદર દિવસ ભેગા રહ્યા, પણ પોતાની સ્ત્રીનો સ્પર્શ પણ ન કર્યો. તેને સમજાવી દીધી કે, 'મને મારા ભગવાન લેવા આવવાના છે, માટે મારે વિષયસુખ નથી ભોગવવા.' બાઈ પણ ગુણિયલ હોવાથી કંઈ બોલી નહિ.

હે ભક્તો ! સોળમાં દિવસે તેની વહુને પિયરીયાવાળાઓ આવીને તેડી ગયા. એક મહિનો પૂરો થયો એટલે શ્રીજી મહારાજ અને સંતો દિવ્ય વિમાન લઈને અમરા ભગતને તેડવા પધાર્યા. તે દર્શન નેસમાં રહેનારાં દરેકને થયાં. મહારાજનાં દર્શન થતાં અમરા ભગત રાજી રાજી થઈ ગયા અને બોલ્યા : ''મહારાજ ! ચાલો, હું તો તૈયાર થઈને રાહ જોતો હતો.'' ત્યારે મહારાજ બોલ્યા : 'અમરા ! તારી બાવીશ વર્ષની યુવાન અવસ્થા છે, તો પણ તું સ્ત્રીમાં ન લોભાણો ? તેં તો દેવતા કરતાં પણ મહાન કાર્ય કર્યું છે. તને જેટલાં ધન્યવાદ આપીએ એટલાં ઓછા છે.'' પછી અમરા ભગતે નેસનાં સર્વે નરનારીઓ અને પોતાનાં પરિવારનાં લોકોને કહ્યું : ''હું મહારાજ સાથે વિમાનમાં બેસીને ધામમાં જાવ છું. – જય સ્વામિનારાયણ.'' પછી મહારાજ તેને મુક્તનો દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## "મલુકપુરના રામસેવક ભગત"

હે ભક્તો ! ઉત્તર પ્રદેશમાં સિરફાવાદના રામકૃપાલભાઈ નામના બ્રાહ્મણ સારા સત્સંગી હતા. તેઓ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આજ્ઞાથી યુ.પી.નાં ગામડાંઓમાં વિચરણ કરીને મુમુક્ષુઓને સત્સંગ કરાવીને મહારાજનો નિશ્ચય કરાવતા હતા.

એકવાર તેઓ મલુકપુર ગામ ગયા હતા, ત્યારે રામસેવક નામના યુવાનને સત્સંગી કર્યો. પછી તેણે શ્રીજી મહારાજની આજ્ઞા પાળવાનું શરૂ કર્યું અને પાકા ભગત બની ગયા. પછી એ રામસેવકને મહારાજના સ્મરણમાં એવી લગની લાગી કે અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા. તેના કારણે શ્વાસોશ્વાસે અજપા જપ થવા લાગ્યા !

હે ભક્તો ! તે રામસેવક ભગતનો અંતકાળ આવી ગયો– આયુષ્યની દોરી ખૂટી ગઈ ત્યારે શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું: "ભગત ! પરમ દિવસે તમને અમો તેડવા આવીશું - તૈયાર રહેજો. તમારા ગુરુ રામકૃપાળુ પવિત્ર બ્રાહ્મણ છે અને અમારા ભક્ત છે, માટે જે દાન કરવાની ઈચ્છા હોય તે એને આપજો."

આટલું કહીને મહારાજ અદશ્ય થઈ ગયા. પછી રામસેવક ભગતે હરખાતાં હૈયે સગાંઓને બોલાવીને સર્વે વાત કરી. ત્યારે તેમના પત્નીએ કહ્યું : "મને અધવચ્ચે મૂકીને જતા રહેશો ? હું પણ તમારી સાથે ધામમાં આવીશ. જો તમારી સાથે મને નહિ લઈ જાવ તો હું પ્રાણ ત્યાગ કરી દઈશ."

પત્નીનાં આવાં વાક્યો સાંભળી રામસેવકજી ઉદાસ થઈ ગયા અને મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે મહારાજ પ્રગટ થયા અને બોલ્યાઃ ''તમે ચિંતા ન કરતાં, અમે બન્નેને સાથે તેડી જઈશું.'' આ પ્રમાણે કહી પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! ત્રીજો દિવસ આવ્યો ત્યારે બન્ને પતિ-પત્ની પવિત્ર થઈને ગાયના છાણ લીંપેલ ચોકા ઉપર બેસી ધૂન કરવાં લાગ્યાં, ત્યારે સંબંધીઓ કહેવા લાગ્યાઃ ''હજુ તો નખમાંય રોગ નથી ને મરવાની વાત કરે છે; એમ તે શું ભગવાન રેઢા પડ્યા છે તે તેડવા આવશે ?''

એ સમયે શ્રીજી મહારાજ હાથી લઈને દિવ્યરૂપે પધાર્યા. બન્નેને દર્શન થયાં. પછી બન્નેને ભૌતિકદેહ છોડાવી દિવ્યદેહ આપી પોતાની સાથે હાથી ઉપર બેસાડ્યા. ત્યારે સગાંઓને અને ગામના લોકોને સોનાની અંબાડીવાળા હાથી ઉપર બિરાજેલા મહારાજનાં દર્શન થયાં, સાથે અનેક સંતોનાં દર્શન થયાં અને મહારાજની બાજુમાં બેઠેલાં રામસેવક અને તેમનાં પત્નીને પણ જોયાં. હીરામોતી જડેલી સોનાની અંબાડીમાં આ બન્નેને જોઈને ત્યાં હાજર રહેલાં નર-નારીઓને સત્ય મનાયું.

હે ભક્તો ! પછી તે બધાએ મહારાજને દંડવત પ્રણામ કર્યા, સ્ત્રીઓએ પંચાંગ પ્રણામ કર્યા અને પોતાને પણ અંતકાળે તેડવા આવવાની મહારાજને પ્રાર્થના કરી, ત્યારબાદ ગામના લોકોએ રામસેવક ભગતના અને તેમના પત્નીનાં મૃતદેહને સ્મશાને લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. પછી પોતપોતાનાં ઘેર જઈ મહારાજની ભક્તિ કરવા લાગ્યા.

## "બરાઈના કૃપારામ-સીતારામ"

હે ભક્તો ! મધ્યપ્રદેશમાં ગ્વાલીયર શહેર નજીક બરાઈ નામના ગામમાં કૃપારામ અને સીતારામ નામના બે સગા ભાઈઓ શ્રીજી મહારાજના ચુસ્ત ભક્ત હતા. બન્ને ભાઈમાં ખૂબ સંપ હતો અને સ્નેહ હતો. તેઓ એકબીજા વચને બંધાયા હતા કે, 'જેને શ્રીજી મહારાજનું વહેલું તેડું આવે તેણે મહારાજને લઈને બીજાભાઈને તેડવા અક્ષરધામમાંથી આવવું.'

બન્ને ભાઈઓ વચ્ચે વચનની આપ-લે પછી કેટલાક સમય ગયા પછી મોટાભાઈ કૃપારામને અચાનક તાવ આવ્યો. તાવ સામાન્ય હતો તેથી કંઈ ચિંતા કરવા જેવું નહોતું, પરંતુ વાસ્તવમાં તો શ્રીજી મહારાજ પોતાના ભક્તના મનોરથ પૂરા કરવા અનંત મુક્તો સાથે આવી રહ્યા હતા, તેના આગમની આ એંધાણી હતી.

હે ભક્તો ! મહારાજ અનેક મુક્તો સહિત રથ, હાથી અને ઘોડા લઈને બરાઈ ગામમાં કૃપારામભાઈને તેડવા પધાર્યા. મનુષ્ય જેવા થઈને ગામને પાદરે આવી પડાવ નાખ્યો. પછી પાર્ષદોએ (મુક્તોએ) બંદૂકના ભડાકા કર્યા એટલે ગામના લોકો ત્યાં આવ્યા. તેઓને મહારાજે કહ્યું : "અમો અમદાવાદથી આવીએ છીએ અને છપૈયા જઈએ છીએ."

આવું સાંભળી લોકો એવું સમજ્યા કે, 'આ અમદાવાદના આચાર્ય છે.'' પછી સૌએ દંડવત્ કર્યા અને ભેટ મૂકી. પછી સૌ દર્શન કરીને તંબુની બહાર નીકળ્યા ત્યાં તો ગામમાંથી રથ આવતો દેખાયો. રથ તેઓની નજીક આવ્યો ત્યારે સૌએ જોયું તો શ્રીજી મહારાજ રથમાં બેઠા હતા અને તેમની બાજુમાં કૃપારામ પણ બેઠા હતા. ભાઈને જોઈને સીતારામે સવાલ કર્યો : "મોટાભાઈ ! તમને

તો તાવ આવ્યો હતો અને અચાનક આ સોના જેવા સુંદર રથમાં બેસીને ક્યાં જાઓ છો ? અને આ તમારી બાજુમાં બેઠેલ દિવ્ય પુરુષ કોણ છે ?''

હે ભક્તો ! ત્યારે કૃપારામે કહ્યું : ''ભાઈ સીતારામ ! આ પોતે સ્વયં સ્વામિનારાયણ ભગવાન છે. મને પોતાના અક્ષરધામમાં લઈ જવા તેઓ જાતે તેડવા પધાર્યા છે, એટલે હું તેઓની સાથે જઈ રહ્યો છું.''

આવું સાંભળી સૌ ડઘાઈ ગયા ! પછી સૌએ મહારાજને દંડવત્ કર્યા. પછી સીતારામે કૃપારામને કહ્યું : ''મોટાભાઈ ! આપણી વચ્ચે થયેલા કરાર યાદ છે ને ? જે પહેલાં ધામમાં જાય એ મહારાજને લઈને તેડવા આવે. માટે કહો, હવે ક્યારે મને તેડવા પધારશો ?''

ત્યારે કૃપારામભાઈએ કહ્યું : ''ભાઈ ! આજથી બરોબર તેરમે દિવસે હું મહારાજને લઈને તેડવા આવીશ, તમે તૈયાર રહેજો.'' ત્યારે સીતારામ રાજી થયા અને બોલ્યા : ''મારા લાયક કંઈ સેવા હોય તો કહો.'' ત્યારે કૃપારામે કહ્યું : ''ફલાણી જગ્યાએ મેં બે હજાર રૂપિયા મૂક્યા છે. તેમાંથી એક હજાર રૂપિયા મંદિરમાં મૂકી તેમાંથી દરરોજ થાળ કરી મહારાજ અને રાધાકૃષ્ણદેવની મૂર્તિઓને જમાડવા.

હે ભક્તો ! પછી સીતારામ વગેરેને દેખતાં જ મહારાજે રથને અદૃશ્ય કર્યો. પછી સૌ ઘેર ગયા ત્યાં તો કૃપારામભાઈનો મરણ પામેલો દેહ પડ્યો હતો. પછી તેનો અગ્નિસંસ્કાર કર્યો અને હજાર રૂપિયા મંદિરમાં જમા કરાવી થાળની વ્યવસ્થા કરાવી. પછી બારમાં દિવસે કૃપારામભાઈનું કારજ કર્યું ને તેરમાં દિવસે સીતારામને મહારાજનાં દર્શન થયાં. ત્યારે તેઓ બોલ્યાઃ ''મોટાભાઈ શ્રીજી

મહારાજને લઈને મને તેડવા પધાર્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું - જય સ્વામિનારાયણ.''

## ''સનાળાના ભાયજીભાઈ''

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં ચેલૈયાના બીલખા ગામ નજીક સનાળા ગામ છે. તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં ભાયજીભાઈ નામના એકાંતિક ભક્ત રહેતા હતા. તેઓ આખા ગામમાં એક જ હરિભક્ત હતા, પણ ધર્મ-નિયમ અને ભજન-ભક્તિ કરવામાં શૂરવીર હતા.

એક દિવસ ભાયજીભાઈએ તેના પરિવારના લોકોને કહ્યું : ''આજે બપોરે સાડા બાર વાગ્યે મારે દેહ મૂકવો છે; કારણ કે સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવવાનું કહી ગયા છે, માટે સૌ વહેલાં જમી લેજો.''

ભક્તનું કહેવું સાંભળી તેના કાકા કહે : ''આજે તો બ્રાહ્મણો જમાડવા છે.'' ત્યારે ભાયજીભાઈ કહે : ''આજ રહેવા દ્યો, પછી જમાડજો. છતાં આજે જ જો જમાડવા હોય તો બાર વાગ્યા પહેલાં જ બ્રાહ્મણોને જમાડી દેજો.''

ત્યારે ત્યાં હાજર રહેલા બધા લોકો કહેવા લાગ્યા : ''તમારા નખમાંય રોગ નથી અને સાજા-સારા દેહ મેલી દેશો ? એમ કાંઈ ધામમાં જવાતું હશે ? અને છતાં તમે જો સાડા બાર વાગ્યે તમારા ભગવાન સાથે ધામમાં જશો તો અમે બધા સત્સંગી થઈશું.''

હે ભક્તો ! ભાયજીભાઈએ કહ્યું તો પણ તેના કાકાએ ન માન્યું અને બ્રાહ્મણોને કહ્યું : ''તમે રસોઈ બનાવવાની શરૂઆત કરો, એ ભલે બોલ્યા કરે.'' આ બાજુ સાડા બાર વાગ્યા ત્યાં તો ભાઈજીભાઈએ કહ્યું : ''આ જુઓ શ્રીજી મહારાજ વિમાન લઈને

મને તેડવા પધાર્યા છે અને સાથે બીજા ઘણાં વિમાનો છે. તેમાં મુક્તો બેઠા છે. તમારે કોઈને ધામમાં આવવાની ઈચ્છા હોય તો ચાલો. એક એક વિમાનમાં સો સો માણસ બેસી શકે એવડા મોટાં છે.'' આમ કહી દેહ છોડી મહારાજ સાથે ધામમાં ગયા.

ભક્તો ! મફતમાં ધામ મળતું હતું, પણ કોઈ જવા તૈયાર ન થયું. પરંતુ આવો ચમત્કાર જોઈને પોણાસો (૭૫) ઘર સત્સંગી થયા અને મહારાજનું ભજન કરવા લાગ્યા. ગામમાં મંદિર પણ કરાવ્યું અને અંતે અક્ષરધામને પામ્યા.

## ''દેવળીયાના તેજપાળજી''

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં તરઘરી દેવળીયા નામનું ગામ છે. ત્યાં વણિક જ્ઞાતિના તેજપાળ નામના સત્સંગી થઈ ગયા છે. તેઓ જનક રાજાની જેમ સંસારમાં જળકમળવત્ રહેતા હતા.

તે તેજપાળ ભક્ત સાત માણસો સાથે બહારગામ કાણે ગયા હતા. અર્થાત્ કોઈકનું મૃત્યુ થયું હતું ત્યાં બેસણામાં ગયા હતા. ત્યાંથી ચાલતા ચાલતા સૌની સાથે ઘેર આવતા હતા. ત્યારે પેલા લોકો ઉતાવળા ચાલતા હોવાને કારણે તેજપાલ ભગત પાછળ રહી ગયા.

હે ભક્તો ! ત્યાં તો છેલ-છોગાળા- મનના માણીગર શ્રીજી મહારાજ ત્યાં પ્રગટ થયા. તેથી તેજપાલજી તો રાજી રાજી થઈ ગયા અને પ્રભુને દંડવત્ કરવા લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા : ''ભગત! અમે તો તમને તેડવા માટે તમારા ગામ તરઘરી દેવળીયા ગયા હતા, પણ તમે ઘેર ન હતા તેથી અમો અહીં આવ્યા છીએ. જુઓ આ વિમાન તૈયાર છે. તમારે અહીંથી જ વિમાનમાં

બેસી અક્ષરધામમાં આવવું છે કે પછી ઘેર જઈ સગાંઓને ભલામણ કરીને ધામમાં આવવું છે ? તમે જેમ રાજી હો તેમ અમારે કરવું છે.''

મહારાજની આવી મધુર વાણી સાંભળી તેજપાલ ભગતના હરખની કોઈ સીમા ન રહી. તેઓ તુરંત બોલ્યા : ''હે મહારાજ ! મારે ઘેર કાંઈ કામ નથી, મારા માટે તો તમે જ સર્વસ્વ છો. અહીંથી જ ધામમાં લઈ જાવ.''

હે ભક્તો ! તેજપાલની સમજણ જોઈને મહારાજ બહુ રાજી થયા અને બોલ્યા : ''તો હવે તૈયાર થઈ જાવ ને ચાલો.'' તુરંત તેજપાલ ભક્ત એક ઝાડ નીચે બેસી ગયા અને દેહ છોડી દીધો. પછી મહારાજે તેમને દિવ્ય દેહ આપ્યો ને ધામમાં લઈ ગયા.

પછી શ્રીજી મહારાજ તેમને ઘેર તેજપાલ ભગતનું રૂપ લઈને ગયા. ત્યારે તેમનાં સગાંઓએ પૂછ્યું : ''તેજપાલ ભગત ! કેટલા બધા જણ ગયા હતા અને એકલા કેમ પાછા આવ્યા ? '' ત્યારે તેજપાલ ભગતે કહ્યું : ''મારે દ્વારિકા જવું છે, તેથી હું ઉતાવળો - ઉતાવળો આવ્યો છું, બીજા ભક્તો પાછળ રહી ગયા છે, તેથી તેઓની આગળ હું પહોંચી ગયો છું.''

હે ભક્તો ! એ સમયે પેલા છ જણા તેજપાલ ભગતને ઘેર આવ્યા અને વાત કરી કે, ''તેજપાલ તો પાછળ રહી ગયા છે, તેથી ધીરે ધીરે આવશે.'' ત્યારે આવું સાંભળી તેજપાલનાં બા અને દાદા આશ્ચર્ય પામીને કહેવાં લાગ્યાં: ''અરે ! આ તમે શું કહો છો ? હમણા જ અમારો તેજપાલ આવ્યો હતો અને તે દ્વારિકાની યાત્રા કરવા ગયો છે.''

આવું સાંભળી પેલા લોકો આશ્ચર્ય પામી ગયા. પછી એકબીજા કહેવા લાગ્યાઃ "કાંઈક ગરબડ થઈ હોય એવું લાગે છે, માટે ચાલો પાછા એના એ રસ્તે જઈએ." પછી તેજપાળ ભગતને શોધવા નીકળ્યા. ત્યારે એક ઝાડ નીચે બેઠેલા જોયા. તુરંત ત્યાં જઈને જોયું ત્યાં તો ભગતનો જીવાત્મા ધામમાં જતો રહ્યો હતો, એ તો એનું મૃત શરીર હતું. તેથી સૌએ પરચો માન્યો. પછી તેના દેહને ગામમાં લાવ્યા અને ધામધૂમથી અગ્નિસંસ્કાર કર્યા.

## "ડભાણના ગોવિંદરામભાઈ તથા ડુંગરભાઈ"

હે ભક્તો ! વરતાલની બાજુમાં ડભાણ ગામ આવેલ છે. ત્યાં મહારાજ અનેક વખત પધારી ઘણી લીલાઓ કરીછે. શ્રીજી મહારાજે પોષ મહિનામાં ત્યાં સંવત્ ૧૮૬૬માં ત્યાં અઢાર દિવસનો મોટો યજ્ઞ કર્યો હતો.

તે ડભાણમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં ગોવિંદરામભાઈ સારા સત્સંગી હતા. તેઓ ભજન-ભક્તિ કરીને મહારાજનો રાજીપો મેળવતા હતા. તે ભગતને એક દિવસ એકાદશીની રાત્રીએ મહારાજે દર્શન દીધાં. ત્યારે ગોવિંદરામ તો મહારાજનાં દર્શન કરીને ગાંડા -ઘેલા બની દંડવત કરવા લાગ્યા. પછી હાથ જોડીને મહારાજ સામે ઉભા રહ્યા. ત્યારે મહારાજે કહ્યું : "ગોવિંદરામજી ! આવતી એકાદશીએ અમો તમને તેડવા આવીશું. આ વાત તમે સત્સંગી-કુસંગી બધાને કહેજો."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને- આજ્ઞા આપીને મહારાજ અંતર્ધાન થઈ ગયા. પછી તે વાત ગોવિંદરામ બાપાએ હરિભક્તોને કહી એટલે તેઓ કહેવા લાગ્યા : "તમે બહુ જ ભાગ્યશાળી છો, કારણ કે તમોને મહારાજ દર્શન દઈને ધામમાં લઈ જવાનું કહી

ગયા.'' પછી કુસંગીઓને પણ કહ્યું, ત્યારે તે બધા ગોવિંદરામબાપાની મશ્કરી કરવા લાગ્યા અને કહેવા લાગ્યા : ''તું મોટો ભીષ્મપિતા થયો છે કે શું ? '' એ લોકોએ વાત માની નહિ.

હે ભક્તો ! થોડા દિવસ બાદ એકાદશી આવી ત્યારે ગોવિંદરામભાઈએ કહ્યું : ''આજે બપોરે મહારાજ મને તેડવા આવશે.'' પછી તેમણે ઠાકોરજીને ફળાહાર ધરીને પોતે ફરાળ કર્યું. તે સમયે જ તેમને મહારાજનાં દર્શન થયાં. એટલે ઘરનાં સ્ત્રી-પુરુષોને કહ્યું : ''મહારાજ પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ એ પહેલાં મેં જે જે સત્સંગીઓ અને કુસંગીઓને કહ્યું હતું તે સર્વેને બોલાવી લાવો.''

પછી તે બધાને બોલાવી લાવ્યા. ત્યારે ગોવિંદરામ બાપા બોલ્યાઃ ''મહારાજનાં દર્શન કરી લ્યો, હું તેઓની સાથે ધામમાં જાવ છું.- જય સ્વામિનારાયણ.'' આ રીતે કહીને દેહ છોડી દીધો. પછી મહારાજ તેમને દિવ્યદેહ આપી ધામમાં લઈ ગયા.

## ''ડુંગરભાઈ''

હે ભક્તો ! ડભાણ ગામમાં જ પાટીદાર ડુંગરભાઈને મહારાજે દર્શન દઈને કહ્યું : ''તમને દસ દિવસ પછી ધામમાં લઈ જશું. આ રીતે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

પછી ડુંગરભાઈએ ઘરના માણસો આગળ વાત કરી કે, 'મહારાજ મને દસ દિવસ પછી તેડવા આવશે.'' આ રીતે કહીને સંસારમાંથી વૃત્તિ સંકેલી લીધી અને મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી.

દસ દિવસ પૂરા થતાં જ સત્સંગીઓને તેડાવીને કહ્યું : ''મને મહારાજનાં દર્શન થાય છે, માટે તમો ચાર કીર્તન બોલો.'' એમ કહીને ગાયનાં છાણથી ભોંય લીંપાવી તેના ઉપર બેસીને બોલ્યાઃ ''મહારાજ સાથે હું ધામમાં જાવ છું.'' આ પ્રમાણે કહીને દેહ છોડી દીધો. પછી મહારાજે તેમને દિવ્યદેહ આપીને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''બામણગામના હેમંતભાઈ''

હે ભક્તો ! ચરોતર પ્રદેશમાં એટલે ખેડા જીલ્લાના બોરસદ તાલુકામાં બામણગામ નામનું એક ગામ આવેલ છે. તે ગામમાં શ્રીજી મહારાજ પણ પધારેલ છે, તેથી તે પ્રસાદીના ગામમાં ભાટ જ્ઞાતિમાં હેમંતભાઈ નામના સારા સત્સંગી રહેતા હતા. તેઓ હંમેશા શ્રીજી મહારાજની આજ્ઞા પાળવાના તાનવાળા હતા. નિયમ-ધર્મ પાળવામાં તેઓ કડક હતા. તેમજ સંતોનો પણ તેઓને ખૂબ મહિમા હતો.

સમય પછી સમય વ્યતીત થતાં તેઓને વૃદ્ધાવસ્થા આવી, પરંતુ ધર્મ નિયમમાં ઢીલા ન થયા. પછી તો ભજન વધારી દીધું. અવસ્થાને કારણે ઉંમર પૂરી થઈ અને માણીગર માવો માણકીએ અસ્વાર થઈ અનેક સંતના રૂપમાં મુક્તો લઈને બામણગામની બજારમાં ચાલવા લાગ્યા.

હે ભક્તો ! તે સમયે બ્રહ્મપોળમાં અનેક બ્રાહ્મણો બેઠા હતા. તેમાં એક ભાગ્યશાળી બ્રાહ્મણને મહારાજનાં દર્શન થયાં. તેથી તેમણે બીજાઓને કહ્યું : ''ભાઈઓ ! મેં સ્વામિનારાયણની સ્વારી દીઠી. તેઓ માણકી ઘોડી ઉપર બેઠા હતા અને સાથે અનેક સંતો હતા. તમારે તે અસ્વારી જોવી હોય તો ચાલો બજારમાં, બ્રહ્મપોળની બહાર નીકળો.''

ભૂદેવનું કહેવું સાંભળી બીજા બ્રાહ્મણો તેની સાથે સ્વારી જોવા માટે બ્રાહ્મણની શેરીમાંથી બજારમાં ગયા. ત્યાંતો મહારાજ સહિત સંતોનાં દર્શન તેઆને થયાં. તેથી તેઓ પરસ્પર કહેવા લાગ્યા : "સ્વામિનારાયણ તો સાક્ષાત ભગવાન છે. તેમણે આપણને દર્શન દીધાં એ આપણાં મોટાં ભાગ્ય સમજવાં."

હે ભક્તો ! બજારમાં સોનીની એક દુકાન હતી, તેમાં સોનીભાઈ બેઠા હતા. તેમને પણ મહારાજની ઈચ્છાથી સંતો સહિત મહારાજનાં દર્શન થયાં.

પછી શ્રીજી મહારાજ મંદિરમાં પધાર્યા. તે સમયે વરતાલથી અરુપાનંદ સ્વામીનું સંતમંડળ ત્યાં આવેલ હતું અને સ્વામી બીમાર હતા. મહારાજે તેમને દર્શન આપ્યાં એટલે તેઓ ભાવવિભોર બની ગયા અને પથારીમાંથી ઊભા થઈ મહારાજને દંડવત કરીને પગે લાગી હાથ જોડી કહેવા લાગ્યાઃ "હે મહાપ્રભુ ! તમોએ બહુ જ કૃપા કરીને મને તેડવા પધાર્યા એ મારું મોટું ભાગ્ય માનું છું, હું તૈયાર જ છું, ચાલો મહારાજ."

હે ભક્તો ! ત્યારે મંદમંદ હસતા મહારાજ બોલ્યા : "અરુપાનંદજી ! અમે તમને તેડવા આવ્યા નથી, અમે તો હેમંતભાટને તેડવા આવ્યા છીએ. તમારે હજુ થોડાં વર્ષની આયુષ્ય બાકી છે, તે પૂરી થશે ત્યારે તમને પણ તેડવા આવીશ ત્યાં સુધી સત્સંગીઓને કથા-વાર્તા કરી રાજી કરો, પાંચ દિવસમાં જ તમને સારું થઈ જશે."

આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજ હેમંતભાઈને ઘેર ગયા ને દર્શન દઈ ધામમાં આવવાનું કહ્યું. ત્યારે તેમણે સગાંઓને કહ્યું : "મહારાજ તેડવા પધાર્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું– જય સ્વામિનારાયણ."

આ રીતે બોલીને દેહ છોડી દીધો. પછી મહારાજે તેમના જીવાત્માને મુક્તનો દેહ આપ્યો ને ધામમાં લઈ ગયા. તે સમયે અરુપાનંદ સ્વામીએ હરિભક્તોને સર્વે વાત કરી હેમંતભાઈને ઘેર જવાનું કહ્યું, એટલે સત્સંગીઓએ ત્યાં જઈને જોયું તો બધી વાત સત્ય હતી. પછી મંદિરે આવીને સ્વામીને વાત કરી કે, 'હેમંત ભગત ધામમાં ગયા છે, તેથી તેના દેહને સ્મશાનમાં લઈ જવાની તૈયારી થઈ રહી છે.''

## ''ડભોઈના કરુણાશંકરજી''

હે ભક્તો ! વડોદરા જીલ્લામાં ડભોઈ તાલુકો છે. તે ડભોઈમાં શ્રીજી મહારાજ વખતે પણ સત્સંગ હતો અને હાલમાં પણ છે. ત્યાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કરુણાશંકર નામના એક સારા સત્સંગી થઈ ગયા છે. તેઓ સદ્‌ગુણવાળા અને શાસ્ત્રમાં પ્રવીણ હતા. નિત્ય ત્રિકાળ સંધ્યા અને તર્પણ કરતા હતા. અર્થાત્ બ્રાહ્મણોની દરેક નિત્યક્રિયા કરતા હતા.

તે કરુણાશંકરદાદાએ સંતો દ્વારા કથા-વાર્તા સાંભળી અને મહારાજનો મહિમા સાંભળ્યો- પરચા સાંભળ્યા, એટલે તેઓને પ્રગટ પ્રભુનો નિશ્ચય થયો અને તે સત્સંગી થયા.

હે ભક્તો ! એકવાર તેઓએ સાંભળ્યું કે, ''સ્વામિનારાયણ ભગવાન વરતાલ પધાર્યા છે.'' તુરંત ડભોઈ ગામથી ચાલતા - ચાલતાં તેઓ વરતાલ આવ્યા. ત્યાં સભામાં બિરાજતા મહારાજને દંડવત કરી સભામાં બેઠા. ત્યારે તેમની સામું જોઈને મહારાજ બોલ્યાઃ ''આ કરુણાશંકર તો પૂર્વે કૃષ્ણ-અવતાર સમયના ભક્ત છે, એને સભામાં આગળ બેસાડો.''

પછી કરુણાશંકર બાપાને આગળ બેસાડ્યા. ત્યારે તેમના મનમાં પણ વિચાર આવ્યો : ''આ શ્રીજી મહારાજને મેં ક્યાંઈક દીઠા છે ખરા.'' ત્યારે શ્રીજી મહારાજની ઈચ્છાથી તેમને પૂર્વજન્મની સ્મૃતિ થઈ: ''એકવાર શ્રીકૃષ્ણ પ્રભુ અને ઉદ્ધવજી વાતો કરતા હતા ત્યારે ભગવાને પાણી પીવા માગ્યું હતું તે મેં લાવી આપ્યું હતું. પછી ભગવાને મને પોતાના સેવક તરીકે સાથે રાખ્યો હતો. પરંતુ તે સમયે મને ભગવાનનો નિશ્ચય થયો નહોતો, પણ આ વખતે મારા પર કૃપા કરી પુરુષોત્તમ નારાયણે મને પોતાનો નિશ્ચય કરાવ્યો છે.''

હે ભક્તો ! પોતાને ખ્યાલ આવી ગયો એટલે પછી મહારાજ સાથે ગાઢ હેત થઈ ગયું અને ભજનનું અંગ પાડી દીધું. વૃદ્ધાવસ્થાને કારણે શરીરમાં થોડો મંદવાડ આવ્યો એટલે ખાટલામાં સૂતા-સૂતા ભજન શરૂ રાખ્યું.

એક દિવસે શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ''દાદા ! તમને તેડવા આવ્યા છીએ. આવવું છે ને અક્ષરધામમાં ? '' ત્યારે કરુણાશંકર દાદા કહેવા લાગ્યા : ''ઓ મારા નાથ ! પાંચ હજાર વર્ષથી આમનામ ભટકી રહ્યો છું અને હવે જો ધામમાં આવવાની ના કહુ તો પછી ધામમાં આવવાનો ક્યારે નંબર લાગે ? માટે ચાલો, અત્યારે જ આવવું છે.''

હે ભકતો ! પછી શ્રીજી મહારાજ તેને પંચભૂતના દેહનો ત્યાગ કરાવી દિવ્ય દેહ આપી પોતાની સાથે દિવ્ય વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! ડભોઈમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કરસનજી નામના સારા સત્સંગી હતા. તેને એક વાણિયો મશ્કરી કરીને કહેતો : ''ભૂદેવ! તમો ધામમાં જાઓ ત્યારે મને કહેજો, હું પણ વિમાનમાં ડાંડીયે ટીંગાઈને તમારા ભગવાનના ધામમાં આવીશ.''

પછી કેટલાંક વર્ષો વીત્યા બાદ કરશન બાપાની આયુષ્ય પુરી થઈ અને મહારાજ તેડવા આવ્યા. ત્યારે કરશન બાપાએ મહારાજને વાણિયાની વાત કરી. તેથી મહારાજે તેના ઘર ઉપર વિમાન ઉભું રાખ્યું. ત્યારે કરશનદાદાએ બૂમ પાડીને વાણિયાને બોલાવ્યો, તેથી તે બહાર આવ્યો ને બોલ્યો : ''સ્વામિનારાયણ ભગવાન સાચા છે, પણ મારે ધામમાં આવવું નથી.''

## ''વડોદરાના હરિપંત''

હે ભક્તો ! વડોદરામાં નારુપંત નાના નામના દક્ષિણી (મહારાષ્ટ્રના) બ્રાહ્મણ રહેતા હતા. તેઓ સયાજીરાવ મહારાજના સાળા હતા અને તેઓના અંગત સલાહકાર ને મંત્રી હતા. શ્રીજી મહારાજને વડોદરા લાવવામાં અને ભવ્ય શોભા યાત્રા કાઢવામાં તેઓ મુખ્ય હતા. વડોદરા સત્સંગ સમાજમાં પણ તેઓ આગેવાન ભક્ત હતા અને મોટા રાજનીતિજ્ઞ હતા. શ્રીજી મહારાજ સાથે તેમને ખૂબ હેત હતું.

તે નારુપંતજીના પુત્રને આપણે હરિપંત નામે ઓળખશું. તે હરિપંત એકવાર બહુ બીમાર થયા. વૈદ્ય બોલાવ્યા અને દવા પણ કરાવી પરંતુ હરિપંતને સારું ન થયું. તેથી તેની માતા દેવીનું પૂજન કરવા લાગી અને પોતાના પુત્રને સાજો કરવા દેવીની પ્રાર્થના કરવા લાગી.

હે ભક્તો ! એ સમયે શ્રીજી મહારાજ પધાર્યા. ઘરમાં અતિશય પ્રકાશ થયો. તેમાં શ્રીજીનાં દર્શન થયાં અને સાથે સંતોનાં રૂપમાં અનેક મુક્તોનાં પણ દર્શન થયાં. મહારાજને જોઈ હરિપંતની માતા તો આશ્ચર્ય પામીને મહારાજની સામું જ જોઈ રહ્યાં, પણ કાંઈ બોલી શક્યાં જ નહિ.

ત્યારે મહારાજે કહ્યું : ‘‘તારી દેવીને બોલાવ, એ જો અમારા ભક્તને સાજો કરી શકે તો. સાંભળ ! અમે તારા દીકરાને અમારા અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ, તારામાં કે તારી દેવીમાં તાકાત હોય તો રોકી લે.’’

મહારાજની આવી વાણી સાંભળી તે કહેવા લાગીઃ ‘‘હે મહાપ્રભુ ! માતાનો જીવ પુત્ર પ્રત્યે હેતવાળો હોય છે, તેથી મારાથી દેવીનું પૂજન થઈ ગયું અને હરિપંતને સાજો કરવાની પ્રાર્થના પણ થઈ ગઈ. પણ હવે હું તમને ના નહિ કહું, આપ સુખેથી મારા દીકરાને ધામમાં લઈ જાઓ.’’

હે ભક્તો ! ત્યારે સંતો સાથે હતા તેઓએ કહ્યું : ‘‘મહારાજ! આ દંપત્તિને આ એક જ પુત્ર છે, માટે હમણા રહેવા દ્યો તો સારું- કારણ કે સંસારી લોકોને પુત્રમાં હેત હોય જ; તેથી આપને અમારી વિનંતી છે કે, હરિપંતને જીવતો રાખી સાજો કરી એની માતાને સુખી કરો.’’

સંતોની ઈચ્છા જાણી શ્રીજી મહારાજે કહ્યું : ‘‘ભલે, હરિપંતને હમણા રહેવા દઈશું, એને બદલે એના પડોશમાં રહેતા યુવાનને તેડી જશું, કારણ કે તે પણ મારો ભક્ત છે અને મુમુક્ષુ છે.’’

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજ તેના પડોશમાં (બાજુમાં) રહેતા વાલાભક્તને દર્શન દઈને પૂછ્યું : ‘‘વાલા ! ચાલ અમારા ધામમાં, ’’ત્યારે વાલા ભક્તે કહ્યું : ‘‘હે મહારાજ ! હું તો અક્ષરધામમાં આવવા માટે ઘણા સમયથી રાહ જોઈ રહ્યો છું, ચાલો-ચાલો, મારે કોઈની રજા લેવી નથી.’’ પછી ભૌતિક દેહ છોડાવી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી મહારાજ ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! હરિપંતને સારું થઈ ગયા પછી તેને મહારાજનો મહિમા ખૂબ વધી ગયો. પછી તો ભજન-ભક્તિ કરીને મહારાજને પ્રાર્થના કર્યા કરે : ‘‘હે પ્રભુ ! હવે હું મોટો થઈ ગયો છું, મારે ધામમાં આવવું છે, માટે મને ધામમાં લઈ જાવ.’’ પછી અમૂક વર્ષો ગયાં બાદ શ્રીહરિજી મહારાજ તેડવા પધાર્યા. ત્યારે ઘરના સર્વેને કહ્યું : ‘‘મહારાજ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાવ છું.’’ પછી મહારાજે તેને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી મહારાજ ધામમાં લઈ ગયા.

## ‘‘વડોદરાના રામદાસજી’’

હે ભક્તો ! વડોદરામાં નાથ ભક્તના સમાગમને કારણે પ્રભુદાસભાઈને સત્સંગ થયો હતો. તેઓ ભજન-ભક્તિ કરતા અને ધર્મ-નિયમનું પણ પાલન કરતા હતા, પરંતુ સમજણનું અંગ દૃઢ થયું નહોતું.

પ્રભુદાસજીને સોળ વર્ષનો રામદાસ નામનો દીકરો હતો. તેની આયુષ્ય પુરી થઈ એટલે તેને તેડવા માટે શ્રીજી મહારાજ સફેદ હાથી જોડેલ રથ લઈને પધાર્યા તે દર્શન આખી પોળના (શેરીનાં) સ્ત્રી-પુરુષોને થયાં હતાં. પછી રામદાસને દર્શન દઈને કહ્યું : ‘‘અમે તને તેડવા આવ્યા છીએ, માટે તું તારા પિતા પ્રભુદાસને પૂછી જો, તે હા કહે તો તને અક્ષરધામમાં લઈ જઈએ.’’

હે ભક્તો ! અક્ષરધામમાં જવાની વાત સાંભળીને લબરમૂછીયા રામદાસના અંતરમાં આનંદના ફૂવારા ઉછળવા લાગ્યા. અને બૂમ પાડીને પ્રભુદાસને બોલાવી અક્ષરધામમાં જવાની રજા આપવા વિનંતી કરી. પુત્રની સમજણ જોઈ પ્રભુદાસ પણ ભાવ વિભોર બની ગયા અને ધામમાં જવાની રજા આપી.

રામદાસે મહારાજને કહ્યું : ''હે પ્રભુજી ! મારા પિતાએ હા કહી છે, માટે જલદી મને ધામમાં લઈ જાવ. મારે અહીંના ગંદા ગટર જેવાં વિષયોનાં સુખમાં નથી ફસાવું, માટે કૃપા કરો અને આ દેહમાંથી છૂટો કરો.''

હે ભક્તો ! પછી માતા-પિતા વગેરેને કહ્યું : ''હવે હું ધામમાં જાવ છું, મારી પાછળ રડશો નહિ- જય સ્વામિનારાયણ.'' આ રીતે કહી દેહ છોડી દીધો. પછી મહારાજે તેને દિવ્ય દેહ આપી ધોળા હાથીવાળા રથમાં બેસાડી અક્ષરધામ તરફ રવાના થયા.

ત્યારબાદ રામદાસના દેહને સ્મશાનમાં લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. તે સમયે તેઓનાં સગાંઓ અને અન્ય ઓળખીતા કુસંગીઓ પ્રભુદાસ ભગતને કહેવા લાગ્યા : ''તમને સત્સંગ ફાવ્યો નહિ; કારણ કે સત્સંગ કરવાથી તો તમારો દીકરો મર્યો. સ્વામિનારાયણને છોકરાને લઈ જવો હતો તો એના હરિભક્તોના ઘણા છોકરાઓ છે, તમારા જ દીકરાને કેમ લઈ ગયા ? માટે કંઠી તોડી નાખો અને સત્સંગ છોડી દ્યો.''

હે ભક્તો ! કુસંગીના શબ્દોનાં કારણે પ્રભુદાસ ભગતની સમજણ ચુંથાઈ ગઈ, તુરંત કંઠી તોડી સળગતી ચિતામા(આગમાં) નાખી દીધી. તે વાતની નાથ ભક્તને ખબર પડી એટલે તેના ઘેર જઈ ખૂબ સમજાવ્યા અને ફરી સત્સંગી થવાનું કહ્યું. ત્યારે તેઓએ કહ્યું: ''અમે તમારી સાથે ગઢડા આવીએ અને ત્યાં શ્રીજી મહારાજ અમારા દીકરાને દેખાડે તો આવીએ.'' પછી નાથ ભક્તે હા કહી એટલે તેઓ ગઢડા આવ્યાં.

ગઢડા જઈને મહારાજને દંડવત કરી નાથ ભક્તે રામદાસને એકવાર બતાવવા વિનંતી કરી. ત્યારે મહારાજે હળવદના શાસ્ત્રી લક્ષ્મીરામ દેરાસરીને બોલાવીને કહ્યું : ''તમે આ બન્નેને ઘેલા નદીએ

લઈ જઈ શ્રાદ્ધ કરાવો. ત્યારે તેમને ઘેલા નદીના ખળખળીયા ઘાટે લઈ જઈ શ્રાદ્ધ કરાવ્યું.

પછી પ્રભુદાસજીએ પીંડદાન આપ્યું એટલે પુત્ર રામદાસે પ્રત્યક્ષરૂપે પ્રગટ થઈ હાથમાં પીંડદાન લીધું. તે જોઈને બન્ને પતિ-પત્ની દોડીને પોતાના પુત્રને ભેટી પડ્યાં ને ચૂમી કરવાં લાગ્યાં. ત્યારે શ્રાદ્ધ કરાવનાર લક્ષ્મીરામે તે બન્નેને ઘણી બૂમો પાડીને બોલાવ્યા, ત્યારે પુત્રને મૂકીને આવ્યાં. તે સમયે પુત્ર અદશ્ય થઈ ગયો.

હે ભક્તો ! પછી લક્ષ્મીરામજી મહારાજ પાસે આવ્યા ને સર્વ હકીકત કહી સંભળાવી. આ બાજુ ઘેલા નદીએ પ્રભુદાસજીભાઈ અને તેમનાં પત્નીએ પુત્ર રામદાસજીને જોયા નહિ, તેથી અકળાઈ ગયા અને બન્નેએ દરબારગઢમાં આવીને શ્રીજી મહારાજને વાત કરીઃ ‘‘હે પ્રભુ ! અમારો દીકરો મળ્યો તો ખરો, પણ અમારી સાથે વાત કરી નથી; માટે જો એકવાર અમારી સાથે વાત કરાવો તો સારું.’’

આવું સાંભળી મહારાજે કહ્યું : ‘‘આજે રાત્રે તમે બન્ને પતિ-પત્ની વાસુદેવનારાયણના ઓરડામાં બેસજો. ત્યાં તમારો દીકરો તમારી સાથે બોલશે.’ પછી તે બન્ને તે ઓરડામાં ગયાં. થોડીવાર થઈ એટલે તેજોમય દિવ્ય દેહે રામદાસજી આવ્યા અને જેમ હર્ષશોક નામના પુત્રે ચિત્રકેતુ નામના પોતાના પિતાને ઉપદેશ આપ્યો હતો- એ જ રીતે પુત્ર રામદાસે માતા-પિતાને ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

રામદાસજી કહેવા લાગ્યા : ‘‘આ જીવ તો અનંતવાર લખ-ચોરાશીમાં જન્મ્યો છે અને અનંત મા-બાપ કર્યા છે. અનેકવાર જન્મ્યો છે અને મર્યો છે. કેટલીક વાર તમે મારાં માતા-પિતા થયાં છો અને કેટલીક વખત હું તમારો બાપ બન્યો છું. આ ઘટમાળ તો ચાલ્યા જ કરે છે.

આ વખતે હું તમારો દીકરો થયો હતો, પણ આ જન્મમા સત્સંગ કરવાથી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો અને ભજન-ભક્તિ કરવાથી હું ભૌતિક દેહનો ત્યાગ કરીને મહારાજના અક્ષરધામમાં ગયો છું. મને સ્વયં મહારાજ તેડવા આવ્યા હતા તેવાં કોનાં મોટા ભાગ્ય હોય ? હું તો ધામમાં બહુ જ સુખી છું અને તમારે બન્નેને અક્ષરધામમાં આવવું હોય તો સત્સંગી થાઓ અને મહારાજની આજ્ઞામાં રહો અને નરકમાં પડીને પછી કાગડા કૂતરા વગેરે થવું હોય તો કુસંગી કહે એમ કરો.''

હે ભક્તો ! આ પ્રમાણે કહી પુત્ર રામદાસજી અદશ્ય થઈ ગયો. પછી સવારે પ્રભુદાસજીએ શ્રીજી મહારાજ પાસે આવીને ફરીને વર્તમાન ધારણ કરી કંઠી પહેરી પંચવર્તમાન પાળવાના નિયમ રાખ્યાં. પછી બન્ને સત્સંગી થઈને ઘેર ગયાં અને મહારાજની ભક્તિ કરવાં લાગ્યાં.

ભક્તિ કરતા-કરતા છ મહિના ગયા ત્યારે પ્રભુદાસ ભગતનાં પત્નીએ કહ્યું : ''ભગત ! શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું અને તમો કુસંગીઓના શબ્દો કાને ન ધરતા, સત્સંગને દઢ કરીને રાખજો- જય સ્વામિનારાયણ.''

હે ભક્તો ! આ રીતે કહીને તેમણે દેહ છોડી દીધો. પછી મહારાજ તેમને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. પછી તે બેનને અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં લઈ ગયા ત્યારે ફરીને કુસંગી કહેવા લાગ્યાઃ ''પ્રભુદાસ ! તમને સત્સંગ સદતો નથી. પહેલાં છોકરો મરી ગયો અને હવે બૈરી મરી ગઈ, માટે કંઠી તોડીને ફેંકી દ્યો. નહિતર હવે તમારો વારો છે.''

કુસંગીઓના શબ્દ સાંભળી પ્રભુદાસે કહ્યું : ''મારો પુત્ર ને ઘરવાળી બન્ને મારા ભગવાનનાં ધામમાં ગયાં છે અને મારું મોત આવશે ત્યારે હું પણ ધામમાં જવાનો છું; માટે હવે સત્સંગ તો શિર સાટે છે, હવે કંઠી નહિ તોડું.'' પછી કાળાન્તરે તેઓ પણ અક્ષરધામમાં ગયા.

## ''વડોદરાના લક્ષ્મીબા''

હે ભક્તો ! વડોદરા શહેરનો સત્સંગ શ્રીજી મહારાજના સમયથી ખૂબ ફૂલ્યો -ફાલ્યો છે. ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદસ્વામી આ બન્ને સદ્‌ગુરુઓના સમાગમને કારણે વડોદરામાં સત્સંગ થયો હતો અને વધ્યો હતો.

એકવાર શ્રીજી મહારાજ સાથે સંતો વડોદરા પધાર્યા હતા. તે સમયે સંતો ''રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભગુંર કાચું'' આ કીર્તન ગાતા હતા. તે કીર્તનનાં ચાર પદ બ્રહ્માનંદ સ્વામીએ બનાવેલ છે.

હે ભક્તો ! આ કીર્તનની પ્રથમ પંક્તિ બાજુમાં રહેલ વૈષ્ણવ સંપ્રદાયી એક માજીએ સાંભળી અને મનમાં ગણગણવાં લાગ્યાં. તેમનું નામ લક્ષ્મીબા હતું. લક્ષ્મીબાને આ કડી ખૂબ ગમવા લાગી એટલે તેઓ સતત ગાયા જ કરે :

**''રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું.''**

આ પંક્તિ માજીને ઈદમ થઈ ગઈ, એના કારણે વગર યાદ કર્યે પણ મુખમાંથી આ શબ્દો નીકળ્યા જ કરતા. એવા સમયમાં તેમની આયુષ્ય પુરી થઈ એટલે શ્રીજી મહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા. ત્યારે લક્ષ્મીબા બોલ્યાં ''મને મહારાજ તેડવા આવ્યા છે, સ્વામિનારાયણ ભગવાન. ''

આવું સાંભળી તેમના સગાં કહેવા લાગ્યાં : ''પણ આપણે તો વૈષ્ણવ છીએ. તમને સ્વામિનારાયણ તેડવા કેમ આવ્યા ? '' ત્યારે લક્ષ્મીબાએ મહારાજને તેડવા આવવાનું કારણ પૂછ્યું. પછી મહારાજે કહ્યું : ''માજી ! તમે અમારા સંતે બનાવેલ કીર્તનની કડી બોલ્યાં કરતાં હતાં: ''રે સગપણ હરિવરનું સાચું'' એ હરિવર અમે છીએ, માટે ચાલો અમારી સાથે. અને વળી તમે અમારાં દર્શન પણ કરેલાં છે, તેથી અમે તેડવા આવ્યા છીએ. હવે તમને સત્સંગમાં જન્મ ધારણ કરાવીશું અને અમારી ઉપાસના પાકી કરાવીને અક્ષરધામમાં લઈ જશું.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજે માજીના પંચભૌતિક દેહનો ત્યાગ કરાવ્યો અને સત્સંગમાં એકાંતિક નર-નારી ભક્ત હતાં તેમને ત્યાં જન્મ આપી ભજન-ભક્તિ કરાવી, સર્વોપરી નિષ્ઠા પાકી કરાવી અંતે અક્ષરધામમાં લઈ ગયા.

## ''વડોદરાના અંબાબેન''

હે ભક્તો ! વડોદરામાં અંબાબેન નામના એક સારાં સત્સંગી હતાં. તેઓ મૂળ મહારાષ્ટ્રનાં હતાં, પણ વડોદરાને પોતાનું વતન માની રહેતાં હતાં. તેઓ ભજન ભક્તિ કરીને મહારાજને રાજી કરતા હતાં.

ઉંમર થતાં તેઓનો અંતકાળ આવ્યો, તેથી શ્રીજી મહારાજ તેમને તેડવા માટે વિમાન લઈ અનેક મુક્તો સાથે વડોદરા આવ્યા. તે દર્શન સત્સંગી-કુસંગી સૌને થયાં ! પછી અંબાબેને સગાંઓને કહ્યું: ''મને મહારાજ તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું, જય સ્વામિનારાયણ.'' આટલું બોલી શાંત થઈ ગયાં.

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે તેમને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડ્યાં અને અક્ષરધામમાં લઈ ગયાં. પછી વડોદરાનાં એક બેન સમાધિ કરીને ધામમાં ગયાં ત્યારે અંબાબાઈએ કહ્યું : ‘‘મારા ઘરમાં પટારામાં એક નવી સાડી છે તે સાડી પડોશી બહેને મને આપી હતી તે લયાવીને એને પાછી આપી આવજો.’’ પછી સમાધિમાંથી જાગીને તપાસ કરી તો વાત સાચી પડી. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા.

## ‘‘વડોદરાના જીજીબા’’

હે ભક્તો ! વડોદરા શહેર પણ છોટી કાશી તરીકે એ સમયે પ્રખ્યાત હતું. વડોદરામાં પણ રાજપંડિતો સાથે મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રાર્થ કરી સભા જીતી હતી. ત્યાં નાથભક્ત, રામચંદ્ર વૈદ્ય, શોભારામ શાસ્ત્રી વગેરે અનેક ભક્તો મહારાજના સમકાલીન સમયમાં હતા. જેટલા પુરુષ ભક્તો હતા એ કરતાં બહેનો ભક્તો વધારે હતાં.

તે વડોદરા નગરીમાં જીજીબા નામના એક મહાન ભક્ત હતાં. તે બેન શ્રીહરિજીનું અખંડ ભજન કર્યા કરતા હતાં. ધર્મ-નિયમનું પાલન પણ દઢતા પૂર્વક કરતા હતાં. તે જીજીબાનો અંતકાળ નજીક આવ્યો, તેથી શ્રીજી મહારાજ દિવ્ય રથ ઉપર બેસીને દિવ્ય ઘોડાઓ ઉપર બેઠેલા પાર્ષદોને લઈને તેડવા પધાર્યા.

હે ભક્તો ! જીજીબાને મહારાજનાં દર્શન થયાં તેથી તેઓ રાજી રાજી થઈ ગયાં અને સ્તુતિ કરવા લાગ્યાં : ‘‘હે મારા વા’લા ! બહુ મોટી કૃપા કરી દર્શન દેવાં પધાર્યા, તેથી હું મારી જાતને ધન્યભાગી માનું છું.’’

જીજીબાની સ્તુતિ સાંભળી મહારાજે કહ્યું : "અમો તમોને દર્શન દેવા નથી આવ્યા, પરંતુ તમને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ. તમે તૈયાર હો તો ચાલો, નહિતર અમો પાછા ચાલ્યા જઈએ." ત્યાં તો જીજીબા બોલી ઊઠ્યાં : અરે ! આ તમે શું બોલો છો મારા નાથ, હું અક્ષરધામમાં આવવાની ના કહું, તો તો મારી સમજણમાં ધૂળ પડી કહેવાય. હું અત્યારે જ આવવા ઈચ્છું છું."

હે ભક્તો ! આ પ્રમાણે જીજીબાએ મહારાજને કહ્યું. પછી તેની સમીપે બેઠેલાં પોતાનાં માતૃશ્રીને કહ્યું : "બા ! ધામમાં જઈને મહારાજની સેવા થાય એ માટે જ આપણે સર્વે અહીં ભક્તિ કરીએ છીએ અને ધર્મ-નિયમો પાળીએ છીએ. તો ત્યાં લઈ જવા માટે મને તેડવા સ્વયં મહારાજ પધાર્યા છે; તેથી હું દિવ્યરથમાં બેસીને ધામમાં જઈશ."

હે માતા ! બીજી ભલામણ મારે એ કરવાની છે કે, 'મારાં જે ઘરેણાં છે તે અને મારી પહેર્યા વિનાની નવી સાડીઓ છે, તે તમો વરતાલ જઈને લક્ષ્મીજીને મારાવતી અર્પણ કરજો." એમ કહીને જીજીબાએ તેની બાને 'જય સ્વામિનારાયણ' કહીને પ્રકૃતિના વિકારભૂત શરીરનો ત્યાગ કરી દિવ્ય શરીર ધારણ કર્યું.

હે ભક્તો ! મૃત્યુ સમયે પોતાનાં આભૂષણો તથા નવાં વસ્ત્રો લક્ષ્મીજીને અર્પણ કર્યા તેથી જીજીબા ઉપર મહારાજ ખૂબ જ રાજી થયા અને ધન્યવાદ આપી તેના દિવ્યદેહને પોતાની બાજુમાં રથમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા ને નિજ સ્વરૂપનું સુખ આપી હંમેશને માટે સેવામાં રાખ્યાં.

તે સમયે જીજીબાનાં માતાએ આજુબાજુમાં રહેતા પડોશીઓને જલદી જલદી બોલાવીને સર્વે વાત કરી, તેથી શેરીનાં આબાલ-વૃદ્ધ

સ્ત્રી-પુરુષો દોડી આવ્યાં ને સર્વેને પણ દિવ્ય રથના અને ભગવાનની સાથે ધામમાં જતાં જીજીબાનાં દર્શન થયાં, સૌ કોઈ જયજયકાર કરવા લાગ્યા- સ્વામિનારાયણ ભગવાનની જય

## "વડોદરાના દલપત ભગત"

હે ભક્તો ! વડોદરામાં તો ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીના સમાગમને કારણે અનેક ભક્તો સત્સંગના રંગે રંગાઈ ગયા હતા. તેમાના એક નાના ભક્ત હતા દલપત ભગત. તેમના પિતાનું નામ ભગવાનદાસ હતું. તેઓ પણ શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા.

શ્રીહરિજીની કૃપાથી દલપત ભગત સમાધિ સ્થિતિને પામ્યા હતા. તેઓ જ્યારે ઈચ્છા થાય ત્યારે અક્ષરધામ, ગોલોકધામ કે વૈકુંઠધામ જઈ શકતા હતા. તેઓની નિરાવરણ દષ્ટિ થઈ ગઈ હતી.

એક સમયે દલપત ભગતને તાવ આવ્યો. તેની આયુષ્ય પૂરી થઈ હોવાથી શ્રીહરિજીએ તેમને દર્શન આપ્યાં અને કહ્યું : "તારી આયુષ્ય પૂરી થઈ છે, તેથી તું મારા ધામમાં આવતો રહે. પણ આ વાત તારા પિતા ભગવાનદાસને કે બીજા કોઈને પણ કહેતો નહિ." આ પ્રમાણે કહીને શ્રીહરિજી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

દલપત ભગત તાવથી પીડાતા હતા તેથી તેના પિતાએ કહ્યું : "બેટા ! અત્યારે તું તાવથી પીડાઈ રહ્યો છે, તેથી તું સમાધિમાં જતો રહે તેથી તને શાંતિ મળે. સમાધિ કરવાથી સર્વ પીડા શાંત થઈ જશે."

પિતા ભગવાનદાસનું વચન સાંભળી દલપત ભગત તુરંત જ સમાધિમાં બેસીને પોતાના શરીરનો ત્યાગ કરી શ્રીહરિજી પાસે

અક્ષરધામમાં જવા તૈયાર થઈ ગયા. તે જ સમયે શ્રીહરિજી દિવ્ય વિમાનો લઈ મુક્તોને સાથે લઈ વડોદરા આવ્યા ને દલપત ભગતને દિવ્યદેહ આપી પોતાની પાસે બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

હે ભક્તો ! દલપત ભગતના જવાથી પિતા ભગવાનદાસ ખૂબ દુ:ખી થઈ ગયા. તેથી પોતાના ભાઈ લક્ષ્મીદાસના પુત્ર કિશોરદાસ હતા તેને પણ સમાધિ થતી હતી તેને કહ્યું : '' તું સમાધિ કરીને અક્ષરધામમાં જા અને ત્યાં બરાબર જોજે, મારો દલપત ત્યાં છે કે બીજા ધામમાં ગયો છે તે જોઈ આવ.''

તુરંત કિશોરદાસ સમાધિમાં બેસીને ધામમાં ગયા અને ત્યાં તેણે દલપત ભગતને જોયા. બન્ને મળ્યા. દલપત ભગતે કહ્યું : ''અહીં તો સુખ સુખ ને કેવળ સુખ જ છે. મહારાજનાં દર્શન કરવાથી તો તૃપ્તિ થતી નથી. મારા પિતાને વિશ્વાસ આવે તે માટે ગુપ્ત વાતો થયેલી તે તેને કહેજે એટલે સાચુ માની મારો શોક મૂકી દે.'' પછી કિશોરદાસ સમાધિમાંથી જાગ્યા અને ગુપ્તવાતો કરી, એટલે ભગવાનદાસે માન્યું કે, ''મારો દલપત અક્ષરધામમાં ગયો છે.''

સમય જતાં શ્રી હરિજી ભગવાનદાસને તેડવા આવ્યા ને ધામમાં લઈ ગયા. સવારે સંબંધીઓને ખબર પડી તેથી તેઓ ખૂબ રડવા લાગ્યા. તેથી શ્રીહરિજીએ કહ્યું : ''તમારા વિયોગમાં બધાં સગાંઓ રડી રહ્યાં છે, માટે તમો દેહમાં પાછા જાઓ અને અહીનાં સુખની વિસ્તારથી વાત કરજ્યો.''

હે ભક્તો ! ભગવાનદાસના શરીરને બાંધવાની તૈયારી કરતા હતા ત્યાં તો શરીર સળવળ્યું ને આળસ મરડીને તેઓ ઊભા થયા ! પછી અક્ષરધામનાં સુખની સૌને વાત કરી. અને થોડા સમય બાદ ફરીને તેઓ ધામમાં જતાં રહ્યા.

## "ઉતરાજના સાકરબા"

હે ભક્તો ! કાનમ પ્રદેશમાં વડોદરા જીલ્લાના શિનોર તાલુકામાં ઉતરાજ નામનું ગામ આવેલ છે. તે ગામમાં સાકરબાઈ નામનાં મહારાજનાં પ્રેમી ભક્ત રહેતાં હતાં. તેઓ ઘરકામમાંથી પરવારે એટલે સતત ભજન -ભક્તિ કર્યા કરતાં.

એકવાર પરવારીને ભજન કરવા બેઠાં ત્યાં તો પ્રકાશ દેખાયો! નીરખીને જોવાં લાગ્યાં ત્યાં તો પ્રકાશમાંથી પુરુષોત્તમ નારાયણ બહાર આવ્યા ! આવું જોઈ સાકરબેન તો ભાવ વિભોર બની ગયાં અને પંચાગ પ્રણામ કરી મહારાજની સ્તુતિ કરી કરવા લાગ્યાં : "હે મહાપ્રભુ ! દાસી ઉપર દયા કરીને દર્શન દેવાં પધાર્યા છો એને હું મારું સદ્‌ભાગ્ય માનું છું."

ત્યારે મંદમંદ હસીને મહારાજ બોલ્યા : "અમે કેવળ તમને દર્શન દેવાને માટે જ નથી આવ્યા, પરંતુ તમને જણાવવા આવ્યા છીએ કે, 'આજથી ચોથે દિવસે તમારી આયુષ્ય પૂરી થાય છે, તેથી અમો તમને તેડવા આવીશું, માટે તૈયાર રહેજ્યો." આટલું કહીને અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! સાકરબાઈ તો આવું સાંભળી આનંદ પામ્યા અને સંસારમાંથી વૃત્તિ સંકેલી શ્વાસોશ્વાસે સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવાં લાગ્યાં. આ પ્રમાણે ભજન કરતાં-કરતાં ચોથો દિવસ આવી ગયો.

તે સમયે શ્રીજી મહારાજ ઉતરાજ પધાર્યા, પણ સાકરબેનનના ઘેર નહિ, તેમનાં ભત્રીજી કેસરબેનના ઘેર. મહારાજનાં દર્શન થયાં એટલે કેસરબેન પણ રાજી રાજી થઈ ગયાં અને તેમનાં કુટુંબના લોકો પણ નવાઈ પામી ગયા. પછી તેમણે મહારાજને બેસવા માટે સુંદર આસન આપ્યું, તેથી મહારાજ તેના પર બેઠા.

પછી કેસરબેને મહારાજને કહ્યું : "તમે અહીં બેસો અને હું તમારા માટે ભાતભાતનાં ભોજન બનાવું છું. " આ રીતે કહીને તેમણે સરસ મજાની રસોઈ તૈયાર કરી અને ખૂબ પ્રેમથી મહારાજને જમાડ્યા. પછી ચળું કરાવી મુખવાસ જમાડ્યો અને પલંગ પાથરી તેના પર બેસવા વિનંતી કરી.

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે કહ્યું : "કેસરબાઈ ! ચાર દિવસ પહેલાં અમો તારાં કાકીને દર્શન દઈને તેડવા આવવાનું કહી ગયા હતા. આજે ચોથો દિવસ છે, તેથી તેડવા આવ્યા છીએ ! – તારી કાકીને તેડી જઈએ એમાં તું રાજી કે નહિ ?" ત્યારે કેસરબેન કહે : " હે દયાળુ ! તમે ધામમાં લઈ જાઓ એનાથી બીજું સારું શું હોઈ શકે ! એ તો મારાં કાકીનાં સદ્ભાગ્ય ગણાય કે આપ તેમને તેડવા પધાર્યા, એ માટે હું બહુ જ રાજી થઈ છું."

આવું સાંભળ્યું એટલે નટવરનું મન ફર્યું અથવા તો ફેરવ્યું અને બોલ્યા: "હવે અમે નિર્ણય બદલ્યો છે, એટલે આજે સાકરબાઈને ધામમાં નહિ લઈ જઈએ. પછી તેડવા આવીશું, માટે તમે એમને ઘેર જઈ કહી આવો." આ પ્રમાણે કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી કેસરબેને જઈને સાકરબાઈને સર્વે વાત કરી, તેથી તેઓને નવાઈ લાગી ને આશ્ચર્ય પામી ગયાં.

હે ભક્તો ! થોડાં વર્ષો પછી મહારાજ ફરીને તેડવા પધાર્યા. ત્યારે સાકરબાઈ બોલ્યાં : "મહારાજ તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાવ છું – જય સ્વામિનારાયણ." આટલું કહી દેહ છોડી દીધો. પછી મહારાજે દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## "સુરતના પીલુશા"

હે ભક્તો ! સુરત શહેરમાં શ્રીજી મહારાજ સંવત્ ૧૮૮૧માં પધાર્યા હતા. તે સમયે ત્યાંના આગેવાન પારસી અરદેશરજીભાઈના ઘેર પધરામણી કરીને પીલુશા (તેમના ભાઈ)ના ઘરે પધરામણીએ ગયા. પીલુશાને ઘોડેસ્વારીનો ખૂબ શોખ હતો, તેથી મહારાજે તેમના ફળિયામાં માણકી ઘોડીને કુંડાળે નાખી ગોળ-ગોળ ખૂબ ફેરવી હતી.

મહારાજની આવી કળા જોઈ પીલુશા તો આભ્મા બની ગયા. ત્યારે મહારાજે કહ્યું : "પીલુશા ! તમોને આવાં દશ્યો ખૂબ ગમે છે, તેથી જ અમોએ આવી રીતે માણકીને ફેરવી – એની પાછળનું કારણ તમારો મોક્ષ કરવાનું છે. તમો આ સ્મૃતિ કાયમ યાદ રાખજો, તેથી તમોને અંત સમયે પણ યાદ આવી જશે, તેના કારણે તમારો મોક્ષ થશે."

હે ભક્તો ! મહારાજની વાણી સાંભળી પીલુશાએ પગે લાગીને નિયમ રાખ્યો. પછી તો દરરોજ માણકીએ સ્વાર થયેલા મહારાજની મૂર્તિને યાદ કરે. આમ સ્મૃતિ રાખતા -રાખતા તેમની આયુષ્ય પુરી થઈ ગઈ અને સ્મૃતિ યાદ રહી ગઈ. તે સમયે જ મહારાજ માણીકીએ અસ્વાર થઈને ત્યાં પ્રગટ થયા અને પીલુશાને કહ્યું : "અમો તમને તેડવા આવ્યા છીએ, ચાલો અમારા ધામમાં."

તે સમયે પીલુશા પાસે અરદેશરજી હતા, તેથી તેમને કહ્યું : "ભાઈ ! સ્વામિનારાયણ ભગવાન મને તેડવા પધાર્યા છે અને માણકી કુંડાળે નાંખી છે." એમ કહીને મૃત્યુ પામ્યા. પછી તેના જીવાત્માને મહારાજે દિવ્યદેહ આપ્યો ને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## "સુરતના અરદેશરજી"

હે ભક્તો ! મહારાજ સુરત પધાર્યા ત્યારે આખા શહેરમાં શોભાયાત્રા ફેરવી અને સુરતના નવાબને ત્યાં પધરામણી કરાવી તથા અંગ્રેજ કલેક્ટરને ત્યાં પણ પધરામણી કરાવી આ બધો યશ પારસી અરદેશરજીભાઈને ફાળે જાય છે. કારણ કે તે સમયે તેઓ સુરતના પોલીસ-કમિશ્નર હતા. તેમજ સત્સંગી પણ હતા.

નવ દિવસ રોકાઈને મહારાજ અરદેશરજી વગેરે ભક્તોને કહ્યું : "હવે અમો જશું." ત્યારે અરદેશરજીએ પોતાના બાગમાં પધારવા વિનંતી કરી, તેથી મહાપ્રભુ રૂસ્તમબાગ પધાર્યા. ત્યાં તેમણે મહારાજનું અને સંતોનું પૂજન કર્યું.

પછી મહારાજે પોતાને માથે બાંધેલ પાઘ ઉતારી હાથમાં લઈ અરદેશરજીને આપીને કહ્યું : "આ પાઘની નિત્ય પૂજા કરજો અને મારા નામની દરરોજ પાંચ માળા ફેરવજો. પાપ કરતા નહિ અને અધર્મથી ડરજો. ધર્મ પર આસ્થા રાખજો; તેથી તમારું કલ્યાણ થાશે. હું તમને અંતકાળે તેડવા આવીશ."

હે ભક્તો ! પછી જ્યારે તેમની આયુષ્ય પૂરી થઈ ત્યારે અરદેશરજીએ પોતાનાં સગાં-સ્નેહીઓ જે પારસી જ્ઞાતિનાં હતાં તેઓને કહ્યું :" મારા ભગવાન સ્વામિનારાયણ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે તેઓના અક્ષરધામમાં જાવું છું." આ પ્રમાણે કહી દેહ છોડી દીધો. આવું સાંભળી સગાંઓ આશ્ચર્ય પામી ગયાં. પછી મહારાજ તેને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''આમોદના ગણપતરામ બાપા''

હે ભક્તો ! ભરૂચ જીલ્લામાં આમોદ નામનું નાનું એવું શહેર આવેલ છે. તે આમોદમાં દીનાનાથ ભટ્ટ વગેરે ઘણા સત્સંગીઓ થઈ ગયા છે. ત્યાં શ્રીજી મહારાજ પણ પધારેલા છે, તેથી તે પ્રસાદીનું ગામ પણ છે.

આવા પ્રસાદીના આમોદ ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં ગણપતરામ નામના એક સારા સત્સંગી થઈ ગયા છે. તેઓ ધર્મ-નિયમનું ચુસ્તપણે પાલન કરતા હતા. તેઓને જ્ઞાનનું અંગ હતું. તેઓને કથા કરતા પણ આવડતી હતી. તેથી તેઓ હરિભક્તોને ભેગા કરીને વચનામૃતની કથા કરતા અને સારી રીતે સમજાવતા. તેઓને ગામ-ગપાટા મારવા તો ગમતા જ નહિ, તેથી કામમાંથી પરવારે એટલે તુરંત મંદિરે આવી જાય અને કોઈ હોય તો કથા વાંચે, નહિતર માળા કરે.

હે ભક્તો ! તેઓ શ્રીજી મહારાજના હયાતીના (સમકાલીન) હરિભક્ત હતા. એકવાર તો મહારાજે સભામાં કહ્યું હતું : ''આ ગણપતરામનો જીવ તો મુક્તાનંદ સ્વામી જેવો છે ! '' ખુદ ભગવાને જેનાં વખાણ કર્યા એ જીવ કેવો બળીયો હશે ?

વિશેષમાં કહું તો ગણપતરામ ભગતને ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી સાથે બહુ હેત હતું. આવા ગુણિયલ ભગત વૃદ્ધ થયા ત્યારે શરીરમાં થોડી બીમારી લાગું પડી. તેથી પથારીમાં સૂતા-સૂતા મહારાજની મૂર્તિને યાદ કરીને મનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કર્યા કરે.

એક દિવસ તેઓ જપ કરતા હતા. એ સમયે શ્રીજી મહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું : ‘‘ગણપતરામ ભગત ! તમારી પાસે જે મરણ મૂડી છે તેને  મંદિરમાં દેવી હોય તો દઈ દેજો અને તમારા ધર્મપત્નીને આપવી હોય તો એને આપી દેજો. તમોને કાલે તેડવા આવીશ.’’ આ પ્રમાણે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! તે સમયે ગઢડાના અને જૂનાગઢના ૬૦ સંતો ત્યાં મંદિરે આવેલા. તેથી ગણપતરામે તુરંત તે સાઠ સંતોને પોતાને ઘેર બોલાવ્યા અને આમોદ ગામના આગેવાન ભક્તોને પણ બોલાવ્યા. પછી કહ્યું : ‘‘મારી પાસે પાંચ હજાર રૂપિયા છે. તેમાંથી એક હજાર અહીંના મંદિરમાં આપું છું, એક હજાર લક્ષ્મીનારાયણ દેવના, એક હજાર મારા દાડાના – (બારમાંના) એક હજાર મારી દીકરીયુંના અને એક હજાર મારી પત્નીના. આ બધી સગવડ મારા કહ્યા પ્રમાણે તમો વહેંચી આપજો; કારણ કે કાલે બપોરે મારે ધામમાં જવું છે, માટે સંતો કાલે વહેલી રસોઈ કરી લેજો.’’

હે ભક્તો ! બીજે દિવસે સંતોએ મંદિરમાં વહેલી રસોઈ કરીને ઠાકોરજીને ધરાવી સંતો જમીને ગણપતરામ દાદાના ઘેર ગયા. ત્યારે સર્વે સંતોનાં દર્શન કરીને તેઓ બોલ્યા : ‘‘મહારાજ પધાર્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાવ છું.– જય શ્રી સ્વામિનારાયણ.’’ આવું કહ્યું ત્યારે મહાપુરુષદાસ સ્વામી બોલ્યા : ‘‘ગણપતરામજી ! ધામમાં ગોપાળાનંદ સ્વામીને મારા જય સ્વામિનારાયણ કહેજો.’’ પછી ગણપતરામદાદાએ દેહ છોડી દીધો, તેથી મહારાજે દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## "સારસાના હેતબા"

હે ભક્તો ! ભરુચ જીલ્લાના ઝઘડીયા તાલુકામાં સારસા નામનું ગામ આવેલ છે. તે ગામમાં પટેલ જ્ઞાતિમાં હરજીભાઈ સારા સત્સંગી હતા. તેમનાં માતાનું નામ હેતબા હતું. તેઓ શ્રીજી મહારાજનાં એકાંતિક ભક્ત હતાં. તેઓનું ભક્તિમય જીવન હતું. ધર્મ-નિયમ પણ દઢપણે પાળતા હતા.

હેતબા ઉંમર લાયક થયાં એટલે એક દિવસ દર્શન દઈને મહારાજે કહ્યું : "માજી ! આજથી ત્રીજા દિવસે કારતક વદ આઠમની રાત્રીએ બે વાગ્યે અમો તમને તેડવા આવીશું, માટે તૈયાર થઈ જજો ને જે કાંઈ દાન -પુણ્ય કરવું હોય તે પણ કરી લેજો."

મહારાજની વાત સાંભળી હેતબા કહેવા લાગ્યાં : "હે મારા વિહામા ! મારા વાલીડા, હું તો ધામમાં આવવા માટે ઘણા સમયથી રાહ જોઈ રહી છું. આ દેહને બાળવા માટે મેં તમારા પ્રસાદીનાં જાંબુડાનાં લાકડાં પણ ભેગાં કરી રાખ્યાં છે અને તુલસી-પીપળો અને સુખડનાં લાકડા પણ મંગાવી રાખ્યાં છે, માટે હું તો તમારી રાહ જોઈને જ બેઠી છું."

હે ભક્તો ! હેતબાએ આવું કહ્યું એ સાંભળીને શ્રીજી મહારાજ તો મંદમંદ હસીને અંતર્ધાન થઈ ગયા. પછી હેતબાએ પોતાના પુત્ર હરજીભાઈને બોલાવીને કહ્યું : "મહારાજે આજથી ત્રીજા દિવસે મને તેડવા આવવાનું કહ્યું છે, માટે આજુબાજુનાં ગામડાંઓમાં આપણાં સંતો હોય તો તેડી લાવ. મારે તેઓને જમાડવા છે અને ધોતીયાં પણ ઓઢાડવાં છે."

માતાની છેલ્લી ઈચ્છા પુરી કરવા માટે હરજીભાઈએ સુરતથી સંતોનું મંડળ તેડાવ્યું, તેથી માધવચરણદાસજી સ્વામી પોતાનું મંડળ

લઈને તેમજ બીજા સંતોને સાથે લઈને સારસા પધાર્યા. હરજીભાઈએ પવિત્ર બ્રાહ્મણને બોલાવી સંતો માટે રસોઈ કરાવી. સંતો જમ્યા. માજીએ દૂર ઊભા રહી સંતોનાં દર્શન કર્યાં. પછી દીકરા પાસે સંતોનું પૂજન કરાવી માજીએ ધોતીયાં ઓઢાડાવ્યાં. પછી સંતો સુરત ગયા. માજીએ ગામમાં પણ બ્રાહ્મણોને અને ગરીબોને દાન-પુણ્ય કર્યું.

હે ભક્તો ! કારતક વદની આઠમની રાત્રીએ બે વાગ્યે હેતબા સગાંઓને કહેવાં લાગ્યાં : "મહારાજ મુક્તોને લઈને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું. – બધા સત્સંગના નિયમો પાળજો – જય સ્વામિનારાયણ." આ પ્રમાણે કહી આંખો બંધ કરી મહારાજમાં વૃત્તિ જોડી દેહ છોડી દીધો.

શ્રીજી મહારાજ પછી હેતબાના જીવાત્માને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામ લઈ ગયા. હરજીભાઈએ માતાની ઈચ્છા મૂજબ તેમણે ભેંગા કરેલાં લાકડાંઓથી બાનો અગ્નિસંસ્કાર કર્યો અને સ્નાન કરી ઘેર આવી સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવા લાગ્યા.

## "કણભાના ઉત્તમચંદ શેઠ"

હે ભક્તો ! અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકામાં કણભા નામનું ગામ છે. જે ગામ વડોદરાના એકાંતિક ભક્ત નાથ ભક્તનું મૂળ ગામ હતું. ત્યાં સારો સત્સંગ છે અને સત્સંગીઓ સંતોનો સમાગમ કરીને ભજન-ભક્તિ કરે છે.

તે કણભા ગામમાં વણિક જ્ઞાતિમા ઉત્તમચંદ નામના એક સારા સત્સંગી થઈ ગયા છે. તેઓ ધનવાન હતા, પણ ધનનો કેફ ન હતો. મહારાજને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ માની ભજન-ભક્તિ કરતા હતા અને સંતોનો પણ મહિમા જાણી સેવા કરતા હતા.

હે ભક્તો ! સમય જતા ઉત્તમચંદ શેઠ વૃદ્ધ થયા. કાળના વેગને કારણે તેઓની આયુષ્ય પૂરી થઈ ત્યારે વિમાન લઈને મહારાજ તેમને તેડવા પધાર્યા. પણ શેઠને ઘેર ન જતા ગામમાં એક વૈરાગીનું મંદિર હતું ત્યાં ગયા અને થોડીવાર બેઠા. ત્યારે વૈરાગીએ જોયું તો વિમાન દેખાયું. તે મનોમન વિચાર કરી બોલ્યા : ‘‘આ કોનું વિમાન છે ?’’

વૈરાગીનો સવાલ સાંભળી પાર્ષદોએ કહ્યું : ‘‘બાવાજી ! આ વિમાન તો અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ ભગવાનનું છે. અમો ઉત્તમચંદ શેઠને તેડવા જઈએ છીએ. તેમને તેડી અક્ષરધામમાં લઈ જશું.’’

પછી મહારાજ વિમાન લઈ શેઠને ઘેર ગયા. ત્યારે ઘણા લોકોને મહારાજનાં અને સંતોનાં દર્શન થયાં. પછી ઉત્તમચંદ શેઠને દર્શન થયાં એટલે સગાંઓને કહ્યું : ‘‘મહારાજ મને તેડવા આવ્યા છે, તેથી હું જાવ છું.’’ આમ કહી મહારાજ સાથે ધામમાં જતા રહ્યા.

## ‘‘વહેલાલના રઘુનાથદાસ બાપા’’

હે ભક્તો ! અમદાવાદની બાજુમાં વહેલાલ ગામ આવેલ છે. ત્યાં શ્રીજી મહારાજ ઘણીવાર પધારેલા છે. તે ગામમાં મહારાજના કૃપાપાત્ર પટેલ જેસંગભાઈ સારા હરિભક્ત થઈ ગયા છે. તેઓને સંતોનો ખૂબ મહિમા હતો. બીમાર સંતોને પોતાના ઘેર લાવી સ્વયં સેવા કરતા અને સારા થઈ જાય એટલે તેઓને ગાડામાં બેસાડીને મૂકી આવે અને બીજા બીમાર સંતોને લાવે. આ રીતે તેઓએ આજીવન સેવા કરી હતી.

તે જેસંગભાઈના પિતાનું નામ રઘુનાથ બાપા હતું. તેઓ પણ સારા સત્સંગી હતા. એકવાર શ્રીજી મહારાજ વહેલાલ પધાર્યા હતા, ત્યારે પ્રભુજી રઘુનાથ બાપા પર રાજી થઈને બોલ્યા : ''બાપા ! મારી પાસે તમારી જે ઈચ્છા હોય તે વરદાન માંગો.'' ત્યારે બાપા બોલ્યાઃ ''હે મહારાજ ! મને અંતસમયે દર્શન દઈને તેડવા આવજો એ જ વર માગું છું.''

હે ભક્તો ! પ્રસન્ન થઈને મહારાજે તથાસ્તુ કહ્યું. પછી જ્યારે તે બાપા બીમાર થયા ત્યારે શ્રીજી મહારાજ ભગુજીને લઈને દર્શન દેવા પધાર્યા. પછી તેનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીહરિજી દિવ્યરૂપે આવી રઘુનાથબાપાનો ભૌતિક દેહ ત્યાગ કરાવી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## ''ગામડીના નરસીભાઈ''

હે ભક્તો ! અમદાવાદ જીલ્લામાં જેતલપુરની બાજુમાં ગામડી નામનું નાનું એવું ગામ આવેલ છે. ત્યાં શ્રીજી મહારાજ પણ પધારેલા છે. આવા પ્રસાદીના ગામમાં પાટીદાર (પટેલ) જ્ઞાતિમાં નરસીભાઈ સારા હરિભક્ત થઈ ગયા છે. તેઓ આજ્ઞા-ઉપાસના દૃઢ કરીને પાળતા હતા.

તેઓની ઉંમર થઈ એટલે અંતકાળે શ્રીજી મહારાજ અંબાડી યુક્ત હાથી ઉપર બેસીને તેડવા પધાર્યા. સાથે સંતો-પાર્ષદોનાં રૂપમાં મુક્તો પણ હતા. પાર્ષદોએ હાથમાં દીવડાઓ રાખ્યા હતા, તેને કારણે આખું ગામડી ગામ પ્રકાશથી ઝળહળવા લાગ્યું.

હાથીની અંબાડી પર બેસીને સંતો-પાર્ષદો સાથે ગામની બજારમાં બેચર દરજીના ઘર આગળ થઈને મહારાજે હાથી ચલાવ્યો. ઘરમાં

અવાજ આવ્યો એટલે બેચર દરજી બહાર નીકળ્યા. ત્યાં તો હાથી ઉપર મહારાજને જોયા અને સંતો-પાર્ષદોને ચાલતા જોયા. તેથી પૂછ્યું: ‘‘તમે બધા કોણ છો ? અને કયાં જાઓ છો ?’’ ત્યારે એક પાર્ષદે કહ્યું : ‘‘હાથી ઉપર બેઠા છે એ અમારા ભગવાન સ્વામિનારાયણ છે અને અમે સૌ નરસીભાઈને તેડવા જઈએ છીએ.’’

હે ભક્તો ! આ પ્રમાણે કહીને ચાલવા લાગ્યા ત્યાં તો સામે ભીંત આવી, તો પણ હાથી સહીત સૌ ભીંતમાં સોંસરવા (આરપાર) નીકળીને નરસીભાઈના ઘેર જઈ દર્શન દીધાં. આવું જોઈને દરજી તો આભો જ બની ગયો ! એમને કયાં ખ્યાલ હતો કે આ સ્વયં પરમાત્મા છે, તેથી તેઓને કોઈ પણ પ્રકારનું આવરણ નડતું નથી.

નરસીભાઈને દર્શન થયાં એટલે મહારાજની સ્તુતિ-પ્રાર્થના કરીને સગાં-સંબંધીઓને કહ્યું : ‘‘શ્રીજી મહારાજ હાથી લઈને મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું – જય સ્વામિનારાયણ.’’ આ પ્રમાણે કહીને દેહ છોડી દીધો.

હે ભક્તો ! પછી મહારાજે તેના જીવાત્માને દિવ્ય દેહ આપીને પોતાની સાથે અંબાડીમાં બેસાડ્યા ને અક્ષરધામમાં લઈ ગયા. તે સમયે બેચર દરજીએ નરસીભાઈના ઘેર આવીને સર્વે વિગતે સહિત વાત કરી. પછી સંતો ગામડી આવ્યા ત્યારે તેઓને પણ કહ્યું કે, ‘મને સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્યરૂપે દર્શન થયાં છે અને તેઓ તેઓના ભક્તને અંતકાળે તેડવા આવે છે તે મેં નજરો-નજર જોયું છે, માટે મને પણ વર્તમાન ધરાવી કંઠી પહેરાવો. મારે તમારા સત્સંગી થાવું છે.’’

હે ભક્તો ! પછી સંતોએ કંઠી પહેરાવી, પંચવર્તમાનના નિયમ આપતા કહ્યું : "બેચરભાઈ ! હવે તમે સત્સંગી થયા છો, તેથી સત્સંગીના નિયમો પાળજો.– ક્યારેય દારૂ ન પીતાં, માંસ ન ખાતાં, ચોરી ન કરતા, વ્યભિચાર ન કરતા અને હલકી જ્ઞાતિના લોકોના હાથનું ન જમતા-તેમજ ઉચ્ચ જ્ઞાતિના લોકોને તમારા ઘેર ન જમાડતા. – આ અમારા સંપ્રદાયનાં પંચવર્તમાન કહેવાય છે." બેચર ભક્તે પંચવર્તમાન પાળવાનાં નિયમ લીધાં અને મહારાજની ભક્તિ કરીને તેઓ પણ અંતે મહારાજની સાથે અક્ષરધામમાં ગયા.

## "લુણાવાડાના લખાબાપા"

હે ભક્તો ! અમદાવાદ દેશમાં પંચમહાલ જીલ્લામાં લુણાવાડા નામનું નાનું શહેર આવેલ છે. તેમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગ છે અને હાલમાં પણ સારો સત્સંગ છે.

તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં લખા જોશી સારા સત્સંગી હતા. ભજન-ભક્તિ તો પોતે કરતા જ હતા, પણ તેમને સંતોનો વિશેષ મહિમા હતો. કોઈ પણ સંત બીમાર હોય તો સેવામાં રોકાઈ જાય. સંતોને જીવન જરૂરીયાત જે કાંઈ જોઈતું હોય તો લાવી આપતા અને સંતોને રાજી કરતા. આવા મહિમાવાળા લખા બાપા સંતોને જૂવે એટલે રાજી રાજી થઈ જતા.

એકવાર લુણાવાડામાં સુખદાતાનંદ સ્વામી આવ્યા હતા. ત્યાં તેઓ બીમાર થયા. લખાબાપાને ખ્યાલ આવ્યો એટલે તેઓ સ્વામીની સેવામાં જ રોકાઈ ગયા. પોતે બ્રાહ્મણ હોવાથી પોતાના ઘેરથી જ ઠાકોરજીને ધરાવીને થાળ મંદિરે લેતા આવતા અને સ્વામીને પ્રેમથી જમાડતા.

આવી રીતે ઘણા દિવસ સેવા કરી એટલે સ્વામી બહુ જ રાજી થયા તેથી લખાબાપાને કહ્યું : ''લખા જોશી ! તમારી સેવાથી હું બહુ જ રાજી થયો છું, માટે તમારી જે ઈચ્છા હોય તે માંગી લ્યો.''

હે ભક્તો ! સુખદાતાનંદ સ્વામીની પવિત્ર વાણી સાંભળી લખા બાપાએ માગ્યું : ''સ્વામી ! તમે જ્યારે ધામમાં જાઓ ત્યારે મને ધામમાં તેડી જજો.'' ત્યારે સ્વામીએ કહ્યું : ''બીજું કોઈ વરદાન માંગો.'' ત્યારે જોશીએ કહ્યું : ''મારે એ જ વરદાન જોઈએ છીએ, બીજું કાંઈ જોઈતું નથી.''

જોશીની દૃઢતા જોઈને સુખદાતાનંદ સ્વામીએ કહ્યું : ''હું મહારાજને લઈને તમને તેડવા આવીશ, મારી રાહ જોજો. તમને આ લોકનાં સુખ કરતાં અક્ષરધામના સુખમાં દૃષ્ટિ પહોંચી ગઈ છે, તેથી હું બહુ જ રાજી થયો છું.''

હે ભક્તો ! ત્યાર પછી સ્વામી લુણાવાડાથી ગયા. પછી એક સમયે તેઓ કથા-વાર્તા કરવા માટે વળથળ ગામ ગયેલા. ત્યાં બીમાર થયા ને ધામમાં જતા રહ્યા. તે સમાચાર લુણાવાડામાં લખાબાપાને મળ્યા. તે સાંભળીને તુરંત તેઓ મંદિરમાં ગયા અને હરિભક્તોને વાત કરી કે, ''સુખદાતાનંદ સ્વામી ધામમાં ગયા છે, તેથી હું પણ જઈશ, કારણ કે તેમણે મને વચન આપ્યું છે, તેથી તેઓ જરૂર મને તેડવા આવશે.''

આ રીતે વાત કરીને ઘેર આવ્યા અને ઘરના લોકોને પણ વાત કરી. પછી રાત્રે સુતા ત્યારે માથું દુઃખવા લાગ્યું. બીજે દિવસે તાવ આવ્યો ને રાત્રીએ પરિવારના લોકોને કહ્યું : ''મહારાજને લઈને સુખદાતા સ્વામી મને તેડવા આવ્યા છે, માટે હું તેઓની સાથે

અક્ષરધામમાં જાવ છું – જય સ્વામિનારાયણ.'' આ પ્રમાણે કહી દેહ છોડી દીધો. પછી શ્રીજી મહારાજે તેમને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડ્યા ને ધામમાં લઈ ગયા.

## ''કારેલીના રાઘવજીભાઈ''

હે ભક્તો ! એક વાર મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી જેતલપુર જતા હતા અને રસ્તામાં કારેલી ગામ આવ્યું. ત્યાંના પાદરમાં એક મઠ હતો અને તેમાં એક ખબડદાસ નામનો બાવો રહેતો હતો. તેને સ્વામિનારાયણ સંપ્રદાય અને તેમના સંતો પ્રત્યે ઘૃણા હતી. – કારણ કે સંતો લોકોને વ્યસન મૂકવાનું કહેતા હતા અને વ્યસની ગુરુનો ત્યાગ કરવાનું કહેતા હતા એ આ બાવાને ગમતું નહિ, કારણ કે દરેક ફેલ ને વ્યસન એનામાં ભરપૂર હતા.

આ બાવાએ બન્ને સંતોને જોયા, તેથી ક્રોધ ચઢ્યો અને બન્નેને પોતાના અખાડામાં લાવવા પોતાના ચેલાઓને સાથે લઈને પાદરમાં ગયો અને બન્ને સંતોને પકડીને પોતાના અખાડામાં લાવી દરવાજા બંધ કરી દીધા.

પછી ગાળો દેતો જાય– દાંત કચડતો જાય અને છરો ઘસતો ઘસતો સંતોને કહેતો જાયઃ '' આ છરાથી તમારા બન્નેનાં નાક-કાન કાપવાં છે. તમારા સ્વામિનારાયણ તમને નાક-કાન વિનાના ભાળશે એટલે અમારી નિંદા કરતા બંધ થઈ જશે.''

હે ભક્તો ! બાવો આવું કહેવા લાગ્યો એટલે બ્રહ્માનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા : ''સ્વામી ! આ બાવો અડીજંતર છે, તે જરૂર આપણાં નાક-કાન કાપશે. તેથી સમાજમાં આપણી આબરું જશે અને ગામડાંઓમાં સત્સંગ કરાવવા જતા પણ શરમ આવશે.''

ત્યારે ગુણ ગંભીર એવા મહામુની મુક્તાનંદ સ્વામી બોલ્યાઃ “ હે બ્રહ્માનંદ સ્વામી ! આપણે વર્તમાન લોપ્યું નથી, તેથી ગભરાવાની કોઈ જરૂર નથી. અનેક જન્મોમાં પરિવાર માટે અને વિષયો માટે નાક-કાન કપાવ્યાં હશે. આ વખતે તો શ્રીજી મહારાજ માટે નાક કપાશે, તેમાં આપણી લાજ નહિ જાય, માટે મહારાજને યાદ કરી ભજન શરૂ કરો, તેથી મહારાજ રક્ષા કરશે.”

હે ભક્તો ! આ પ્રમાણે આશ્વાસન આપી તેઓ પણ ભજન કરવા લાગ્યા. એ સમયે જ કારેલી ગામના જત જ્ઞાતિના રાઘવજીભાઈ પહેલવાન ત્યાં આવ્યા અને પૂછ્યું : “સંતો અહીં કેમ બેઠા છો ? ” ત્યારે બાવો તેનું અપમાન કરીને બોલ્યો : “ તું તારે રસ્તે પડ તારે શું એની પંચાત છે ? એ મારા ગુનેગાર છે, તેથી એનાં નાક-કાન કાપવાં છે, માટે અહીંથી જતો રહે.”

બાવાની વાત સાંભળી રાઘવજી પહેલવાનને ક્રોધ ચઢ્યો, તેથી બાવાને છાતીમાં પગની લાત મારી હાથમાંથી છરો આંચકી લઈ બન્ને સંતોને સાથે લઈ ગામની સીમ સુધી મૂકવા ગયા અને સંતોને કહ્યું : “તમારી બાવા થકી મેં રક્ષા કરી, તેમ તમે બન્ને મારી અંતકાળે રક્ષા કરજો.”

હે ભક્તો ! પછી સંતો જેતલપુર આવ્યા ને મહારાજને બધી વાત કરી. ત્યારે મહારાજ બોલ્યાઃ “તમારા બન્નેનું એ રાઘવજીભાઈએ રક્ષણ કર્યું છે, માટે એનું કલ્યાણ હું મુક્તાનંદ સ્વામી જેવું કરીશ.”

હે ભક્તો ! પછી જ્યારે તે રાઘવજીભાઈનો અંતકાળ આવ્યો ત્યારે તેમણે સગાંઓને કહ્યું : “મેં ખબડદાસ બાવા થકી સંતોનું રક્ષણ કર્યું હતું તે બન્ને સંતો સ્વામિનારાયણ ભગવાનને સાથે લઈ

મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે તેમનાં અક્ષરધામમાં જાવ છું.'' આમ કહી મરણ પામ્યા. પછી મહારાજ તેને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''કાણોતરના બોઘાભગત-શાર્દુલ ભગત''

હે ભક્તો ! અમદાવાદ જીલ્લાના ધોળકા પ્રદેશમાં કાણોતર નામનું એક ગામ આવેલું છે. ત્યાં ભરવાડ જ્ઞાતિમાં બોઘાભાઈ સારા સત્સંગી હતા. તેમને ગામની પટલાઈ મળેલ હતી. ધર્મ-નિયમ દઢપણે પાળતા હતા અને ભજન-ભક્તિ પણ ખૂબ કરતા હતા. તેઓ ઠાકોરજી માટે થાળ બનાવવા ઘેર બ્રાહ્મણ રાખતા અને પવિત્ર થઈને રસોઈ બનાવડાવતા. ત્યારબાદ ઠાકોરજીને થાળ ધરાવીને પછી જ બીજાને જમવા મળતું, આવા ભક્તિભાવવાળા હતા.

હે ભક્તો ! ભરવાડ લોકો સમાજમાં જાડીબુદ્ધિવાળા કહેવાય છે અને તે લોકાનાં વસ્ત્રો પણ જાડાં હોય છે, પણ બોઘાભગત એમાં અપવાદ હતા, કારણ કે ક્રિયાશુદ્ધિમાં તેઓ એક્કો હતા.

એક દિવસ બોઘાભગતના દીકરા શાર્દુલ ભગતને તાવ આવ્યો. તે પણ પોતાના પિતાની પેઠે મહારાજના ભક્ત હતા. તેમને સમજણનું અંગ હતું. તાવને કારણે ખાટલામાં સૂતા-સૂતા તે મહારાજની મૂર્તિ સંભારી સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા.

તે સમયે તેમને મહારાજે દર્શન દીધાં. દર્શન કરીને શાર્દુલભગતે મહારાજની સ્તુતિ કરી. ત્યારે મહારાજે કહ્યું : ''શાર્દુલ ! અમો તને તેડવા માટે આવ્યા છીએ –તારે અમારા અક્ષરધામમાં આવવું છે?'' ત્યારે શાર્દુલ ભગતે કહ્યું : ''હે મહારાજ ! તમે મને અક્ષરધામમાંથી

લેવા માટે જ આવ્યા છો અને સંતો પણ ધામનાં દિવ્યસુખનું ઘણીવાર વર્ણન કરતા હોય છે, તો એવાં સુખને છોડીને આ લોકનાં સુખ માટે હું અહીં શા માટે રહું ? હું તો તૈયાર જ છું, થોડીવાર ઊભા રહો, હું મારા પિતાને જણાવી દઉં.''

હે ભક્તો ! પછી શાર્દુલ ભગતે પોતાના પિતા બોઘા ભક્તને કહ્યું : '' બાપા ! મહારાજ મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાવ છું; તમો મારી પાછળ ધોળકા મંદિરમાં ઠાકોરજીને થાળ કરાવજો અને સંતોને રસોઈ આપજો.'' આ રીતે ભલામણ કરી ભૌતિક દેહ છોડી દિવ્યદેહ ધારણ કરી વિમાનમાં બેસી ધામમાં પહોંચી ગયા.

તેમના ગયા પછી એક વર્ષે બોઘા ભગતને તાવ આવ્યો. તે વખતે શ્રીજી મહારાજ દિવ્ય રથ લઈને તેડવા આવ્યા. રસ્તામાં ભરવાડ ઢોર ચારતા હતા તેને (જાણે કે કાંઈ જ ન જાણતા હોય તેમ) પૂછ્યું : ''કાણોતર ગામનો માર્ગ કઈ બાજુ આવ્યો ? તે અમને બતાવશો. અમારે તે ગામના બોઘા ભગતને અમારા અક્ષરધામમાં લઈ જવા છે.'' પછી એક ગોવાળીયો ગામની સીમ સુધી મૂકવા આવ્યો ને બોલ્યો : ''સામે દેખાય એ કાણોતર છે.''

હે ભક્તો ! મહારાજે બોઘા ભગતને દર્શન દઈને કહ્યું : ''ભગત ! અમો તમને તેડવા આવ્યા છીએ. ''આવું સાંભળી બોઘા ભગત તો મહારાજને દંડવત કરવા લાગ્યા. પછી સંબંધીઓને કહ્યું: ''મને સ્વામિનારાયણ ભગવાન તેડવા પધાર્યા છે, માટે ધૂન કરો અને ગાયનું છાણ લીંપો. પછી તેઓ લીંપેલ ભોય પર પલાઠી વાળીને બેસી ગયા ને દેહ છોડી દીધો. પછી મહારાજે દિવ્ય દેહ આપી પોતાની પાસે રથમાં બેસાડ્યા અને લઈ ગયા અક્ષરધામમાં.

## "નાનોદરના ચતુર ભગત"

હે ભક્તો ! ધોળકા તાલુકામાં દેવ ધોલેરા ગામની નજીક નાનોદર નામનું એક નાનકડું એવું ગામ છે. તે ગામમાં ઠક્કર જ્ઞાતિમાં ચતુરભાઈ સારા સત્સંગી હતા. તેઓ મહારાજના કેફવાળા હરિભક્ત હતા.

તે ચતુર ભગત એકવાર બીમાર થયા. ત્યારે શ્રીજી મહારાજે તેમને દર્શન આપ્યાં. મહારાજને જોઈને ચતુર ભગત ખાટલેથી ઉતરીને દંડવત કરવા લાગ્યા. પછી હાથ જોડીને કહેવા લાગ્યાઃ " હે ભક્તવત્સલ મારા નાથ ! તમે આ દાસને દર્શન દઈને કૃતાર્થ કરી દીધો; મારા માટે શી આજ્ઞા છે ?"

ત્યારે મહારાજે સહેજ હસીને કહ્યું : "ભગત ! તમારી આયુષ્ય પૂરી થવા આવી છે, તેથી પરમ દિવસે તમને તેડવા આવીશું. આવવું છે ને ? કે પછી અહીં રોકાવાની ઈચ્છા છે ?"

મહારાજનાં વચન સાંભળી ચતુર ભગતે ચતુરાઈપૂર્વક કહ્યું : 'ઓ મારા વહાલા ! તમારી પાસે અક્ષરધામમાં આવવા માટે તો ભક્તિ કરું છું, ધર્મ પાળું છું અને આજ્ઞા પાળું છું, માટે અત્યારે કહો તો અત્યારે પણ તૈયાર છું."

ચતુર ભક્તની ચતુરવાણી સાંભળી મહારાજ હસી પડ્યા અને બોલ્યા : "તો પછી પરમ દિવસે તૈયાર રહેજો." આ રીતે કહી પ્રભુ અંતર્ધાન થઈ ગયા. પછી ચતુર ભગતે પોતાના પિતાને બોલાવીને વાત કરી : "બાપા ! મને દર્શન દઈને મહારાજે પરમ દિવસે તેડવા આવવાનું કહ્યું છે, માટે દેવધોલેરામાં હાલ સંતોનું મંડળ આવ્યું છે, તેથી તેમને અહીં તેડી લાવો, મારે સંતોનાં દર્શન કરવાં છે."

પુત્રની વાત સાંભળી સમજણનાં અંગવાળા પિતા પણ પુત્રની વાત સાંભળી રાજી થયા. પછી માણસ મોકલીને સંતોને બોલાવ્યા. સંતો નાનોદર ગામ આવ્યા. સંતોનાં દર્શન કરી દંડવત કરી ચતુર ભક્તે સર્વે વાત કરી અને કહ્યું : ‘‘પાંચસો રૂપિયા ધોળકા મંદિરમાં હું દાન કરું છું. અને બીજા ૧૦૦૦ હજાર રૂપિયા છે તે મારી સ્ત્રીની આજીવિકા માટે આપું છું.’’

પછી સંતોનું પૂજન કરી ધોતિયાં ઓઢાડી દંડવત કરી રાજી રહેવાનું કહ્યું. પછી સંતો મંદિરમાં ગયા. ત્યારબાદ ચતુર ભગતે પોતાનો ખાટલો એક ઓરડામાં ઢળાવ્યો. પછી પિતાને તથા ભાઈને કહ્યું : ‘‘મારા ઓરડામાં કોઈ પણ સ્ત્રીને આવવા દેશો નહિ. મારી પાછળ ધોળકા મંદિરમાં રસોઈ દેજો.’’

હે ભક્તો ! પછી ચતુર ભગતે શીરો કરાવ્યો ને પરિવારના સર્વે નાનાં-મોટાં ભેગાં બેસીને જમ્યાં. ત્રીજા દિવસે નાહી-ધોઈ ધોયેલાં વસ્ત્રો પહેરીને નવી કંઠી પોતાની જાતે પહેરી સૌને કીર્તન બોલવા કહ્યું.

ભગતના કહેવાથી સૌ કીર્તન બોલવા લાગ્યા. ત્યારે ચતુર ભગત શ્રીજી મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખી સ્વામિનારાયણ મહાપ્રભુનું ભજન કરવા લાગ્યા. અને દેહ છોડી દીધો. ત્યારે મહારાજ મુક્તો સાથે પધાર્યા અને તેના જીવાત્માને દિવ્ય દેહ દઈને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## ‘‘તેજપરના ભાવસિંહજી’’

હે ભક્તો ! અમદાવાદ પ્રદેશમાં તેજપર ગામ આવેલ છે. તે ગામમાં ઠાકોર ભાવસિંહજી સંતોના સમાગમને કારણે સારા સત્સંગી

થયા હતા. તેઓ નિયમ-ધર્મ પાળવામાં શૂરવીર હતા અને સંતોનો બહુ મહિમા સમજતા હોવાને કારણે સંતોનો સમાગમ વારંવાર કરતા હતા.

સમય જતા એક દિવસ થોડા બીમાર થયા. તે દિવસે જ સાંજના સમયે શ્રીજી મહારાજે તેઓને પ્રત્યક્ષ દર્શન દીધાં અને કહ્યુંઃ ''ભાવસિંહજી ! તમે અત્યારે શીરો જમીને તૈયાર રહેજ્યો.' રાત્રીએ નવ વાગે અમે તમને તેડવા પધારશું.'' આ રીતે કહીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! મહારાજની આવી મીઠી -વાણી સાંભળીને બાપુનું સંસારમાંથી મન ઉતરી ગયું અને મનોમન વિચાર કર્યો : ''મારી પાછળ કોઈ ખાનાર નથી. સગાં-વહાલાં પાછળથી મારી મિલકતને વહેંચીને ફેલ-ફિતુરમાં ઉડાવી નાખે એ કરતાં ભગવાનને અર્પણ-સમર્પણ કરી દઈ શ્રીજી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી લવું.''

આ પ્રમાણે મનોમન નક્કી કરી હીરાદાસ પટેલ વગેરે ગામના સત્સંગી શેઠીયાઓ બોલાવીને કહ્યું : ''આજે રાત્રે નવ વાગે શ્રીજી મહારાજ મને તેડવા આવવાના છે, માટે મારી સ્થાવર- જંગલ મિલકત સ્વામિનારાયણ મંદિરને કૃષ્ણાર્પણ કરવી છે. પછી દરેક સંપત્તિ ભેગી કરી અમદાવાદ આપણા સ્વામિનારાયણ મંદિરને ભેટ તરીકે આપી દીધી.

હે ભક્તો ! પછી ભાવસિંહજી અંતરવૃત્તિ કરી ભજન કરવા લાગ્યા અને હીરાદાસભાઈને કહેવા લાગ્યાઃ ''ભગત ! તમે શીરો બનાવો. મારે શીરો જમ્યા પછી જ ધામમાં જવાનું છે. મહારાજે જ મને કહ્યું હતું કે , 'શીરો જમીને નવ વાગ્યે તૈયાર રહેજો.''

ત્યારે હીરાદાસભાઈએ કહ્યું : ''અત્યારે નવ વાગવા આવ્યા છે, તેથી શીરો ન થાય, માટે દૂધ મંગાવીને તેમાં સાકર નાખી ઘાટું કરી તમને પાઈ દઉં.''

પછી ત્રણ શેર દૂધ લાવ્યા. તેને ખૂબ કઢીને ઘાટું બનાવી ભાવસિંહજીને પાયું. તે સમયે જ મહારાજનાં દર્શન થયાં. ત્યારે તેમને હીરાદાસ પટેલને કહ્યું : ''મહારાજ તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું. – તેથી બધા જ સત્સંગીઓને તેડાવો. ત્યારે બધા આવ્યા ને ધૂન કરવા લાગ્યા.

હે ભક્તો ! ત્યારે ભાવસિંહજી બોલ્યા : ''મહારાજ અને સંતો મારી રાહ જુવે છે, માટે હું ધામમાં જાવ છું. – જય સ્વામિનારાયણ'' આ પ્રમાણે કહી ભૌતિક દેહ છોડી દીધો. પછી મહારાજ દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! એ સમયે જ ભક્તિનંદનદાસજી સ્વામી કોઠ ગામમાં હતા. ત્યાં શ્રીજી મહારાજનાં તેમને દર્શન થયા. એમને એવું દેખાયું કે, તેજપરમાં મહારાજ અને મુક્તો ભાવસિંહજીની ઓસરીમાં દૂધપાક પૂરી જમે છે. જમ્યા પછી ભાવસિંહજીને ધામમાં લઈ ગયા.' સવારે તેમણે સંતોને કહ્યું. પછી તપાસ કરતા જાણવા મળ્યું કે ભાવસિંહજી ધામમાં ગયા છે.

## ''ધોળકાનાં સરસ્વતીબેન, લીંબડીના વરવા શેઠ''

હે ભક્તો ! સુરેન્દ્રનગર જીલ્લામાં લીંબડી નામનું નાનું શહેર છે. ત્યાં વણિક જ્ઞાતિમાં વરવાભાઈ શેઠ હતા. તેનાં બેનને ધોળકા પરણાવ્યાં હતાં. થોડો સમય થયો ત્યાં તેના પતિનું મૃત્યું થયું. પછી તે સરસ્વતીબેન સત્સંગી થયા અને સાંખ્યયોગી બહેનોની જેમ ધર્મ-નિયમનું પાલન કરવાં લાગ્યાં.

તે બેનને બે દિયર હતા. તે બન્નેએ તેમના પતિની સંપત્તિ લઈ લીધી. તેથી તે બન્નેની સાથે સરસ્વતીબેનને અબોલા થયા. તેમની સાથે બોલવાનું બંધ કરી દીધું. પાંચ વર્ષ થઈ ગયાં, પણ પેલા બન્નેએ મિલકત આપી નહિ, તેથી સરસ્વતીબેન ઉદાસ થઈ ગયાં, કારણ કે પોતાની આજીવિકા માટે કોની આગળ કાયમ હાથ લંબાવવા ?

હે ભક્તો ! આ પ્રકારે ચિંતા કરતા-કરતા સરસ્વતીબેન સૂઈ ગયાં. તેથી રાત્રીએ શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ‘‘તમે સવારે તમારા બેય દિયરને બોલાવજો એટલે તેઓ તમારી સંપત્તિ લઈ ગયા છે તે આપી દેશે.’’ આ રીતે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

તે દિવસે તેમના ભાઈ વરવા શેઠ લીંબડીથી આવ્યા હતા, એટલે તેમને બોલાવવા મોકલ્યા તેથી તેઓ બોલાવી લાવ્યા. આવીને મોટા દિયર પોતાનાં ભાભી સરસ્વતીબેનને પગે લાગ્યા અને કહેવા લાગ્યા : ’’ ભાભીમા, આજે રાત્રે તમારા ભગવાન સ્વામિનારાયણ મારી પાસે આવ્યા હતા. તેમની સાથે કાળા કાળા વીસ જમ હતા. તેમણે મને કહ્યું : ‘‘તારી ભોજાઈની મિલકત તેં લઈ લીધી છે, તે સવારમાં આપી આવજે, નહિતર આ ૨૦ જમ તને મારી નાખશે. એક જમે મને પડખામાં એક મુક્કો માર્યો હતો તે હજી પણ દુઃખે છે; માટે આ તમારા રૂપિયા ગણી લ્યો.’’

હે ભક્તો : પછી સરસ્વતીબેને તેના નાના દેરને બોલાવ્યો, તેથી તે પણ આવ્યો અને ભાભીને પગે લાગીને કહ્યું : ‘‘મને રાત્રીએ તમારા ભગવાને જમ સાથે આવીને ધમકી આપી છે, તેથી હું અત્યારે તમારા રૂપિયા દેવા આવવાનો જ હતો, લ્યો તમારા ભાગમાં આવતા આ રૂપિયા વગેરે...’’

થોડાં વર્ષો ગયાં બાદ સરસ્વતીબેને લીંબડીથી પોતાના ભાઈ વરવા શેઠને બોલાવીને કહ્યું : ''મારે આજથી આઠમે દિવસે દેહ મૂકવો છે, તેથી તમને બોલાવ્યા છે.'' પછી આઠમે દિવસે સરસ્વતીબેને કહ્યું : ''શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે તેથી હું તેમની સાથે ધામમાં જાવ છું.'' આમ કહી દેહ છોડી દીધો. પછી મહારાજ તેને દિવ્યદેહ આપી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! મહારાજના ભજનનાં પ્રતાપે સરસ્વતીબેનને મૃત્યુ અગાઉ પણ ખબર પડી ગઈ હતી ! વરવા શેઠ ત્યાં હાજર હોવાથી તેમને પણ મહારાજનાં દર્શન થયાં હતાં. તેથી તેઓને મહારાજનો વિશેષ મહિમા સમજાયો. પછી તેઓ પણ સતત ભજન-ભક્તિ કરવા લાગ્યા. આ રીતે ભક્તિ કરતા તેનો પણ અંતકાળ આવ્યો.તેથી મહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા. તે દર્શન ગામના ઘણા લોકોને થયા. એ સમયે વરવા ભગતે પોતા પાસે બેઠેલા જૈન વાણિયાઓને કહ્યું : ''સ્વામિનારાયણ ભગવાન મને તેડવા પધાર્યા છે, તેથી હું તેમની સાથે તેઓના ધામમાં જાવ છું. – જય સ્વામિનારાયણ.''

## ''મેથાણના દેવજી ભગત''

હે ભક્તો ! સુરેન્દ્રનગર જીલ્લામાં ધ્રાંગધ્રા તાલુકામાં મેથાણ નામનું રળીયામણું ગામ આવેલ છે. ત્યાં અજાપટેલ વગેરે ઘણાં એકાંતિક ભક્તો થઈ ગયા છે. તે ગામમાં લુવાણા જ્ઞાતિમાં દેવજી ભગત નામના સારા સત્સંગી થઈ ગયા છે. તેઓ પંચવર્તમાન પાળવામાં શૂરવીર હતા અને તેઓને મહારાજની સર્વોપરી ઉપાસના પાકી હતી. તેઓ મહારાજને સર્વ અવતારના અવતારી માનીને ભક્તિ કરતા હતા. સંતોની પણ નિઃસ્વાર્થભાવે સેવા કરી તેઓનો રાજીપો લેતા હતા.

તે દેવજી ભગત એકવાર બીમાર થયા અને અંતસમય આવી ગયો. પોતાના બિરુદ પ્રમાણે શ્રીજી મહારાજ પણ માણકી ઘોડીએ અસ્વાર થઈને આવી ગયા. સાથે દિવ્યરૂપધારી સંતો પણ હતા અને સ્વારો પણ હતા.

મનુષ્યરૂપે મહારાજ હતા ત્યારે સાથે કાઠી ભક્તો હોય અને સંતોનાં મંડળ લઈને ગામની વચ્ચે ચાલીને ભક્તોના ઘેર જતા હોય– એ જ રીતે મેથાણ ગામની બજાર વચ્ચે એ રીતે ચાલીને એક વાણિયાની દુકાને ગયા અને પૂછ્યું : ‘‘દેવજી ભગતનું ઘર ક્યાં આવ્યું ? ’’ ત્યારે વણિકે તે બજાર બતાવી દીધી. પછી મહારાજ દેવજી ભગત ઠક્કરને ત્યાં ગયા.

હે ભક્તો ! દર્શન દઈને મહારાજે કહ્યું : ‘‘દેવજી ભગત ! અમે સૌ તમને તેડવા આવ્યા છીએ. આવવું છે ને અક્ષરધામમાં ?’’ મહારાજની મધુરવાણી સાંભળી દેવજી ભગત કહેવા લાગ્યા :’’ મહારાજ ! હું તો અક્ષરધામમાં આવવા માટે ઘણા સમયથી રાહ જોઈ રહ્યો છું, માટે મારા પર બહુ કૃપા કરીને આપ મુક્તો સહિત પધાર્યા છો એ મારું મોટું ભાગ્ય માનું છું.’’ આ પ્રમાણે કહીને મહારાજને પથારીમાં બેઠા-બેઠા પ્રણામ કર્યા.

પછી પોતાનાં સગાં-વ્હાલાંને બોલાવીને કહ્યું : ‘‘જુઓ, મહારાજ મને તેડવા પધાર્યા છે, માટે તેઓનાં દર્શન કરો અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરો. ગાયનું છાણ લાવો અને લીંપો. પછી મને ખાટેલથી નીચે લઈ લ્યો અને લીંપેલા છાણ ઉપર બેસાડો.’’

હે ભક્તો ! દેવજી ભગતને છાણ પર બેસાડીને બધા ધૂન કરવા લાગ્યા. તે સમયે ભગત બોલ્યા : ‘‘હું શ્રીજી મહારાજ સાથે

વિમાનમાં બેસીને તેઓના અક્ષરધામમાં જાવ છું. તમારે પણ જો મર્યા પછી અક્ષરધામમાં આવવાની ઈચ્છા હોય તો તમે પણ મારી જેમ ભજન-ભક્તિ કરજો. શ્રીજી મહારાજની ભક્તિ કરશો તો તમને પણ મહારાજ અંતકાળે તેડવા આવશે ને ધામમાં લઈ જશે.''

આ પ્રમાણે કહીને દેવજી ભગતે દેહ છોડી દીધો. તેના કારણે ડોક ખંભા બાજુ નમી ગઈ. પછી મહારાજે તેના જીવાત્માને દિવ્યદેહ આપ્યો ને પોતાની બાજુમાં વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! પેલો દુકાનવાળો વાણિયો દેવજીભગતને ઘેર આવ્યો ને કહ્યું : ''તમારા સ્વામિનારાયણ ભગવાને તમારું ઘર ક્યાં આવ્યું? આવું મને પૂછ્યું હતું, તો તેઓ ક્યાં છે ?'' ત્યારે ભગતના સગાંઓએ કહ્યું : ''એ તો દિવ્યરૂપે હતા અને બાપાને ધામમાં લઈ ગયા છે.'' આવું સાંભળી ત્યાં હાજર રહેલાં ગામનાં ઘણાં સ્ત્રી-પુરુષો સત્સંગી થઈ ભજન કરવાં લાગ્યાં.

## ''વિહલપરના સંતોકબેન''

હે ભક્તો ! સુરેન્દ્રનગર જીલ્લામાં વિહલપર નામનું નાનકડું ગામ છે. તે ગામમાં વણિક જ્ઞાતિમાં સંતોકબેન નામના યુવાન સત્સંગી બહેન રહેતાં હતાં. તેઓના પરિવારના બધા લોકો જૈન હતા. ફક્ત સંતોકબેન પિયરથી સત્સંગ સાથે લાવેલા હતાં. તેઓ સાયલાનાં સમાધિનિષ્ઠ શામબાઈમાનાં દીકરી હતાં. એ શામબાઈ મા મેમકાના રામજીભાઈ શેઠનાં સગાં બહેન હતાં.

જૈન પરિવારમાં સંતોકબેનને પરણાવ્યાં હોવાથી જાહેરમાં પૂજા વગેરે કરી શકતા નહિ, તેથી મનોમન માનસી-પૂજા કરતાં અને મનમાં જ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતાં.

સમય જતા એકવાર વિહલપરના વાણિયાઓ સાથે સંતોકબેનનો પરિવાર અમદાવાદ આવ્યો. તે પણ સાથે હતાં. ત્યાં સંતોકબેને તેના સાસુને કહ્યું : ‘‘અહીં અમદાવાદમાં સ્વામિનારાયણ ભગવાનનું પ્રસાદીનું મોટું મંદિર છે, તેથી મારે દર્શન કરવાં જવાની ઈચ્છા છે, માટે મને જવા દો.’’

ત્યાં તો સાસુ–સસરા બન્ને એક સાથે બોલી ઊઠ્યાં : ‘‘સંતોષ! આપણે તો જૈન છીએ, તેથી સ્વામિનારાયણના મંદિરે ન જવાય, તેથી તમારે ક્યારેય મંદિરે જવાનું પૂછવાનું જ નહિ. એ ધર્મ તો તમારાં પિયરનો છે, આપણો નથી, માટે નથી જવાનું.’’

હે ભક્તો ! મંદિરે જવાની ના કહી તેથી સંતોકબેનને બહુ દુઃખ થયું, એના કારણે તેઓ દિલગીર થઈ રડતાં-રડતાં રાત્રે સૂઈ ગયાં. બેનને મંદિરે દર્શન કરવાં જવાની બહુ જ ઈચ્છા હોવાથી રાત્રીએ શ્રીજી મહારાજ દર્શન દેવાં પધાર્યા ! જાગ્રતની જેવાં જ સ્વપ્નમાં સંતોકબેનને દર્શન થયાં.

મહારાજે કહ્યું : ‘‘તમને મંદિરે જવાની તીવ્ર ઈચ્છા છે, માટે મારી સાથે ચાલો, હું તમને મંદિર બતાવું અને દરેક મૂર્તિઓનાં દર્શન કરાવું.’’

હે ભક્તો ! સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ એક ભક્તને દર્શન કરાવાં સ્વયં ગાઈડ બનીને ચાલ્યા ! સંતોકબેનને કાળુપુર મંદિરે દિવ્યરૂપે લાવ્યાં અને બધી જ મૂર્તિઓનાં દર્શન કરાવ્યાં. પછી મહારાજે કહ્યું : ‘‘સંતોકબેન ! તમારા પતિ ને સસરા વગેરે ઢુંઢિયાનો ધર્મ પાળે છે, તેથી તમને અમારી ભક્તિ કરવા નહિ દે, માટે અમો તમને બે મહિના પૂરા થતાં અમારાં ધામમાં તેડી જાશું; તેથી તમારા પિયરનું જે કાંઈ તમારા સસરાને ઘેર હોય તે બધું પિયર લઈ જાજો, કારણ કે તમારાં મૃત્યુ પછી એ લોકો કાંઈ પાછું આપવાના નથી.’’

હે ભક્તો ! સવારે સંતોકબેન જાગ્યાં ત્યારે મનોમન વિચાર્યું: "મને મહારાજનાં દર્શન થયાં, મંદિર તથા દેવોનાં દર્શન પણ મહારાજે જ કરાવ્યાં અને બે મહિના પૂરા થતાં જ મને અક્ષરધામમાંથી મહારાજ તેડવા પધારશે."

અંતરમાં હરખાતાં સંતોકબેન અમદાવાદથી વિહલપર ગયાં અને ત્યાંથી પોતાના મોટાભાઈ સાથે પિયર સાયલા આવ્યાં. પિયરનો બધો સામાન લેતા આવ્યાં. પછી બે મહિના પૂરા થતાં જ બોલ્યાં : "મહારાજ મને વિમાન લઈને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓ સાથે ધામમાં જાઉં છું." આ પ્રમાણે માતા-પિતાને કહી મહારાજ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયાં.

## "દહીંસરાના કાનજી બાપા"

હે ભક્તો ! કચ્છ પ્રદેશમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગ છે અને દિન પ્રતિદિન વધતો જાય છે. કચ્છના ૨૪ ગામ સત્સંગમાં અગ્રગણ્ય ગણાય છે. તેમાં દહીંસરા નામનું એક ગામ છે, તેમાં પણ સારો સત્સંગ છે.

તે ગામમાં કાનજીભાઈ નામના ભક્ત પટેલ જ્ઞાતિમાં થઈ ગયા છે, તેનો પ્રસંગ આપ સમક્ષ રજુ કરી રહ્યો છું– લખી રહ્યો છું. કાનજીભાઈ સારા હરિભક્ત હતા. ધર્મ- નિયમનું પાલન પણ યથાર્થ કરતા હતા. સમજણમાં પણ એક્કો હતા. અને શ્રીજી મહારાજની નિષ્ઠા ને પતિવ્રતા ભક્તિ તો અજોડ હતી.

તે કાનજી ભગત અવસ્થાને કારણે બીમાર થયા અને અંતકાળ નજીક આવતા તેમને તેડવા માટે શ્રીજી મહારાજે સંતોના રૂપે બે મુક્તોને મોકલ્યા. સંતોને જોઈ કાનજી બાપા રાજી થયા અને પથારીમાં

બેઠા-બેઠા પ્રણામ કરીને કહ્યું : ''હે સંતો ! બહુ દયા કરીને મને દર્શન દેવાં આવ્યા છો, એ હું મારું મોટું ભાગ્ય માનું છું.''

ત્યારે સંતોએ કહ્યું : ભગત ! તમને તેડવા માટે અમોને શ્રીજી મહારાજે મોકલ્યા છે, માટે અમારી સાથે અક્ષરધામમાં આવવા તૈયાર થઈ જાવ. તમે કહો તે વાહનમાં બેસાડી ધામમાં લઈ જઈએ.''

હે ભક્તો ! સંતોની વાત સાંભળી સહજાનંદ મહાપ્રભુની નિષ્ઠાથી સાંગોપાંગ ભરેલા કચ્છ માડું બોલ્યા : ''સંતો ! તમે દર્શન દેવાં પધાર્યા એ મને બહુ જ ગમ્યું છે, પણ મહારાજ કેમ આવ્યા નહિ ? મેં વર્તમાન ધરાવ્યા પછી ક્યારેય પંચવર્તમાન લોપ્યા નથી, તો પછી મહારાજ મને તેડવા કેમ ન આવ્યા ? માફ કરજો સંતો ! હું તમારી સાથે ધામમાં નહિ આવું. મને ધામમાં લઈ જવાની ઈચ્છા હોય તો મહારાજને કહેજો એ તેડવા આવે. તમારી સાથે તો હું નહિ આવું.''

કાનજી ભગતે આ પ્રમાણે કહ્યું એ સમયે જ શ્રીજી મહારાજ ત્યાં પ્રગટ થઈ ગયા ! અને હસતાં-હસતાં બોલ્યા : ''તમે ખરા નિષ્ઠાવાળા છો, સંતો સાથે આવવાની ના કહી દીધી ? હવે તો અમો પોતે પધાર્યા છીએ માટે તૈયાર થઈ જાવ.'' મહારાજનાં દર્શન થતાં જ કાનજી ભગત ભાવવિભોર થઈ ગયા અને બોલ્યા : ''હે પ્રભુ ! તમે જ તો કહો છો કે, ''મારા જનને અંતકાળે જરૂર મારે આવવું.'' તો પછી તમે કેમ આવ્યા ન હતા ? શું હું તમારો જન નથી ?''

હે ભક્તો ! પછી કાનજી ભગતે તેઓના પરિવારના લોકોને કહ્યું : ''શ્રીજી મહારાજ સંતો સાથે દિવ્ય વિમાન લઈને મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું, સત્સંગને શિર સાટે રાખજ્યો એટલે તમને બધાને પણ અંતકાળે મહારાજ તેડવા આવશે. જય સ્વામિનારાયણ.''

આ રીતે કહીને તેમણે દેહનો ત્યાગ કરી દીધો. પછી મહારાજે તેના જીવાત્માને દિવ્યદેહ આપીને વિમાનમાં બેસાડ્યો. પછી અક્ષરધામમાં લઈ જઈ અનંતકોટિ મુક્તોની સાથે મૂર્તિનું દિવ્ય સુખ ભોગવવા કાયમ માટે રાખી લીધા.

## ‘‘સમઢીયાળાના હરિભાઈ’’

હે ભક્તો ! સારંગપુરની બાજુમાં સમઢીયાળા નામનું નાનકડું ગામ છે.તે ગામમાં સત્સંગ સારો હતો અને અત્યારે પણ સત્સંગ છે. ત્યાં સોની જ્ઞાતિમાં હરિભાઈ નામના સત્સંગી રહેતા હતા. તેમણે દેહમાં વાયનો રોગ હતો તેથી પંદર દિવસે એકવાર તાણ આવતી હતી.

આશ્ચર્યની વાત એ છે કે જ્યારે તાણ આવવાની હોય તે દિવસે કષ્ટભંજનદેવનાં દર્શન થાય અને સ્વયં હનુમાનજી મહારાજ હરિભાઈને કહે : ‘‘આજે તમને તાણ આવશે, માટે સાવધાન રહેજો.’’ આ પ્રમાણે કહીને દાદા અદશ્ય થઈ જાય. દરેક વખતે આવીને દાદા જણાવી દેતા.

હે ભક્તો ! મહારાજની કૃપાથી હરિભાઈને એવી દષ્ટિ પ્રાપ્ત થઈ હતી કે, કોઈ પણ કુસંગીને જમ યમપૂરીમાં લઈ જાય ત્યારે હરિભાઈ બધાને જણાવતા કે, ‘ફલાણા માણસને યમપૂરીમાં યમદૂતો લઈ ગયા.’

આ પ્રમાણે તાણ આવતી ને સારું થઈ જતું. એમ કરતા તેમની આયુષ્ય પૂરી થવાને ફક્ત વીસ દિવસ બાકી રહ્યા ત્યારે હનુમાનજીએ આવીને કહ્યું : ‘‘હરિભગત ! હવે વીસ દિવસ બાકી છે. વીસમે દિવસે એક સાથે વીસવાર તાણ આવશે ને દેહ પડી જશે, પછી મહારાજ તેડવા આવશે.’’

હે ભક્તો ! દાદાની વાણી સાંભળી ત્યાં હાજર રહેલા બીજા હરિભક્તોએ દાદાની સ્તુતિ કરીને કહ્યું : ‘‘હે દાદા ! આપ તો દયાળુ છો, હરિભાઈ હરિભક્ત છે, માટે કૃપા કરી તાણ ઓછી આવે એમ કરો.’’ ત્યારે હનુમાનજી મહારાજે કહ્યું : ‘‘૨૦ વખત તાણ આવવાની હતી, પણ હવે ૧૪ વાર આવશે, હવે ઓછી કરવાનું કહેતા નહિ.’’

ત્યારે હરિભક્તોએ સવાલ કર્યો : ‘‘હે હનુમાનજી દાદા ! આ હરિભાઈ સ્વામિનારાયણ ભગવાનના સારા ભક્ત છે, છતાં પણ તેમને તાણ બહુ આવે છે; તેના કારણે બહુ દુઃખી થવું પડે છે. તો અમારો સવાલ એ છે કે તેમણે ગયા અવતારમાં શું પાપ કર્યાં હશે કે તેનાં કારણે તાણ આવ્યા કરે છે અને ગતજન્મમાં શું પુણ્ય કર્યું હશે તેને કારણે સત્સંગ મળ્યો છે ?’’

હે ભક્તો ! હરિભક્તોની વાત સાંભળી કષ્ટભંજન દેવ કહેવા લાગ્યા : ‘‘હે હરિભક્તો ! સાંભળો, આ હરિભાઈ ગયા જન્મમાં એક વણિક હતા. વેપારમાં તેણે બહુ દગા કરીને લોકોને છેતર્યા હતા, તે પાપે કરીને તેને આ જન્મમાં તાણ આવે છે. પરંતુ એકવાર તે વાણિયે રામાનંદ સ્વામીની ખૂબ સેવા કરી હતી, તેનાં પુણ્યના કારણે સત્સંગમાં અવતાર મળ્યો છે.’’ આવું સાંભળીને સહુ આશ્ચર્ય પામ્યા. પછી દાદા સારંગપુર જતા રહ્યા !

હે ભક્તો ! હનુમાનજી મહારાજના કહ્યા પ્રમાણે વીસમો દિવસ આવ્યો. તે દિવસે ચૌદ વખત હરિભાઈને તાણ આવી અને દેહ મૂકતી વખતે બોલ્યા : ‘‘શ્રીજી મહારાજ દિવ્ય વિમાન લઈને મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું– જય સ્વામિનારાયણ.’’

આ પ્રમાણે કહી દેહ છોડી દીધો. પછી શ્રીજી મહારાજે દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી વિમાનને અક્ષરધામ તરફ રવાના કર્યું તેથી હરિભાઈનો તાણનો રોગ કાયમ માટે જતો રહ્યો, કારણ કે હવે તેને દિવ્યદેહ મળી ગયો હતો અને તેઓ કાયમ માટે મુક્ત બની ગયા હતા.

## ''સુંદરીયાણાના પીતાંબરભાઈ''

હે ભક્તો ! ધંધુકા તાલુકામાં સુંદરીયાણા નામનું ગામ આવેલ છે. ત્યાં હેમરાજ શેઠ બહુ શૂરવીર ભક્ત થઈ ગયા છે. તેના પરિવારમાં ભગવાનભાઈ સારા ભક્ત હતા. તેના દીકરાનું નામ પીતાંબરભાઈ હતું.

તેઓ નાનપણથી જ મહારાજની ભજન-ભક્તિ કરતા હતા. મહારાજ અને સંતોનો ખૂબ મહિમા જાણતા હતા. તેઓમાં સત્સંગનો રંગ ચઢતો ને ચઢતો હતો. તેઓ નિયમિત મંદિરે જતા અને કથા-વાર્તા સાંભળી, નિયમ ચેષ્ટા બોલીને જ ઘેર આવતા, આવા ટેકીલા ભક્ત હતા.

તે પીતાંબરભાઈને એકવાર સાપ કરડ્યો. તેમની આયુષ્ય પૂરી થઈ તેથી શ્રીજી મહારાજ માણકીયે સ્વાર થઈને તેડવા પધાર્યા. મહારાજનાં દર્શન થતાં જ પીતાંબરભાઈ દંડવત કરવા લાગ્યા અને હાથ જોડીને મહારાજ આગળ ઊભા રહી સ્તુતિ કરવા લાગ્યા : ''પ્રભુ ! દાસને દર્શન દેવાં પધાર્યા છો, તેથી હું કૃતાર્થ થઈ ગયો છું. આપને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે; કહો પ્રભુ ! આપની શું સેવા કરું ?''

હે ભક્તો ! પીતાંબર ભગતની વાત સાંભળી મહારાજ બોલ્યાઃ ''ભગત ! તમને સર્પે ડંખ દીધો છે એ ખ્યાલ છે ને ? તમારી

આયુષ્ય પૂરી થઈ હોવાથી અમો તમને અક્ષરધામમાં લઈ જવાં આવ્યા છીએ.'' ત્યારે પીતાંબરભાઈ કહેવા લાગ્યા : '' હે દયાળુ! ધન્યઘડી -ધન્યભાગ્ય કે મને તેડવા આપ સ્વયં પધાર્યા, હું તો તૈયાર જ છું.''

આ પ્રમાણે કહીને તેમણે સંબંધીઓને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું : ''મહારાજ તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે જાઉં છું – જય સ્વામિનારાયણ.'' આ રીતે કહી દેહ છોડી દીધો. પછી તેને દિવ્યદેહ આપી સાથે લઈ મહારાજ ધામ તરફ ચાલ્યા.

હે ભક્તો ! એ સમયે શ્રીજી મહારાજે સુંદરીયાણાના દરબાર ડોસા ખાચરનાં ધર્મ-પત્ની ફૂલીબાને દર્શન દઈને કહ્યું : ''અમો પીતાંબર ભગતને અમારા ધામમાં લઈ જઈએ છીએ. –

પછી ફૂલીબાઈએ તે વાત પોતાના પતિ ડોસા ખાચરને કહી. તેથી તેણે મંદિરમાં જઈ સંતોને કહ્યું કે, ''પીતાંબરભાઈ તો ધામમાં ગયા છે.'' એમ વાત કરે છે ત્યાં તો દિવ્યદેહ ધારણ કરેલા પીતાંબર ભગત ત્યાં આવ્યા અને સંતોને નમસ્કાર કરીને બોલ્યાઃ ''મહારાજ સાથે તેમના અક્ષરધામમાં હું જાવ છું. અક્ષરધામની પ્રાપ્તિ કોટિ જન્મ તપ કરવાથી પણ મળતી નથી, તે મને મળી છે, તેથી હું ત્યાં જાવ છું. મહારાજની કૃપાથી હવે હું કાયમ માટે તેઓની સાથે જ રહીશ.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને પીતાંબર ભગત તો દિવ્ય દેહે અદૃશ્ય થઈ ગયા અને વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયા. ગામના લોકોને ત્રણ-ત્રણ સ્થાનોથી સમાચાર મળ્યા તેથી બધા પીતાંબરભાઈને ઘેર આવવા લાગ્યા. આવીને જોયું ત્યાં તો ભગતનો સ્થૂળદેહ પડ્યો હતો અને જીવાત્મા ધામમાં પહોંચી ગયો હતો.

# “કુંડલાના પાનબાઈ”

હે ભક્તો ! અમરેલી જીલ્લામાં સાવરકુંડલા નામનું નાનું શહેર આવેલ છે.ત્યાં કરશનભાઈ નામના સત્સંગી કંદોઈ જ્ઞાતિમાં થઈ ગયા છે. તે કરશનભગતે ઘણાં વર્ષ સુધી નાતબહાર રહીને સત્સંગને શિરસાટે રાખ્યો હતો.

આવા શૂરવીર ભક્તના દીકરાની વહુ પાનબાઈ પણ સારાં ભક્ત હતાં. તેઓ પણ ધર્મ-નિયમ પાળવામાં અને ભજન-ભક્તિ કરવામાં પોતાના સસરા કરશનભાઈ જેવા શૂરવીર હતાં.

એક દિવસ શ્રીજી મહારાજે પાનબાઈને દર્શન દઈને કહ્યું : “ પાનબાઈ ! અમો તને આજથી આઠમે દિવસે એકાદશીની રાત્રીએ તેડવા આવીશું.” આ પ્રમાણે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! પાનબાઈએ બીજી સ્ત્રીઓને કહ્યું : “ મને એકાદશીની રાત્રીએ સ્વામિનારાયણ ભગવાન તેડવા આવવાના છે. હું તેઓની સાથે મારા ભગવાનના અક્ષરધામમાં જવાની છું.”

સ્ત્રીઓએ આ વાત સાંભળી એટલે વગર ટેલીફોને આખા કુંડલામાં આ વાત વાયુની જેમ ફેલાઈ ગઈ. એકે બીજીને, બીજીએ ત્રીજીને આમ કરતાં કરતાં આ વાત ઠેઠ મીઠાઈ-ફરસાણની દુકાન ચલાવતા તેમના સસરા કરશનભગત પાસે પણ પહોંચી ગઈ.

પછી તેઓએ ઘેર આવીને પાનબાઈને કહ્યું : “વહુ બેટા ! તમે શા માટે બધાને કહ્યા કરો છો ?કારણ કે કદાચ મહારાજ તે દિવસે નહિ આવે તો ગામમાં આપણી મશ્કરી થશે.”

સસરાની વાણી સાંભળી પાનબાઈએ કહ્યું : ‘‘મને દર્શન દઈને ખુદ મહારાજે જ કહ્યું છે, તેથી ખોટું કેમ પડે ? મને વિશ્વાસ છે કે જરૂર મહારાજ આવશે અને મને અક્ષરધામમાં લઈ જશે.’’

હે ભક્તો ! આઠ દિવસ જોતજોતામાં પૂરા થઈ ગયા અને એકાદશી આવી. રાત્રી થઈ ત્યારે મહારાજ હાથી, ઘોડા, રથ અને પાલખી સહિત અનેક મુક્તો સાથે લઈને પધાર્યા અને દર્શન દીધાં. ત્યારે પાનબાઈ બોલ્યા : ‘‘હે મહાપ્રભુ ! અત્યારે તો ઘમઘોર કાળી રાત છે, માટે કાલે સવારે આઠ વાગ્યે આવજોને.’’

પાનબાઈના કહેવાથી મહારાજ પાછા જતા રહ્યા અને પાનબાઈના શરીરમાં બળતરા શરૂ થઈ, તેથી મહારાજની સ્તુતિ-પ્રાર્થના કરી એટલે શાંતિ થઈ તેથી સુવાનું સુખ મળ્યું– શાંતિથી ઊંઘ આવી.

હે ભક્તો ! સવારે પાનબાઈએ ઘરનાં સર્વે સ્ત્રી-પુરુષોને કહ્યું : ‘‘તમે બધા જલદી પારણાં કરી લ્યો. આઠ વાગ્યે મહારાજ મને તેડવા આવવાના છે. પછી રસોઈ ઉતાવળથી બનાવી ઠાકોરજીને થાળ ધરીને સૌએ જમી લીધું ત્યારબાદ બધા પાનબાઈ પાસે આવીને બેઠાં.

આઠ વાગ્યાનો સમય થયો ત્યારે ઘીના દીવા કરાવ્યા અને પાનબાઈ બોલ્યાં : ‘‘મહારાજ અને મુક્તો મને તેડવા પધાર્યા છે, અનેક વિમાનો લઈ લાવ્યા છે, હું જાવ છું – જય સ્વામિનારાયણ.’’ આમ કહી દેહ છોડી દીધો. પછી મહારાજે દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડ્યાં ને ધામમાં લઈ ગયા.

## "ગઢપુરના અમરાબાપુ"

હે ભક્તો ! ગઢપુરમાં દાદાખાચરને બે દીકરા હતા. એકનું નામ બાવા ખાચર અને બીજાનું નામ અમરા ખાચર. અમરા ખાચર નાનપણથી જ ભક્તિનાં અંગવાળા હતા અને તેના પિતાની જેમ સંતોના મહિમાવાળા હતા. નિયમિત ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવાં જતા અને સંતો પાસે કથા સાંભળવા જતા. ધર્મ-નિયમમાં પણ દાદાબાપુ જેવા જ હતા.

એકવાર વરતાલથી યોગીરાજ ગોપાળાનંદ સ્વામી ગઢપુર પધાર્યા હતા. ત્યારે દાદાખાચર અમરા કુંવરને તેડીને સ્વામી પાસે લાવ્યા અને કંઠી પહેરાવવા વિનંતી કરી. ત્યારે સ્વામીએ વર્તમાન ધરાવી કંઠી પહેરાવી આશીર્વાદ આપ્યાઃ "દાદા ભગત ! આ તમારો પુત્ર અમરા ભગત તરીકે ઓળખાશે."

હે ભક્તો ! પિતા દાદાબાપુના ગુણો અમરા ખાચરમાં ઉતર્યા હતા, તેથી અખંડ ભક્તિ અને સંતોની સેવામાં જ દિવસ પૂરો કરી દેતા. દરબાર હોવા છતાં, બાપુપણાનો કેફ તેમાં જણાતો ન હતો. સંતો પાસે નિર્માની થઈને સેવા કરતા હતા.

ફરીવાર ગોપાળાનંદ સ્વામી ગઢપુર આવ્યા ત્યારે અમરા ભગતે સ્વામીની સેવા કરીને રાજી કરી લીધા અને સ્વામીને વિનંતી કરી : "સ્વામી ! અંતકાળે તમે મહારાજને લઈને મને તેડવા આવશો, એવું વરદાન આપો." આવું સાંભળી સ્વામી રાજી થયા અને તેડવા આવવાનો વર આપ્યો.

હે ભક્તો ! અમરા ખાચરે એવું નિયમ લીધેલ હતું કે, "ગોપીનાથજીનાં મંદિરમાં દર્શન કરવા જવું ત્યારે પહેરેલ કેડીયું ઉતારીને દરરોજ આળોટવું." તેઓએ લાડુબા પાસેથી મહારાજની

લીલા સાંભળેલી તે બધી યાદ રાખીને ધર્મશાળામાં જઈ સંતોને સંભળાવતા હતા.

સંવત ૧૯૧૯માં અમરાબાપુએ પ્રસાદીનો દરબારગઢ અને ઓરડા ગોપીનાથજી મહારાજને અર્પણ કર્યા અને પોતે ગામમાં પોતાની જમીન હતી તેમાં નવો દરબારગઢ બનાવીને ત્યાં રહેવા જતા રહ્યા; આવા તો પરમ ઉદાર હતા.

હે ભક્તો ! અમરા બાપુ સંવત ૧૯૪૧ની સાલમાં બીમાર થયા તેથી મંદિરમાંથી સંતોને બોલાવીને ઢોલીયામાં સૂતા-સૂતા તેઓ પાસે કથા કરાવીને સાંભળવા લાગ્યા અને કીર્તનો પણ સાંભળવા લાગ્યા.

આ પ્રમાણે થોડા દિવસ થયા એટલે તેમને ખ્યાલ આવી ગયો કે, 'હવે મારો દેહ નહિ રહે.' તેથી દેવને થાળ કરાવ્યા અને સંતોને રસોઈ આપી. ગાયોને ઘાસ નંખાવ્યું અને બ્રાહ્મણોને જમાડી દાન આપ્યાં. પછી સંતોને કહ્યું : "હવે તમે મંદિરે જાવ, મારે ધામમાં જવાનો સમય થઈ ગયો છે.

હે ભક્તો ! સંતો મંદિરે ગયા તરત જ શ્રીજી મહારાજ, ગોપાળાનંદ સ્વામી અને મુક્તો દિવ્ય વિમાન- અને રથ લઈને પધાર્યા. અમરાબાપુને દર્શન થયાં, તેથી સગાંઓને કહ્યું : "મહારાજ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું– જય સ્વામિનારાયણ." પછી મહારાજે ભૌતિક દેહ છોડાવી દિવ્યદેહ આપ્યો અને વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! વિક્રમ સંવત ૧૯૪૧ના માગસર સુદ ૪ ને ગુરુવારે સવારમાં ગોપીનાથજી મહારાજની શણગાર આરતી થયા પછી અમરા બાપુ ધામમાં પધાર્યા.

## "ગઢપુરના જીવાખાચર"

હે ભક્તો ! ગઢડામાં જીવાખાચર દરબાર હતા. શરૂઆતમાં મહારાજ ગઢપુર પધાર્યા ત્યારે અમુક દિવસ તેમના ઘેર પણ રહેતા હતા. પરંતુ દાદાબાપુના પરિવારનો ભાવ જોઈ મહારાજ દરબારગઢને પોતાનું જ ઘર માની રહેવા લાગ્યા, ત્યારથી જીવા ખાચરે મહારાજ સાથે તથા દાદાખાચર સાથે દ્વેષ શરૂ કર્યો અને જીવ્યા ત્યાં સુધી દાદા ખાચરને બીજા દ્વારા ખૂબ હેરાન કર્યા અને મહારાજને રામાખાચર દ્વારા મારી નાખવા સુધીના પ્રયત્નો કર્યા હતા. આવા અધમ વ્યક્તિનું પણ મહારાજે કલ્યાણ કર્યું તે પ્રસંગ જોઈએ.

હે ભક્તો ! જીવાખાચર ખૂબ બીમાર પડ્યા એટલે તેમની દીકરી અમરીબેન અને અમુલાબેન બન્ને મહારાજ પાસે ગયાં અને વિનંતી કરીઃ "હે પ્રભુ ! અમારા બાપુ છેલ્લી અવસ્થામાં છે. ઘડી બે ઘડીમાં મૃત્યુ પામશે માટે કૃપા કરી એમને છેલ્લીવાર દર્શન દેવાં પધારો."

બન્ને બહેનો મહારાજની પરમ ભક્ત હતી. મહારાજની ભક્તિ કરવા માટે તો તેમણે બન્નેએ લગ્ન પણ કર્યા ન હતાં. સાંખ્યયોગ ધારણ કરી ભક્તિ કર્યા કરતી હતી. તેઓ દરરોજ સવારે દાદાબાપુના દરબારમાં આવી જતાં અને સાંજે ઘેર જતાં, આખો દિવસ કથા-વાર્તા સાંભળતાં અને સેવા-ભજન કર્યા કરતાં હતાં.

બન્ને બહેનોની વિનંતી સાંભળી મહારાજ તુરંત તેઓની સાથે જીવાખાચર પાસે આવ્યા અને કુશળ સમાચાર પૂછ્યા. ત્યારે ઢોલીયે સૂતા-સૂતા જીવાખાચરે હાથ જોડીને પ્રણામ કર્યા ને રડવા લાગ્યા. ત્યારે મહારાજ કહે : "દિલગીર ન થતાં, હું તમારું કલ્યાણ કરીશ."

મહારાજની વાણી સાંભળી જીવાખાચર બોલ્યા : ‘‘મારું કલ્યાણ થાય એવો હું નથી.– કારણ કે મંદિરનું કામ મેં રોકાવ્યું હતું અનાજનાં ખળાં મેં રોકાવ્યાં હતાં, ભાણખાચર દ્વારા તમારા પાળાઓને મેં માર મરાવ્યો હતો અને તમારા ભક્ત દાદાને તો મેં બહુ જ હેરાન કર્યો છે, અરે ! એટલું જ નહિ, ખુદ આપને મારવા માટે પણ મેં રામાખાચરને મોકલ્યો હતો, આવો હું અધમ છું. માટે મારું કલ્યાણ નહિ થાય.’’

હે ભક્તો ! ત્યારે ફરીને મહારાજે ત્રણવાર હાથની તાળી વગાડીને કહ્યું: ‘‘તમારા તમામ ગુના માફ કરીને હું મારા ધામમાં તમને લઈ જઈશ, માટે ભજન કરો.’’ આ પ્રમાણે કહી મહારાજ દાદાબાપુના દરબારગઢમાં આવ્યા. તે સમયે જ જીવા ખાચરનું મૃત્યુ થયું, તેથી મહારાજ દિવ્યરૂપ ધારણ કરી તેને ધામમાં લઈ ગયા.

પછી સાંજે સભા થઈ ત્યારે મુક્તાનંદ સ્વામીને મહારાજે કહ્યું: ‘‘સ્વામી ! અમે જીવાખાચરનું કલ્યાણ કર્યું. તેમના બે ગુણ જોઈને તેમનું કલ્યાણ કર્યું. અમે જ્યારે તેમના ઘેર રહેતા ત્યારે ઝાડા થઈ ગયા હોવાથી અમારે વારંવાર ખાડે (સંડાસ) જવું પડતું. ત્યારે બહાર વરસાદ હોવાથી અને અમને અશક્તિ આવી ગઈ હોવાથી જીવાબાપુ પોતાના ઘરમાં જ જાતે ખાડો ખોદીને અમને ત્યાં દિશાએ બેસાડતા.

બીજો ગુણ એ કે અમે શેરડી ખાતાં હતા ત્યારે સોતાની ધાર આંગળીએ વાગી, તેથી લોહી નીકળવા લાગ્યું; તે જોઈને તેમણે તુરંત માથે બાંધેલ કીમની મેકરનો છેડો ફાડી અમારી આંગળીએ પાટો બાંધ્યો. અમોએ ફાડવાની ના કહી હતી, તો તેમણે કહ્યું કે,

'તમારાથી શું વિશેષ છે ?' આ બે ગુણ જોઈને તેમજ તેમની બન્ને પુત્રીઓ અખંડ અમારું ભજન કર્યા કરે છે, તેની વિનંતીને કારણે પણ અમોએ તેમનું કલ્યાણ કર્યું છે.

## ''ગઢડામાં ઘુવડનો મોક્ષ''

હે ભક્તો ! ગઢડામાં એકવાર શ્રીજી મહારાજ રાધાવાવે રાત્રીના સમયે પોતાના હાથથી શાક બનાવીને રોટલા ને શાક જમ્યા અને સાથે રહેલા સંતો, પાર્ષદો અને ભક્તોને પણ જમાડ્યા. પછી ત્યાં જ રાત્રી રોકાયા.

રાત્રીએ સંતો-પાર્ષદો પાસે કીર્તનો બોલાવ્યાં. તે સમયે ખીજડા ઉપર ઘુવડ બોલવાં લાગ્યાં. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે : ''મહારાજ! ઘુવડ કીર્તન ગાય છે.'' ત્યારે અલૈયા ખાચરે કહ્યું : ''હે મહારાજ! અહીં બહુ જ ઘુવડ રહે છે અને બહુ જ વઢે છે—ઝઘડે છે.''

ત્યાં તો બે ઘુવડ સામસામાં લડવા લાગ્યા અને અલગ અલગ જાતની કિકિયારી કરવા લાગ્યા. ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા : ''આ ઘુડ અભાગિયા છે, તેથી દૂર વઢે છે, જો અહીં મહારાજ પાસે આવીને ઝઘડે તો મહારાજ જુએ ને આશીર્વાદ આપે.''

હે ભક્તો ! ઘુવડોએ જાણે કે સચ્ચિદાનંદ સ્વામીની વાત સાંભળી લીધી હોયને શું ? તરત જ બન્ને ઘુવડ ઉડીને ભેખડ ઉપર આવ્યા ને  મહારાજ દેખે એમ તરેહ તરેહની બોલી બોલવા લાગ્યા અને સામસામાં લડવા લાગ્યા.

તે દિવસે પૂનમ હોવાથી રાત્રીએ બહુ જ અજવાળું હતું તેના કારણે બન્ને ઘુવડ બરાબર દેખાતાં હતાં. લડતા-લડતા એક ઘુવડે

બીજા ઘુવડના માથા પર પગની લાત મારીને તેનું માથું ફોડી નાખ્યું. તેથી બીજા ઘુવડે ક્રોધાયમાન થઈને ગળામાં ચાંચ મારી તેથી ગળું તૂટી ગયું.

પછી બન્ને તરફડીયા મારવા લાગ્યા એટલે મહારાજ અને પાર્ષદો દોડીને તેની પાસે આવ્યા. મહારાજની હાજરીમાં જ બન્ને મૃત્યુ પામ્યાં. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : ‘‘આ ઘુવડનાં મોટાં ભાગ્ય છે કે મૃત્યુ સમયે તેમને મહારાજનાં દર્શન થયાં.

‘પછી મહારાજ કહેવા લાગ્યા : ‘‘ આ બન્ને ઘુવડ પૂર્વજન્મમાં રાજાઓ હતા. તેણે ઋષિઓની મશ્કરી કરી હતી તેના કારણે ઘુવડનો અવતાર મળ્યો છે; પરંતુ તેઓ રાજા હતા ત્યારે તેમણે કન્યાદાન ઘણાં કર્યાં હતાં, તેના કારણે તેને બહુ પુણ્ય થયું હતું, તેથી જ તે પુણ્યના પ્રતાપે તે બન્નેને મૃત્યુ સમયે અમારાં સાક્ષાત્ દર્શન થયાં છે; તેથી અમો રાજી થયા છીએ અને તેનો મોક્ષ કર્યો છે.’’

હે ભક્તો ! ઘુવડનાં કેવાં મોટાં ભાગ્ય  કે મહારાજે તેનું કલ્યાણ તો કર્યું, પરંતુ પોતાની નજર સામે જ બન્નેનો અગ્નિસંસ્કાર પણ કરાવ્યો !  પછી સવાર થતાં મહારાજે સ્નાન કરીને નિત્યવિધિ કર્યો. તે સમયે જીવુબા, લાડુબા અને રાજબા થાળ લઈને આવ્યાં. પછી મહારાજ જમવા લાગ્યા અને ત્રણે સ્ત્રી ભક્તો આગળ રાત્રીએ બનેલી ઘુવડની વાત કરી.

## ‘‘ગઢપુરનો બળદ અક્ષરધામમાં’’

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાંથી ઘોડીયે સ્વાર થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં સભા કરીને બેઠા, તે વખતે દાદા બાપુના ઘણા બળદ ત્યાં આવ્યા. તેમાં

એક મોટો વઢીયારો બળદ હતો, તેને જોઈ મહારાજ બોલ્યા : ‘‘આ દૈવી જીવ છે. આ ગયા અવતારમાં ભગવાનનો ભક્ત હતો અને ખેતી કરતો હતો.

બાજુમાં બ્રાહ્મણનું ખેતર હતું. શેઢા બાબત બન્નેને તકરાર થઈ, તેથી આ ભક્તે બાહ્મણના પગમાં લાડકી મારી એનો પગ ભાંગી નાખ્યો હતો એ પાપે કરીને તેને બળદનો અવતાર આવ્યો છે. પણ અમારા ઉપયોગમાં તથા દાદાખાચરની ખેતીનાં કામમાં ઘણાં વર્ષોથી આવ્યો છે, માટે અમો એનું કલ્યાણ કરીશું, હવે એને જન્મ નહિ લેવો પડે. – પરંતુ એનો દેહ પડતાં પહેલાં તેનો જમણો પગ ભાંગશે, કારણ કે તેણે આગલા જન્મમાં બ્રાહ્મણનો પગ ભાંગી નાખ્યો હતો.’’

હે ભક્તો ! મહારાજના કહ્યા મુજબ ચોથા દિવસે આ વાત સત્ય બની. ખેતરમાં બેલી( લોખંડનું ઘાસ કાઢવાનું સાધન) એ જોડીને હાંકતાં હાંકતાં થોડીવાર વિસામો દીધો.– એ જ સમયે ઝાડમાંથી અનેક પક્ષી ઉડ્યાં, તેથી તે બળદ ભડક્યો. તેના કારણે જમણે પગે રાંપડી વાગી તેથી પગની બુચ કપાઈ ગઈ, તેથી લોહી નીકળ્યું. પછી પાટો બાંધી દરબારગઢમાં લાવ્યા.

એક દિવસ શ્રીજી મહારાજ દરબારમાં સભા કરીને વિરાજમાન હતા. તે સમયે નિત્યાનંદ સ્વામી કથા કરતા હતા. ત્યારે પેલો બળદ લંગડાતો લંગડાતો ત્યાં આવ્યો અને મહારાજ સન્મુખ મુખ રાખી કાન દઈને કથા સાંભળવા લાગ્યો.

આ પ્રમાણે દરરોજ કથા સાંભળવા આવે. કથા સાંભળીને પછી પાછો પશુ બાંધવાના ફરજામાં (કોઢ્યમાં) જઈને બેસે. બળદે

આખા ગ્રંથની કથા સાંભળી, કથાની પૂર્ણાહુતિ કરીને મહારાજ બોલ્યાઃ "સંતો ! તમે આ બળદ ઉપર કૃપા કરો, તેથી તેનું કલ્યાણ થાય."

હે ભક્તો ! મહારાજની આ પ્રકારની વાણી સાંભળીને ગોપાળાનંદ સ્વામી બોલ્યા : "હે મહાપ્રભુ ! બળદનું કલ્યાણ થશે એવું લક્ષ્મીવાડીમાં આપશ્રીએ કહ્યું હતું, તેથી તેનો મોક્ષ થશે જ, પરંતુ સંતોને યશ આપવા ઈચ્છો છો, તો અમે સૌ સંતો કહીએ છીએ કે, 'એનું કલ્યાણ જરૂર થશે." ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ પૂછ્યું : "મહારાજ ! આ બળદ કયા દિવસે ધામમાં જશે ?" ત્યારે મહારાજે કહ્યું : "નિયમની એકાદશી આવશે ત્યારે ધામમાં જશે."

હે ભક્તો ! અષાડ સુદ એકાદશી આવી તે દિવસે મહારાજ દિવ્ય વિમાન લઈને પધાર્યા અને બળદના દેહમાંથી તેના જીવાત્માને બહાર કાઢીને મુક્તનો દિવ્યદેહ આપ્યો. પછી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## "કોવાયાના રાઘા ભગત"

હે ભક્તો ! અમરેલી જીલ્લામાં રાજુલા તાલુકામાં કોવાયા ગામ છે. તે ગામમાં રાઘવભાઈ એક મુમુક્ષુ હતા. પછી તેઓ જોલાપર ગામ રહેવા માટે ગયા. ત્યાં ઉમેદગર બાવો રહેતો હતો. તેથી તેને ગુરુ કર્યા અને તેની સેવા કરી સમાગમ કરવા લાગ્યા.

તે રાઘા ભગત તરીકે ગામમાં ઓળખાવા લાગ્યા. પછી તેના લગ્ન બારપટોળીના કાળુભાઈ વાવડીયાની ભાણેજ (બહેનની દીકરી)સમજુબેન સાથે થયાં અને તે બેન સાસરે આવ્યાં. બાવાને ખ્યાલ આવ્યો એટલે તેણે રાઘા ભક્તને કહ્યું "તારી પરણેતરને મારાં દર્શન કરવાં મોકલજે."

રાઘા ભક્તે ઘેર આવી વાત કરી, ત્યારે તે સમજુબેને કહ્યું : ‘‘હું તો સત્સંગી છું, અમારા સ્વામિનારાયણ ભગવાને બાવા-સાધુ સાથે અમને બોલવાની ના કહી છે, અમારા સંતો તો સ્ત્રીઓ સાથે બોલતા પણ નથી, તો પછી તમારા ગુરુ મને તેમની પાસે શા માટે બોલાવે છે ? હું નથી જવાની.’’

રાઘા ભક્તે ગુરુને જઈને વાત કરી. ત્યાં તો ધૂવાં-પૂવાં થતો બાવો બોલ્યો : તારી ઘરવાળીને હું ચકલી બનાવીને ઉડાડી મૂકીશ.’’ આવું સાંભળ્યું તેથી રાઘા ભક્તે તે પાખંડી ગુરુને છોડી દીધો અને બોલ્યા : ‘‘આવા ગુરુથી મારું કલ્યાણ નહિ થાય, માટે હવે કોઈ સારા સંત મળે તો સારું.’’

પછી પોતાનાં સગાં વાવેરા ગામ રહેતાં હતાં ત્યાં ગયા અને બોલ્યા : ‘‘કલ્યાણ કરે એવા સંતો જ્યાં હોય ત્યાં મારે જવું છે.’’ ત્યારે તેઓ બોલ્યા : ‘‘અમારા ગામમાં સ્વામિનારાયણ ભગવાનના સંત રાઘવાનંદ સ્વામી આવ્યા છે, તે દર્શન કરવાં જેવા સંત છે. તેના દર્શને પાપ બળે એવા એ સંત છે.’’

હે ભક્તો ! પછી રાઘા ભક્તે સ્વામી દ્વારા કથા-વાર્તા સાંભળી તેથી અંતર ટાઢું થઈ ગયું. પછી વર્તમાન ધરાવીને કંઠી પહેરી ચાર દિવસ સુધી સંતોને રસોઈ આપી કથા-વાર્તા સાંભળી સત્સંગના દરેક નિયમો લઈ ઘેર આવ્યા.

પછી રાઘવાનંદ સ્વામી જોલાપર ગયા અને રાઘાભક્તને કહ્યું: ‘‘તમે તમારા મૂળ ગામ કોવાયા રહેવા જાઓ. તમારે ચાર દીકરા થશે અને બધા સત્સંગી થશે. તમારા ગામમાં પણ સારો સત્સંગ થશે.’’

સ્વામીની આજ્ઞાથી રાઘા ભક્ત કોવાયા રહેવા ગયા અને ત્યાં સમજુબેનને ચાર પુત્રો થયા અને બધા જ સત્સંગી થયા. ગામમાં પણ સારો સત્સંગ થયો અને સૂખપૂર્વક સૌ સત્સંગ કરી ભજન-ભક્તિ કરવા લાગ્યા.

હે ભક્તો ! ઘણાં વર્ષો પછી રાઘા ભગત વૃદ્ધાવસ્થાને કારણે બીમાર થયા. ત્યારે શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ‘‘પરમ દિવસે (ત્રીજે દિવસે) તમને તેડવા આવશું, તૈયાર રહેજ્યો.’’

મહારાજનાં દર્શન થયાં એટલે ભગત તો રાજી રાજી થઈ ગયા અને કહેવા લાગ્યા : ‘‘હે પ્રભુ ! નાનપણથી જ મને કલ્યાણની ઈચ્છા રહ્યા કરતી હતી. તે આપે પૂરી કરી છે, મારા અંતરમાં તો ધામમાં જવાનું સાંભળીને હરખ સમાતો નથી.’’ પછી રાઘા ભગતે પરિવારનાં સર્વે નર-નારીઓને બોલાવીને કહ્યું : ‘‘ત્રીજે દિવસે મહારાજ મને તેડવા આવવાના છે.’’ ત્રીજો દિવસ આવ્યો ત્યારે ફરીને ભગતે કહ્યું : ‘‘ આજે બપોરે બાર વાગ્યે મહારાજ તેડવા આવશે, માટે વહેલાં જમીને મારી પાસે આવજો. બાર વાગ્યા ત્યાં તો પ્રભુજી પધાર્યા. તેથી રાઘાભક્તે કહ્યું : ‘‘મહારાજ પધાર્યા છે હું જાઉ છું – જય સ્વામિનારાયણ.’’

## ‘‘કોવાયાના નાજા ભગત’’

હે ભક્તો ! કોવાયાના રાઘા ભગત મહાન ભક્ત હતા, એ જ રીતે તેમના પુત્ર નાજા ભગત પણ મહાન ભક્ત હતા. તેઓ નાના હતા ત્યારથી જ તેઓની નિરાવરણ દષ્ટિ થઈ ગઈ હતી, આવા તો એ શ્રીજી મહારાજના કૃપાપાત્ર ભક્ત હતા.

વિ.સંવત ૧૮૮૬ જેઠ સુદ દસમે શ્રીજી મહારાજ ગઢપુરમાં ધામમાં પધાર્યા ત્યારે નાજા ભક્તની ઉંમર ૧૦ વર્ષની હતી. મહારાજ

ભૌતિક દેહ છોડી મુક્તો સાથે અક્ષરધામમાં જતા હતા ત્યારે કોવાયા ગામમાં ૧૦ વર્ષના નાજા ભક્તને દર્શન આપીને કહ્યું હતું : ''નાજા! ચાલ અમારી સાથે અક્ષરધામમાં.'' પણ બાળબુદ્ધિને કારણે નાજાએ ના કહી.

પછી મહારાજ તો ધામમાં જતા રહ્યા. પણ બાલુડા ભક્ત નાજા ઉપર કૃપા કરતા ગયા. તેને નિરાવરણ દૃષ્ટી આપી દીધી ! તે જ સમયે નાજા ભક્તને ઘેર બેઠા જ ગઢપુર દેખાયું. ત્યાં મહારાજને અગ્નિ-સંસ્કાર થતો હતો, સંતો-ભક્તો અને પોતાના પિતા રાઘાભગત બધા રડતા હતા એ બધું દેખાયું. તેથી રડવા લાગ્યા અને ચોરે જઈ ઘરડા લોકોને વાત કરી અને તેની બા સમજુબેનને સર્વે વાત કરી, પણ કોઈએ તે વાત માની નહિ.

હે ભક્તો ! પછી ગઢડાથી જ્યારે રાઘાભગત કોવાયા આવ્યા ત્યારે સર્વે વાત કરી. તે વાત નાજા ભક્તની વાત સાથે મળતી આવી ત્યારે સૌએ માન્યું અને બોલ્યા : ''સ્વામિનારાયણ, ભગવાન ખરા હો.'' પછી સૌ સત્સંગી થયા. તેથી રાઘવાનંદ સ્વામીના આશીર્વાદ સાચા પડ્યા. -કારણ કે રાઘવાનંદ સ્વામીએ કહેલ કે', 'તમારા ગામમાં સારો સત્સંગ થશે.'

સમય જતા નાજા ભક્ત બીમાર થયા. ત્યારે તેના દીકરા દેસુરભાઈ નોર ગામમાં મહાપુરુષ સ્વામી આવેલા ત્યાં ગયા અને રડતા રડતા કહેવા લાગ્યા : ''મારા પિતા બીમાર થઈ ગયા છે, તેથી હમણા જીવે એવી કૃપા કરો.'' ત્યારે સ્વામીએ મહારાજને યાદ કરીને કહ્યું : ''અમે જ્યાં સુધી તારા ઘેર નહિ આવીએ ત્યાં સુધી તારા પિતાનું મૃત્યુ નહિ થાય, અમે કોવાયા આવશું પછી જ તેનું મૃત્યુ થશે, માટે ચિંતા ન કર.''

હે ભક્તો ! મહાપુરુષ સ્વામીના વરદાનથી નાજા ભક્ત સાજા થઈ ગયા. પછી ત્રણ વર્ષે તાવ આવ્યો ત્યારે નાજા ભક્તે જ દેસુરભાઈને કહ્યું : "બેટા ! હવે મારે આ લોકમાં રહેવું નથી, મહારાજ પાસે ધામમાં જવું છે; પણ મહાપુરુષ સ્વામીના વરદાનને કારણે મારું મૃત્યુ નહિ થાય – માટે તું જૂનાગઢ જા અને સ્વામીને અહીં તેડી આવ, તેના કારણે મારું મૃત્યું થશે ને ધામમાં જવા મળશે."

પિતાની આજ્ઞાથી ભીમ એકાદશીના સમૈયામાં હરિભક્તો સાથે દેસુર ભાઈ જૂનાગઢ ગયા અને મહાપુરુષ સ્વામીને સર્વે વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું : "મારે આવવાની જરૂર નથી. આજથી અગ્યારમાં દિવસે તારા પિતા ધામમાં જશે."

હે ભક્તો ! ઘેર આવતા ત્રણ દિવસ થયા. પછી નાજા ભક્તને કહ્યું : "બાપા ! સ્વામીએ અગ્યાર દિવસનું કહ્યું છે." અગ્યારમો દિવસ આવ્યો, તેથી સગાંઓને અને હરિભક્તોને બોલાવીને ધૂન કરવાં કહ્યું. ત્યાં તો નાજા ભક્તને મહારાજ, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી અને મહાપુરુષ સ્વામી સહુનાં દર્શન થયાં અને બોલ્યા : "મહારાજ મુક્તો સાથે મને તેડવા પધાર્યા છે, હું તેઓની સાથે ધામમાં જાવ છું – જય સ્વામિનારાયણ." પછી મહારાજે તેમને દિવ્યદેહ આપ્યો ને ધામમાં લઈ ગયા.

## "બારપટોળીના આલાભાઈ"

હે ભક્તો ! બારપટોળી ગામમાં સુતાર જ્ઞાતિમાં આલાભાઈ નામના એક સત્સંગી થઈ ગયા. કાળુભાઈ વાવડીયાને ત્યાં રાઘવાનંદ સ્વામી કથા-વાર્તા કરવા આવ્યા હતા ત્યારે આલાભાઈ ત્યાં કથા સાંભળવા જતા હતા, તેને કારણે તેણે કંઠી બંધાવી હતી અને સત્સંગી થયા હતા.

પછી તો તેઓ સત્સંગના પંચ-વર્તમાન પણ પાળવા લાગ્યા હતા અને સારા સત્સંગી તરીકે બારપટોળીમાં તેની ખ્યાતિ થઈ હતી. તેમણે તેમના પિતાને પણ સામ, દામ, ભેદ અને દંડની નીતિ અપનાવી રાઘવાનંદ સ્વામી પાસે કંઠી પહેરાવી હતી, આવા સારા સત્સંગી હતા તો પણ .... ?

એક સમયે શ્રીજી મહારાજે તેમને દર્શન દીધાં. આલા ભગત તો હરિજીને જોઈને ભાવવિભોર બની ગયા અને દંડવત પ્રણામ કરીને પ્રાર્થના કરતા કરતા કહેવા લાગ્યા : "અરે મારા પ્રાણ પ્યારા ! બહુ દયા કરીને દાસને દર્શન દેવાં પધાર્યા. તમારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે."

ત્યારે મહાપ્રભુએ કહ્યું : " આલા ભગત ! અમો તમને તેડવા આવ્યા છીએ, તમારે ધામમાં આવવું છે ? " આવું સાંભળી આલાભાઈનું મુખ કરમાઈ ગયું અને ઉદાસ ચહેરે બોલ્યા : " હે મહારાજ ! હમણા મને પૃથ્વીલોકમાં રહેવા દ્યો, મારે હમણા ધામમાં આવવું નથી. અહીં મારી પત્ની મારી બહુ જ સેવા કરે છે અને સંતાનો પણ ડાહ્યાં છે, હું કહું એમ જ કરે છે, મારી અનુવૃત્તિમાં આખો પરિવાર રહે છે અને બધા જ મારી સેવા કરે છે, માટે મારે ધામમાં નથી આવવું; દર્શન દેવાં આવ્યા એ બદલ આભાર."

હે ભક્તો ! મહારાજનાં ધામ કરતાં પણ આલા ભક્તને પોતાનું ઘર અને પરિવાર વધારે સારો લાગતો હતો, તેથી મહારાજને પણ ના કહી દીધી. પછી મહારાજ અંતર્ધાન થઈ ગયા અને જાણે નાટક કરતા હોય એમ બીજા દિવસે પણ મહારાજ તેના ફળિયામાં આવીને ઊભા રહ્યા અને સાદ કર્યો : "આલા ભગત ઘરમાં છે ?" ત્યારે તે ઘરમાં હોવા છતાં તેમણે છોકરાને શીખવાડીને કહ્યું : "તું બહાર

જઈને મહારાજને કહી આવ કે, ''મારા બાપા બહારગામ ગયા છે, ઘરમાં નથી.''

આહાહાહા ! જોયને ભક્તો, પરિવાર પ્રત્યેની વાસના ? બે વાર અક્ષરધામના અધિપતિ સ્વયં તેડવા પધાર્યા, તોય પણ ના કહી દીધી ! અને ઘોલકાં જેવાં ઘરમાં ભરાઈ રહ્યા.

પછી બીજે દિવસે જ ભયંકર રોગ થયો અને દેહમાં અતિશય પીડા થવા લાગી. ઘરગથ્થું ઔષધ કર્યું– વૈદ્ય બોલાવ્યા, તો પણ સારું ન થયું. રોગ અને પીડા બન્ને દિવસે-દિવસે વધવા લાગ્યાં.

હે ભક્તો ! મારા વાલા હરિજી મહારાજની કરુણા તો જુઓ! આઠ દિવસ પછી ત્રીજી વખત પધાર્યા અને બોલ્યા : ''ભગત ! આવવું છે ધામમાં ?'' ત્યાં તો ખાટલામાંથી ઊભા થઈ આલા ભક્તે દંડવત કરી મહારાજનાં ચરણ પકડીને કહ્યું : ''હે દયાળુ ! અત્યારે જ લઈ જાઓ, પીડા ખમાતી નથી.'' પછી મહારાજ તેનો દેહ છોડાવી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''બારપટોળીના બીજલ ભરવાડ''

હે ભક્તો ! અમરેલી જીલ્લાના રાજુલા તાલુકામાં બારપટોળી નામનું એક નાનું એવું ગામ છે.તે ગામમાં શ્રીજી મહારાજના કૃપાપાત્ર એવા મહાન ભક્ત વાવડીયા જ્ઞાતિના કાળુભાઈ થઈ ગયા. તેમનાં જીવનના અનેક પ્રસંગો છે એ બીજા પ્રસંગે જોઈશું.

તે કાળુ ભગત ઉત્સવ-સમૈયામાં તો જતા જ, પણ અન્ય દિવસોમાં પણ શ્રીજી મહારાજનાં દર્શન કરવાં ગઢપુર અવાર -નવાર જતા. પોતાના ક્રમમુજબ તેઓ એકવાર બારપટોળીથી ગઢપુર આવતા હતા. રસ્તામાં એક નદી આવી. તેના કિનારે ગામનો એક ભરવાડ ઢોર ચારતો હતો. તેનું નામ બીજલ હતું.

તે બીજલભાઈ કાળુભગત પાસે આવ્યા અને કહ્યું : ''કાળુ ભગત ! મારી પાસે આ એક સરસ મજાની સોટી છે. તેમાં મેં કોતરણી કરીને સરસ રીતે ગુંથી છે. એક કાઠી મને સારી કિંમત આપવા તૈયાર હતો. પણ મેં વેચવાની ના કહી, કારણ કે મારે તે સોટી તમારા સ્વામિનારાયણ ભગવાનને ભેટ આપવી છે, માટે તમો આ સોટી લઈ જાઓ અને ભગવાનને આપીને કહેજ્યો કે, 'મારો જ્યારે અંતકાળ આવે ત્યારે આ સોટી લઈને તેડવા આવે, અને અગાઉથી ખબર આપે.''

હે ભક્તો ! ભરવાડની આવી સમજણ જોઈને કાળુ ભગત તો તેની સામું જોઈ રહ્યા. પછી હસતા -હસતા બોલ્યા : ''ભણે બીજલા ! તારી જાડી બુદ્ધિમાં અક્ષરધામમાં જવાનો વિચાર કેવી રીતે આવ્યો ? તું તો કથા-વાર્તા પણ સાંભળતો નથી, તો પછી આવો સદ્‌વિચાર કેમ આવ્યો ?''

આવું સાંભળી બીજલે કહ્યું : ''એકવાર આપણા ગામમાં સંતો આવ્યા હતા તે વખતે હું પણ કથામાં બેઠો હતો, ત્યારે રાઘવાનંદ સ્વામીએ અક્ષરધામનાં સુખની વાતો કરી હતી કે, 'એકવાર ધામમાં વયો ગયો એને ફરીને આ લોકમાં આવવું ન પડે, માતાના પેટમાં નવ મહિના સુધી ઊંધે માથે રહેવું ન પડે, કાગડા કૂતરા કે બળદ-ગધેડા થવું ન પડે, ત્યાં ગઢપણ નો આવે, કોઈ કામ ન કરવું પડે, કોઈ પ્રકારના રોગ ન થાય અને ભગવાન સાથે કાયમ રહેવા મળે.''

હે કાળુબાપા ! મેં આવું બધું સાંભળ્યું હતું તેથી મેં નક્કી કર્યું કે સારી સોટી બનાવીને સ્વામિનારાયણ ભગવાનને આપું તેથી તેઓ મને અંત સમયે લેવા આવે અને ધામમાં લઈ જાય.''

આવું સાંભળી કાળુ ભગત રાજી થયા અને સોટી લઈને ગઢડા ગયા. તે સમયે મહારાજ સભામાં બેઠા હતા. ત્યાં જઈ કાળુ ભગતે દંડવત કર્યા અને કલાત્મક સોટી મહારાજના હાથમાં આપતા કહ્યું : હે મહારાજ ! “ બીજલ ભરવાડે તમને આ સોટી ભેટ મોકલી છે અને અંતકાળે તેડવા જવાનું કહ્યું છે.”

હે ભક્તો ! મહારાજે હાથમાં સોટી લઈને કહ્યું : “જરૂર અમે બીજલને તેડવા જઈશું.” પછી તો થોડાં વર્ષ પછી બીજલ ભરવાડ બીમાર થયા અને મહારાજ પોતાના વચન પ્રમાણે વિમાન લઈને તેડવા પધાર્યા. મહારાજનાં દર્શન થતાં બીજલ રાજી રાજી થઈ ગયો અને કુટુંબીઓને કહેવા લાગ્યો : “જુઓ-જુઓ સ્વામિનારાયણ ભગવાન મેં ભેટ આપેલ સોટી લઈને મને તેડવા આવ્યા છે, માટે હું તેઓના ધામમાં જાવ છું અને તમે તેઓનું ભજન કરશો, તો તમે પણ ધામમાં જશો.” આમ કહી દેહ છોડી દીધો. પછી મહારાજ તેમને ધામમાં લઈ ગયા.

## “સામતેરના હમીર ભગત”

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં સામતેર ગામમાં વાળંદ જ્ઞાતિમાં ડોસાભાઈ સારા સત્સંગી હતા. તેઓ ગામમાં એક જ હરિભક્ત હતા. અર્થાત્ આખા ગામમાં તેનું એક જ ઘર સત્સંગી હતું. ડોસાભાઈ કરતાં તેના પુત્ર હમીર ભગત સારા હરિભક્ત હતા. તેઓ ધર્મ-નિયમનું યથાર્થ પાલન કરતા હતા. સામતેર ગામમાં તે જળકમળવત્ રહેતા હતા.

તે હમીર ભગત એકવાર ગુંદા લેવા ઝાડ પર ચઢ્યા હતા. એ વખતે તેમને તેડવા માટે શ્રીજી મહારાજ વિમાન લઈને આવ્યા ! તેને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ જતા હતા.

મહારાજે વિમાનને રાવળ નદીમા પટ ઉપર ચલાવ્યું. તે સમયે તે નદીમાં યુવાન સ્ત્રીઓ વસ્ત્ર વિના નાતી હતી. તેથી વિમાનમાં બેઠા-બેઠા જ હમીર ભગત તે સ્ત્રીઓ સામે જોઈ રહ્યા ! એના કારણે મહારાજે વિમાનમાંથી તેના જીવને નીચે ફેંક્યો અને દિવ્યદેહ આપ્યું હતું તે લઈ લીધું-અદશ્ય કરી નાખ્યું.

(હે ભક્તો ! હમીર ભગતે દૃષ્ટિ કાબુમાં ન રાખી તેના કારણે મહારાજે તેને પાછા દેહમાં મોકલી દીધા.– એની જેમ આપણે પણ જ્યાં-ત્યાં ન જોવાનું હોય ત્યાં જોયાં કરીશું તો આપણને ધામમાં લઈ જશે ત્યારે આવું જ બતાવશે અથવા સિદ્ધિઓના લોક ઉપરથી ચલાવશે. જો આપણી દૃષ્ટિ સ્થિર નહિ હોય તો ત્યાં ફસાઈ જશું, માટે સાવધાન! સીધા જ ધામમાં જવું હોય તો સંયમ રાખવો જ પડશે.)

ભક્તો ! હમીર ભગતના દેહને સ્મશાનમાં લઈ જવાની તૈયારી કરતા હતા તે સમયે મડદું સળવળ્યું તેના કારણે ગામના લોકો અને ઘરના લોકો આશ્ચર્ય પામી ગયા અને હમીર ભગત સામું જોઈ રહ્યા.

હમીર ભગત તો નનામીમાં બેઠા બેઠા શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગ્યાઃ "હે દયાળુ પ્રભુ ! એકવાર માફ કરી દ્યો. મારી ભૂલ થઈ ગઈ. હું વાંકમાં આવ્યો છું, ફરી આવું નહિ થાય, મારા પર કૃપા કરી મને ધામમાં લઈ જાઓ. આ લોકમાં મને ગમતું જ નથી, માટે કૃપા કરો, કૃપા કરો."

હે ભક્તો ! હમીર ભગતે દિલથી પ્રાર્થના કરી – પસ્તાવા સાથે પ્રાર્થના કરી એટલે મહારાજે દર્શન દીધાં અને કહ્યું : "ભગત! તમને હૃદયથી પસ્તાવો થયો છે, તેથી અમો આઠ દિવસ પછી તમને

તેડી જશું અને આઠ દિવસ સુધી તું કોઈ સ્ત્રીને તારી પાસે આવવા દઈશ નહિ, તો અમે આવશું.'' આ પ્રમાણે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

ત્યારબાદ હમીર ભગતે પોતાના પિતાને સર્વે વાત કરી અને કહ્યું : ''આઠ દિવસ સુધી કોઈ બાઈને મારી પાસે આવવા દેશો નહિ; નહિતર મહારાજ મને તેડવા નહિ આવે.''

હે ભક્તો ! પછી હમીર ભગત એક ઓરડામાં આઠ દિવસ સુધી રહ્યાને આઠ દિવસ સુધી મહારાજનું ભજન કર્યું. તેમના પિતા ડોસાભાઈએ કોઈ પણ સગાંની સ્ત્રીને તેમની પાસે જવા ન દીધી.

આ રીતે આઠ દિવસ પૂરા થયા એટલે શ્રીજી મહારાજ દિવ્ય વિમાન લઈને મુક્તો સહિત પધાર્યા. હમીર ભગતે ડોસાભાઈને કહ્યું: ''બાપા ! મને તેડવા મહારાજ આવી ગયા છે, હું જાવ છું – જય સ્વામિનારાયણ.'' આમ કહી દેહ છોડી દીધો. પછી મહારાજે તેને દિવ્યદેહ આપ્યો ને ધામમાં લઈ ગયા.

## ''ખોડીના અરજણ ભગત''

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ખાંભા તાલુકામાં ખોડી (રૂગનાથપુર) નામનું એક ગામ આવેલ છે. તે ગામમાં અરજણભાઈ પટેલ સારા સત્સંગી થઈ ગયા છે. બીજા પણ ઘણા ભક્તો તે ગામમાં થયા અને હજુ પણ તે ગામમાં સારો સત્સંગ છે.

હરિભક્ત અરજણભાઈ એકવાર રાત્રીએ સૂતા હતા. ત્યારે તેમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં વિમાન દેખાયું. તે વિમાનમાં શ્રીજી મહારાજ, રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા. ભક્તને ત્રણે સાથે હેત હોવાથી તેઓની સાથે ધામમાં જવા માટે વિમાન સાથે ટીંગાઈ ગયા !

વિમાન આકાશમાં ગયું ત્યારે મહારાજે કહ્યું : ‘‘વિમાનમાં કાંઈક ગંધ આવે છે.’’ ત્યારે સ્વામી કહે : ‘‘હે મહારાજ ! આ લોક જ ગંધારો છે.’’ ત્યારે મહારાજ કહે : ‘‘આ વિમાનને કોઈ વાસનાવાળો ભક્ત વળગી ગયો લાગે છે, માટે તેને છુટો કરી દ્યો.’’ એમ કહીને તેને છૂટો કરી દીધો !

હે ભક્તો ! ત્યાં તો ખાટલામાં સૂતેલા અરજણ ભગતની આંખ ખૂલી ગઈ. અરે ! ખરેખર અંતરની આંખ ખૂલી ગઈ ! સ્વપ્નને સત્ય જાણી મનોમન નક્કી કર્યું : ‘‘હવે મારે પંચવિષયની વાસના ટાળવી છે.મારે હવે સંતો પાસે જઈ આ લોકની ગંધ કાઢવી છે ને શુદ્ધ થવું છે.’’

આ પ્રમાણે મનમાં નક્કી કરી ઘરવાળા પાસે કેળના પાણીમાં સેવ વણાવી મોટો ટોપલો ભર્યો અને ઘીની બરણી ભરી, સાથે ગોળની મોટી ભેલી (ભેલું) લઈ માળીલા ગામ આવ્યા. ત્યાં ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય બાલમુકુંદદાસજી સ્વામી હતા. ત્યાં આવી દંડવત પ્રણામ કરી સેવ, ઘી અને ગોળ સ્વામી આગળ મૂક્યા. તેની સંતોએ ત્રણ દિવસ રસોઈ કરી મહારાજને થાળમાં ધરાવી સંતો પ્રસાદી તરીકે જમ્યા અને અરજણ ભગત ઉપર રાજી થયા.

હે ભક્તો ! પછી બાલમુકુંદ સ્વામીએ અરજણભાઈને પૂછ્યું: ‘‘ભગત ! કેમ આવ્યા છો ? ’’ ત્યારે ભગતે કહ્યું : ‘‘હું તમારો સમાગમ કરવા આવ્યો છું. મને સ્વપ્નમાં મહારાજે વાસનાવાળો કહીને વિમાનમાંથી હડસેલી મૂક્યો છે, માટે મારે વાસનાની ગંધ કાઢી શુદ્ધ થવું છે.’’

ત્યારે સ્વામીએ કહ્યું : ‘‘તમો હમણા અહીં અમારા ભેગા રહો અને કથા-વાર્તા સાંભળી સમજણ દૃઢ કરો, તેથી વાસનાની ગંધ નીકળી જશે. અમો તમારી સંસારની ગંધ જરૂર કાઢી નાખીશું.’’

પછી તો બાલમુકુંદ સ્વામી વચનામૃતની કથા કરે અને જગત ખોટું છે, વિષય ખોટા છે વગેરે વાતો કરે. આ પ્રમાણે સતત બે મહિના સુધી આવી વાતો કરી તેથી અરજણ ભગતને સમજણ પાકી થઈ ગઈ અને વાસનાની ગંધ નીકળી ગઈ, અંતઃકરણ શુદ્ધ થઈ ગયું.

હે ભક્તો ! સ્વામીને ખાતરી થઈ ગઈ કે 'હવે વાસના નથી રહી.' તેથી બે મહિના પછી ઘેર મોકલ્યા. ઘેર આવી મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખી ભજન કરવા લાગ્યા. પછી એક દિવસ અંતસમય આવ્યો તેથી મહારાજ, ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી વિમાન લઈ તેડવા પધાર્યા. અરજણભગતે સૌને કહ્યું : "મહારાજ, અને સંતો મને તેડવા પધાર્યા છે, હું તેઓની સાથે જાઉં છું, જય સ્વામિનારાયણ." પછી મહારાજ તેને દેહ છોડાવી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## "કડીયાના ભોળા ભગત"

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં કડીયા નામનું ગામ છે. તે ગામમાં વણિક જ્ઞાતિમાં ભીમજીભાઈ વગેરે હરિભક્તો થઈ ગયા છે. ત્યાં એક મોટી જમીનમાં શેરડીનો વાઢ વાવ્યો હતો. તેમાં આઠ ભાગીદારો હતા. તે આઠમાં એક આપણા સત્સંગી ભીમજીભાઈના ભાઈ પણ હતા. તેને આપણે ભોળાભાઈ કહીશું.

તે વાઢમાં શેરડી મોટી થઈ ત્યારે એક શેઢાઈ નામનું પ્રાણી રાત્રીએ આવીને શેરડી ખાઈ જતું અને શેરડી બગાડતું હતું. નુકશાન બહુ કરતું હોવાથી આઠે ભાગીદારો ભેગા થઈને શેઢાઈનું દર શોધી કાઢ્યું. પછી આઠે જણે ભેગા થઈ તેના ભોણમાં કાંટા ભરીને

સળગાવ્યું, તેથી તેમાં રહેલ શેઢાઈ જીવતી બળી ગઈ ! તેના કારણે તેનું પાપ આઠે ભાગીદારોને લાગ્યું.

થોડા સમય બાદ ભોળાભાઈ બીમાર થયા અને દેહ છોડી દીધો. તેથી અક્ષરધામમાંથી મુક્તો સંતોનાં રૂપ લઈને તેને તેડવા આવ્યા. પછી તેડીને અક્ષરધામના દરવાજા સુધી લઈ ગયા અને શ્રીજી પ્રભુને તે સંતોએ પૂછ્યું : ''આ ભોળા ભક્તના જીવને કયા ધામમાં મૂકવાનો છે ?''

મુક્તોનું કહેવું સાંભળી મહારાજ બોલ્યા : ''તેણે જીવની હિંસા કરેલી છે. જીવતી શેઢાઈને સળગાવી દીધી છે, તેથી આઠમાં ભાગે એને પાપ લાગ્યું છે, માટે તેને પાછો દેહમાં મૂકી આવો. તે ત્યાં પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થશે ત્યારે અમો તેને તેડવા જઈશું અને અક્ષરધામમાં રહેવા દઈશું.''

હે ભક્તો ! મહારાજનાં વચન સાંભળી મુક્તો તેને પાછા દેહમાં મૂકી ગયા ! એ સમયે તેની નનામી બાંધતા હતા, ત્યાં તો સળવળીને બેઠા થયા અને સૌ સાંભળે એ રીતે તેના ભાઈ ભીમજી ભગતને કહેવા લાગ્યા : ''મોટાભાઈ ! અમોએ ભેગા થઈ વાઢમાં શેઢાઈને જીવતી બાળીને મારી નાખી તેનો મને આઠમો ભાગ પાપનો લાગ્યો, તેથી મહારાજે મને ધામના દરવાજાથી પાછો કાઢ્યો છે તેથી પ્રાયશ્ચિત કરી શુદ્ધ થઈશ ત્યારે મને મહારાજ તેડવા આવશે.''

આવું સાંભળી ભીમજીભાઈએ કહ્યું : ''ભોળા ! તું જૂનાગઢ જા અને ગુણાતીતાનંદ સ્વામીને વાત કરજે. પછી તે જે પ્રાયશ્ચિત આપે તે પ્રાયશ્ચિત કરીને પછી કડીયા ગામ આવજે, ત્યાં સુધી સ્વામી પાસે જ રહેજે.''

હે ભક્તો ! મોટાભાઈની વાત સાંભળી ભોળાભાઈ જૂનાગઢ ગયા અને ગુણાતીતાનંદ સ્વામીને જે ઘટના ઘટી હતી તે સર્વે વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું : ''ઠાકોરજીનો થાળ કરાવો અને સંતોને કંસારની રસોઈ આપો, તેથી તમારું પ્રાયશ્ચિત થઈ જશે.''

સ્વામીના કહેવાથી એ પ્રમાણે કર્યું ત્યારે સ્વામીએ કહ્યું : ''ભગવાન અને પવિત્ર સંતો જમ્યા છે, તેથી તમો દોષમાંથી મુક્ત થઈ ગયા છો, માટે હવે ઘેર જાઓ. બે દિવસ પછી મહારાજ અક્ષરધામમાં લઈ જશે.

હે ભક્તો ! સ્વામીના કહેવાથી ભોળાભાઈ, કડીયાગામ પોતાને ઘેર આવ્યા અને બે દિવસ પૂરા થયા ત્યારે મહારાજ તેમને તેડવા આવ્યા. પછી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## ''બગસરાના મેપાભગત''

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં અમરેલી જીલ્લામાં બગસરા નામનું એક નાનું શહેર આવેલ છે. તે ગામમાં ઘણા સત્સંગીઓ હતા અને હાલમાં પણ છે. ત્યાં સથવારા જ્ઞાતિમાં મેપા ભગત સારા હરિભક્ત હતા. શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ કરીને પાળતા હતા. તે ભક્ત બગસરામાં ભગત તરીકે ઓળખાતા હતા.

મેપા ભગત એક સમયે માંદા થયા. બીમારી ઘણા દિવસ ચાલી તેથી સગાં-સંબંધીઓ તેમની ખબર કાઢવા આવ્યા હતા. તેઓ બધાં જ ભગતની આજુબાજુ ખાટલા ફરતા બેઠા હતા. એ સમયે જ મેપા ભગતને શ્રીજીમહારાજનાં અને કેટલાક સંતનાં રૂપમાં મુક્તોનાં દર્શન થયાં.

ત્યારે મેપાભગત સગાં-સબંધીઓને કહેવા લાગ્યા : "માણકીએ બેસીને મહારાજ મને તેડવા આવી ગયા છે. તેઓની સાથે મારે ધામમાં જવું છે, માટે અત્યારે જ મારા ભાઈ વેલજીને કોઈ બોલાવી લાવો; કારણ કે તેની સાથે મારે અબોલા છે. અમે બન્ને ભાઈ હોવા છતાં સ્વભાવને કારણે એકબીજા બોલતા નથી."

હે ભક્તો ! મેપા ભગતની વાત સાંભળી એક હરિભક્ત તુરંત વેલાભાઈને ઘેર જઈ તેમને બોલાવી લાવ્યા. ત્યારે મેપાભગતે કહ્યું : "હે ભાઈ ! હવે હું મહારાજ સાથે ધામમાં જાઉં છું, માટે આજથી તારી સાથે અબોલા પણ છોડું છું. બોલ્યું-ચાલ્યું. માફ કરજો."

ત્યારે વેલાભાઈ કહે : "શું ગપ્પા ઠોકો છો ? સુતરનો તાંતણો તોડવો છે તે દેહ મેલીને ધામમાં જવાની વાત કરો છો ? દેહ મેલવો તે શું તમારા હાથમાં છે ?" ત્યારે મેપા ભક્ત કહે : "હા, મારા હાથમાં છે."ત્યારે વેલાભાઈ કહે : "તેની કાંઈ નિશાની છે ? " ત્યારે મેપા ભક્ત કહે : " આ મહારાજ અને સંતો તેડવા આવ્યા છે એ જ મોટી નિશાની."

આવું સાંભળી વેલાભાઈ કહે : " અત્યારે સાંજ છે અને પોષ મહિનાની ટાઢ (ઠંડી) બહુ છે, તેથી સવાર સુધી તમારો દેહ રહે એવું મહારાજ આગળ માંગી લ્યો." ત્યારે મેપા ભક્તે વિનંતી કરીને કહ્યું : "હે મહારાજ ! મને સવારે લેવા આવજો; તો આ મારા ભાઈ સાચું માનશે." ત્યારે ભક્તવત્સલ્ય પ્રભુ બોલ્યા : " ભલે ભક્તરાજ! જેવી તમારી ઈચ્છા." એમ કહી અદૃશ્ય થઈ ગયા.

ત્યારે મેપા ભક્તે સૌને કહ્યું : "હવે બધાં વાળુ (જમી લ્યો) કરી લ્યો, મહારાજ સવારે આવશે." એ સમયે જામનગરથી

કરશનભાઈ કડીયા ત્યાં કામ કરવા આવેલા તેણે કહ્યું : ‘‘ભગત ! તમારી પાસે રાત્રીએ જાગવા આવું ?’’ ત્યારે મેપા ભક્તે ના કહી.

હે ભક્તો ! પછી મેપાભક્તે તેમનાં ધર્મપત્નીને બોલાવીને કહ્યું : ‘‘તારે કાંઈ પૂછવું છે ?’’ ત્યારે માજી કહે :‘‘મારે કાંઈ પૂછવું નથી, તમે ધામમાં જશો એટલે તમારો બધો સરસામાન છે તે હું મંદિરમાં આપી દેવાની છું અને મારો નિર્વાહ હું મજૂરી કરીને કરીશ, માટે મારી ચિંતા કરશો નહિ, હવે મહારાજની દિવ્ય મૂર્તિમાં મન જોડી દ્યો, મૂર્તિ સંભારો.’’

પોતાની પત્નીની આવી સમજણ જોઈ મેપા ભગતના અંતરમાં શાંતિ થઈ ગઈ અને મૂર્તિ સંભારવા લાગ્યા. સવાર થયું એટલે ફરીને મહારાજ પધાર્યા. તેથી મેપા ભક્તે જય સ્વામિનારાયણ કહી દેહ છોડી દઈ મહારાજની સાથે દિવ્ય દેહ ધારણ કરીને ધામમાં ગયા.

## ‘‘બગસરાના કલા ભગત’’

હે ભક્તો ! બગસરામાં સથવારા જ્ઞાતિમાં કલાભાઈ નામના એક એકાંતિક અને શ્રીજી મહારાજ પ્રત્યે અપાર પ્રેમવાળા ભક્ત થઈ ગયા છે. તેઓ ધર્મ-નિમયમાં પણ શૂરવીર હતા. સામાન્ય દેશકાળમાં તેઓ ધર્મ-નિયમ છોડતા નહિ.

તે કલા ભગત એક વખત બગસરાથી ખેડૂતો સાથે બળદ-ગાડાં લઈને પશુઓ માટે ઘાસ લેવા રાત્રીને સમયે સરસઈની ગીરમાં ચાલ્યા. ગાડાં ચલાવતાં ચલાવતાં તેઓ સરસઈ ગામ નજીક પહોંચ્યા ત્યાં રસ્તામાં એક નદી આવી. તેથી કલા ભક્ત તેમાં સ્નાન કરીને પૂજા કરવા બેઠા.

માનસીપૂજા કરી, પ્રત્યક્ષ પૂજા કરી. માળા ફેરવી, પ્રદક્ષિણા કરી, દંડવત્ કરી, શિક્ષાપત્રીના શ્લોક વાંચ્યા. પણ સાકરનો ડબો ખાલી થઈ ગયો હોવાથી પૂજામાં મહારાજને સાકરનું નૈવેદ્ય ન ધરાવી શક્યા. પછી વિસર્જન મંત્ર બોલી મૂર્તિઓને પૂજા-પેટીમાં પધરાવી દીધી.

સવારે સૌ ખેડૂતો ટીમણ (જમવા ) કરવા બેઠા. ત્યારે સૌએ કલા ભગતને ટીમણ કરવા માટે બોલાવ્યા. ત્યારે કલા ભક્તે કહ્યું: ‘‘મારી પાસે સાકર ન હોવાથી આજે મેં પૂજામાં મહારાજને સાકર ધરાવી નથી; તેથી હું નહિ જમું. જ્યારે સાકર મળશે ત્યારે પૂજામાં મહારાજને ધરાવીને પછી જ હું જમીશ.’’

ત્યારે બધા ખેડૂતો કહેવા લાગ્યા : ‘‘આપણે તો ત્રણ દિવસે ઘેર પાછા પહોંચી શકીશું માટે જમી લ્યો.’ તો પણ કલા ભગતે ના કહી !

હે ભક્તો ! પછી સૌ ગાડાં જોડીને ચાલ્યા. કલા ભક્ત તો ગાડાં પાછળ ચાલતાં-ચાલતાં મનમાં વિચાર કરવા લાગ્યા : ‘‘આજે મહારાજને નૈવેદ્ય ધરાણું નહિ. હું ભૂલકણો બજારમાંથી સાકર લેવી ભૂલી ગયો.’’

(જોયુંને ભક્તો ! આને પ્રભુ -પ્રેમી ખરા અર્થમાં કહી શકાય. પોતાને ભૂખ તરસ લાગી છે, તેની ચિંતા નથી કરતા, પણ પૂજામાં સાકર ન ધરાવી શક્યા, તેની ચિંતા કરે છે ! ધન્યવાદ આપીએ કલા ભક્તને; કોટિ કોટિ વાર પ્રણામ કરીએ કલા ભગતને !)

આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં રસ્તામાં સાકરના ગાંગડા પડેલા જોયા. તેમાંથી ડાબલી ભરી લીધી અને ધાર સામું જુએ છે, ત્યાં તો આખો નાનો ડુંગર સાકરનો દેખાયો ! તેમાંથી એક કપડાની

પોટલી બાંધી લીધી. પછી આગળ જતાં નદીએ જઈ કલા ભક્તે ઠાકોરજીને નૈવેદ્ય ધર્યું અને સૌને સાકર વહેંચી ટીમણ કર્યું.

પેલા ખેડૂતોને ખ્યાલ આવતા તેઓ બધા કોથળા લઈને સાકર લેવા ગયા. ત્યાં જઈને જોયું ત્યાં તો પથરાની ધાર હતી ! પાછા આવીને વાત કરી, ત્યારે કલા ભક્તે કહ્યું : ''મારી દૃઢતા જોઈ શ્રીજી મહારાજે પથ્થરની સાકર બનાવી મને પરચો આપ્યો.'' પછી બગસરા આવી મંદિરે જઈ આખી પોટલી સાકર ઠાકોરજીને ધરાવી હરિભક્તોને વહેંચી દીધી અને સર્વે વાત કરી.

હે ભક્તો ! એક દિવસ કલા ભક્તને શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ''ભગત ! તમોએ અમારું બહુ જ ભજન કર્યું છે, તેથી તમારી તમામ વાસના બળી ગઈ છે, તેથી થોડા સમયમાં અક્ષરધામમાં લઈ જશું !'' પછી મુક્તોને લઈ ફરીને તેડવા આવ્યા. ત્યારે કલા ભક્તે પોતાનાં સગાંઓને કહ્યું : ''મહારાજ તેડવા પધાર્યા છે, હું તેઓની સાથે જાઉં છું.– જય સ્વામિનારાયણ. પછી મહારાજે દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડ્યા અને અક્ષરધામમાં લઈ ગયા.

## ''બગસરના વેલાભાઈ''

હે ભક્તો ! બગસરામાં મેપા ભક્ત થઈ ગયા છે, તે મહાન ભક્ત હતા. ધામમાં ગયા એ પ્રસંગ તમો વાંચી ગયા હશો. આ પ્રસંગમાં તેમના ભાઈ વેલાભાઈની વાત કરવાની છે. વેલાભાઈ પણ સારા સત્સંગી હતા. એક વાર તેઓ વાડીએ નાવા ગયા. નાહીને બહાર નીકળ્યા ત્યાં જ એક સર્પે પીંડી ઉપર ડંખ દીધો.

તુરંત તેઓ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરતાં કરતાં મંદિરે આવ્યા ને મહારાજની મૂર્તિ સામું જોઈને એકતાર અખંડ

ભજન કરવા લાગ્યા. ભજનના પ્રતાપે સાપનું ઝેર ઉતરી ગયું. પછી ઘેર આવ્યા અને સર્વે વાત કરી.

તેઓનો અંતકાળ આવતાં શ્રીજી મહારાજ અને સંતો-હરિભક્તોનાં રૂપમાં મુક્તોને સાથે લઈ રથમાં બેસી બગસરાની ખળાવાડમાં (અનાજને ડુંડામાંથી કાઢવાનું સ્થળ) આવ્યા ને જુઠાભાઈ સથવારાને રાત્રે દર્શન દઈને કહ્યું : ''અમને વેલા ભક્તનું ઘર બતાવવા ચાલો.''

ત્યારે માથાનો ફરેલો જુઠો કહે : ''મારું ખળું રેઢું રહે.'' ત્યારે જાણે ભગતનું ઘર ન જ જોયું હોય એમ અજાણ્યા થતાં મનુષ્યલીલા કરતા મહારાજ કહે : ''અમને ઘર બતાવીને તરત જ આવતા રહેજો, અમે તમને નહિ રોકી રાખીએ.'' પછી તે જુઠાભાઈ ઉપકાર કરતા હોય એમ આગળ ચાલ્યા ને રથ લઈ મહારાજ પાછળ ચાલ્યા ને એની પાછળ સંતો-ભક્તો ચાલવા લાગ્યા.

હે ભક્તો ! સંતો અને ભક્તોનાં રૂપમાં મુક્તો ઘણા બધા હોવાથી જુઠાભાઈ બોલ્યા : 'વેલાભાઈનું ઘર તો નાનું છે અને આટલા બધા સંતો -ભક્તોને લઈને આવ્યા છો તો તેના ઘેર કેમ સમાશે ?'' ત્યારે મંદમંદ હસતા મહારાજ બોલ્યા : ''તમે ઘર બતાવી જાવ, એનાં ઘરમાં બધા જ સમાઈ જશે.''

પછી દૂર ઉભા રહીને તેણે કહ્યું : ''આ ફળિયામાં વેલાભાઈનું ઘર છે.'' એમ કહીને તે જતા રહ્યા. પછી મહારાજે વેલાભાઈને દર્શન આપ્યાં. ત્યારે તેના ઘરનાં સ્ત્રી-પુરુષો જાગતાં હતાં, તેથી વેલાભાઈએ કહ્યું : ''અત્યારે શ્રીજી મહારાજ અને સંતો મને તેડવા આવ્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું- જય સ્વામિનારાયણ.'' આ પ્રમાણે કહી દેહ છોડી દીધો.

હે ભક્તો ! પછી મહારાજે તેમને દિવ્યદેહ આપી પોતાની સાથે રથમાં બેસાડ્યા ને રથ અંતરીક્ષમાં અદૃશ્ય થઈ અક્ષરધામ પહોંચી ગયો. સવાર થયું એટલે જુઠાભાઈ, વેલાભાઈને ઘેર આવ્યા ને બોલ્યા : રાત્રે સ્વામિનારાયણ અહીં આવ્યા હતા તે ક્યાં ઉતર્યા છે ? હું એને તમારું ઘર બતાવવા ખળાવાડમાંથી આવ્યો હતો.'' ત્યારે વેલાભાઈના દીકરા ધનાભાઈએ કહ્યું : ''રાત્રે મારા પિતાએ અમોને કહ્યું હતું કે, ''સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાઉ છું.''

આવું સાંભળ્યું તેથી ફળીનાં સ્ત્રી-પુરુષો કહેવાં લાગ્યાં : ''સ્વામિનારાયણ તો ભગવાન છે, તેથી દિવ્યરૂપે આવીને વેલાભગતને તેડી ગયા. અને જુઠાભાઈ તમે પણ ભાગ્યશાળી છો, તેથી તમોને તેમનાં દર્શન થયાં.

## ''તોરી ગામના ઘેલા મહારાજ''

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમા બગસરા નજીક તોરી નામનું ગામ આવેલ છે. તે ગામમાં ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરીને રાજગોર બ્રાહ્મણ ઘેલા મહારાજ સત્સંગી થયા હતા. તેઓ ધર્મ-નિયમને સાંગોપાંગ રીતે પાળતા હતા.

તેઓ વૃદ્ધ થયા અને થોડી બીમારી લાગુ પડી. ત્યારે ઘેલાદાદાએ ઘરનાં સગાંઓને બોલાવીને કહ્યું : ''મારે દેહ મેલીને ધામમાં જવું છે, માટે ખીઝડીયા ગામથી ગીગા મહારાજને તેડાવો. પછી ગીગા મહારાજ આવ્યા. ત્યારે ઘેલા ભક્તે કહ્યું : ''ગીગા ભગત ! મેં છેલ્લી વારનું દૂધ પી લીધું છે અને હવે મારે કાંઈ પણ ખાવું પીવું નથી.''

એવું સાંભળી ગીગા બ્રાહ્મણે પૂછ્યું : ''તમારે ક્યારે ધામમાં જવું છે ?'' ત્યારે ઘેલાદાદાએ કહ્યું :''સવારે પાંચ વાગ્યે ! '' પછી તેઓએ સંબંધીઓને કહ્યું : ''તમે બધા સૂઈ જાઓ. ચાર જણ વારાફરતી જાગો.''

આ પ્રમાણે કહેવાથી બીજા બધાં સૂઈ ગયા અને ચાર માણસો જાગવા લાગ્યા. સવારના ચાર વાગ્યા ત્યારે ઘેલાબાપાએ પૂછ્યું : ''કેટલા વાગ્યા છે ?'' ત્યારે જાગનારે કહ્યું : ''ચાર વાગ્યા છે.'' ત્યારે દાદાએ કહ્યું : ''હવે ઘરનાં બાઈ-ભાઈ સર્વેને જગાડો. દાદાના કહેવાથી સૌ નર-નારીઓ આવીને તેમની પાસે બેસી ગયાં. પછી ઘેલાદાદાએ ગાયનું છાણ મંગાવીને લીંપાવ્યું અને તેના ઉપર દર્ભ પથરાવી દીધો. ત્યારબાદ સૌને કહ્યું : ''હવે સ્વામિનારારાયણ મહામંત્રની ધૂન શરુ કરો.''

આવું સાંભળી ખીઝડીયાવાળા ગીગા મહારાજ કહે : ''તમે ભજન કરાવાનું કહો છો, પણ તમે દેહ છોડશો તે અમને કેમ ખબર પડશે ?'' ત્યારે ઘેલાબાપા કહે : '' મારી છેલ્લી પળ હશે ત્યારે હું ત્રણ ચપટી વગાડીશ. ત્યારે મને ભોંયે લેજો.''

પછી પાંચ વાગ્યા સુધી સૌએ ભજન કર્યું. તે સમયે દાદાને શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી-ગુણાતીતાનંદ સ્વામી વગેરે મુક્તોનાં દર્શન થયાં, તેથી ત્રણ ચપટી વગાડી ! એટલે તુરંત તેમને ખાટલા પરથી ઉચકી નીચે  સુવાડ્યા. ત્યારે જય સ્વામિનારાયણ કહીને તુરંત દેહનો ત્યાગ કરી દીધો.

હે ભક્તો ! ત્યારબાદ શ્રીહરિજી મહારાજ ઘેલાદાદાને દિવ્ય શરીર આપી પોતાની સાથે વિમાનમાં બેસાડી અક્ષરધામ પધાર્યા. ઘેલાદાદાએ કહીને દેહ છોડ્યો તેના કારણે સગાં-સંબંધી અને ગામનાં

નર-નારીઓ પરસ્પર કહેવાં લાગ્યાં : ‘‘અરે ! આપણે તો પહેલીવાર એવું સાંભળ્યું કે, મોત આવે ત્યારે પણ માણસ અગાઉ કહી શકે છે! આ બધો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ છે, તેથી તેના હરિભક્તો પણ અંતકાળે કહીને ‘‘અક્ષરધામમાં જાય છે.’’

## ‘‘ખોખરીના સબળાજી’’

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં ખોખરી નામનું નાનકડું ગામ છે. ત્યાં ગામના દરબાર સબળાજી મહાપુરુષદાસજી સ્વામીના સમાગમના કારણે સત્સંગી થયા હતા, તેઓ સત્સંગના દરેક નિયમો પાળતા હતા.

તે સબળાજી બાપુ એક વાર બહુ જ બીમાર થઈ ગયા. બોલવાનું પણ ન સમજાય એવું બોલવા લાગ્યા અને ગળા નીચે પાણી ઉતરતું બંધ થઈ ગયું. તેથી રાત્રીએ શ્રીજી મહારાજ હાથી ઉપર બેસીને સંતો-ભક્તોનાં રૂપમાં મુક્તો સહિત તેડવા પધાર્યા. દર્શન દઈને મહારાજે કહ્યું : ‘‘બાપુ ! ચાલો, અમો તમને તેડવા આવ્યા છીએ.’’

આ પ્રમાણે કહીને એના એ મનુષ્ય દેહે હાથી ઉપર બેસાડ્યા ને ખંઢેરા ગામના માર્ગે ચાલવા લાગ્યા. ત્યાં રસ્તામાં એક ધાર (ઉંચો ટેકરો) આવી. ત્યાં હાથી ઉપરથી સબળાજીને નીચે ઉતારીને કહ્યું : ‘‘ આ ધાર પાસે વાવ છે, તેનું પાણી પીને ઘેર જતા રહેજો, રોગ બધા મટી જશે.’’

આવું કહીને મહારાજ ત્યાંથી ખંઢેરા ગામ આવ્યા અને કલ્યાણભાઈ ઠક્કરને ધામમાં લઈ ગયા.  પછી ફરી એક દિવસ રાત્રીના સમયે રથ લઈને મહારાજ ખોખરી ગામ આવ્યા અને

સબળાજીને દર્શન દઈને કહ્યું : ''ભગત ! ચાલો અક્ષરધામમાં. અમો ફરીને તમને તેડવા આવ્યા છીએ.''

હે ભક્તો ! મહારાજે ધામમાં આવવાનું કહ્યું, એટલે સબળાજી બોલ્યા : ''હે મહારાજ ! મને તમારી ઓળખાણ કરાવનાર મારા ગુરુ મહાપુરુષ સ્વામી ક્યાં છે ? તેમને તમો લાવ્યા હો તો હું તમારી સાથે તમારા ધામમાં આવું, નહિતર મારે નથી આવવું; કારણ કે તેમણે મને કોલ (વચન)દીધો છે, કે'હું અંતકાળે મહારાજને લઈ તમને તેડવા આવીશ.'' માટે તેમને લઈને આવજો.''

આવું કહેવાથી મહારાજ મંદમંદ હસવા લાગ્યા અને પાછા ધામમાં જતા રહ્યા. પછી ત્રીજા દિવસે મહાપુરુષ સ્વામીને સાથે લઈને આવ્યા. દિવ્ય વિમાનમાં પલંગ ઉપર ઓશીકા બાજુ મહારાજ બેઠા અને પાંગત તરફ મહાપુરુષ સ્વામી બેઠા, એવી રીતે બેસીને સબળાજીના દરબારમાં આવ્યા અને તેમને જગાડીને કહ્યું : ''જુઓ મહાપુરુષ સ્વામીને પણ સાથે લાવ્યા છીએ, માટે અમારા ધામમાં ચાલો.''

હે ભક્તો ! મહાપુરુષ સ્વામીનાં દર્શન થયાં એટલે દરબાર ધામમાં જવા તૈયાર થયા. ત્યારે મહાપુરુષ સ્વામીએ મહારાજને કહ્યું : '' પ્રભુ ! હમણા સબળાજીને અહીં જ રહેવા દઈએ.'' ત્યારે મહારાજે કહ્યું : '' તેમની આયુષ્ય તો પૂરી થઈ ગઈ છે.'' ત્યારે સ્વામી કહે : ''તેમનાં પત્ની એમની આયુષ્ય આપવાનું કહે છે; માટે છ મહિનાની આયુષ્ય તેમની લઈ લ્યો.'' સ્વામીના કહેવાથી મહારાજે તેમનાં ઘરવાળાંની છ મહિનાની જ આવરદા લઈને સબળાજીને આપી, પોતે પાછા ધામમાં જતા રહ્યા. પછી છ મહિના પૂરા થયા એટલે ચોથી વખત મહારાજ સબળાજીને તેડવા આવ્યા ને દિવ્યદેહ આપી અક્ષરધામમાં લઈ ગયા.

હે ભક્તો ! ચાર ચાર વખત તેડવા આવે એવા દયાળુ ભગવાન અનંત કોટિ બ્રહ્માંડમાં ક્યાંય હશે ખરા ? અર્થાત્ ક્યાંય નહિ હોય.

## ‘‘વંથલીનાં લક્ષ્મીબા’’

હે ભક્તો ! વંથલી ગામમાં સોની જ્ઞાતિમાં રાઘવજીભાઈ સારા સત્સંગી હતા. તેમના ધર્મપત્ની લક્ષ્મીબેન તેનાં કરતાં પણ સારાં ભક્ત હતાં. લક્ષ્મીબા વૃદ્ધ થયાં એટલે અવસ્થાને કારણે અશક્તિ રહેવા લાગી અને પછી થોડા દિવસમાં તો ધામમાં જવા માટે મહારાજને પ્રાર્થના કરવાં લાગ્યાં.

તેઓની પ્રાર્થના સાંભળી મહારાજ તો દિવ્ય વિમાન લઈને ઈંટોલા ગામમાં રત્ના ભગતના ઘેર ગયા. મહારાજનાં દર્શન કરી ભગતે દંડવત્ કર્યા અને પૂછ્યું : ‘‘ પ્રભુ ! મારું અહોભાગ્ય કે આપ મને દર્શન દેવા પધાર્યા.’’ ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ‘‘ અમો અહીંથી સાત ગાઉ દૂર રહેલાં વંથલી ગામે રાઘવજી સોનીનાં ઘરવાળાને તેડવા જઈએ છીએ, માટે અમારી સાથે ચાલો.’’

હે ભક્તો ! આ રીતે કહીને મહારાજે રત્ના ભગતને દિવ્ય વિમાનમાં બેસાડ્યા ને વંથલી ગામ આવ્યા. રસ્તામાં રાઘવજી ભક્તની દુકાન આવી એટલે મહારાજે કહ્યું : ‘‘રત્ના ભગત ! તમો અહીં દુકાનમાં બેસો હું લક્ષ્મીબાને તેડીને વળતા આવીશ ત્યારે તમને લેતો જઈશ.’’

આ પ્રમાણે કહીને મહાપ્રભુ લક્ષ્મીબાને ઘેર ગયા. તેનો ભૌતિક દેહ છોડાવી દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી પરબારા અક્ષરધામમાં જતા રહ્યા અને દુકાનમાંથી રત્ના ભગતને સાથે લેવાનું ભૂલી ગયા.

હે ભક્તો ! ભગવાન ભૂલી જાય ખરા ! મહારાજ ક્યારેય ન ભૂલે, પણ પોતાની સામર્થી અને પોતાનું બિરુદ સમાજને જણાવવું હતું તેથી પ્રભુ ભૂલી ગયાનું નાટક કરતા હતા. આ બાજુ રાઘવજીભાઈનાં પત્નીનું મૃત્યુ થયું એટલે તેમના પરિવારનાં નર-નારીઓ અને સત્સંગીઓ તેમના ઘેર ગયાં અને ધૂન કરવા લાગ્યાં. લક્ષ્મીબા ઉંમરવાળા હોવાથી રડવાને બદલે સૌ ભજન કરતા હતાં.

લક્ષ્મીબાનાં મૃત શરીરને કપડું (ખાપણ) ઓઢાડવાનું હોવાથી આપણા હરિભક્ત શ્રીમાળી બ્રાહ્મણ બેચરભાઈ રાઘવજીભાઈની દુકાને ખાપણ લેવા આવ્યા ને દુકાનનું તાળું ખોલીને અંદર ગયા ત્યાં તો અંદર રત્ના ભગત બેઠા બેઠા ભજન કરતા હતા !

આવું જોઈને બેચરભાઈને પોતાની આંખ ઉપર વિશ્વાસ ન આવ્યો. તેથી ફરીને જોયું તો કોઈ માણસ બેઠો બેઠો માળા ફેરવતો હતો. તેણે મનોમન વિચાર કર્યો : "અરે ! હાટને તો તાળું મારેલ હતું અને આ આદમી અંદર કેવી રીતે આવ્યો હશે ? " પછી બૂમ પાડીને પૂછ્યું : "હાટમાં કોણ છે ?"

હે ભક્તો ! પછી રત્ના ભગત સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલતા ઊભા થયા ને બોલ્યા : "હું ઈંટોલા ગામનો રત્નો ભગત છું. શ્રીજી મહારાજ મને તેઓની સાથે વિમાનમાં બેસાડીને અહીં લાવ્યા છે. તેઓ રાઘવજીભાઈનાં ઘરવાળાને તેડવા ગયા છે અને વળતા મને પાછા ઈંટોલા લઈ જવાના છે."

આવું સાંભળી બેચરભાઈ આશ્ચર્ય પામી ગયા અને ખાપણનું કપડું લઈ રત્ના ભગત સાથે ઘેર આવી રાઘવજીભાઈને કપડું આપ્યું અને રત્ના ભગતે વિગતે વાત કરી. આવી વાત સાંભળી શ્રીજી મહારાજના બિરુદના સૌ વખાણ કરવાં લાગ્યાં પછી લક્ષ્મીબાના

અગ્નિસંસ્કાર કરી રત્નાભગત ઈંટોલા આવ્યા ને પોતાના પરિવારને તથા સત્સંગી સર્વેને વાત કરી તેથી બધા નવાઈ પામ્યા.

## "વંથલીના નારાયણ ભગત"

હે ભક્તો ! હાલાર દેશ એટલે જામનગરની આજુબાજુનો પ્રદેશ. તે જામનગર જીલ્લામાં વંથલી નામનું નાનકડું ગામ છે. તે ગામમાં કુંભાર જ્ઞાતિમાં નારાયણભાઈને સંતોના સમાગમને કારણે સત્સંગ થયો હતો. નારાયણભાઈ, ભાઈ મટીને ભક્ત બની ગયા.

પ્રહ્લાદ અને હિરણ્યકશિપુ જેવો વ્યવહાર બાપ-બેટા વચ્ચે થઈ ગયો. નારાયણ ભગત જેવા સારા સત્સંગી હતા. -એવો જ એનો બાપુ આંબો કુસંગી હતો. નામ આંબો હતો; પરંતુ ગાંડા બાવળ જેવો હતો. નારાયણ ભગતને સત્સંગ છોડાવવા માટે બહુ હેરાન કરવા લાગ્યો, પણ ભક્ત તો સોળવલ્લા સોનાં જેવા થતા ગયા. પછી નારાયણ ભક્ત યુવાન થઈ ગયા, તેથી હેરાન કરવાનું બંધ કરી દીધું.

હે ભક્તો ! સમય જતા નારાયણ ભગત બીમાર થયા. ત્યાં તો શ્રીજી મહારાજ અનેક મુક્તો સાથે રથ-વેલ અને વિમાન લઈને નારાયણ ભક્તને તેડવા આવી ગયા. મહારાજનાં દર્શન થતાં જ ભગત તો ભાવવિભોર બનીને પલંગ પરથી ઉતરી દંડવત કરવા લાગ્યા.

દિવ્યરૂપધારી સહજાનંદ મહાપ્રભુએ નારાયણ ભગતને ઊભા કર્યા અને ભેટીને બોલ્યા : "નારાયણ ભગત ! તમોએ મારા માટે નાનપણમાં ખૂબ સહન કર્યું છે. પ્રહ્લાદજી અને ધ્રુવજીની જેમ અડગ રહી સત્સંગને પ્રાણ કરતાં પણ પ્યારો માની શિર સાટે રાખ્યો છે,

તેના કારણે અમો તમારા પર ખૂબ જ પ્રસન્ન થયા છીએ. આજે તો અતિશય રાજી થઈ તમોને અક્ષરધામમાં લઈ જવા માટે મુક્તોને સાથે લઈ અમો આવ્યા છીએ.''

મહાપ્રભુનાં આવાં વચનો સાંભળી નારાયણ ભક્તની આંખોમાં પ્રેમનાં આંસુઓ ચાલવાં લાગ્યાં. તેથી મહારાજ તેને ફરીને ભેટીને બોલ્યા : ''ચાલો ભક્તરાજ ! અક્ષરધામના મુક્તો તમારી રાહ જુએ છે. જે દુઃખ સહન કરીને કે ઉપદ્રવ સહન કરીને સત્સંગને માથાં સાટે રાખે છે, તેવા ભક્તોનાં દર્શન કરવાં માટે તો ધામના મુક્તો પણ રાહ જુએ છે.''

હે ભક્તો ! નારાયણ ભક્તે મહારાજને કહ્યું : '' હે પ્રભુ ! થોડી વાર રાહ જુઓ. હું મારા બાપને એક વાત કરી લઉં. '' એમ કહીને પછી તેના બાપને કહ્યું : '' બાપા ! મારા ભગવાન મને તેડવા આવ્યા છે, માટે હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું, તમારે જો મર્યા પછી ધામમાં આવવાની ઈચ્છા હોય તો તમે સંતોનો સમાગમ કરી સત્સંગ કરજો, તો તમારા જીવનું કલ્યાણ થશે; નહિતર લખ-ચોરાશી યોનીમાં અને જમપૂરીમાં વારંવાર જવું પડશે.'' આ પ્રમાણે કહીને દેહ છોડી દીધો. પછી મહારાજે તેને દિવ્યદેહ દઈને પોતાની પાસે વિમાનમાં બેસાડ્યા ને ધામમાં લઈ જઈ મહામુક્ત બનાવી દીધા.

હે ભક્તો ! કુસંગી તેના બાપ આંબા ડોહાને દીકરાની છેલ્લી શીખામણ શીરાની જેમ ગળે ઉતરી ગઈ, તેથી સંતોને તેડાવી વર્તમાન ધરાવી સત્સંગી થયા. સત્સંગના દરેક નિયમોનું પાલન કરવા લાગ્યા. ધનવાન હતા તેથી એકલાએ જ ગામમાં મંદિર કરાવ્યું, જૂનાગઢ

જઈ સંતોને રસોઈ આપી અને સંતોની બહુ સેવા કરી, બાવળીયો મટીને ખરા અર્થમાં આંબાદાદા આંબો બની અંતે અક્ષરધામના અધિકારી બની ગયા.

## "વંથલીના કલ્યાણબાપા"

હે ભક્તો ! આ જગતમાં મોટામાં મોટું કે સારામાં સારું કોઈ પુણ્ય અગર પરોપકારનું કાર્ય હોય તો તે પામર કે પતિત જીવોને કથા-વાર્તા-સત્સંગ પ્રચારથી સદાચારી કરી પ્રભુ-પરાયણ બનાવવા એ જ છે. એથી પ્રભુના સાચા ભક્તો કષ્ટો સહન કરીને પણ સત્સંગનો પ્રચાર કરવો એ પોતાના જીવનનું મુખ્ય ધ્યેય રાખતા આવ્યા છે; કારણ કે સત્સંગ એ જીવાત્માને મોક્ષ પ્રાપ્ત કરવાનું સફળ રસાયણ છે.

હે ભક્તો ! સોરઠમાં જૂનાગઢની બાજુમાં વંથલી ગામ છે. એક મત પ્રમાણે વામન ભગવાન ત્યાં પ્રગટ થયા હતા. તે આશ્રમ પણ ત્યાંના લોકો બતાવે છે. વામન ભગવાનના નામ પરથી જ (વામન સ્થલી) વંથલી નામ પડેલ છે.

આવા પવિત્ર ગામમાં પવિત્ર હરિભક્ત હતા કલ્યાણ બાપા. ઝાઝા જીવો કઈ રીતે ભગવાનના માર્ગે ચાલે એવો એનો ખાસ આગ્રહ હતો. તન, મન અને ધનથી તેઓ સોરઠના સત્સંગની સેવા કરતા હતા. ભજન-સ્મરણ -ધ્યાન કથા-વાર્તા, કીર્તન અને સેવા દ્વારા વિશુદ્ધ બની મૂર્તિનો સાક્ષાત્કાર કરવો એ કલ્યાણબાપાના જીવનનું ધ્યેય હતું; એટલે તેઓ પ્રત્યેક ક્રિયામાં પણ સતત સાવધાનતાથી મહારાજની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રાખતા હતા.

હે ભક્તો ! શ્રીજી મહારાજે મેઘપુરમાં છ મહિના સુધી બ્રાહ્મણો જમાડી ચોરાશી કરી હતી એ વખતે કલ્યાણબાપા વંથલીથી દરરોજ ચાલીને મેઘપુર જતા હતા ! આશરે છ-સાત માઈલ દૂર થતું તો પણ છ મહિના સુધી દરરોજ ચાલીને જતા અને આખો દિવસ સેવા કરતા, આવા તો શ્રદ્ધાવાળા હતા. ગુણાતીતાનંદ સ્વામીના તેઓ કૃપાપાત્ર હતા. મંદિર સંબંધી કામકાજમાં સ્વામી કલ્યાણબાપાની સલાહ પણ લેતા હતા.

આવા મુક્તરાજ કલ્યાણબાપાએ દેહ છોડતા પહેલાં જ સર્વે સગાં-સંબંધીઓને કહ્યું હતુંઃ ''જુઓ શ્રીજી મહારાજ અને સંતો દિવ્ય વિમાન લઈને મને તેડવા પધાર્યા છે. તેમની સાથે હું ધામમાં જાઉં છું, જય શ્રી સ્વામિનારાયણ.'' આ રીતે કહીને સંવત૧૯૨૮ની સાલમાં તેઓ અક્ષરધામમાં ગયા.

હે ભક્તો ! કલ્યાણબાપાને ત્રણ દીકરાઓ હતા. તેમા સૌથી નાના ડાહ્યાભાઈ હતા. તેઓ એકાંતિક ભક્ત હતા. તેઓ વ્યવહારમાં ધ્યાન આપતા ન હતા. તેઓએ આખી જીંદગી ધ્યાન-ભજન કર્યું હતું.

ડાહ્યાભાઈ આખી જીંદગી પગ લાંબા કરીને સૂતા ન હતા. ઊંઘ આવે ત્યારે બેઠા બેઠા જ સૂઈ લેતા હતા. ગાદલું-ગોદડું ક્યારેય પાથરતા ન હતા. આવા મહાન ભક્તરાજ સંવત ૧૯૫૮માં ધામમાં ગયા ત્યારે મહારાજ અનેક મુક્તાને સાથે લઈ તેઓને તેડવા આવ્યા હતા. તેઓએ પણ સર્વોને કહ્યું હતું કે,'' શ્રીજી મહારાજ વિમાન લઈને મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું.

## "ખંઢેરાના કલ્યાણબાપા"

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં ખંઢેરા નામનું નાનકડું ગામ છે. તેમાં કલ્યાણજીભાઈ ઠક્કર હરિભક્ત હતા. ગામમાં તેઓ એક જ સત્સંગી હતા. પણ ધર્મ નિયમ અને આજ્ઞા -ઉપાસના રાખવામાં ને પાળવામાં શૂરવીર હતા. વિશેષમાં તેઓના ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હતા, તેથી પૂછવું જ શું ?

તે કલ્યાણભાઈને ઘેર એક વખત ગુણાતીતાનંદ સ્વામી સંતો સાથે પધાર્યા, કારણ કે ગામમાં એકલા જ હરિભક્ત હોવાથી મંદિર ન હતું. સ્વામીને જોઈ ભગત તો રાજી રાજી થઈ ગયા અને એકાંતમાં એક બાજુ ઉતારો કરાવ્યો. પછી સ્વામીએ તો કથા-વાર્તા શરૂ કરી દીધી.

પછી કલ્યાણભાઈ પોતાના ઘેરથી રસોઈનો સામાન લઈ આવ્યા ને સંતોએ થાળ બનાવ્યો. પછી ઠાકોરજીને થાળ ધરાવી સ્વામી અને સંતો જમ્યા અને વધેલો થાળ પ્રસાદીનો કલ્યાણભાઈના પરિવાર માટે આપ્યો.

હે ભક્તો ! ખંઢેરામાં ગુણાતીતાનંદ સ્વામી થોડા દિવસ રહ્યા અને કથા-વાર્તા કરી કલ્યાણભાઈને સત્સંગ દૃઢ કરાવી ચાલવાની તૈયારી કરી ત્યારે કલ્યાણ ભગતે સ્વામીને દંડવત પ્રણામ કરી બે હાથ જોડી પ્રાર્થનાના સ્વરમાં કહ્યું : "હે સ્વામી ! અમારા ગામ ખંઢેરામાં સત્સંગ વધે એવી કૃપા કરો." ત્યારે સ્વામી કહે : "આ ગામમાં તો સત્સંગ નહિ વધે, પણ તમારા પરિવારમાં સારો સત્સંગ વધશે અને ગામમાં મંદિર પણ થશે."

આ પ્રમાણે આશીર્વાદ આપી સ્વામી સંતો સાથે જૂનાગઢ બાજુ પધાર્યા, સ્વામીના આશિષના કારણે કલ્યાણભાઈના સાત દીકરા

હતા એ બધા જ સારા સત્સંગી થયા અને સાત ભાઈઓએ ભેગા મળી ગામની વચ્ચે બે માળનું સરસ મજાનું સ્વામિનારાયણ મંદિર કરાવ્યું.

મંદિર થયા પછી કલ્યાણબાપા પૂજારી બની ગયા. આખો દિવસ સેવા અને ભજનમાં જ વીતાવવા લાગ્યા. સવારે મંદિર આવીને ઠાકોરજીને ઉઠાડી મુખ ધોવડાવી કપડાના નવા ટુકડાથી મંજન કરે અર્થાત્ મૂર્તિ ઉપર ફેરવી ભગવાનને નવડાવીએ છીએ અને મુખ લૂછીએ છીએ એવી ભાવના કરે. પછી સીંગ-દાણા કે મગજના લાડુ અને જળ ધરાવી મહારાજને નાસ્તો કરાવે. પછી પ્રભાતીયાં બોલે.

પછી આરતી ઉતારે અને રામકૃષ્ણ ગોવિંદ બોલીને ધૂન કરે. પછી વચનામૃત વાંચે અને પછી ઘેર જાય. બપોરે ઘેરથી બહેનોએ રસોઈ બનાવી હોય તે દાળ-ભાત-શાક-રોટલી-છાશ-ગોળ કે મીઠાઈ કે રોટલા વગેરે જે બનાવ્યું હોય તેને થાળીમાં વ્યવસ્થિત ગોઠવી માથે રૂમાલ ઢાંકી સાડા અગ્યાર વાગ્યે થાળ મંદિરે લાવે. ઠંડા માટલામાંથી પાણીનો લોટો ભરી મહારાજને થાળ ધરાવીને થાળ બોલે. જમવા માટે પ્રભુને પ્રાર્થના કરે. પછી બાર વાગે પોઢાડે.

સાડા ત્રણે ફળનો મેવો તૈયાર કરી મહારાજને જગાડી. ઠંડુ પાણી પાઈ મેવો જમાડે. સાંજે પણ ઘેરથી જે બનાવ્યું હોય તેનો થાળ તૈયાર કરી મંદિરે લાવી મહારાજને જમાડે. પછી ગોડી-આરતી-સ્તુતિ અને કથા કરી ચેષ્ટા બોલી છેલ્લે મહારાજને જળપાન કરાવી પોઢાડીને ઘેર જાય. આ તેમનો નિત્યક્રમ હતો. આવું તેમનું ભક્તિમય જીવન જોઈને મહારાજ દિવ્ય હાથી લઈને તેમને તેડવા પધાર્યા. મહારાજનાં દર્શન થતાં દીકરાઓને બોલાવી સત્સંગ દૃઢ રાખવાની શીખ આપીને કહ્યું : ‘‘મહારાજ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉ છું જય સ્વામિનારાયણ.’’

## "ખંઢેરાના દેવચંદભાઈ"

હે ભક્તો ! પાછલા પ્રસંગમાં આપણે ખંઢેરાના કલ્યાણબાપાની સેવા અને ભક્તિ વિષે સાંભળ્યું. તેમના સાતે દીકરા સારા સત્સંગી હતા. તેમાં પણ દેવચંદભાઈ તો સૌથી શ્રેષ્ઠ ભક્ત હતા. તેઓ સંસારમાં રહેવા છતાં જળકમળવત રહેતા હતા. શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે તેમનું જીવન હતું. વચનામૃતના તેઓ ગહન અભ્યાસી હતા. અને સંતો સાથે આત્મબુદ્ધિ હોવાથી સંતોની પણ ખૂબ સેવા કરતા હતા.

આવા પરમ એકાંતિક દેવચંદભાઈ એક સમયે બીમાર થયા. થોડી માંદગી લંબાણી, ભજન-ભક્તિ ખૂબ કરી હતી તેના કારણે તેને અનુમાન થઈ ગયું કે, 'હવે મારો દેહ રહે તેમ નથી.'

પછી તેમણે તેના મોટાભાઈ તુલસીભાઈને કહ્યું : "ભાઈ ! શ્રીજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી વગેરે મુક્તો મને તેડવા પધાર્યા છે, તેથી તમારે જે કરવું હોય તે પુણ્ય કરી લ્યો. " ભાઈની ઈચ્છા જાણી તેણે બ્રાહ્મણો અને ગરીબોને બોલાવી અન્ન-વસ્ત્રાદિક અને ધન આપી દાન કર્યું.

ત્યારે દેવચંદભાઈ બોલ્યા : "મહારાજ રાહ જોઈને ઊભા છે, માટે હું અક્ષરધામમાં જાવ છું– જય સ્વામિનારાયણ." આ પ્રમાણે કહી તેઓ છાણ લીંપેલ ચોકા પર પલાંઠી વાળીને બેસી ગયા. મહારાજનું સ્મરણ કર્યું ત્યાં તો ડોક નમી ગઈ.

પછી મહારાજે તેના પંચભૌતિક દેહનો ત્યાગ કરાવી દિવ્યદેહ આપી દિવ્ય રથમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. ઘરનાં નર-નારીઓ સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતાં કરતાં ભાવવિભોર બની ગયાં. પછી બધા પુરુષોએ ભેગા મળી સ્મશાને લઈ જઈ ભૌતિક દેહ અગ્નિને સમર્પિત કર્યો.

## "મોડાસાના અજાભાઈ"

હે ભક્તો ! જૂનાગઢ પ્રદેશમાં મોડાસા ગામમાં અજાભાઈ સોની સારા સત્સંગી હતા. તેઓ કાયમ મહારાજની ભક્તિ કર્યા કરતા હતા. એકવાર તેઓ બીમાર થયા અને મહારાજ રથ લઈને તેમને તેડવા પધાર્યા.

તે સમયે ગામના દરબાર વીરાજી જાડેજાને ત્યાં ગોહિલવાડ (ભાવનગર પ્રદેશ)થી મહેમાનો આવ્યા હતા, તેથી ડેલીએ દસબાર દરબારો બેઠા હતા. તેમણે રથનો અવાજ સાંભળ્યો, તેથી બોલ્યા : "આ રથનો અવાજ આ ગામડામાં ક્યાંથી ? " ત્યારે વીરાજી બોલ્યા : "અજાભાઈ સોની બીમાર છે, તેથી શ્રીજી મહારાજ તેને તેડવા આવ્યા હશે." આ પ્રમાણે વાત કરતા હતા ત્યાં સોનીના ઘરેથી પોકરણ પડ્યું. અર્થાત્ રડવાનું શરૂ થયું. ત્યારે મહેમાનો બોલ્યા : "સ્વામિનારાયણ ભગવાન સાચા છે અને તેનો સંપ્રદાય પણ સાચો છે; નહિતર આવી રીતે અંતકાળે તેડવા ન આવે."

હે ભક્તો ! એ સમયે અજાભાઈનાં બહેન રતનબાઈ જામગનરમાં હતાં, ત્યાં પણ તેમને મહારાજનાં દર્શન થયાં અને તેમને વાત કરી. પછી સવારે રતનબાઈએ સર્વેને કહ્યું : "શ્રીજી મહારાજ રાત્રીએ મારા ભાઈને ધામમાં તેડી ગયા છે, આવું મને રાત્રીએ દર્શન દઈને મહારાજે કહ્યું છે. " પછી બીજા દિવસે એ સમાચાર આવ્યા. તેથી સૌ આશ્ચર્ય પામી ગયા. આ બાજુ મોડાસામાં અજાભાઈને દિવ્યદેહ આપી પ્રભુ ધામમાં લઈ ગયા.

## "રાજકોટના માંડણદાદા"

હે ભક્તો ! રાજકોટમાં કડીયા જ્ઞાતિમાં માંડણભાઈ નામના સત્સંગી હતા. મહારાજની ભજન-ભક્તિ તેઓએ આજીવન કરી

હતી. તેઓ શ્રીજી મહારાજના સમકાલીન સત્સંગી હતા અને ઉત્સવ-સમૈયામાં ગઢડા જઈ તેમણે મનુષ્યાકાર મહારાજનાં પ્રત્યક્ષ દર્શન પણ ઘણી વખત કર્યા હતા.

તે માંડણદાદા બહુ લાંબુ જીવ્યા હતા. બહુ વૃદ્ધ થયા ત્યારે થોડી બીમારીને કારણે ખાટલામાં સૂતા હતા. તે સમયે દિવ્ય વિમાન લઈને મહારાજ તેમને તેડવા પધાર્યા. આવીને મહારાજે કહ્યું : " ચાલો દાદા ! અમે તમને તેડવા આવ્યા છીએ. અક્ષરધામમાં આવવા તૈયાર થઈ જાવ."

મહારાજનાં વચનો સાંભળી અને મહારાજનાં દર્શન કરી માંડણદાદા તો ખાટલામાં બેઠા થઈ ગયા અને મહારાજની સ્તુતિ કરવા લાગ્યા.

દાદાની વાણી સાંભળી તેમની દીકરીએ પૂછ્યું : "બાપા ! તમે કોની સાથે વાતો કરો છો ? કોઈ દેખાતું તો નથી." ત્યારે માંડણદાદા બોલ્યા : "બેટા ! હું શ્રીજી મહારાજ સાથે વાતો કરું છું, તેમની સ્તુતિ કરું છું. તેઓ મને તેડવા માટે પધાર્યા છે." ત્યારે તે બાઈ કહે : "દાદા ! કાળાભાઈ તો આજ વડીયા ગામ ગયા છે તે કાલે આવશે, માટે મહારાજને કહો કે કાલે તેડવા આવે."

હે ભક્તો ! દાદો આખી જિંદગી દીકરા ભેળો રહ્યો હતો તો પણ છેલ્લે છેલ્લે મળી લેવાની વાસના ઉત્પન્ન થઈ એના કારણે પુરુષોત્તમ નારાયણ એવા મહારાજને પણ પાછા કાઢવા તૈયાર થઈને ડોહો બોલ્યો : " હે દયાળુ ! મારો દીકરો કાલે આવશે, તેથી હું મળી લઉં, પછી તમે તેડવા આવજો."

ભગવાનની દયા તો જુઓ ! મહારાજે કહ્યું : "સારું, કાલે અમે ચાર વાગ્યે લેવા આવીશું, ત્યાં સુધીમાં દીકરાને મળી લેજો"

આ રીતે કહીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા. પછી સવારે તાર કરીને વડીયાથી કાળુભાઈને બોલાવી લીધા. હરિભક્તોને ખ્યાલ આવતા તેઓ પણ ઉત્સવનાં કીર્તના ગાવાં ઝાંઝ પખાજ લઈને આવી ગયા.

હે ભક્તો ! દોઢ વાગ્યે કાળુભાઈ આવ્યા ને બધી વાત સાંભળી માંડણદાદાને કહેવા લાગ્યા: ‘‘તમે શા માટે બધાને કહ્યું કે, ‘મહારાજ ચાર વાગ્યે તેડવા આવવાના છે ?’ મહારાજ તો સ્વતંત્ર છે એ જો ન આવે તો સમાજમાં આપણી મશ્કરી થાય.’’ ત્યારે દાદાએ કહ્યું : ‘‘મને મહારાજનાં વચનમાં વિશ્વાસ છે, તેથી જરૂર આવશે. તમો અને મેમાન જલદી જમી લ્યો.’’

બધા પરવાર્યા એટલે માંડણદાદાએ ઉત્સવીયાઓને કીર્તનો બોલવાનું કહ્યું ને દીકરાને કહ્યું : ‘‘મને નવડાવો ને ધોયેલાં વસ્ત્રો પહેરાવો.’’ ત્યાં તો ચાર વાગી ગયા અને સહજાનંદ મહાપ્રભુ સંતો-મુક્તોને લઈ આવી ગયા ! ત્યારે દાદા બોલ્યા : ‘‘મારો વાલો આવી ગયા છે, તેથી હું વિમાનમાં બેસી પ્રભુ સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.’’

હે ભક્તો ! પછી દાદાનું ભૌતિક શરીર છૂટી ગયું અને મહારાજે દિવ્ય શરીર આપ્યું. દાદા ધામમાં ગયા એટલે સૌ ધૂન કરવા લાગ્યા. પછી દાદાના પાર્થિવ દેહને પાલખીમાં પધરાવી વાજતે-ગાજતે ઝાંઝ-પખવાજ વગાડતા-વગાડતા શહેરમાં ફેરવી અગ્નિ-સંસ્કાર કરવા સ્મશાને લઈ ગયા.

## ‘‘રાજકોટના દેવકૃષ્ણજી વ્યાસ’’

હે ભક્તો ! રાજકોટ શહેરમાં વાલાભાઈ કડીયા સારા સત્સંગી હતા. તેથી તેમને તેડવા માટે શ્રીજી મહારાજ વિમાન લઈને પધાર્યા. મહારાજનાં દર્શન થયાં, તેથી વાલાભાઈ તો રાજી રાજી થઈ

ગયા અને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યુંઃ "વાલાભાઈ ! અમો તમને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ, માટે ચાલો."

મહારાજનાં આવાં મીઠાં વેણ સાંભળીને રાજી રાજી થઈ ગયેલા વાલાભાઈનું મુખ કરમાઈ ગયું. આવું જોઈને મહારાજને નવાઈ લાગી. તેથી પૂછવા લાગ્યા :"ભક્ત વાલા ! કેમ મોઢું પડી ગયું ? અક્ષરધામમાં આવવા માટે તો લોકો ભજન-ભક્તિ કરે છે અને ધર્મ-નિયમોનું પાલન કરે છે તેમજ વારંવાર અમોને પ્રાર્થના પણ કરે છે અને તમો ઉદાસ કેમ થઈ ગયા ?"

હે ભક્તો ! ત્યારે વાલાભાઈ શરમાતા શરમાતા બોલ્યા : "હે પ્રભુ ! મારા ભત્રીજા રાઘવનાં હમણાં લગ્ન થવાનાં છે, માટે મારે એની જાનમાં જવું છે અને લાડેકોડે એને પરણાવવો છે, તેથી અત્યારે નહિ, પણ ત્રણ મહિના પછી તેડવા આવજો, એટલી મારી વિનંતી છે."

હે ભક્તો ! જોઈને વાસનાની શક્તિ ! અક્ષરધામનાં સુખ કરતાં આ ડોહાને ભત્રીજાનાં લગ્નમાં વધારે સુખ મનાઈ ગયું ? આપણું વિચારવું કે આપણને તેડવા આવે તો તૈયાર થઈ જઈએ કે પછી વાલાભાઈ જેવું કહીએ ?

વાલાભાઈએ ના કહી એટલે શ્રીજી મહારાજ બ્રાહ્મણ દેવકૃષ્ણભાઈને ઘેર ગયા અને દર્શન દઈ કહ્યું : "ભગત ! તમારે અક્ષરધામમાં આવવું છે કે પછી વાલાભાઈની જેમ તમારે પણ કોઈને પરણાવવો છે ?" ત્યાં તો ભૂદેવ દેવકૃષ્ણદાદા એકદમ બોલી ઊઠ્યાઃ "ના ના મારા વાલા, મને તો ધામમાં આવવાની ખરેખરી લગની લાગી છે. મારે ક્યાંય વાસના નથી હું તો તૈયાર જ છું."

પછી તેમણે પોતાના દીકરા પ્રાણશંકરભાઈને જગાડીને કહ્યું : “બેટા ! મને શ્રીજી મહારાજ તેડવા પધાર્યા છે, માટે ગાયનું છાણ લાવી ચોકો કર.” ત્યારે પ્રાણશંકરભાઈએ પૂછ્યું : “બાપા !તમારા શરીરમાં તો બીમારી જણાતી નથી અને ધામમાં જવાનું કહો છો ?” ત્યારે દેવકૃષ્ણદાદાએ કહ્યું : “તારે મંદવાડનું શું કામ છે ? તું જટ છાણ લીંપી દે.”

પિતાના આગ્રહને કારણે પુત્રે છાણ લાવીને લીંપી આપ્યું, તે જ સમયે દેવકૃષ્ણદાદા તેની ઉપર બેસી ગયા ને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા અને બોલ્યા : “હું મહારાજ સાથે અક્ષરધામમાં જાઉં છું. ધામમાં જવાનું મને વહેલું મળ્યું એટલે હું તો ખૂબ જ રાજી થયો છું. જય સ્વામિનારાયણ.”

આવું બોલ્યા ત્યાં ડોક નમી ગઈ. નાશવંત દેહ પડ્યો રહ્યો અને અવિનાશી દિવ્યદેહ શ્રીજી મહારાજે આપી પોતાની સાથે વિમાનમાં બેસાડ્યા ને વિમાન ઉપડી ગયું, દિવ્ય ચિદાકાશમાં-બ્રહ્મપુરમાં -અક્ષરધામમાં.

**“અવિનાશીના અક્ષરધામમાં, બેસીને જઈશું વિમાનમાં**
**વિતાવશું જીવન હરિગુણ ગાનમાં”**

## “લોધીકાના અભેસિંહજી જાડેજા”

હે ભક્તો ! રાજકોટ જીલ્લામાં લોધીકા તાલુકો છે. શ્રીજી મહારાજના સમયે તે લોધીકા રાજ્ય હતું. તેના ગામધણી જીભાઈ હતા. તેમને એક કુંવર (પુત્ર) હતા. તેનું નામ અભેસિંહ હતું. તેમની અટક જાડેજા હતી. જીભાઈ તો મહારાજનાં પરમ ભક્ત અને ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર હતા. પણ આંબાના વનમાં બાવળીયો

ઉગ્યો હોય, તેમ જીભાઈના પરિવારમાં પણ બાવળીયાના રૂપમાં અભેસિંહનો જન્મ થયો હતો.

નાનપણથી તે નાનાં-નાનાં પ્રાણીઓને મારીને ખાઈ જતા હતા! પક્ષીઓને મારી તેની જીભો કાઢીને ખાતાં અને કહેતાઃ ‘ આ તો એકાદશીનું ફરાળ છે. દારૂ તો પાણીની જેમ પીતાં ! અને દાદાગીરીની તો વાત જ શું પૂછવી ? આવા ભારાડી દીકરાથી ત્રાસી થઈ જીભાઈએ ગોપાળાનંદ સ્વામીને વાત કરી. પછી સ્વામીની કૃપાથી અભેસિંહ મહાન ભક્તરાજ બની ગયા હતા.

હે ભક્તો ! પછી તો તેઓ એવા ટેકીલા ને શૂરવીર ભક્ત બન્યા કે ખુદ જામનગરના મહારાજા જામસાહેબને પણ કહી દીધું કે, ‘‘આ મુખમાં હવે કદી દારૂનું ટીપું પણ નહિ મૂકું. તમારે દારૂ પાવાની બહુ જ ઈચ્છા હોય તો કટાર લઈને મારા ગળામાં હોલ પાડો અને પછી દારૂને ગળામાં રેડો.’’

ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સમાગમને પ્રતાપે અભેસિંહ દરરોજ છ કલાક ધ્યાનમાં બેસતા હતા ! તે નિયમ તેમણે આજીવન રાખ્યું હતું. તેઓને દરેક સંતો સાથે હેત હતું. પ્રથમ તેનામાં જેટલા અવગુણ હતા તેટલા જ સદ્‌ગુણો આવી ગયા હતા.

તે અભેસિંહ બાપુ ઉંમર થતાં બીમાર થયા. ત્યારે તેમને જોવા માટે જૂનાગઢ મંદિરેથી મહાપુરુષદાસજી સ્વામી પોતાનું મંડળ લઈને લોધીકા આવ્યા. પછી દરબાર અભેસિંહજી પાસે જઈ ખબર અંતર પૂછી કથા-વાર્તા કરી.

પછી અભેસિંહજી બાપુએ કહ્યું : ‘‘સ્વામી ! હવે મારા દેહનો નિરધાર નથી, માટે મારે જે સેવા કરવી છે તે સાંભળો. રાજકોટની વાડીમાં મેં છત્રી કરાવીને બંગલો કરાવ્યો છે, તે વાડી માટે વધારે

જગ્યા લેવી છે. તે માટે મેં છ હજાર રૂપિયાની સેવા કરવાનો સંકલ્પ કર્યો છે. તેમાં પાંચ હજાર રૂપિયાની જમીન લેવાની અને એક હજારની તે જમીન ફરતી દીવાલ કરાવવાની. તેથી તમો અહીંથી જ રાજકોટ જાઓ અને ત્યાંથી કોઠારી ડાહ્યાભાઈ કડીયાને અહીં લોધીકા મોકલો.

હે ભક્તો ! મહાપુરુષ સ્વામીએ કહ્યું : ''અમો કાલે જ અહીંથી રાજકોટ જઈશું.'' પછી ઠાકોરજીનો થાળ બનાવી સૌ જમીને રાજકોટ ગયા અને કોઠારી ડાહ્યાભાઈને વાત કરી. તેથી ડાહ્યાભાઈ લોધીકા ગયા. અભેસિંહે રૂપિયા આપ્યા. તેના કહ્યા પ્રમાણે જમીન લીધી ને વંડો કરાવ્યો.

પછી ડાહ્યાભાઈએ કહ્યું : ''તમે ફરીને લોધીકા જાઓ. તેથી મહાપુરુષ સ્વામી ફરીને લોધીકા ગયા અને અભેસિંહને કહ્યું : ''તમારી ઈચ્છા મૂજબ વંડો કરાવ્યો છે અને જમીન પણ લઈ લીધી છે. હવે મહારાજનું ભજન કરો ને મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી દ્યો. '' ત્યાં બે દિવસ રોકાઈને સ્વામી વાણિયાની વંથલી ગામ આવ્યા.

હે ભક્તો ! લોધીકામાં અભેસિંહ બાપુએ એક દિવસ પરિવારના લોકોને કહ્યું : ''આજે રાત્રે મારે દેહ મેલવો છે.'' પછી બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન દીધાં અને ગામને ગોંદરે ગાયોને કપાસીયા તથા ઘાસ નંખાવ્યું-ખવડાવ્યું. પછી પૂજારી લાલજી મહારાજને કહ્યું : ''ભૂદેવ ! આજે રાત્રે તમે મારી પાસે રહેજો. આજે મારે ધામમાં જવું છે.'' તેથી પૂજારી દરબાર પાસે સૂતા.

રાત્રીના બાર વાગ્યા ત્યાં તો શ્રીજી મહારાજ રથ અને વિમાન લઈ અનેક મુક્તો સાથે લોધીકા પધાર્યા. તે વખતે જ લોધીકાના પાદરમાં પોલીસ-થાણું હતું તેના જમાદાર પેશાબ કરવા માટે રાત્રે જાગ્યા. તેણે રથનો અવાજ સાંભળ્યો એટલે વિચાર કર્યો. ''અડધી રાત્રે આ રથ કોનો હશે ? અને કોને ઘેર જતો હશે.''

ત્યાં તો રથ તેની પાસેથી નીકળ્યો ! એટલે થાણદાર જમાદારે પૂછ્યું : " આ કોનો રથ છે ? અને ક્યાં જાઓ છો ?'' ત્યારે મહારાજે કહ્યું : ''અમે દરબાર અભેસિંહજીના ભગવાન સ્વામિનારાયણ છીએ. અને અત્યારે તેમને તેડવા જઈએ છીએ. તેડીને અમારા અક્ષરધામમાં લઈ જઈશું.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને રથ લઈને મહારાજ તો બાપુના દરબારગઢમાં પધાર્યા. તે સમયે દરબારને મહારાજનાં દર્શન થયાં, તેથી ઢોલીયેથી ઉતરી દંડવત પ્રણામ કર્યા. પછી પૂજારી લાલજી ભગતને પણ જગાડ્યા અને કહ્યું : ''ઉઠો ઉઠો, જુઓ શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી વગેરે મને તેડવા આવ્યા છે, માટે દર્શન કરી લ્યો અને ગાયનું છાણ લાવી અહીં લીંપણ કરો.''

બાપુના કહેવાથી પૂજારીએ છાણ લાવી લીંપ્યું. તરત જ તેના ઉપર અભેસિંહજી બાપુ બેસી ગયા અને તે સમયે ત્યાં જાગીને આવેલાં લોકોને કહ્યું : ''સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરો.'' તેથી સૌ ધૂન કરવા લાગ્યા. ત્યારે બાપુ બોલ્યા : ''હવે હું મહારાજ સાથે ધામમાં જાઉં છું જય સ્વામિનારાયણ.'' આટલું બોલી મૌન થઈ ગયા અને માથું ખભા પર ઢળી ગયું !

હે ભક્તો ! સવારે તેમના પુત્ર હરિસિંહજીએ સુંદર પાલખી કરાવીને અભેસિંહ બાપુના દેહને તેમાં બેસાડી આખા લોધિકા નગરમાં ફેરવી સ્મશાને લઈ ગયા. પછી ચંદન, સુખડ, નાળીયેર અને તુલસીનાં લાકડાંથી અગ્નિસંસ્કાર કર્યો.

તે સમયે જમાદાર ત્યાં આવ્યો અને સૌ સાંભળે તેમ કહેવા લાગ્યો : ''આજે રાત્રે સ્વામિનારાયણ મારા થાણા આગળથી નીકળ્યા, ત્યારે મેં પૂછ્યું હતું કે, 'કોણ છો ને ક્યાં જાઓ છો ?'' મને કહ્યું

હતું કે, 'અમે સ્વામિનારાયણ ભગવાન છીએ અને અમારા ભક્ત અભેસિંહને તેડવા જઈએ છીએ.''

આવું સાંભળીને હું ખાતરી કરવા આવ્યો હતો અને બધુ સત્ય થયું, તેથી હવે હું ક્યારેય તેઓનો દ્રોહ નહિ કરું. સ્વામિનારાયણ તો સાક્ષાત્ ભગવાન છે.'' આવું સાંભળી સ્મશાનમાં આવેલા બધા લોકો આશ્ચર્ય પામી ગયા અને મનોમન મહારાજને વંદન કરવા લાગ્યા.

## ''મેંગણીના અમરસંગજી''

હે ભક્તો ! રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકામાં મેંગણી નામનું ગામ આવેલ છે. ત્યાં દરબાર માનભા બાપુ મહારાજના ભક્ત અને ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર ભક્ત થઈ ગયા છે. તે માનભાને અમરસંગ નામના સુપુત્ર હતા.

એકવાર તેઓ બીમાર થયા. થોડા દિવસ ગયા ત્યાં તો આયુષ્ય પૂરી થઈ ગઈ અને પોતાના બિરુદ પ્રમાણે અક્ષરાધિપતિ વિમાન લઈને પોતાના જનને તેડવા આવી ગયા !

અમરસંગભાઈને મહારાજનાં દર્શન થયાં અને તેમના હરખનો પાર ન રહ્યો. પથારીમાં સૂતાં-સૂતાં તેઓ મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા. પરંતુ મહારાજે ફળિયામાં જ વિમાનને ઊભું રાખ્યું અને તેમાં જ બેસી રહ્યા. ઓરડામાં ન ગયા. ઘણીવાર થઈ તોય મહાપ્રભુ અંદર ન ગયા, તેથી અમરસંગબાપુએ વિનંતીના સ્વરમાં બે હાથ જોડીને પૂછ્યું : ''હે ભક્તવત્સલ ! ફળિયામાં કેમ ઊભા રહ્યા ? વિમાનમાંથી ઉતરી ઓરડામાં પધારો. - ઘરમાં પધારો.''

હે ભક્તો ! ત્યારે મહારાજે જવાબ આપ્યો : 'ભગત ! તમારા ઘરમાં તો દારૂ છે અને જે ઘરમાં દારૂ હોય ત્યાં અમે જતા જ નથી.'' મહારાજનાં આવાં વચન સાંભળી અમરસંગભાઈએ માનભાબાપુને પૂછ્યું : ''બાપુ ! શ્રીજી મહારાજ પધાર્યા છે અને કહે છે કે, ''તારા ઘરમાં દારૂ છે, તેથી નહિ આવીએ.'' તો ઘરમાં દારૂના શીશા કોણે રાખ્યા છે ?''

પુત્રના આવા શબ્દો સાંભળી માનભા પણ વિચારમાં પડી ગયા અને બોલ્યા : ''દીકરા ! આ તો નવાઈની વાત સાંભળી. આપણે જ્યારથી સત્સંગ સ્વીકાર્યો છે ત્યારથી દારૂ-માંસ અને લસણ-ડુંગળીને તો દરબારગઢમાં લાવ્યાં જ નથી, તો પછી દારૂ કોણ લાવ્યું હશે ? મને પણ નવાઈ લાગે છે.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને નોકરો અને નોકરાણીઓને પૂછવા લાગ્યા. ત્યારે માનબાઈ નામની નોકરાણી બોલી : '' બાપુ ! મેં બે મોટી બોટલ માળીયામાં મૂકીને ઉપર ગોદડું ઢાંકી દીધું છે.'' ત્યારે માનભાબાપુ કહે : ''અરે અભાગણી ! કાઢ જલદી કાઢ. એને ઉકરડે જઈને ફોડી નાખ.''

પછી ઉકરડે લઈ જઈ બોટલો ફોડી નાખી. માનભા દોડીને ગૌમૂત્ર લાવ્યા, ઘરમાં છાંટી ઘર પવિત્ર કર્યું. ત્યારે મહારાજ ઘરમાં પધાર્યા, એટલે આખો ઓરડો તેજથી ભરાઈ ગયો.

પછી અમરસંગજી બોલ્યા : ''બાપુ ! મહારાજ વિમાન લઈને મને તેડવા પધાર્યા છે. હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું, માટે મને પ્રેમથી રજા આપો. ત્યારે પિતા માનભા દરબાર હસતે હૈયે હેતથી બોલ્યા : ''દીકરા ! સુખેથી જા. આ લોકમાં શું સુખ છે ? અવિનાશી સુખ તો મહારાજની મૂર્તિમાં અને અક્ષરધામમાં છે.''

હે ભક્તો ! બાપુએ આ પ્રમાણે કહ્યું ત્યારે મહારાજે તેમને અને તેના પરિવારનાં બાઈઓ-ભાઈઓ સર્વેને દિવ્ય દર્શન આપ્યાં. સૌએ સ્તુતિ-પ્રાર્થના કરી. પછી અમરસંગજીએ સૌને જય સ્વામિનારાયણ કહીને દેહ છોડી દીધો. પછી મહાપ્રભુ શ્રીહરિજી તેમના જીવને દિવ્ય-તનુ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## ''મેંગણીના માનભા બાપુ''

હે ભક્તો ! રાજકોટ જીલ્લામાં મેંગણીના દરબાર માનભા બાપુ ગોપાળાનંદ સ્વામીના સમાગમે કરીને સારા સત્સંગી થયા હતા. તેમના દીકરા અમરસંગને શ્રીજી મહારાજ અક્ષરધામમાં લઈ ગયા હતા – એ જ પ્રમાણે માનભા બાપુને પણ સામર્થી જણાવીને મહારાજ અક્ષરધામમાં તેડી ગયા હતા.

સામાન્ય નિયમ એવો હોય છે કે પહેલાં પિતાનું મૃત્યુ થાય અને પછી પુત્રનું મૃત્યુ થાય. પણ પહેલાં પુત્રનું મૃત્યુ થાય એ અપવાદ કહેવાય. – આ અપવાદમાં માનભાના દીકરા અમરસંગજી પણ હતા. તેઓ પોતાના પિતા પહેલાં અક્ષરધામમાં ગયા હતા.

હે ભક્તો ! માનભા બાપુને વૃદ્ધાવસ્થા આવી એટલે અવસ્થાને કારણે થોડી બીમારી આવી. પછી આયુષ્ય પૂરી થઈ તેથી રથ-વિમાન લઈને પુરુષોત્તમ નારાયણ પધાર્યા. એ સમયે માનભાએ પોતાનાં સગાંઓને બોલાવીને કહ્યું : ''મારો અંતકાળ આવી ગયો છે, તેથી મને તેડવા માટે શ્રીજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામી વગેરે મુક્તો પધાર્યા છે, માટે હું અક્ષરધામમાં જાઉં છું.''

આ રીતે કહી બાપુએ પંચભૌતિક દેહનો ત્યાગ કરી દીધો. પછી શ્રીજી મહારાજે તેમને દિવ્યદેહ આપી રથમાં બેસાડ્યા. પછી

માનભાના સંબંધીઓ તેમના દેહને અગ્નિસંસ્કાર કરવા સ્મશાને લઈ ગયા.

હે ભક્તો ! તે સમયે મેંગણી ગામના પાદરમાં ખાખીબાવાની એક જમાત (ઘણા બાવા-સાધુઓ) ઉતરી હતી. તેમણે સ્મશાન તરફ હાથ કરીને પૂછ્યું : ‘‘કોણ દેવગતિને પામ્યું ? કોનું મૃત્યુ થયું છે ? ’’ ત્યારે ગામના લોકોએ કહ્યું : ‘‘ગામના દરબાર શ્રી માનભા બાપુ ધામમાં ગયા છે.’’

આવું સાંભળી ખાખી-બાવાઓ કહેવા લાગ્યા : ‘‘ એ તો જૂઠ બાત હૈ, તુમ સબ જૂઠ કાહીકું બોલતે હો ? માનભા બાપુકો હમ પહચાનતે હૈ. વો તો અભી રથમેં બૈંઠકર સંત લોગકે સાથ હમકો સામને મિલે થે, તો ફિર વો મર ગયા ઐસા આપ કૈસે કહ સકતે હૈ ?’’

હે ભક્તો ! ખાખીઓનું કહેવું સાંભળી લોકોએ કહ્યું : ‘‘ મૃત્યુ તો માનભા દરબારનું જ થયું છે, પરંતુ તેઓ સ્વામિનારાયણ ભગવાનના મહાન ભક્ત હતા તેથી તમોને રથમાં બેઠેલા જણાયા. કારણ કે સ્વામિનારાયણ ભગવાન તો તેઓના ભક્તોને અંતકાળે તેડવા આવે છે અને પોતાના ધામમાં લઈ જાય છે. તેથી માનભા બાપુને રથમાં બેસાડીને ધામમાં લઈ જતા હશે અને તમોને દર્શન દીધાં હશે.

ગામના લોકોની વાત સાંભળી ખાખીઓ એકબીજાને કહેવા લાગ્યા : ‘અરે ભઈ ! એ તો કમાલ હો ગયા. હમકું દર્શન હુઆં! સંતલોગકો દર્શન હુઆં લેકિન સ્વામિનારાયણકાં દર્શન નહિ હુઆ. વાહ ! સ્વામિનારાયણ વાહ, આપ અપને ભક્તપ્રતિ કીતને દયાલું હૈ ? બમ બમ ભોલે.....’

હે ભક્તો ! મેંગણીના માનભાબાપુ અને શુકાનંદ સ્વામીનો સંવાદ - સંપ્રદાયના પ્રસિદ્ધ ગ્રંથ 'શ્રીહરિલીલા કલ્પતરું' માં મહાપંડિત અચિંત્યાનંદ વર્ણીએ લીધેલ છે.

## "સનાળાના મૂળજી ભગત"

હે ભક્તો ! ભાવનગર જીલ્લામાં કાઠિયાવાડમાં સનાળા નામનું નાનકડું એવું ગામ છે. તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં મૂળજી ભગત અને હીરજી ભગત સારા સત્સંગી હતા. તેઓનું જીવન ભક્તિમય અને ધર્મમય હતું.

એક દિવસ મૂળજી ભગતના કાકા હીરજીભાઈનું મૃત્યુ થયું. તે પછી ત્રીજા દિવસે મૂળજી ભગત પોતાની ઓસરીએ બેસી સવારમાં દાતણ કરતા હતા. તે સમયે તેમને શ્રીજી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં, તેથી મૂર્તિમાં વૃત્તિ જોડાઈ ગઈ. એના કારણે સમાધિ થઈ ગઈ અને અક્ષરધામમાં ગયા. ત્યાં મહારાજને દિવ્ય સિંહાસન ઉપર બેઠેલા જોયા અને ફરતા કોટિ મુક્તોને પણ બેઠેલા જોયા.

મહારાજનાં દિવ્ય સ્વરૂપનાં ત્યાં દર્શન થયાં તેથી ત્યાં પણ તે કિશોરમૂર્તિમાં વૃત્તિ પરોવાઈ ગઈ. ત્યારે તે મહારાજે કહ્યું : "મૂળજી ભગત ! પૃથ્વી પર પાછા દેહમાં જાઓ. ત્યાં ગામમાં સર્વેને સત્સંગ કરાવજો. તમને ત્યાં પૃથ્વી ઉપર રહ્યા થકા તમે જે ધામનાં દર્શન કરવાં ઈચ્છશો તે ધામનાં દર્શન કરી શકશો. તે ધામની મૂર્તિઓનાં દર્શન કરી શકશો અને આજથી આઠમા દિવસે અમો તમને તેડવા આવીશું, તે વાત પણ ત્યાં સર્વેને કહેજો."

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ મૂળજી ભગત ધામમાંથી પાછા દેહમાં આવ્યા. જાગ્રત થયા એટલે તેમના ભાઈ,

ભાઈજી મહારાજે પૂછ્યું : 'તમને શું થઈ ગયું હતું ?'' ત્યારે મૂળજી ભગતે કહ્યું : ''મને તો શ્રીજી મહારાજ અક્ષરધામમાં લઈ ગયા હતા.''

પછી બપોરે જમીને ચોરે ગયા. ત્યાં ગામના માણસોને ભેગા કરી અક્ષરધામનાં સુખની વાત કરી. બીજાં ધામોની પણ વાત કરી અને લોકાંતરની પણ વાત કહી. પછી કહ્યું : ''સાંભળો ગામના સર્વે લોકો ! આજથી આઠમે દિવસે હું મારા ભગવાનના ધામમાં જવાનો છું.''

આવું સાંભળી ગામના દરબાર લીંબા પટેલ અને નીલ ઠક્કર તથા દેવચંદ ઠક્કર વગેરેએ કહ્યું : '' ભૂદેવ ! તમે જો આઠમાં દિવસે ધામમાં જાઓ તો અમો સર્વે સત્સંગી થશું.'' આવું સાંભળી મૂળજી ભગત રાજી થયા.

હે ભક્તો ! મૂળજી ભગતના કાકાના મૃત્યુના અગ્યારમાં દિવસે તેનાં સગાં-વહાલાં સૌ સનાળા આવેલા. તેથી સવારમાં સર્વને ભેગા કરીને મૂળજી ભગતે કહ્યું : ''આજે બપોરે બાર વાગ્યે હું દેહ મૂકવાનો છું, સ્વામિનારાયણ પ્રભુ પોતે મને તેડવા આવવાના છે, માટે બાર વાગ્યા પહેલાં જમીને સૌ મારી પાસે આવજો.''

પછી સૌ પરવારીને મૂળજી ભગત પાસે ગયા. તેમણે ધૂન શરૂ કરાવી. પછી બોલ્યા : ''મારી પાછળ કોઈ રડશો નહિ. જુઓ મહારાજ અને ગોપાળાનંદ સ્વામી તેમજ અનેક મુક્તો અનેક વિમાન અને રથ લઈ તેડવા પધાર્યા છે, તેઓની સાથે હું અક્ષરધામમાં જાઉં છું જય સ્વામિનારાયણ.''

હે ભક્તો ! તે સમયે ત્યાં ભેગાં થયેલા ગામનાં નર-નારીઓ અને કારજમાં આવેલા દરેક મહેમાનોને મહારાજનાં દર્શન થયાં.

આવું અદ્‌ભૂત અચરજ જોઈને ગામના દરબાર, લીંબાપટેલ, નીલ અને દેવચંદ ઠક્કર તેમજ ગામના ઘણા લોકો કહ્યા મુજબ સત્સંગી થયા અને ભજન-ભક્તિ કરીને તેઓ પણ અંતે અક્ષરધામને પામ્યા.

## ''કંડોરડાનાં જસોદાબેન''

હે ભક્તો ! રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના કંડોરડા ગામમાં બારોટ જ્ઞાતિમાં ગોપાલભાઈ સારા ભક્ત થઈ ગયા છે. તેઓને શ્રીજી મહારાજ સાથે અપાર હેત હતું.

એકવાર શ્રીજી મહારાજ મૂળજી બ્રહ્મચારી સાથે કચ્છમાંથી ગામડાંઓમાં ભક્તોને દર્શનનું સુખ આપતાં આપતાં કંડોરડામાં ગોપાલભાઈને ઘેર સાંજના સમયે પધાર્યા. મહારાજને વિના આમંત્રણે અચાનક આવેલા જોઈ ગોપાલભાઈ અને ડોસાભાઈ રાજી રાજી થઈ ગયા અને તત્કાળ ઢોલીયો ઢાળી સુંદર ગાદલું પાથરી તેના ઉપર ભરત ભરેલ રજાઈ બીછાવી.

મહારાજ ઢોલીયે બેઠા, પછી બન્ને ભાઈઓએ દંડવત પ્રણામ કર્યા. પછી થોડીવાર કથા-વાર્તા કરી મહારાજ પોઢી ગયા. સવારે ઊઠીને ગામને પાદર નદીએ નાહવા પધાર્યા. ત્યાં ઊંડો ધૂનો હતો તેમાં નાહ્યા.

તે સમયે ગામના ઘણા બ્રાહ્મણો પણ નાવા આવ્યા હતા. નદીના કાંઠે આંબલીઓનાં ઘણાં ઝાડ હતા. તે જોઈને મહારાજ બોલ્યા : ''અહીં છાયા બહુ સારી છે.'' ત્યારે લાડવા ખાવા માટે તલપાપડ થયેલ બ્રાહ્મણો બોલ્યા : ''હે સ્વામિનારાયણ ! એ છાયા નીચે બેસીને બ્રાહ્મણો જમે તો છાયા સારી કહેવાય, નહિ તો તે શું કામની ?''

હે ભક્તો ! તુરંત મહારાજે કહ્યું : "ગામમાં જેટલા બ્રાહ્મણો હોય એ બધાને અમારા તરફથી જમવાના નોતરા(આમંત્રણ) દઈ આવો." આવું સાંભળીને બ્રાહ્મણો તો રાજી રાજી થઈ ગયા. બ્રાહ્મણના કંડોરડામા ૧૦૦ ઘર હતા ત્યાં નિમંત્રણ આપી આવ્યા.

મહારાજ સ્નાન કરીને આવ્યા અને ડોસા બારોટને કહ્યું : "અમો બ્રાહ્મણોને જમવાનું નોતરું દઈને આવ્યા છીએ, તો સીધાનો સામાન ક્યાં મળશે ? જે ખર્ચ થશે તે અમે ચૂકવી દઈશું." ત્યારે ડોસાભાઈએ કહ્યું : "મહારાજ ! અહીં જામનગરના રાજા જામસાહેબ આવવાના હતા તે માટે અન્નાદિક સર્વે સામાન લાવ્યા હતા, પણ તેઓ આવ્યા નથી તેથી બધું જ સીધું ગામના ભાદા પટેલના ઘેર તૈયાર જ પડ્યું છે, પણ પટેલ તો બહાર ગામ ગયા છે."

ત્યારે મહારાજે તેને કહ્યું : "બારોટ ! તમે જઈને મારું નામ આપજો એટલે જસોદા પટલાણી બધું જ સીધું આપશે. બારોટે જઈને વાત કરી તેથી પટલાણીએ રાજી થઈને અનાજ-તેલ-ઘી અને લાકડાં બધું જ ગાડાંઓ ભરીને મોકલી આપ્યું. પછી ચોરાશી કરી સેંકડો બ્રાહ્મણ જમ્યા. પછી લાડુ વધ્યા તે ભાદાપટેલને ઘેર અને ગોપાલભાઈને ઘેર મોકલ્યા. ગરીબોને પણ આપ્યા.

હે ભક્તો ! વધેલ બધું સીધું પાછું મોકલ્યું. પટલાણી જસોદાબેને તે જોયું, તો લોટ-ઘી-તેલ વગેરે પહેલાંની જેટલું જ હતું! તેથી તેણે શ્રીજી મહારાજનો પરચો સમજી ભગવાનપણાનો નિશ્ચય કર્યો. પછી મહારાજના કહેવાથી ગોપાલ બારોટ ૩૦૦ કોરી લઈને રકમ ચૂકવવા ગયા, ત્યારે પટલાણીએ ન લીધી. તાણ કરવાથી ફક્ત પાંચ કોરી લીધી ને બારોટને કહ્યું : "મહારાજને તમે કહેજો કે મને અંતકાળે તેડવા પધારે."

પછી બારોટે જઈને મહારાજને વાત કરી. તેથી જ્યારે તે પટલાણી જસોદાબેનનો અંતકાળ આવ્યો. ત્યારે મહારાજ વિમાન લઈને પધાર્યા. ત્યારે તેઓ બોલ્યા : ''સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે. હું તેઓની સાથે તેના ધામમાં જાઉં છું. '' વૈષ્ણવપંથી હોવા છતાં મહારાજની કૃપાથી અક્ષરધામમાં પહોંચી ગયાં.

## ''કંડોરડાના કેશવજી દવે''

હે ભક્તો ! ધોરાજી તાલુકાનું કંડોરડા ગામ છે.ત્યાં કેશવજીદાદા સારા સત્સંગી હતા. બ્રાહ્મણ જ્ઞાતિમાં દવે તેમની અટક હતી. તેમને સંતોનો ખૂબ મહિમા હતો. ખાસ કરીને ગુણાતીતાનંદ સ્વામીને તેઓ વિશેષ કરીને માનતા હતા. તેઓની ગાયને પણ શ્રીજી મહારાજ અક્ષરધામમાં લઈ ગયા હતા, તે પ્રસંગ તમે વાંચી ગયા હશો.

કેશવજીબાપા વૃદ્ધાવસ્થામાં બીમાર થયા. ત્યારે તેમને તેડવા માટે શ્રીજી મહારાજ પધાર્યા. સાથે વિમાન, રથ અને પાલખી પણ લાવ્યા હતા. હરિજી મહારાજ કેશવજી બાપાને ઘેર આવ્યા તે પહેલાં વિરુબાઈ નામના ભાટીયા જ્ઞાતિનાં બહેનને રાત્રીએ દર્શન થયાં.

ત્યારે શ્રીજી મહારાજે બે મુક્ત પાર્ષદોને સાકર અને એલચી લઈને વીરુબેનને આપવા મોકલ્યા, તેથી તેઓ બન્ને વીરુબેન પાસે આવીને તે પ્રસાદી આપવા લાગ્યા. એટલે વીરુબેને પૂછ્યું : ''તમે બન્ને કોણ છો ? અને પાલખીમાં બેઠા છે તે કોણ છે ?''

ત્યારે પાર્ષદોએ કહ્યું : ''એ સ્વામિનારાયણ ભગવાન પોતે છે અને અમો તેમના પાર્ષદ છીએ. તમને ભગવાન ઉપર હેત છે તેથી તેઓએ તમારા માટે પ્રસાદીની સાકર અને એલચી મોકલી છે તે લ્યો.''

આવું સાંભળી વીરુબેન બહુ રાજી થયા અને દૂરથી મહારાજને પંચાંગ પ્રણામ કરીને પ્રસાદી લીધી. પછી પૂછ્યું : "અત્યારે રાત્રીએ તમે અને ભગવાન ક્યાં જાવ છો ?" ત્યારે પાર્ષદોએ જવાબ આપ્યોઃ "આ ગામમાં મહારાજના ભક્ત કેશવજીબાપા દવે બીમાર છે, તેથી તેમને તેડવા જઈએ છીએ." આ પ્રમાણે કહીને મહારાજ અને મુક્ત પાર્ષદો દવેને ઘેર પધાર્યા.

હે ભક્તો ! પછી વીરુબેને તો તેના ભાઈને ઘેર જઈને વાત કરી કે, 'સ્વામિનારાયણ ભગવાન કેશવજીદાદાને તેડવા અક્ષરધામમાંથી આવ્યા છે અને મને દર્શન દઈ આ સાકર ને એલચી પણ આપી ગયા છે."

વીરુબેનની વાત સાંભળી તેના ભાઈ પણ તૈયાર થઈ ગયા. પછી બન્ને ભાઈ-બહેન કેશવજી દવેને ઘેર ગયાં. એ સમયે જ બાપાને ભોંયે લઈ લીધા હતા અને ઉપર સફેદ વસ્ત્ર ઓઢાડેલ હતું. તે જોઈ બન્ને ભાઈ-બેન પોતાનાં ઘેર આવતાં રહ્યાં.

સવારે કેશવજીબાપાના અગ્નિસંસ્કાર કરીને તેના સગાંઓ ઘેર આવ્યા ત્યારે વીરુબેન તેમના ઘેર આવ્યાં. પછી કેશવજી દાદાના દીકરા ચકુભાઈને વાત કરી "તમારા પિતાને સ્વામિનારાયણ ભગવાન તેડવા આવ્યા હતા ત્યારે મને દર્શન દઈને આ સાકર ને એલચી પાર્ષદો દ્વારા આપી છે." એમ કહી સૌને બતાવી.

ચકુભાઈ અને સૌ તે પ્રસાદીની સાકર ને એલચી જોઈને આશ્ચર્ય પામી ગયા અને બોલ્યા : "આવી ચીજ આ લોકમાં હોય નહિ. આ તો અક્ષરધામની જ સાકર ને એલચી છે, માટે અમને તે આપી દ્યો એના બદલે અમો તમને ૧૦૦ કોરી (રૂપિયા) આપીએ."

આવું સાંભળી વીરુબેને કહ્યું : ''આવી પ્રસાદીની દિવ્ય ચીજો મને ફરી નથી મળવાની, માટે મારે નથી વેચવી.'' એમ કહી સાકર અને એલચી લઈ તેઓ પોતાના ઘેર ગયાં.

## ''સૂપેડીનાં ટબીબેન''

હે ભક્તો !રાજકોટ જીલ્લામાં ફરેણી નજીક સૂપેડી નામનું નાનકડું એવું ગામ છે. ત્યાં પ્રહ્લાદ જેવા સહજાનંદી પ્રહ્લાદ ડાહ્યાભગત થઈ ગયા છે. તે ગામમાં શ્રીજી મહારાજનાં પ્રેમી ભક્ત સુતાર જ્ઞાતિમાં ટબીબાઈ નામનાં એક મહિલા ભક્ત થઈ ગયા છે. તેમનો ભાવ જોઈને ભગવાને તેમની પાસે જમવાનું મંગાવ્યું હતું.

વાત જાણે એમ બનેલી કે, શ્રીહરિજી મહારાજ ફરેણી ગામમાં વેલાભાઈ સોનીને ઘેર પધારેલા. રાત્રે જમ્યા પછી સભામાં કથા-વાર્તા કરીને પ્રભુજી પોઢી ગયા. અને રાત્રીએ જ સૂપેડી ગામનાં ટબીબેનને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું : ''ટબી ! કાલે સવારે અમારા માટે ભાતલું (રસોઈ) કરીને ફરેણી ગામ આવજે. અમો ફરેણીમાં આવ્યા છીએ.

હે ભક્તો ! સ્વપ્નમાં મહારાજે દર્શન દીધાં એ હરખમાં ટબીબેનની ઊંઘ ઉડી ગઈ. તેઓ તો વહેલાં બ્રાહ્મમૂહુર્તમાં મૂર્હુત નાહીને ધોયેલાં વસ્ત્રો પહેરી પવિત્ર થઈને બાજરાનો અને ઘઉંનો લોટ લઈ બન્ને ભેગાં કરી ધીમાં તાપે સરસ રોટલા બનાવ્યા અને તેમાં ખાડા પાડીને ઘણું ઘી નાંખ્યું.

પછી દોણામાંથી તરવાળું દહીં લીધું. રોટલા ને દહીંનું ભાત બાંધીને ફરેણી જવાની તૈયારી કરતાં હતાં, ત્યાં તેના પતિએ આવીને કહ્યું : ''અમો ખેતરે બાજરો લણવા જઈએ છીએ, તેથી બપોરે ચાર જણાનું ભાત લઈને આવજે.''

હે ભક્તો ! ટબીબેને તો પ્રભુને જમાડવાના હરખમાં ને હરખમાં પતિના શબ્દો કાન પર જ ન ધર્યા. પછી ભાત બાંધીને ઉતાવળા ઉતાવળા ચાલીને ફરેણી આવી ગયાં. આવતી વખતે પાડોશી બાઈને કહીને આવેલા કે, ''હું ફરેણી ગામમાં મારા ભગવાનનાં દર્શન કરવાં જાઉં છું, માટે મારા પતિ આવે તો તેમને સમાચાર આપી દેજો.''

તેઓ ફરેણી આવ્યાં ત્યારે મહારાજ વેલા સોનીના ઘેરથી રામાનંદ સ્વામી રહેતા હતા તે ધર્મશાળામાં આવીને ઢોલીયા ઉપર બિરાજમાન હતા. તે સમયે ત્યાં ટબીબેન આવ્યાં. મહારાજને પંચાંગ પ્રણામ કરીને બોલ્યાં : ''પ્રભુ ! ભાતલું લાવી છું માટે જમવા પધારો.''

આવું સાંભળી મહારાજ મંદહાસ કરતા ઊભા થયા અને ધાબળી ઉપર બેઠા. ત્યારે ટબીબેન ભાતલાની થાળીમાં રોટલા મૂક્યા અને દહીંની તાંસળી ભરી આપીને જમવાની વિનંતી કરી. તેનો પ્રેમ જોઈને મહારાજ જમ્યા અને પછી ઢોલીયે બીરાજ્યા.

સુપેટી ગામમાં તેના પતિને ખબર પડી એટલે ચાર માણસોને લઈ ફરેણી આવ્યો. તે સમયે મહારાજે ટબીબેનને સમાધિ કરાવી દીધી. ત્યાં તો તેના પતિએ આવીને ખૂબ કાલાવાલા કર્યા, તેથી ટબીબેનને સમાધિમાંથી જગાડ્યાં. પછી તેને પૂછવાથી કહ્યું : ''હું તો અક્ષરધામમાં ગઈ હતી.'' પછી તે તેના ધણી સાથે સૂપેડી ગયાં.

હે ભક્તો ! અમુક વર્ષો ગયાં પછી તેઓ સૂપેડી છોડીને જેતપુર રહેવાં ગયાં હતાં. ત્યાં તેઓ બીમાર થયાં અને બોલ્યાં : ''મારા સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાઉં છું.''

આ પ્રમાણે કહી દેહ છોડી દીધો. તેથી મહારાજે તેમને મુક્તનો દેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયાં. આવો પ્રતાપ જોઈને ટબીબેનનાં સગાં સંબંધીઓ અવાક બનીને જોઈ જ રહ્યા.

## ''ગોંસાઈગંજના સુખપાલ''

હે ભક્તો ! ઉત્તર પ્રદેશમાં લખનૌ શહેરની બાજુમાં ગોંસાઈગંજ નામના શહેરમાં હલવાઈ હુકમચંદભાઈ સારા હરિભક્ત થઈ ગયા છે. તેમના હૈયામાં શ્રીજી મહારાજની અપાર ભક્તિ હતી. ભક્તિ કર્યા વિના વ્યર્થ સમય જવા દેતા નહિ..

એક દિવસ હુકમચંદભાઈનો દીકરો સુખલાલ બીમાર થયો. તેથી પરિવારનાં સૌ સ્ત્રી-પુરુષો તેમની પાસે બેસીને ધૂન કરતાં હતાં. એ સમયે જ શ્રીજી મહારાજ હાથી, રથ વગેરે લઈને મુક્તો સહિત તેડવા પધાર્યા અને સુખલાલને તેડીને ચાલ્યા.

હે ભક્તો ત્યાં બેઠેલાં નરનારીઓમાંથી કોઈને ખ્યાલ ન આવ્યો, પણ તેના પિતા હુકમચંદને દેખાયું કે સુખલાલના કાનમાંથી એક જ્યોત બહાર નીકળી અને તે સમયે જ તેનું શરીર ઠંડું પડી ગયું. તેથી હુકમચંદભાઈને ખ્યાલ આવી ગયો કે સુખલાલને શ્રીજી મહારાજ તેડી ગયા.

તે સમયે તેમને મહારાજનાં દર્શન થયાં તેથી દંડવત-પ્રણામ કર્યા. ત્યાં તો હાથી ઉપર બેઠેલ તેજોમય સ્વરૂપે પોતાના પુત્રને પણ જોયો. જો કે મુક્તનો આકાર તો મહારાજ જેવો જ હોય છે, પણ ઓળખી શકે તે માટે મહારાજ જ મનુષ્ય આકાર બતાવતા હોય છે.

હે ભક્તો ! સુખલાલને હાથી ઉપર બેસાડીને મહારાજ છપૈયા બાજુ જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં નદી કિનારે ગોંસાઈગંજના

બ્રાહ્મણ મોરલીધર ત્યાં મળ્યા. તેમણે જોયું તો હાથી ઉપર સુખલાલ બેઠો હતો અને તેમણે હીરા-મોતી સોનાં વગેરેનાં અનેક ઘરેણાં પહેરેલાં હતાં. તથા તેઓની આસપાસ સંતો રથમાં બેસીને કીર્તનો ગાઈ રહ્યા હતા.

આવું જોઈને મોરલીધરે બૂમ પાડીને કહ્યું : "સુખલાલ ! આટલાં બધાં ઘરેણાં પહેરીને એકલો ક્યાં જાય છે ? તારા માતા-પિતા તો સાથે નથી. આ સાધુઓ તને ઉપાડી જાય છે કે શું ?" ત્યારે હસતા-હસતા સુખલાલે કહ્યું : "ઓ ભૂદેવ ! હું ક્યારેય છપૈયા ગયો નથી, તેથી મારા ભગવાન મને ત્યાં દર્શન કરવાં લઈ જાય છે અને આ બધા દાગીના તેમણે જ પહેરાવ્યા છે. તમે મારાં માતા-પિતાને કહેજો કે, હું છપૈયા જાવ છું અને છઠ્ઠા દિવસે સવારે મહારાજની સાથે હું મારા ઘેર આવીશ." આ રીતે કહીને તે મહારાજ સાથે છપૈયા ગયો.

હે ભક્તો ! પછી મોરલીધરે ગોંસાઈગંજ જઈ સર્વે વાત કરી તેથી સુખલાલનાં સગાંઓને ખૂબ આનંદ થયો. અને છઠ્ઠા દિવસની રાહ જોવાં લાગ્યાં  છઠ્ઠા દિવસે સુખલાલનાં માતા સવારે વહેલાં ઊઠી દીકરો યાદ આવતા રડવાં લાગ્યાં. તે સમયે શ્રીજી મહારાજ સુખલાલને કીમતી આભૂષણો પહેરાવીને ત્યાં પ્રગટ થયા અને બોલ્યાઃ "આ રહ્યો તમારો દીકરો. અમે એને કેટલાં બધાં ઘરેણાં પહેરાવ્યાં છે તે જુઓ."

હે ભક્તો ! ત્યારે સુખરામ બોલ્યા : "હે માતા ! મને મહારાજ બહુ જ સાચવે છે, મારું તેજસ્વી શરીર કેવું સુંદર લાગે છે ? મને કેટલા બધા દાગીના પહેરાવ્યા છે તે જુઓ. હું બહુ સુખી છું, માટે હવે રડશો નહિ. હવે હું જાવ છું." આટલું કહીને તે પાટ ઉપર

બેઠેલ મહારાજ પાસે ગયો. પછી બન્ને અંતર્ધાન થઈ ગયા. પછી આ પ્રસંગની વાત હુકમચંદને તેનાં પત્નીએ કહી તેથી તેઓ ખૂબ રાજી થયા.

## "ઉપલેટાના સવજી મહારાજ"

હે ભક્તો ! રાજકોટ જીલ્લાના ઉપલેટામાં બ્રાહ્મણ જ્ઞાતિમાં સવજી મહારાજ પણ સારા સત્સંગી અને સમાજમાં આગેવાન હતા. તેઓ શાસ્ત્રી હતા અને તેના દીકરા સુંદરજી ભાઈ પણ શાસ્ત્રી હતા. તેઓ સંસ્કૃતનો અભ્યાસ પણ કરાવતા હતા.

સવજીભાઈ શાસ્ત્રીએ ગોપાળાનંદ સ્વામીના અને ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન કરેલાં અને થોડો સમાગમ પણ કરેલો, પણ સત્સંગી થયા ન હતા. પછી તેમણે મહા-વિદ્વાન એવા બ્રહ્મચારી અચિંત્યાનંદ સ્વામીના સમાગમને કારણે તેઓની પાસે વર્તમાન ધરાવી પાકા સત્સંગી થયા હતા.

ઉંમર થતાં તેઓ બીમાર થયા. પછી એક દિવસ સવજી મહારાજે તેના પુત્ર સુંદરજીભાઈને બોલાવીને કહ્યું : "સુંદરજી ! મેં વર્તમાન ધરાવ્યાં ત્યારથી કામ તો નીકળી ગયો હતો અને હવે, ક્રોધ, માન, લોભ અને તૃષ્ણા પણ જતાં રહ્યાં છે." ત્યારે સુંદરજી શાસ્ત્રીએ પગ દાબતા દાબતાં કહ્યું : "બાપા ! પટારાની કુંચી (ચાવી) હાથે બાંધી રાખી છે તે મને આપી દ્યો તો તૃષ્ણા ગઈ કહેવાય."

હે ભક્તો ! દીકરાની આવી માગણી સાંભળી સવજી મહારાજે કહ્યું : "હું શ્રીજી મહારાજને કાલે પૂછીને પછી ચાવી આપીશ." પછી બીજે દિવસે મહારાજની પ્રાર્થના કરી તેથી શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : "ભક્ત ! પટારાની ચાવી દીકરાને આપી દેજો.

અમો જેઠ મહિનાની પૂનમે બપોરના બે વાગ્યે તમને અક્ષરધામમાં લઈ જઈશું.''

પછી સવારે સુંદરજી શાસ્ત્રીને બોલાવીને કહ્યું : '' લે દીકરા, આ પેટીની કુંચી. મને આ પૂનમે બે વાગ્યે મહારાજ તેડવા આવવાના છે.'' આ રીતે કહીને પછી સવજી મહારાજ અંતરવૃત્તિ કરીને ભજન કરવા લાગ્યા. '' એમ કરતાં પૂનમ આવી. ત્યારે સવજી મહારાજ કહે : '' તું ગાયનું છાણ લીંપીને પછી જજે અને વાળંદને મોકલજે, મારે હજામત કરાવવી છે.''

હે ભક્તો ! પછી સુંદરજીભાઈએ વાળંદને મોકલ્યો, તેથી તેણે આવીને વતું કર્યું. પછી સવજીબાપા નાહ્યા અને ધોયેલાં વસ્ત્રો પહેરી નવી કંઠી અને નવી જનોઈ પહેરી માળા ફેરવવા લાગ્યા. લોકોને ખ્યાલ આવતા નર-નારીઓ તેમને ઘેર આવવાં લાગ્યાં.

પાઠાશાળામાં સુંદરજી શાસ્ત્રીએ વિદ્યાર્થીઓને કહ્યું : ''મારા અદા (પિતા) બે વાગ્યે દેહ મેલવાના છે, માટે હું ઘેર જાઉં છું.'' ત્યારે વિદ્યાર્થીઓ કહેવા લાગ્યા : ''તમો જાઓ, અમો ગોપીચંદન અને ગંગાજળ લઈને આવીએ છીએ.'' પછી સુંદરજીભાઈએ ઘેર જઈને કહ્યું : ''બાપા ! જો ખોટું પડશે તો ગામમાં આપણી ઠેકડી થશે ને લોકો કહેશે કે, 'સ્વામિનારાયણવાળા ખોટું બોલે છે.''

ત્યારે સવજી ભક્ત બોલ્યા : ''શું ખોટું પડશે ? ભગવાન કાંઈ ખોટું બોલતા હશે ? તું તલને છાણ પર છાંટી દે.'' પછી તે પ્રમાણે કર્યું. ત્યાં તો વિદ્યાર્થી ગંગાજળ લાવ્યા. તે સવજી ભક્ત પી ગયા અને છાણ લીંપેલ ભૂમિ ઉપર બેસીને બોલ્યા : ''જુઓ શ્રીજી મહારાજ અનેક મુક્તોને લઈને પધાર્યા છે, હું અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.'' આમ કહી મહારાજ સાથે દિવ્યરૂપે

ધામમાં પહોંચી ગયા. હે ભક્તો ! ગામના અઢીસો માણસો જોવા આવેલા, તે આવું જોઈને આશ્ચર્ય પામી ગયા.

## "ઉપલેટાના લાલાબાપા"

હે ભક્તો ! ઉપલેટામાં તો પટેલ જ્ઞાતિમાં અનેક મહાન ભક્તો થઈ ગયા છે. તેમાં મહાન ભક્તરાજ લાલાભાઈનો પણ સમાવેશ થાય છે. તે લાલાભાઈની મહાનતા દેવોના રાજા ઈન્દ્રદેવ પણ સમજતા હતા. તેઓ પણ ઘણીવાર ઉપલેટા આવીને લાલા બાપાને દંડવત પ્રણામ કરીને પૂજ્યભાવે નમસ્કાર કરી પોતાને કૃતાર્થ સમજતા.

ઈન્દ્ર એકલા જ લાલાદાદાનો મહિમા સમજતા એમ નહિ, પણ સંહારના દેવ મહાદેવને પણ તેઓનો મહિમા હતો.એક વખત શિવ-શંકરે વરડામાં બીલેશ્વર મહાદેવે શ્રાવણ મહિનામાં લાડવા ખાવા આવતા ઉપલેટાના બ્રાહ્મણ જાદવજી મહારાજને પણ કહ્યું હતું કે, " તું ઉપલેટા જઈને લાલાભાઈ પાસે વર્તમાન ધરાવી સત્સંગી થજે."

આવા મહાન દેવો પણ લાલાદાદાનો મહિમા સમજતા હતા, તો એ ભક્ત કેટલા મહાન હશે ? તેઓ શ્રીજી મહારાજની કૃપાથી સમાધિ કરીને અક્ષરધામમાં પણ જઈ શકતા અને શ્રીજી સાથે વાત-ચીત પણ કરી શકતા. તેઓ ખેતી કરતા, તેથી જોવામાં સામાન્ય લાગતા, પણ સ્થિતિએ કરીને બહુ જ મહાન હતા. તેઓએ અનેકવાર ગઢપુર જઈ મહારાજનાં દર્શન પણ કર્યા હતાં.

આવા મહાન મુક્તરાજ લાલાબાપાની ઉંમર થઈ તેથી ઘડપણને કારણે તેઓ બીમાર થયા. પણ ત્રણ દેહથી અલગ રહેતા આ ભક્તને

બીમારીની કોઈ પીડા જણાતી નહિ. તેઓને તો હવે અક્ષરધામમાં જઈને મહારાજની નિત્ય સેવામાં જ રહી જવું હતું, તેથી આ લોકથી ઉદાસ થઈ ગયા. પછી પોતાનાં સગાં-સંબંધીઓને બોલાવીને કહ્યું : "મને આ લોકની કોઈ વાસના નથી. હવે મારે ધામમાં જવું છે. મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય હેત રાખવા જેવું નથી, માટે હવે ધૂન-ભજન શરૂ કરો."

હે ભક્તો ! સંબંધીઓ અને હરિભક્તોએ ધૂન-ભજન શરૂ કર્યા ત્યારે લાલાદાદા બોલ્યા : "જુઓ, ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી વગેરે મુક્તોને સાથે લઈ શ્રીજી મહારાજ દિવ્ય રથ લઈને મને તેડવા પધાર્યા છે."આ પ્રમાણે કહી દેહ છોડી દીધો. ત્યારે દિવ્ય દેહ આપીને મહારાજે રથમાં બેસાડ્યા અને પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

દાદાએ દેહ મૂક્યો એટલે હરિભાઈને ખેતરથી બોલાવવા માટે એક માણસ ઉતાવળો ચાલીને વાડી તરફ જવા લાગ્યો. ત્યારે રસ્તામાં એક આહિર જ્ઞાતિનો માણસ મળ્યો. તેણે પૂછ્યું : "તું ઉતાવળો ઉતાવળો ચાલીને ક્યાં જાય છે ? "પેલાએ કહ્યું : "લાલાદાદા મૃત્યુ પામ્યા છે તેથી હરિભાઈને બોલાવવા જાઉં છું."

આવું સાંભળી આહિર બોલ્યો : "અરે ! એ કેમ બને ? હજુ હમણા તો મેં તેમને એમના ભગવાન, સ્વામિનારાયણ અને સંતો સાથે રથમાં બેસીને જાળીયાને રસ્તે જતા જોયા છે." ત્યારે પેલો કહેઃ "તેમને ભોંયે લીધેલા નજરે જોઈને તો હું ખેતરે બોલાવા જાઉં છું."

હે ભક્તો ! પછી પેલો આહિર મુમુક્ષુ જાતે ખાતરી કરવા લાલા બાપાને ઘેર ગયો, તો તેઓને સફેદ વસ્ત્ર ઓઢાડીને પૃથ્વી પર

સુવડાવેલા જોયા. પછી તેમણે સર્વેને પરચાની વાત કરી અને સત્સંગના વર્તમાન ધરાવી પોતે પણ સત્સંગી થઈને ભજન કરી અંતે અક્ષરધામમાં પહોંચી ગયો.

## ''ઉપલેટાના અરજણદાદા''

હે ભક્તો ! ઉપલેટામાં મહાન મુક્ત મલાઈબા થઈ ગયાં છે, એવાં જ મહાન ભક્ત પટેલ જ્ઞાતિમાં અરજણભાઈ પણ થઈ ગયા છે. તેઓ જીતેન્દ્રિય ગૃહસ્થ હતા.તેઓ મહારાજના સમયમાં થઈ ગયા છે. તેમને મહારાજનાં મનુષ્યરૂપે ઘણી વખત દર્શન પણ થયાં હતાં.

એ અરજણ ભગતની દૃષ્ટિ એટલી બધી પોતાના કાબુમાં હતી કે, પોતાની સગી દીકરીના ગાલે કાળુ લાખું (કાળો ડાઘ) હતું, તે પણ તેમને ખબર નહોતી ! ધર્મનિયમમાં અને આજ્ઞા-ઉપાસનામાં તેઓ પાકા હતા. ગૃહસ્થ હોવા છતાં સંસારમાં જળકમળવત રહેતા હતા.

સમય જતા તેઓ વૃદ્ધ થયા. ગઢપણને કારણે અશક્તિ આવી અને બીમાર થયા. ચાર વર્ષ સુધી સતત બીમાર રહ્યા. બીમારીમાં તેમના દીકરા જેરામભાઈએ બહુ સેવા કરી પિતાનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો.

એક દિવસ જેરામભાઈને મનમાં સંકલ્પ થયો : ''મારા પિતા તો શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત છે, ધર્મ-નિયમ આખી જીંદગી પાળ્યાં છે અને ભજન-ભક્તિ પણ સતત કર્યા જ કરે છે, તો પણ મહારાજ તેને તેડવા કેમ નહિ આવતા હોય ? મારા પિતાને મહારાજ ભૂલી ગયા હશે ?''

હે ભક્તો ! આ પ્રમાણે જેરામભાઈ સંકલ્પ કરીને રાત્રીએ સૂતા. તેજ રાત્રીએ મહારાજ માણકી ઘોડીએ બેસીને ઉપલેટા આવ્યા અને જેરામભાઈને ઘેર જઈ તેને જગાડ્યા ! તેથી જેરામભાઈ એકદમ જાગીને દંડવત્ કરવા લાગ્યા અને પછી હાથ જોડીને મહારાજ સામે ઊભા રહ્યા.

ત્યારે મહારાજે કહ્યું :''જેરામ ! શું સંકલ્પ કરીને સૂતો હતો ? અમે તારા પિતાને ભૂલી જઈએ તેવા નથી. અમારે તેનું આત્યંતિક કલ્યાણ કરવું છે, તેથી રાખ્યા છે, કારણ કે તેમને આ લોકની જરાક શુભ-વાસના રહી છે, તેથી તેને મંદવાડ ભોગવાવીને નિર્વાસનિક કરીને લઈ જવા છે. હવે તેઓને સંસારની થોડી શુભ વાસના આઠ દિવસમાં મટી જશે, તેથી આજથી આઠમે દિવસે અમો તેમને અક્ષરધામમાં તેડી જશું.''

આ પ્રમાણે કહીને પ્રભુ બોલ્યા : ''અમોને ભૂખ લાગી છે, માટે ચોખા રાંધો.''જેરામભાઈ તો રાજી રાજી થઈ ગયા અને તુરંત જાતે જ તેમણે ચોખા (ભાત) રાંધ્યા. તેમાં સાકર અને ઘી નાખ્યું અને સાથે દહીં લીધું. પછી તે શ્રીજી મહારાજને જમાડ્યું. જમીને મુખવાસ લઈ મહારાજે કહ્યું : ''જેરામ ! તમારા પિતાને ચાર વર્ષ બીમારી રહી છે, તેથી તમારા સગાં ફાવે તેમ બોલે છે. પણ એ બીમારી તો અમારી મોકલેલ હતી, તેથી તમારે સંબંધીઓનું કાંઈ સાંભળવું નહિ.'' આ પ્રમાણે કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! પછી આઠમે દિવસે અરજણદાદાને ખ્યાલ આવી ગયો, તેથી જેરામભાઈને કહ્યું : ''મારે આજે ચાર વાગ્યે દેહ મેલીને અક્ષરધામમાં જાવું છે. માટે સગાંઓને કહી આવ કે તેઓ બધા ચાર વાગ્યે મારી પાસે હાજર રહે.'' પછી બધા હાજર રહ્યા. ત્યારે

અરજણદાદાએ સૌને ધૂન કરવાનું કહ્યું. ધૂન શરૂ થઈ ત્યાં તો તેઓ બોલ્યાઃ " આ જુઓ, શ્રીજી મહારાજ વિમાન લઈને મને તેડવા પધાર્યા છે, હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ." આ રીતે કહીને દેહ છોડી દીધો. પછી મહારાજ દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## "ઉપલેટાનાં મલાઈ મા"

ઉપલેટામાં બારીયા અટકના નથુભાઈનાં બહેન મલાઈબાઈ હતાં. તેઓનાં લગ્ન ફરેણી ગામમાં થયેલાં, પરંતુ વિધવા થવાથી અને સંતાનો ન હોવાથી તેઓ ઉપલેટા આવી પોતાના ભાઈ નથુભાઈના વધારાના એક ઘરમાં રહેતાં હતાં. તેઓ મહારાજનાં સારા ભક્ત હતાં. તેમણે ઉપલેટા ગામમાં બાઈઓને કથા-વાર્તા કરી કરીને સત્સંગ કરાવ્યો હતો, એવાં તો બળીયાં હતાં. તેમણે તેમની જેઠાણી રૂપબાઈને પણ સત્સંગ કરાવ્યો હતો.

તે રૂપબાઈને પશુઓ ઘણાં હતાં, પણ ઓગણોતેરા (વિ. સંવત્૧૮૬૯) કાળમાં બધાં જ મરી ગયાં હતાં. તેઓને અનાજ પણ બરાબર સમયે ખાવા મળતું નહિ, એવી પરિસ્થિતિ આવી ગઈ હતી. આવા સમયે તેમણે ડુંગળી-લસણ ખાવાનું શરૂ કરી દીધેલ; પણ સારાં વર્ષો થયાં એટલે ડુંગળી-લસણ ખાવાનું બંધ કરી દીધું હતું.

એક વખત મલાઈબેન અને ઉપલેટાનાં અનેક બહેનો ગઢડા મહારાજનાં દર્શન કરવાં ગયાં. મલાઈબેને મહારાજને પંચાંગ પ્રણામ કર્યા અને બહેનોની સભામાં બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું : "મલાઈબાઈ ! તમારાં જેઠાણી રૂપબાઈ કેમ આવ્યાં નથી ?" તેથી

મલાઈબાઈએ કહ્યું : ‘‘મહારાજ ! તેણે નવું ઘર કર્યું છે. તેણે વિધવા થયાં પછી બીજો પતિ કર્યો છે.’’

આવું સાંભળી મહારાજ સહેજ હસ્યા પછી બોલ્યા : ‘‘તમે બીજીવાર સમૈયામાં આવો ત્યારે તેને સાથે તેડતાં આવજો.’’ પછી મલાઈબેન વગેરે સ્ત્રી-ભક્તો ગઢડામાં પાંચ દિવસ રોકાઈને ઉપલેટા ગયા.

હે ભક્તો ! ફરીને જ્યારે સમૈયામાં ગઢપુર જવાનું થયું ત્યારે તેમણે તેમનાં પૂર્વનાં જેઠાણીને મહારાજનો સંદેશો આપ્યો, તેથી તેઓ પણ ગઢડા ગયાં. ત્યાં તેણે શ્રીજી મહારાજનાં દર્શન કર્યા અને પછી બહેનોની સભામાં જઈને બેઠાં.

તે સમયે બહેનોની સભામાં જીવુબાએ વાત કરી : ‘‘જેણે સત્સંગ કર્યો હોય તેણે ક્યારેય પણ ડુંગળી-લસણ ખાવાં નહિ અને બજર પણ સુંઘવી નહિ. શ્રીજીમહારાજે આવી અભક્ષ્ય વસ્તુઓ ખાવાની ના કહી છે. માટે જે મહાપ્રભુની આજ્ઞા લોપશે તેને બદરીકાશ્રમમાં તપ કરાવીને શુદ્ધ કર્યા પછી જ મહારાજ ધામમાં લઈ જશે.’’ તેથી આજ્ઞામાં ફેર પાડવો નહિ. કેમ જે થોડા કાળ જીવવું છે, માટે ધર્મ-નિયમો બરાબર પાળવાં.’’

હે ભક્તો ! પછી તે બહેનો થોડા દિવસ ત્યાં જીવુબા સાથે સત્સંગ કરીને પાછી ઘેર આવી. મલાઈબાઈ તો હંમેશા બાઈઓનાં મંદિરે જઈ બહેનો આગળ કથા-વાર્તા કરતા. પછી તો તેમને સમાધિ થવા લાગી અને મહારાજની મૂર્તિ અખંડ દેખવાં લાગ્યાં અને સમાધિ કરીને હરિજી પાસે અક્ષરધામમાં પણ જવાં લાગ્યાં.

થોડાં વર્ષો પછી મલાઈમાનાં જેઠાણી રૂપબાઈ બીમાર થયાં અને શ્રીજી મહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા. ભૌતિક દેહ

મૂકાવી બીજો દેહ આપી વિમાનમાં બેસાડી બદરીકાશ્રમમાં એક પહાડની ધાર ઉપર ઉતારીને પ્રભુ અક્ષરધામમાં જતા રહ્યા. પછી થોડા દિવસ બાદ મલાઈબાઈ સમાધિ કરીને અક્ષરધામમાં ગયાં. ત્યાં મહારાજને પંચાંગ પ્રણામ કરીને ચારેબાજુ જોવાં લાગ્યાં. પણ રૂપબાઈને જોયા નહિં; તેથી મહારાજને પૂછ્યું : ‘‘હે દયાળુ ! રૂપબાઈ કેમ દેખાતાં નથી ? તે ક્યાં ગયાં છે ?’’

ત્યારે મહારાજે કહ્યું : ‘‘તેણે લસણ-ડુંગળી ખાધાં હતાં તેથી અમો પ્રાયશ્ચિત કરાવવા બદરીકાશ્રમ મૂકીને અહીં આવ્યા છીએ. ત્યાં તેઓ ત્રણ વર્ષ સુધી રહેશે ત્યારે શુદ્ધ થશે, પછી અક્ષરધામમાં આવશે. પૃથ્વી પર તેમણે એક વર્ષ સુધી ડુંગળી-લસણ ખાધાં, પછી બંધ કરીને તેણે પ્રાયશ્ચિત પણ કર્યું નહોતું અને પસ્તાવો પણ કર્યો નહોતો, તેથી તેને બદરીકાશ્રમમાં મૂકી છે.’’

હે ભક્તો ! પછી મલાઈમા સમાધિમાંથી જાગ્યા અને બાઈઓ-ભાઈઓ સર્વેને વાત કરી કે, ‘‘જો ડુંગળી-લસણ ખાશો તો રૂપબાઈની જેમ મહારાજ બદરીકાશ્રમમાં મૂકશે અને શુદ્ધ કરાવીને પછી જ અક્ષરધામમાં લઈ જશે– માટે જો સીધા જ અક્ષરધામમાં જવું હોય તો ડુંગળી-લસણ ખાતાં નહિ અને જો ખાધાં હોય તો મહારાજ આગળ માફી માગીને પ્રાયશ્ચિત કરીને અથવા પસ્તાવો કરીને ફરી કદી નહિ ખાવાનો નિયમ લઈ લેજો.’’

હે ભક્તો ! ‘ત્રણ વર્ષ પછી અક્ષરધામમાં રૂપબાઈ આવશે.’ આ પ્રમાણે શ્રીહરિજી મહારાજે કહ્યું હતું, તેથી મલાઈબેન ત્રીજાં વર્ષે સમાધિમાં બેઠાં ને અક્ષરધામમાં ગયાં. જઈને જોયું ત્યાં તો રૂપબાઈને ત્યાં જોયાં ! તેથી મલાઈબેને તેને પૂછ્યું : ‘‘તમે ક્યાં ગયાં હતાં ?’’ ત્યારે રૂપબાઈ બોલ્યાં : ‘મેં લસણ-ડુંગળી ખાધાં હતાં, તેથી તપ

કરાવવા માટે મને મહારાજે બદરીકાશ્રમમાં મૂકી હતી, પણ હવે કાયમ અહીંયા જ રાખશે.'' પછી મલાઈમા સમાધિમાંથી જાગ્રત થયા અને સર્વેને વાત કરી કે, ''રૂપબાઈ અક્ષરધામમાં પહોંચી ગયાં છે.'' તે પછી મલાઈમાએ ઘણી બહેનોને સત્સંગ કરાવ્યો હતો.

સમય જતા એક દિવસ તેઓ અવસ્થાને કારણે બીમાર થયાં અને આયુષ્ય પૂરી થઈ, તેથી શ્રીજી મહારાજ વિમાન-રથ વગેરે અનેક દિવ્ય વાહનો લઈ અનેક મુક્તો સહિત મલાઈમાને તેડવા પધાર્યા.

મલાઈમાએ સર્વે સત્સંગી ભાઈઓ તથા બહેનોને કહ્યું : ''જુઓ મહારાજ અને મુક્તો મને તેડવા માટે અક્ષરધામમાંથી પધાર્યા છે, તેથી હું તેઓની સાથે જાઉં છું – જય સ્વામિનારાયણ.'' આ રીતે કહીને દેહ છોડી દીધો. પછી મહારાજ તેમને મુક્તનો દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''ભાયાવદરના નાનાભાઈ''

હે ભક્તો ! રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકામાં ભાયાવદર નામનું એક ગામ આવેલ છે. સંપ્રદાયના સુપ્રસિદ્ધ વચનસિદ્ધ મહાપુરુષદાસજી સ્વામીનું જન્મ સ્થળ પણ ભાયાવદર ગામ જ છે. તે સિવાય કેશવ ભગત જેવા મહાન ભક્તની પણ જન્મભૂમિ તે છે. ત્યાં વસતા ભગત પણ મહાન ભક્ત થઈ ગયા છે.

આ ભાયાવદરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં નાનાભાઈ નામના એક ભક્ત થઈ ગયા છે. તેને સંતોનો યોગ થવાથી સત્સંગી થયા. પૂર્વના સંસ્કારી હોવાથી સત્સંગને શિર સાટે રાખતા હતા. નાનાભાઈ હરિભક્ત થયા, એટલે ગામના જ શક્તિપંથી બ્રાહ્મણોએ તેઓને

સત્સંગ છોડાવવા બહુ ઉપાધિ કરી, પરંતુ તેમણે દુઃખ સહન કરીને પણ સત્સંગ રાખ્યો હતો.

એક વખત શ્રીજી મહારાજ નાનાભાઈના ઘેર ભાયાવદર પધાર્યા. તેથી તેઓ ખૂબ જ રાજી થયા. પછી તેમનાં ધર્મ-પત્નીએ થાળ કર્યો, એટલે મહારાજ જમ્યા. પછી નાનાભાઈએ કહ્યું : ‘‘અમારા ગામમાં કોઈ નવા સત્સંગી થતાં નથી, માટે કૃપા કરો તો ગામમાં સત્સંગ વધે.’’

નાનાભાઈની ઈચ્છા જાણીને મહારાજ બોલ્યા : ‘‘હે ભક્તરાજ ! થોડાં વર્ષ પછી અહીં સારો સત્સંગ થશે. બ્રાહ્મણોમાં અને પટેલોમાં સત્સંગ થશે અને ગામમાં અમારું મંદિર પણ થશે.’’ આવું વરદાન આપીને શ્રીજી મહારાજ ભાયાવદરથી અન્ય ગામડાંઓમાં ભક્તોને દર્શન દેવા માટે પધાર્યા.

હે ભક્તો ! સમય જતાં ભાયાવદરથી નાનાભાઈ અને કાલાવડથી હરિભક્ત જાદવજીભાઈ ખત્રી, એ બન્ને ભક્તો વરતાલમાં મહારાજનાં દર્શન કરવાં ગયા હતા. ત્યાં પાંચ દિવસ રોકાઈને ઘેર પાછા જવા માટે બન્ને મહારાજ પાસે રજા માગવા ગયા. ત્યારે મહારાજે પૂછ્યું : ‘‘કયા રસ્તે ચાલીને સોરઠમાં જશો ?’’ ત્યારે બન્ને કહે : ‘અમદાવાદના રસ્તે ચાલીશું.’’ આવું સાંભળી શ્રીહરિજીએ કહ્યું : ‘‘એ બાજુના રસ્તે ન ચાલતા ત્યાં તો લૂંટારાઓ માણસોને લૂંટીને મારી નાખે છે, માટે રસ્તો બદલી નાખજો.’’

હે ભક્તો ! મહારાજે સ્પષ્ટ ના કહી હતી, છતાં પણ આજ્ઞા લોપી એ જ રસ્તે બન્ને ચાલવા લાગ્યા. તેથી પાછળ ચોર આવ્યા ને ઝપાઝપીમાં બન્ને મરાયાં. આ વાતની ભાયાવદરમાં નાનાભાઈનાં માતા લીલાબા તથા તેમનાં પત્ની રાજબાઈને ખ્યાલ આવ્યો તેથી

તેમની પાછળ દાડો (બારમું) કર્યો અને સૂતક પાળ્યું. એ સમયે કુસંગી લોકોએ કહ્યું કે, "સ્વામિનારાયણે તેને સાધુ બનાવી દીધા હશે અને મરી ગયા, એમ તમોને સમાચાર પહોંચાડ્યા હશે."

કુસંગીની ઝાળમાં ફસાઈને નાનાભાઈનાં માતા લીલાબા ગઢડા આવ્યાં ને મહારાજને કહ્યું : "તમોએ મારા દીકરાને સાધુ બનાવી દીધો છે, માટે મને મારા દીકરાનાં દર્શન કરાવો."

ત્યારે મહારાજે કહ્યું : "માજી ! તમોને કોઈએ ભરમાવ્યા છે, તેથી આમ બોલો છો, તમારા દીકરાને અને કાલાવડના જાદવજીને ગુજરાતમાં લૂંટારાએ મારી નાખ્યા છે. અમોએ એ રસ્તે ચાલવાની ના કહી હતી તો પણ તેઓ ત્યાંથી ચાલ્યા ને મોતને પામ્યાં.

હે ભક્તો ! ત્યારે લીલાબા કહે : "તે તો તમારો ભક્ત હતો, તેથી મરીને તમારા ધામમાં તો ગયો હશે ને ? તો પછી મને સમાધિ કરાવીને ધામમાં મોકલો ને મારા નાનાનાં દર્શન કરાવો."

માજીના કહેવાથી મહારાજે તેને સમાધિ કરાવી તેથી માજી ધામમાં ગયાં. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર શ્રીજી મહારાજ બેઠા હતા અને નાનાભાઈ તથા જાદવજીભાઈ પણ ત્યાં બેઠેલા માજીએ જોયાં. તેથી લીલાબા ભાવવિભોર થઈ ગયાં. ત્યારે નાનાભાઈ કહે : "અમોને ચોર-લૂંટારાએ મારી નાખ્યા હતા, પણ સ્વામિનારાયણ ભગવાનના અમો બન્ને ભક્ત હોવાથી તેઓ અમને દિવ્ય વિમાન લઈને અહીં લાવ્યા છે. અહીં અમો બહુ જ સુખી છીએ. તમારે કાંઈ ચિંતા કરવી નહિ."

હે ભક્તો ! લીલાબાને સમાધિ ઉતરી તેથી મહારાજને કહ્યું : "મારો નાનો તો ધામમાં છે, પણ હવે અમે બન્ને વિધવા એકલી થઈ

ગઈ. એક મરશે ત્યારે બીજીની જિંદગી કેમ જશે ?'' ત્યારે દયાળુ પ્રભુ બોલ્યા : ''તમારો બન્નેનો દેહ ફક્ત છ મહિનાના અંતરે પડશે. હું બન્નેને અંતકાળે લેવા આવીશ ને મારા ધામમાં લઈ જઈશ.''

પછી સમય જતાં બન્ને બહેનો છ છ મહિનાના અંતરે મૃત્યુ પામ્યાં, તેથી બન્નેને મહારાજ ધામમાં લઈ ગયા.

## ''ભાયાવદરના મૂળજી ભગત''

હે ભક્તો ! ભાયાવદરમાં પટેલ જ્ઞાતિમાં મૂળજીભાઈ નામના મહારાજના એકાંતિક ભક્ત હતા. તેઓ નિષ્કામી અને નિર્લોભી વર્તમાન દૃઢપણે પાળતા હતા. તેઓ મહારાજને સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ માનીને ભજન કરતા હતા.

શ્રીજી મહારાજ જ્યારે જૂનાગઢ રાધારમણદેવની પ્રતિષ્ઠા કરવા પ્રેમથી પધારેલા, ત્યારે વિ.સંવત ૧૮૮૪ના વૈશાખ વદ બીજને દિવસે મૂળજીભાઈએ મહારાજનાં દર્શન કરેલાં. ત્યારે તેમની ઉંમર નાની હતી. સમૈયામાં પણ તેઓએ મહારાજનાં દર્શન કરેલાં.

હે ભક્તો ! તેઓને કેવળ શ્રીજી મહારાજનો જ મહિમા નહોતો, સંતોને પણ તેઓ ખૂબ માનતા અને પૂજતા હતા. સંતો જ્યારે જ્યારે ભાયાવદર કથા-વાર્તા કરવા આવતા, ત્યારે ત્યારે તેઓ સંતોને પોતાના ઘરે લઈ જઈને રસોઈ આપતા. સંતો પોતાના ઘેર આવીને રસોઈ બનાવીને પોતાના જ ઘેર જમે એવો આગ્રહ રાખતા, એવો સંતોનો મહિમા હતો.

એક વખત વૃદ્ધાવસ્થામાં તેઓ ઘેર સૂતા હતા. ત્યારે શ્રીહરિજી મહારાજે દર્શન દઈને કહ્યું : ''મૂળજી ભગત ! જાગો છો ? અમો તમને તેડવા આવ્યા છીએ. આવવું છે અક્ષરધામમાં કે હજુ અહીં

રહેવું છે ?'' મહારાજને દંડવત પ્રણામ કરી હાથ જોડી મૂળજી ભગત બોલ્યા : ''હે મારા વહાલા ! અહીં શું છે ?' હું તો ઘણા સમયથી તમારી રાહ જોઈ રહ્યો હતો.''

હે ભક્તો ! આ પ્રમાણે મહારાજને કહીને મૂળજી ભગતે પોતાના દીકરા કાનજીભાઈને જગાડ્યા અને કહ્યું : ''આ જો, શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે. સાથે સંતો પણ પધાર્યા છે. તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. '' આ પ્રમાણે કહી ઘણી મોટી ઉંમરે સંવત્ ૧૯૫૦ના ભાદરવા વદ પાંચમે અક્ષરધામમાં પહોંચી ગયા.

## ''ભાયાવદરના પીતાંબર જોશી''

હે ભક્તો ! ભાયાવદરમાં બીજા એક સારા સત્સંગી જોશી અટકના પીતાંબર ભગત હતા. તેઓ શ્રીજી મહારાજની આજ્ઞા અણીશુદ્ધ પાળતા હતા. તેમણે શ્રીજી મહારાજનાં દર્શન ઘણી વખત કરેલાં. અર્થાત્ તેઓ શ્રીજી મહારાજના સમકાલીન હરિભક્ત હતા. તેઓએ પણ જૂનાગઢમાં જ્યારે રાધારમણદેવ મહારાજે પધરાવ્યાં ત્યારે ત્યાં શ્રીહરિજીનાં દર્શન કરેલાં.

પછી સમય જતાં પીતાંબર બાપાની ઉંમર થઈ ગઈ. તેથી વૃદ્ધાવસ્થાના કારણે માંદા પડ્યા. થોડા દિવસ બીમારી રહી ત્યાં તો ધામનાં તેડાં આવી ગયાં ! શ્રીજી મહારાજ સુવર્ણનું દિવ્ય વિમાન લઈને પધાર્યા. સાથે સંતોના રૂપ લઈ અનેક મુક્તો પણ સાથે હતા. દિવ્ય દર્શન દઈને શ્રીહરિજી મહારાજે કહ્યું : '' પીતાબંર ભગત ! અમો તમોને તેડવા આવ્યાં છીએ, તૈયાર થઈ જાવ.''

મહારાજની આવી વાણી સાંભળી તેઓ ભાવવિભોર બની ગયા ને પથારીમાં બેઠા બેઠા જ પ્રણામ કરીને કહ્યું : ''હે પ્રભુ ! મારા પરિવારને છેલ્લીવાર જય સ્વામિનારાયણ કહી દઉં.'' આ રીતે ઘરનાં સર્વે બાઈ-ભાઈ, આબાલ-વૃદ્ધ સર્વેને કહ્યું : ''મહારાજ મને તેડવા પધાર્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉ છું- જય સ્વામિનારાયણ.'' આ પ્રમાણે કહી મૃત્યુ પામ્યા. પછી મહારાજે દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડ્યા ને વિમાન ઉપડ્યું અક્ષરધામના માર્ગે. પરિવારનાં લોકો આવું જોઈ જયજયકાર કરવા લાગ્યા.

## ''ગણોદના અલીભાઈ''

**પૂરે પરચા નિત્ય પ્રત્યે નાથ, તેણે મગન રહે સહુ સાથ,**
**એવું સમજે નહિ કોઈ જન, પ્રભુ આવ્યા વિના છૂટે તન.**

**—ભક્તચિંતામણિ-પ્ર-૧૫૧**

હે ભક્તો ! રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકામાં ગણોદ નામનું રળીયામણું ગામ આવેલ છે. તે ગામ હરિલીલામૃત ગ્રંથના મુખ્ય શ્રોતા અભેસિંહ રાજાનું હતું. એ સિવાય ત્યાં મહારાજના ભક્ત જુણોભાઈ પણ થઈ ગયા છે. તે ગણોદ ગામમાં મુસ્લિમ જ્ઞાતિના મહાન ભક્ત અલીભાઈ થયા છે. તેઓએ ન્યાતની સામે પડીને પણ સત્સંગને માથા સાટે રાખ્યો હતો.

એક સમયે શ્રીજી મહારાજ ગણોદ પધાર્યા હતા. ભાદર નદીને કાંઠે આંબાવાડીમાં સભા કરીને તેઓ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે વખતે આ અલીભાઈ મહારાજનાં દર્શન કરવા ત્યાં આવ્યા. આવીને તેઓએ દંડવત પ્રણામ કર્યા અને હાથ જોડીને મહારાજને જય સ્વામિનારાયણ કહ્યા.

અલીભાઈએ સોનેરી પોશાક પેર્યો હતો અને સોનાનાં આભૂષણો પણ પહેર્યાં હતાં. તેથી શ્રીહરિજીએ પૂછ્યું : ''અલીભાઈ! નવાં વસ્ત્રોને ઘરેણાં પહેરીને ક્યાં જાઓ છો ?'' ત્યારે તેમણે કહ્યું: ''મહારાજ ! મારી જાન જાય છે. હું પરણવા જાઉં છું, તેથી તમારા આશીર્વાદ લેવા આવ્યો છું.'' ત્યારે મહારાજ બોલ્યા : ''જાઓ ભાઈ પરણો. અરે, માણસ પરણીને શું પ્રભુ ભજવાનો ? જાઓ જાઓ પરણો.''

હે ભક્તો ! શ્રીજી મહારાજે ત્રણ વાર આ પ્રમાણે કહ્યું, તે અલીભાઈએ યાદ રાખ્યું. પછી લગ્ન કરી ઘેર આવ્યા. વીશ વર્ષ વ્યવહાર કર્યો. પછી પોતાના દીકરાને બધુ સોંપી ગણોદ મંદિરમાં સેવામાં આવી ગયા. સંતો આવે ત્યારે કથા-વાર્તા સાંભળે અને મંદિર વાળે, ફળિયું વાળે અને બગીચો બનાવી ઠાકોરજી માટે હાર બનાવે, આવી નાની-મોટી સેવા કરતા હતા.

એક વખત અલીભાઈ જાળીયા ગામ ગયા હતા. ત્યાં રઘુવીરચરણ સ્વામી ભાગવતની કથા કરતા હતા. તેથી કથા સાંભળવા માટે ત્યાં એક મહિનો રોકાયા. દરરોજ સંતોની સેવા કરે અને સમાગમ કરે.

મહિનો પૂરો થયો ત્યાં કાનમાં ધાક પડી ગઈ (સંભળાતું બંધ થઈ ગયું) એટલે તુરંત બોલ્યા : ''રઘુવીર સ્વામી ! આવતી કાલે મારે દેહ મેલીને અક્ષરધામમાં જવું છે, માટે હવે હું કથા સાંભળવા નહિ આવું.'' આ પ્રમાણે કહી પોતાને ગામ ગણોદ ગયા અને મંદિરે જઈ દરબાર અભેસિંહજી અને જુણાભાઈ વગેરે હરિભક્તોને કહ્યું: ''કાલે બપોરે મારે ધામમાં જવું છે.''

હે ભક્તો ! અલીભાઈની વાત સાંભળી બીજે દિવસે બધા જ સત્સંગીઓ, ગામના લોકો અને અલીભાઈનાં સગાંઓ પણ સ્વામિનારાયણ મંદિરમાં આવી સૌની સાથે ધૂન બોલવા લાગ્યા. ત્યાં તો અલીભાઈ બોલ્યા : ''જુઓ શ્રીજી મહારાજ મુક્તોની સાથે વિમાન અને રથ લઈ આવી ગયા છે. હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું. – જય સ્વામિનારાયણ.'' પછી મહારાજ તેમને દિવ્યદેહ આપી પોતાની બાજુમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''ગણોદના વજાભાઈ''

હે ભક્તો ! ગણોદ ગામમાં દરબાર વજાભાઈ હતા. તેઓ સત્સંગી હતા. સત્સંગના દરેક નિયમો પણ પાળતા હતા. પરંતુ એક સમયે તેઓને તેમના દુશ્મનો સાથે ભયંકર ધીંગાણું થયું. તે લડાઈમાં તેમને ખૂબ વાગ્યું. પછી ઘેર આવીને આરામ કર્યો ને સારું પણ થઈ ગયું.

થોડા દિવસ પછી વાગેલ ઘા ફરીને ઉબળ્યો. ફરીને ઘા પાક્યા, તેથી ચમક ઉપડી. ત્યારે શ્રીજી મહારાજે દિવ્યરૂપે આવીને વજાભાઈને દર્શન દીધાં. તેથી વજાભાઈ પથારીમાં સૂતા-સૂતા પ્રાર્થના કરવા લાગ્યા. ત્યારે મહારાજે તેમને કહ્યું : ''વજાભાઈ ! તમે અમારા આશ્રિત છો. ક્ષત્રિયની પ્રકૃતિ પ્રમાણે તમોએ યુદ્ધ કર્યું છે. હવે તમારી આયુષ્ય પૂરી થઈ ગઈ હોવાથી આવતી કાલે બપોરે હું તમોને તેડવા આવીશ, તૈયાર રહેજ્યો.''

આ પ્રમાણે શ્રીહરિજી મહારાજ કહીને અંતર્ધાન થઈ ગયા. તે પછી વજાભાઈએ આપણા આગેવાન સત્સંગીને ગણોદ ગામના ગામધણી અભેસિંહભાઈને તેમના દરબારગઢમાંથી બોલાવીને કહ્યું:

"મને દર્શન આપીને મહારાજે કાલે બપોરે તેડવા આવવાનું કહ્યું છે, માટે તમો સર્વે હરિભક્તો ત્યારે અહીં હાજર રહેજ્યો.

હે ભક્તો ! કહ્યા મુજબ મહારાજ બરાબર બપોરના બાર વાગ્યે જ આવી ગયા. ત્યારે વજાભાઈએ કહ્યું : "મને વિમાન લઈને શ્રીજી મહારાજ તેડવા પધાર્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જઈ રહ્યો છું, તમે સૌ પણ ભજન-ભક્તિ કરીને સત્સંગને સાચવજો, એટલે તમોને પણ શ્રીજી મહારાજ જરૂર તેડવા આવશે."

આ પ્રમાણે કહીને તેઓએ આંખો મીચીં દીધી. પછી શ્રીહરિજીએ તેમને પંચભૌતિક દેહ છોડાવીને દિવ્યદેહ આપ્યો અને પોતાની સાથે વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## "ગણોદના જસા ખવાસ"

હે ભક્તો ! ગણોદ ગામના અલીભાઈની વાત તમોએ વાંચી લીધી હશે, હવે તે ગામના જસાભાઈની વાત સાંભળો. તેઓ ખવાસ જ્ઞાતિના હતા. તેઓ હઠીભાઈ સાથે શ્રીજી મહારાજનાં દર્શન કરવા ગયા હતા, પણ સત્સંગી થયા નહિ. તેમણે માર્ગી પંથના દેવમુક્ત અને વિદેહમુક્ત એ બે બાવાને ગુરુ કર્યા હતા. તેઓ રામાયણની કથા પણ કરતા હતા, તેથી માર્ગીપંથમાં આગેવાન બન્યા હતા.

એકવાર શરદઋતુમાં તાવ આવ્યો. ત્યારે યમદૂતો તેને લેવા આવ્યા. તેને જોઈને જસા ખવાસ પોતાના ગુરુને સંભારવા લાગ્યા. તો પણ યમદૂતોએ તેને મારવાનું શરૂ રાખ્યું. ત્યારે જસાભાઈએ સંકલ્પ કર્યો : "હે સ્વામિનારાયણ ! તમે ભગવાન હો તો મને જમના મારથી મુકાવો."

હે ભક્તો ! આ પ્રમાણે મનોમન બોલ્યા તે સમયે જ મહારાજે બે સંતોને મોકલ્યા. જ્યાં સંતોનાં દર્શન જસા ખવાસને થયાં તુરંત ત્યાંથી યમદૂતો ભાગી ગયા. તેથી જસાભાઈ બોલ્યા : ''સાચા ભગવાન તો એક જ સ્વામિનારાયણ છે. અત્યાર સુધી મેં બીજે ફાંફાં માર્યા.''

પછી બન્ને સંતોને કહ્યું : ''મને શ્રીજી મહારાજ પાસે લઈ જાઓ.'' ત્યારે સંતોએ કહ્યું : ''અમે મહારાજને પૂછીને આવીએ.'' પછી સંતો પૂછવા ગયા. ત્યારે મહારાજે કહ્યું : ''દસ વર્ષની આયુષ્ય અમે તેની વધારી દઈએ છીએ. તેને કહેજ્યો કે, પાકા ભક્ત થાય પછી ધામમાં તેડી જશે.'' પછી સંતોએ ગણોદ આવીને મહારાજનો સંદેશ આપ્યો. તેથી વર્તમાન ધરી પૂજા શરૂ કરી સત્સંગના દરેક નિયમો પાળવા લાગ્યા.

એક વખત ગોપાળાનંદ સ્વામી ગણોદ ગામ આવેલા. ત્યારે જસા ભગત કથા સાંભળવા આવ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું : ''જસાભગત ! જમ કેવા ? '' ત્યારે તે કહે : ''અરે સ્વામી ! જમ તો બહુ જ ભૂંડા. તેના થકી મને આપણા સંતોએ છોડાવ્યો.'' પછી સ્વામીએ સૌને ઉપદેશ આપ્યો ને સર્વોપરી ઉપાસના રાખવાનું કહ્યું.

એક દિવસ શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ''જસા ભક્ત ! હવે દસ વર્ષની આયુષ્ય તમોને વધારી દીધી હતી તે પૂરી થવા આવી છે, તેથી હવે ત્રીજે દિવસે તમને તેડવા આવીશ. કાંઈ દાન-પુણ્ય કરવું હોય તો કરી લેજો.'' પછી તેમણે પોતાના દીકરાને સર્વે વાત કરી અને પોતાની પાછળ જૂનાગઢ દેવને થાળ અને સંતોને રસોઈ આપવાનું કહ્યું.

હે ભક્તો ! ત્રીજા દિવસે શ્રીજી મહારાજ વિમાન લઈને તેડી ગયા. પણ અંતરીક્ષમાં સિદ્ધિઓનો લોક આવ્યો ત્યાં વિમાન ઊભું રાખ્યું. ત્યારે જસા ભક્ત સિદ્ધિઓ સામું જોવા લાગ્યા. તેથી મહારાજ વિમાન લઈ ધામમાં જતા રહ્યા. તેના કારણે જસા ભક્તને ખૂબ પસ્તાવો થયો, તેથી તેઓ આંખો બંધ કરીને ધ્યાનમાં બેસી ગયા. સિદ્ધિઓએ તેને ફસાવવા બહુ પ્રયત્ન કર્યા, પણ ભક્તે તો આંખ જ ખોલી નહિ. આવી રીતે પાંચ દિવસ જતા રહ્યા, તેથી ગોપાળાનંદ સ્વામીની પ્રાર્થના કરી. પછી સ્વામીએ દર્શન દઈને કહ્યું : ''તમો ભ્રષ્ટ થયા નથી, તેથી મહારાજ તમને તેડી જશે. ''પછી એક દિવસ કોઈ હરિભક્તને તેડીને ત્યાં મહારાજ આવ્યા. વિમાન ઊભું રાખ્યું તરત જ જસા ભક્ત તેમાં બેસી ગયા ને વિમાન ધામમાં જતું રહ્યું.

## ''જૂનાગઢનાં પ્રેમબાઈ''

હે ભક્તો ! જૂનાગઢમાં ચકુભાઈ મોટા ભક્ત થઈ ગયા છે. તેમનાં બહેનની એક દીકરી હતી. તેનું નામ પ્રેમબાઈ હતું. નાનપણમાં મામાને ઘેર મોટી થયેલી, તેથી મામા-મામી સાથે મંદિરે દરરોજ જવાનું થતું. તેમને મંદિરે જઈ પ્રદક્ષિણા કરવાનું અંગ પડી ગયું, તેથી મોટી થઈ સાસરે ગઈ તો પણ સ્વામિનારાયણ મંદિરે જવાનું નિયમિત બની ગયું હતું.

પ્રેમબાઈના સસરા પક્ષના સર્વે વૈષ્ણવ હતા, પણ પ્રેમબાઈ તો દરરોજ આપણાં મંદિરે આવીને જ ભજન-ભક્તિ કરી તેમના નિયમો પૂરા કરતાં તેમને નાનપણથી જ મંદિરમાં ઠાકોરજીને પ્રદિક્ષણા કરવાનું અંગ હતું તેથી મોટાં થયાં પછી પણ પ્રદક્ષિણાઓ કરવાનું તો શરૂ જ રાખ્યું હતું.

પ્રેમબાઈને એવો નિયમ હતો કે દર વર્ષે દિવાળીના દિવસે દરેક પ્રદક્ષિણાએ ઠાકોરજી આગળ એક સીતાફળ મૂકવાનું. એક પ્રદક્ષિણા ફરીને એક સીતાફળ મૂકે, બીજી પ્રદક્ષિણા કરીને બીજું સીતાફળ મૂકે, એવી રીતે ૧૦૮ પ્રદક્ષિણા કરીને ૧૦૮ સીતાફળ મૂકતાં.

સમય જતા તેઓ વૃદ્ધ થયાં અને બીમાર પડ્યાં. મંદિરે જવાનું બંધ થયું તેથી પથારીમાં સૂતાં-સૂતાં માનસી પૂજા કરતાં કરતાં મંદિરે જાય ને મનથી પ્રદક્ષિણા કરી સંતોષ માને.

હે ભક્તો ! નાનપણથી લઈને વૃદ્ધાવસ્થા થઈ ત્યાં સુધી પ્રેમબાઈએ આવી ભક્તિ કરી તેથી શ્રીહરિજી મહારાજ મુકતો સહિત સોનાનો રથ લઈને તેમને તેડવા પધાર્યા.

મહારાજનાં દર્શન થતાં તો પ્રેમબાઈની આંખોમાં પ્રેમનાં આંસુઓ છલકાવાં લાગ્યાં. તેઓ ભાવવિભોર બની જઈ બે હાથ જોડી સ્તુતિ કરવા લાગ્યાં. ત્યારે મહારાજે તેમને પૂછ્યું : "પ્રેમબાઈ ! સાજું થવું છે કે અમારા ધામમાં આવવું છે ? સાજા થવું હોય તો બોલો ને અમારી સાથે આવવું હોય તોય બોલો. તમારી જે ઈચ્છા હશે તે પૂરી કરવામાં આવશે."

હે ભક્તો ! મહારાજની દિવ્યવાણી સાંભળી પ્રેમબાઈ પ્રેમસહિત બોલ્યાં : "હે હરિજી મહારાજ ! આ લોકમાં તો ઘણું રહી છું. આ પૃથ્વીમાં તો અનંતવાર જન્મો લીધા છે અને મૃત્યુ પામી છું, પણ આપના અક્ષરધામમાં ક્યારેય આવી નથી, માટે હવે તો સાથે જ લઈ જાઓ અને સદાયને માટે તમારી સેવામાં જ રાખો."

પ્રેમબાઈ શ્રીજી મહારાજ સાથે વાત કરતાં હતાં, તે સાંભળીને તેનાં સગાંઓ પૂછવા લાગ્યાઃ 'પ્રેમબાઈ! કોની સાથે વાતો કરો છો?"

ત્યારે તેમણે કહ્યું : 'સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે તેમના અક્ષરધામમાં જાઉં છું.'' ત્યારે સગાંઓ કહેવા લાગ્યાઃ '' પણ આપણે તો વૈષ્ણવ છીએ, તો પછી સ્વામિનારાયણ શા માટે તેડવા આવ્યા ?''

ત્યારે પ્રેમબાઈ બોલ્યાં : ''હું નાનપણથી જ તેમનાં મંદિરે જતી હતી ને ત્યાં રહી ભક્તિ કરતી હતી તેના કારણે મને તેડવા આવ્યા છે.'' આ પ્રમાણે કહી તેમણે દેહ છોડી દીધો. પછી મહારાજ એને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''જૂનાગઢના મંગળ ભક્ત''

**રથ વેલ્ય વાજી ને વિમાન, લાવે અંત સમે ભગવાન**
**આવે તેડવા જનને નાથ, માગી શીખ જાય હરિ સાથ**
**એવો સહુને મને વિશ્વાસ, તન તજી જાશું પ્રભુ પાસ.**
**-ભક્તચિંતામણિ- પ્ર-૧૫૧**

હે ભક્તો ! જૂનાગઢ શહેરમાં કડીયા જ્ઞાતિમાં આણંદભાઈ સારા સત્સંગી હતા. તેને એક સોળ વર્ષનો દીકરો હતો. તેનું નામ મંગળદાસ હતું. તે તો તેના પિતાને પણ ભક્તિમાં અને સમજણમાં વધી જાય એવો ડાહ્યો હતો.

તે મંગળદાસ એક વખત બીમાર પડ્યો અને બીમારી વધવા લાગી. પણ મંગળ તો પથારીમાં સૂતા-સૂતાં અખંડ સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતો હતો.

એક દિવસ મંગળદાસને મહારાજનાં અને સંતોનાં દર્શન થયાં. તેથી તે ખાટલામાં સૂતો હતો એટલે બેઠો થયો અને બે હાથ જોડી પ્રણામ કરવા લાગ્યો. ત્યારે તેની માતાએ પૂછ્યું : ''બેટા મંગળ !

તું કોને પગે લાગે છે ? અહીં તો કોઈ નથી.'' ત્યારે મંગળ ભગત બોલ્યો : '' બા ! મહારાજ અને સંતોનાં મને દર્શન થાય છે. તેઓ વિમાન-રથ વગેરે લઈને મને તેડવા આવ્યા છે. તેઓ મને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છે. સંતો પણ ઘણા આવ્યા છે. તેઓ મંદિરની પ્રદક્ષિણામાં તથા હનુમાનજીની દેરીની આગળ ઊભા છે. તે બધું હું અહીંથી જોઈ શકું છું. હવે મને કોઈ આવરણ રહ્યું નથી. માટે હવે મને રાજી ખુશીથી ધામમાં જવાની રજા આપો.''

મંગળ ભગતનું કહેવું સાંભળી તેની માતાને પુત્ર પ્રત્યે મમત્વ વધી ગયું તેથી કહેવાં લાગ્યાં : ''દીકરા ! તું મહારાજને કહે કે તને ધામમાં ન લઈ જાય, અહીંયાં રાખે, તું હજી નાનો છે. હજુ તો તારે સંસારનાં ઘણાં કાર્યો કરવાનાં બાકી છે, માટે મહારાજને ના કહી દે.''

હે ભક્તો ! પોતાની માતાનું આવું કહેવું સાંભળીને મંગળ ભગત માતાને સમજાવતા કહેવા લાગ્યા : ''અરે બા ! આલોકમાં શું સુખ છે ? સાચુ સુખ તો અક્ષરધામમાં છે. આ લોકનાં સુખને તો મહારાજે નરક જેવું કહ્યું છે અને નાશવંત કહ્યું છે. – જ્યારે અક્ષરધામનું સુખ તો શાશ્વત કહ્યું છે અને અલૌકિક કહ્યું છે; માટે મને ધામમાં જતા રોકીશ નહિ અને મારી પાછળ રડીશ નહિ.''

આટલું કહીને મંગળ ભગતે મહારાજને પ્રાર્થના કરતા કહ્યું ''હે ભક્તવત્સલ ભગવાન ! મને તમારા ધામમાં લઈ જાઓ. મારે આ લોકમાં રહેવું નથી.'' ભક્તની તીવ્ર ઈચ્છા જાણી મહારાજે તેના પંચભૌતિક દેહનો ત્યાગ કરાવ્યો ને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી પોતાની સાથે ધામમાં લઈ જઈ પોતાની સેવામાં રાખી લીધો.

## "જૂનાગઢના ચકુભાઈ"

હે ભક્તો ! જૂનાગઢમાં અનેક નાગર બ્રાહ્મણો સત્સંગી થયા હતા, તેમાં ચકુભાઈ આગેવાન હતા. તેઓ સંગીત-વિદ્યા સારી જાણતા હતા અને ધર્મ નિયમનું પણ ચુસ્તપણે પાલન કરતા હતા. તેઓ કેવી રીતે સત્સંગી થયા હતા તે ટૂંકમાં જણાવું છું તે સાંભળો.

એક વખત ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા હતા. પછી સંતોની સભા થઈ ત્યારે તેઓ સંતોને સદ્‌બોધ આપી જ્ઞાન-વૈરાગ્યનું પોષણ આપી રહ્યા હતા. તે સમયે ચકુભાઈ અને અન્ય નાગર બ્રાહ્મણો ત્યાં આવ્યા અને સ્વામીને કહ્યું : "અમોએ સાંભળ્યું છે કે તમે સમાધિ કરાવો છો ? અમો સર્વે સમાધિ જોવા આવ્યા છીએ, માટે કૃપા કરી બતાવો."

નાગરોની ઈચ્છા જાણી યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ સ્વામી કેશવદાસજીને સમાધિ કરાવી. તેથી ચકુભાઈ વગેરેએ તેમની નાડી જોઈ અને શ્વાસ જોયો. પણ બન્ને બંધ હોવાથી આશ્ચર્ય થયું અને સમાધિને સાચી માની. પછી ચકુભાઈએ સ્વામીને પૂછ્યું : "સ્વામીજી ! આ સંત સમાધિમાં ગયા છે, તો પરલોકમાંથી કોઈ ચીજ લાવી શકે ખરા ?" ત્યારે સ્વામી કહે : 'એ ગોલોકમાંથી લીલા લવીંગ અને સાકર લાવશે."

હે ભક્તો ! કેશવદાસજી સ્વામી બે કલાક સમાધિમાં રહ્યા અને પછી જાગ્યા. ચકુભાઈએ જોયું તો તેમના એક હાથમાં લીલા લવીંગ હતાં અને બીજા હાથમાં સાકર હતી ! નાગરો તો આવો પ્રત્યક્ષ પૂરાવો જોઈએ આભા જ બની ગયા. પછી ચકુભાઈ સહિત દરેક નાગરો કંઠી બંધાવી સત્સંગી થયા.

પછી તો ચકુભાઈ જૂનાગઢ સત્સંગ સમાજમાં આગેવાન બની ગયા હતા. તેઓ પ્રેમાનંદ સ્વામી પાસેથી ગાવાનું પણ શીખ્યા હતા. પછી જ્યારે રઘુવીરજી મહારાજ જૂનાગઢ પધાર્યા ત્યારે તેમની આગળ કીર્તનો ગાઈને તેમને ખૂબ રાજી કર્યા હતા.

હે ભક્તો ! તે ચકુભાઈ નાગર એક વાર બીમાર થયા. તેઓની ઉંમર પણ ઘણી થઈ ગઈ હતી. તેથી અંતકાળ આવ્યો અને શ્રીજી મહારાજ પોતાના બિરુદ પ્રમાણે તેડવા આવી ગયા. મહારાજનાં દર્શન થતાં જ ચકુભાઈ ભાવ વિભોર બની કહેવા લાગ્યા : ‘‘હે દયાળુ ! હું ધામમાં આવવા માટે તૈયાર જ છું. માટે મને લઈ જાઓ.’’ પછી મહારાજ તેને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! શ્રીજી મહારાજ ચકુભાઈને તેડવા પધાર્યા ત્યારે ગોવિંદરાય આદિક આગેવાન હરિભક્તોને રથ, વિમાન અને હાથી વગેરે અનેક મુક્તો સહિત મહારાજનાં દર્શન થયેલાં અને મહારાજે કહ્યું પણ હતું કે, ‘‘અમો ચકુભાઈને તેડવા જઈએ છીએ અને અક્ષરધામમાં લઈ જશું.’’

પછી જ્યારે ચકુભાઈના અગ્નિ-સંસ્કાર કરીને સૌ પોતપોતાનાં ઘેર ગયા ત્યારે ગોવિંદરાય વગેરે મંદિરે આવ્યા અને સંતોને સર્વ હકીકત જણાવતા કહ્યું : ‘‘તમો સભામાં વાત કરતા કે, ‘મહારાજ અંતકાળે રથ, વિમાન લઈને પોતાના ભક્તોને તેડવા આવે છે; પણ એ વાત અમોને મનાતી નહોતી, પણ આજે મહારાજે પ્રત્યક્ષ બતાવ્યું તેથી સત્ય માનીએ છીએ.’’

## "જૂનાગઢના રૂપશંકર"

હે ભક્તો ! જૂનાગઢમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં પાંચીબા નામના સમજણનાં અંગવાળાં સત્સંગી માજી હતાં. તેઓ શ્રીહરિજીની ભજન-ભક્તિ કરી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી અક્ષરધામમાં જવાનું ભાતું ભરતાં હતાં.

તે માજીને રૂપશંકર નામનો યુવાન પુત્ર હતો. તે સત્સંગી હતો,પણ તેની પત્ની સત્સંગી ન હતી. એક દિવસ અચાનક રૂપશંકરભાઈ ગાંડા થઈ ગયા અને બેભાન થઈ ગયા ! ત્યારે તેની પત્ની કહે : "જલદી માતાજીના ભૂવાને બોલાવી લાવો. દોરા-ધાગા કરાવીને બંધાવીએ એટલે સારું થઈ જાય."

વહુનું આવું કહેવું સાંભળી સાસુ પાંચીબાએ કહ્યું : "આપણે સત્સંગી છીએ, તેથી ભૂવા ન બોલાવાય. વૈદ્યને બોલાવી દવા કરાવીએ. પછી શ્રીજી મહારાજની જેમ ઈચ્છા હશે તેમ થશે."

ત્યારે રૂપશંકરની વહુ કહે : "હું તો મારા પિયર મારા ધણીને લઈ જઈશ. અને ત્યાં ભૂવાઓને બોલાવી દોરા કરાવીને બાંધીશ, તેથી સારું થઈ જશે." ત્યારે તેના પતિના ભાઈ નાગર વનરાવને કહ્યું : "અમારા ભગવાને મંત્ર-જંત્ર અને દોરા-ધાગા બાંધવાની ના કહી છે, માટે વૈદ્યની પાસે લઈ જઈએ."

આવું કહ્યું છતાં પેલી બાઈએ માન્યું જ નહિ અને ભાડે બળદ-ગાડું કરી રૂપશંકરભાઈને ગાડામાં સુવડાવી એક રખેવાળ સાથે લઈ વેરાવળને માર્ગે ગાડું ચલાવવા કહ્યું. ગાડું ચાલવા લાગ્યું એ જ સમયે શ્રીજી મહારાજ અને મૂળજી બ્રહ્મચારી ત્યાં દિવ્યરૂપે આવી ગાડાની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

હે ભક્તો ! આ રીતે બે દિવસ ગાડું ચાલ્યું, તો પણ શ્રીજી અને બ્રહ્મચારી તો ગાડાની પાછળ જ ચાલતા દેખાયા. તેથી રૂપશંકરની સ્ત્રીએ પેલા અંગરક્ષકને પૂછ્યું : ''આપણી પાછળ બે દિવસથી પેલા બે માણસ ચાલ્યા આવે છે તેને પૂછો કે તમો કોણ છો ને શા માટે ગાડા પાછળ ચાલ્યા આવો છો.''

બાઈના કહેવાથી મહારાજને રખેવાળે પૂછ્યું : ''તમે બન્ને કોણ છો ? અને અમારા ગાડા પાછળ બે દિવસથી કેમ ચાલ્યા કરો છો ?'' ત્યારે મંદ મંદ હસતા મહારાજ બોલ્યા : ''અમો સ્વામિનારાયણ ભગવાન છીએ અને આ અમારા મૂળજી બ્રહ્મચારી છે. અમો અમારા આ રૂપશંકર ભક્તની ચોકી (રક્ષા ) માટે આવ્યા છીએ, કારણ કે તેની માતા પાંચીબાએ અમારા સંતો અને બ્રહ્મચારીઓને ઘણી વખત જમાડ્યા છે અને સેવા પણ કરી છે.''

હે ભક્તો ! પછી વેરાવળ નજીક નદીએ આવ્યા. ત્યાં તો રૂપશંકર ભક્તને સાવ સારું થઈ ગયું ને તે બોલ્યા : ''આ સ્વામિનારાયણ સ્વયં ભગવાન છે, તેની કૃપાથી જ મને સારું થઈ ગયું છે, પણ મારી આયુષ્ય કાલે પૂરી થવાની છે, તેથી કાલે હું ધામમાં જવાનો છું, માટે તું પણ સત્સંગી થઈને ભજન કરજે એટલે તને પણ તેઓ અંતકાળે તેડવા આવશે.'' પછી તેઓ વેરાવળ પોતાના સસરાને ઘેર ગયા.

બીજે દિવસે તે બાઈના પિતાને ત્યાં રૂપશંકરે કહ્યું : ''જુઓ , મારા ભગવાન સ્વામિનારાયણ મને તેડવા આવ્યા છે, હું વિમાનમાં બેસી તેઓની સાથે અક્ષરધામમાં જાવ છું. જય સ્વામિનારાયણ.'' પછી તેની પત્ની પણ ભક્ત બની અને અંતે ધામમાં ગઈ હતી.

## "માળીયાના મકન ભટ્ટ"

હે ભક્તો ! જૂનાગઢ જીલ્લામાં માળીયા નામનું નાનકડું ગામ આવેલ છે. તે ગામમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગ છે. એ સમયે ધનજીભાઈ ઠક્કર, નથુભાઈ સોની, રત્નાભાઈ વગેરે પટેલો અને નાનજીભાઈ વગેરે વણિક ભક્તો હતા.

માળીયામાં મકન ભટ્ટ વૈષ્ણવ હતા. બ્રાહ્મણ હોવા છતાં તેમને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પ્રત્યે અપાર હેત હતું. વૈષ્ણવ હતા તો પણ સંતોનો મહિમા ખૂબ હતો. જ્યારે જ્યારે સંતો માળીયામાં આવે, ત્યારે ત્યારે મકન ભગત કથા સાંભળવા સારું અવશ્ય આવે. જેટલા દિવસ સંતો માળીયા ગામમાં રહે, તેટલા દિવસ મકન ભગત પોતાના ઘેરથી સંતો માટે અથાણું અને છાશ લાવે. આ ક્રમ તેમણે આજીવન સાચવી રાખ્યો તેથી સંતો એમની ઉપર ખૂબ રાજી હતા.

સમય જતાં ભટ્ટજી વૃદ્ધ થયા. એક દિવસ રાત્રીને સમયે શ્રીજી મહારાજે તેમને દર્શન દીધાં અને કહ્યું : "ભટ્ટજી ! અમો સ્વામિનારાયણ ભગવાન છીએ. તમોએ આખી જિંદગી મારા સંતોને અથાણું અને છાશ આપી છે, તેથી રાજી થઈને અમો તમને દર્શન દેવાં આવ્યા છીએ. માટે તમારી ઈચ્છા હોય તે માંગી લો. તમારી સેવાથી અમો પ્રસન્ન થયો છીએ."

હે ભક્તો ! શ્રીજી મહારાજનાં આવાં મધુર વચન સાંભળી વૈષ્ણવ મકન ભટ્ટે માંગ્યું : "હે સ્વામિનારાયણ ભગવાન ! તમે રાજી થયા હો તો આવતી એકાદશીએ મને તમારા ધામમાં તેડી જાઓ. બીજું મારે કાંઈ જોઈતું નથી."

ભટ્ટજીએ માયિક વસ્તુ ન માગી, તેથી મહારાજ વિશેષ રાજી થયા અને કહ્યું : ‘‘તમને માંગતા બહુ સારું આવડ્યું હો. તૈયાર રહેજો; હું એકાદશીએ જરૂર તમને તેડવા આવીશ.’’ એ સમયે ભટ્ટજીનાં ધર્મપત્ની બોલ્યાં : ‘‘પતિદેવ ! તમો કોની સાથે રાત્રીએ વાત કરો છો ? ’’ ત્યારે ભટ્ટજીએ કહ્યું : ‘‘હું સંતો માટે અથાણું ને છાશ લઈ જતો હતો, તેથી તેના ભગવાન સ્વામિનારાયણ મને એકાદશીએ તેના ધામમાં તેડી જશે. એવું કહેવા તેઓ પધાર્યા છે.’’

આવું સાંભળી તેનાં પત્ની બોલ્યાં : ‘‘ સંતો માટે અથાણું ને છાશ તમો લઈ જતા હતા, પણ તે અથાણું ને છાશ તો હું બનાવતી હતી, માટે મહારાજને કહો કે, મને પણ તમારી સાથે તેના ધામમાં લઈ જાય.’’

પછી મકન ભગતે મહારાજને કહ્યું : ‘‘પ્રભુ ! મારાં ઘરવાળાંને પણ મારી સાથે તમારા ધામમાં આવવું છે.’’ ત્યારે દયાળુ પ્રભુ બોલ્યા : ‘‘એમણે જ સંતો માટે અથાણું ને છાશ બનાવી છે, માટે તેઓ પણ ધામના અધિકારી છે. પણ બન્ને સાથે નહિ. તમને એકાદશીએ તેડી જઈશ અને તમારાં પત્નીને બીજને દિવસે તેડી જઈશ.’’ આ રીતે કહી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! એકાદશી આવી ત્યારે મકન ભટ્ટે સત્સંગીઓને બોલાવી સર્વે વાત કરી, કીર્તન બોલવા કહ્યું. ચાર કીર્તન બોલ્યા ત્યાં ભટ્ટજી બોલ્યા : ‘‘ શ્રીજી મને તેડવા વિમાન લઈને આવ્યા છે, તેથી હું તેઓ સાથે ધામમાં જાવ છું.’’ એ જ પ્રામણે બીજને દિવસે તેનાં પત્ની યમુનામાએ પણ કહ્યું : ‘‘શ્રીજી પ્રભુ મને તેડવા પધાર્યા છે, તેથી હું તેના અક્ષરધામમાં જાઉં છું.’’ ગામના લોકોને પણ ત્યારે મહારાજનાં દર્શન થયાં.

## ''માંગરોળના મંછારામભાઈ''

હે ભક્તો ! જૂનાગઢ જીલ્લામાં માંગરોલ નામનું નાનું એવું શહેર આવેલ છે. શ્રીજી મહારાજના સમયમાં અહીં ગોવર્ધનભાઈ, આણંદજીભાઈ, માણેકચંદ શેઠ અને મૂળચંદ શેઠ વગેરે અનેક ભક્તો હતા. શ્રીજીમહારાજે માંગરોળમાં પૂરાતની વાવ ખોદાવી મીઠું પાણી પ્રગટ કરી ભક્તોને રાજી કર્યા હતા. અહીં ઘણી વખત મહારાજ પધારેલા છે. મહાપ્રસાદીનું સ્થાન માંગરોળ ગણાય છે.

આવા પ્રસાદીભૂત માંગરોળમાં મંછારામભાઈ રહેતા હતા. આમ તો તેઓ ઉત્તર પ્રદેશના હતા, પણ માંગરોળને પોતાની કર્મભૂમિ બનાવી હતી. તેઓ સારા સત્સંગી હતા અને હંમેશા ભજન-ભક્તિ કરી મહારાજને રાજી કરતા હતા.

એકવાર તેઓ બીમાર થયા અને ભજનના પ્રતાપે તેને ખ્યાલ આવી ગયો કે, ''મારો દેહ હવે નહિ રહે.'' તેથી ગામમાંથી સર્વે હરિભક્તોને પોતાને ઘેર બોલાવ્યા અને કહેવા લાગ્યાઃ ''મારે ધામમાં જવાનો સમય થઈ ગયો છે, માટે સૌ કીર્તનો બોલવાનું શરૂ કરો.''

હે ભક્તો ! મંછારામભાઈના કહેવાથી હરિભક્તોએ કીર્તનો બોલવાનાં શરૂ કર્યાં ત્યાં તો તેઓ ફરીને બોલ્યા : ''હવે કીર્તનો બંધ કરો. જુઓ શ્રીજી મહારાજ અનેક સંતો અને અનેક વિમાન, પાલખી, હાથી, ઘોડાં, લઈને મને તેડવા આવ્યા છે. તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું.''

ત્યાંરે તેના દીકરાએ જય સ્વામિનારાયણ કહ્યા, તેથી તેને કહેવા લાગ્યા : ''સાંભળ મારા દીકરા ! સત્સંગ ખરેખરો રાખજે.

મારી જેમ ભક્તિ કરીશ, તો તને પણ અંતકાળે શ્રીજી મહારાજ તેડવા આવશે. અને હું હવે ધામમાં જવાનો છું તેથી મારી પાછળ જૂનાગઢ જઈ સંતોને રસોઈ આપજે અને હવે છાણ લીંપી દે.''

મંછારામના કહેવાથી ગાયના છાણનું લીંપણ કર્યું તેથી ખાટલેથી ઊભા થઈ લીંપણ બેઠા. પર બેસીને ધૂન બોલતા બોલતા જ દેહ નમી પડ્યો. ત્યારે શ્રીહરિજીએ તેમને દિવ્યદેહ આપી પોતાની બાજુમાં વિમાનમાં બેસાડ્યા. એ સમયે તેમની આજુબાજુમાં રહેતા લોકોને પણ વિમાનમાં બેઠેલા મહારાજ અને અનેક મુક્તો-સંતોનાં દર્શન થયાં. એ સમયે આખી શેરીમાં તેજ તેજ થઈ ગયું હતું.

આવું દિવ્ય તેજ જોઈને માંગરોળના લોકો કહેવા લાગ્યા : ''અરે ! આવો પ્રતાપ જણાવી અગાઉ કહીને દેહ મૂકવો એતો સાચા સત્સંગી હોય એ જ કહી શકે. સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ બહુ જ મોટો છે. આવા કળિકાળમાં પોતાના ભક્તોને અંતકાળે સ્વયં લેવા આવે છે, માટે તેના ભક્તો તો મહાભાગ્યશાળી છે. આપણે પણ ભાગ્યશાળી છીએ કે આપણને પણ સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય દર્શન થયાં અને તેજ દેખાયું.''

હે ભક્તો ! દિવ્યતનુ આપી મંછારામભાઈને શ્રીહરિજીએ પોતાનું પ્યારું એવું અક્ષરધામ તેમાં લઈ જઈને મુક્તોની સાથે મુક્ત બનાવી દીધા. જન્મ-મરણ અને લખ-ચોરાશીના ફેરામાંથી કાયમને માટે છોડાવી પોતાના ધામનું દિવ્યસુખ તેમજ પોતાની મૂર્તિનું દિવ્યસુખ આપી સુખિયા કરી દીધા !

## ''માંગરોળના માણેકચંદ શેઠ''

હે ભક્તો ! માંગરોળમાં તો ઘણા સત્સંગીઓ હતા, પણ મારે વાત કરવી છે માણેકચંદભાઈની. તેઓ ઉત્તમ સમજણવાળા

સત્સંગી હતા. જ્ઞાતિએ વણિક હતા, પણ સ્વભાવના બહુ ઉદાર હતા. ધનવાન હોવા છતાં નિર્માની હતા. જાતે જ દરરોજ મંદિર વાળતા હતા. પૈસાવાળાને હાથમાં સાવરણી લઈ મંદિર વાળતા શરમ આવતી હોય છે, પણ માણેકચંદ શેઠને તો મંદિરનો ખૂબ મહિમા હતો, તેથી જાતે જ મંદિર વાળતા હતા.....

એટલું જ નહિ, મંદિરમાં ઠાકોરજીને થાળ પણ તેઓ ધરાવતા હતા. મંદિરમાં દર વર્ષે ઉત્સવ-સમૈયો કરાવતા હતા. કથા-વાર્તા કરીને હરિભક્તોને સત્સંગ દૃઢ કરાવતા હતા અને દર વર્ષે જૂનાગઢથી સંતોને કથા કરવા બોલાવતા અને એક મહિના સુધી રોકી પ્રેમથી કથા સાંભળતા અને કથાની પૂર્ણાહુતિ થાય ત્યારે સંતોનું પૂજન કરી ધોતિયાં વગેરે ઓઢાડી સારી સેવા કરતા અને બીજા હરિભક્તો પાસે પણ સેવા કરાવતા હતા.

તેઓને કાયમનો નિયમ હતો કે, સાંજે મંદિરે આવી ગોડી બોલે, આરતી કરે અને સ્તુતિ કરે. પછી કથા કરે અથવા બીજા હરિભક્ત પાસે કથા કરાવીને પોતે સાંભળે. પછી આખી ચેષ્ટા બોલે, વંદુનાં પદ બોલે અને છેલ્લે પોઢણીયું બોલી મહારાજને પોઢાડે અને પછી ઘેર જાય, આ નિયમ તેઓ જીવ્યા ત્યાં સુધી રાખ્યો હતો !

એક દિવસ માણેકચંદ દાદા બપોરે જમવા બેઠા. જમીને હાથ ધોયા. તે સમયે પેટમાં ચૂંક આવી. અર્થાત્ પેટમાં દુઃખવા લાગ્યું. તેથી પોતાના પુત્ર રણછોડભાઈને કહ્યું : ‘‘બધા ભજન કરવાં બેસી જાઓ. હવે મારે ધામમાં જવાનો સમય થઈ ગયો છે.’’

માણેકચંદ દાદા આવું બોલ્યા એટલે ઘરનાં દરેક સ્ત્રી-પુરુષો અને બાળકો પણ ભજન કરવાં લાગ્યાં. તેઓ પણ હાથમાં માળા લઈ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરવા લાગ્યા. થોડીવાર પછી

તેઓ બોલ્યા : ''જુઓ આ શ્રીજી મહારાજ અને મુક્તો સંતો મને તેડવા આવ્યા છે, માટે હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું.''

આ પ્રમાણે બોલી ભૌતિક દેહ છોડી દીધો. પછી મહારાજને તેમનો મુક્તનો દિવ્યદેહ આપીને દિવ્ય વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. એ સમયે જ માણેકચંદ દાદાના જમાઈ મંદિરની વાડીએ સ્નાન કરવા ગયા હતા. ત્યાં તેમને ૫૦ સંતોનાં દર્શન થયાં ! સંતોને પ્રણામ કર્યા ત્યારે સંતો બોલ્યા : ''અમે તમારા સસરા માણેકચંદ ભગતને તેડવા જઈએ છીએ.''

સંતોની વાત સાંભળી તુરંત પેલો યુવાન માણેકચંદ દાદાને ઘેર આવ્યો. ત્યાં તો દાદા ધામમાં જતા રહેલા, તેથી તેના દેહને ભોયપથારીએ લીધા હતા. પછી તેમણે સર્વેને વાત કરી અને તે પણ સત્સંગી થઈ પોતાના સસરાની જેમ ભજન-ભક્તિ કરવા લાગ્યા અને અંતે અક્ષરધામને પામ્યા.

## ''ડભોઈના પંડિતરામ''

હે ભક્તો ! વડોદરા જીલ્લાના ડભોઈ શહેરમાં બુદ્ધિમાન બ્રાહ્મણ પંડિતરામ રહેતા હતા. તેઓ સ્વામિનારાયણ ભગવાનના અનન્ય ભક્ત હતા. તે ડભોઈમાં જ તેમના મિત્ર રઘુનાથ રહેતા હતા. તે વણિક હતા. તેને પોતાના મિત્ર એવા આપણાં સત્સંગી પંડિતરામ પ્રત્યે ખૂબ હેત હતું.

એકવાર બન્ને મિત્રો બેઠા હતા. ત્યારે પંડિતરામ સત્સંગીએ રઘુનાથને કહ્યું : ''મિત્ર ! તમે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત બનો, સંતોનો સમાગમ કરો અને તેમની ભક્તિ કરો, તેથી તમારો અંતકાળ જ્યારે આવશે ત્યારે તમોને તેડવા સ્વયં શ્રીહરિજી વિમાન લઈને આવશે અને પોતાના અક્ષરધામમાં લઈ જશે.

મિત્રનું કહેવું સાંભળી રઘુનાથ, હરિભક્ત પંડિતરામને કટાક્ષ પૂર્વક કહેવા લાગ્યો : ‘‘અરે મિત્ર ! તું તો સત્સંગી છો, તેથી તને તો તેડવા તારા ભગવાન જરૂર આવશે બરાબરને ? તો તને જ્યારે તેડવા આવશે ત્યારે હું તારા વિમાનનો ડાંડો પકડીને તારા ભગવાનના ધામમાં આવીશ.’’

હે ભક્તો ! પોતાના મિત્ર રઘુનાથે મશ્કરી પૂર્વક કહ્યું તો પણ ભક્ત પંડિતરામે તેને કહ્યું : ‘‘રઘુનાથ ! તું ભલે મશ્કરી કરતો, પણ યાદ રાખજે; મને જ્યારે મારા ભગવાન તેડવા આવશે ત્યારે હું તને જરૂર બોલાવીશ અને મારા શ્રીજી મહારાજનાં દર્શન પણ કરાવીશ.’’

સમય પછી સમય વ્યતીત થતાં પંડિતરામની આયુષ્ય પૂરી થઈ, તેથી રાત્રીના બાર વાગ્યે તેમણે પંચભૌતિક શરીરનો ત્યાગ કર્યો. તે જ સમયે દિવ્ય વિમાન લઈને શ્રીહરિજી તેમને તેડવા ડભોઈ પધાર્યા. સાથે અન્ય વિમાનોમાં મુક્તાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી વગેરે અનેક મુક્તો પણ દિવ્યરૂપે બેઠા હતા. તે સમયે રાત્રી હોવાથી ડભોઈ નગરમાં ચારેકોર પ્રકાશ ઝળહળવા લાગ્યો. રાત્રીએ પ્રકાશ જોઈ લોકો જાગી ગયા ને વિસ્મય પામી ગયા. પંડિતરામનાં સગાંઓએ પણ દિવ્ય વિમાનો જોયાં અને તેઓને પણ આશ્ચર્ય થયું.

શ્રીજી મહારાજે પંડિતરામને દર્શન આપીને કહ્યું : ‘‘ચાલો ભક્ત, અમારા અક્ષરધામમાં. તમારા માટે જ અમો દિવ્ય વિમાનો લાવ્યાં છીએ.’’ આ પ્રમાણે કહી શ્રીહરિજીએ તેને દિવ્યદેહ ધારણ કરાવી વિમાનમાં બેસાડ્યા. ત્યારે પંડિતરામે કહ્યું : ‘‘હે પ્રભુ ! મારા મિત્રે મશ્કરીમાં કહ્યું હતું કે વિમાન લઈને તારા ભગવાન તેડવા આવે ત્યારે મને કહેજે, હું વિમાનનો ડાંડો પકડીને તારી સાથે આવીશ, માટે આપ એને દર્શન આપો.’’

હે ભક્તો ! ભક્તવત્સલ ભગવાને પંડિતરામને કહ્યું : ‘‘તમે એને બોલાવી લાવો.’’ તેથી તે રઘુનાથને બોલાવી લાવ્યા. વિમાનને જોઈ મુક્તોને જોઈ અને શ્રીહરિજીનાં દર્શન કરી રઘુનાથ તો આભો જ બની ગયો. ત્યારે પંડિતરામે કહ્યું : ‘‘ચાલ મારા ભગવાનના ધામમાં.’’ ત્યારે વિષયમાં આસક્ત રઘુનાથે કહ્યું : ‘‘મેં તો હમણાં જ નવું લગ્ન કર્યું છે, તેથી મારી પત્નીનો હું ત્યાગ કરી શકું તેમ નથી, પણ હવે હું સ્વામિનારાયણનો ભક્ત બની એનું જ ભજન કરીશ.’’

## ‘‘વસોના રણછોડ ભગત’’

હે ભક્તો ! ચરોતર પ્રદેશમાં અર્થાત્ ખેડા જીલ્લામાં વસો નામનું ગામ આવેલ છે. તે ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં વાલા ધ્રુવ જેવા ભક્ત થઈ ગયા છે. ત્યાં વણિક જ્ઞાતિમાં રણછોડ ભક્ત થઈ ગયા છે. તેઓ શ્રીજી મહારાજના સારા ભક્ત હતા. ભજન -ભક્તિ કરીને તેઓ મહારાજનો રાજીપો પ્રાપ્ત કરતા હતા.

સત્સંગમા ઘણાં વર્ષો વીત્યા બાદ તેઓ ઘરડા થયા અને આયુષ્ય પૂરી થતાં શ્રીહરિજીએ તેમને દિવ્ય દર્શન દીધાં. જો કે ત્યારે મહારાજ ગઢડામાં મનુષ્ય સ્વરૂપે વિદ્યમાન હતા.

દયાળુ પ્રભુએ દર્શન દઈને કહ્યું : ‘‘રણછોડ ભક્ત ! આજથી પંદરમેં દિવસે બપોરે બાર વાગ્યે તમારા પંચભૂતના વિકારાત્મક દેહનું મૃત્યુ થશે. તે સમયે હું તમને તેડવા આવીશ અને અક્ષરધામમાં લઈ જઈશ. તેથી તમારે કાંઈ દાન-પુણ્ય કરવું હોય તો તે અવશ્ય કરી લેજો.’’ આ રીતે કહીને શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! મહારાજની વાત સાંભળી રણછોડ ભક્ત તો રાજી રાજી થઈ ગયા અને પોતાનાં સગાંઓને બોલાવીને સર્વે વાત કરી. પછી પોતાની જે મિલકત હતી તે સર્વે વરતાલ શ્રીહરિકૃષ્ણ મહારાજને સમર્પણ કરી; તેને કારણે સત્સંગીઓ હતા તે તો રાજી થયા, પણ કુસંગીઓ સંબંધી હતા તે તો અકળાઈ ગયા. અને પછી કહેવા લાગ્યા : ''તારું મૃત્યુ થવાનું જ નથી. શા માટે સ્વામિનારાયણનું સાચું માનીને વરતાલમાં લક્ષ્મીનારાયણને તારી સંપત્તિ આપી દે છે ?''

તે લોકોએ આવું કહ્યું ત્યારે રણછોડ ભગતે જવાબ આપ્યોઃ ''તમે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનને હજુ બરાબર ઓળખતા નથી, તેને કારણે જ આવું બોલો છો. પણ યાદ રાખજો કે, ' તેઓનું કહેલ વચન સત્ય થશે. એમાં કોઈ વિઘ્ન નહિ આવે.' પંદરમે દિવસે મારા ભગવાન જરૂર ને જરૂર મને લેવા આવશે. મને તો વિશ્વાસ છે જ.''

હે ભક્તો ! જ્યાં પંદર દિવસ પૂર્ણ થયા ત્યાં તો છેલ છોગાળો દિવ્ય રથમાં બેસીને ભગતને લેવા આવી ગયા ! મહારાજે મુક્તો સહિત આવીને કહ્યું : ''ભગત ! ચાલો, અમે તમને અક્ષરધામમાંથી તેડવા માટે જ આવ્યા છીએ.'' તે સમયે ત્યાં રહેતા તેમનાં સગાંઓને પણ મહારાજનાં દર્શન થયાં હતાં.

પછી રણછોડ ભગતે સર્વેને કહ્યું : ''જુઓ જુઓ, આ મારા ઈષ્ટદેવ દિવ્ય રથને લઈને મને તેડવા માટે આવ્યા છે.'' આ પ્રમાણે કહી ગાયનું છાણ ઓસરીમાં લીંપીને સ્વયં ત્યાં જ પલાઠી વાળીને બેસી ગયા. એ સમજે આકાશ ગાજવા લાગ્યો સૌએ ઉપર જોયું ત્યાં

તો સત્સંગીઓને-બિન સત્સંગીઓને બધાને જ મહારાજનાં દર્શન થયાં. પછી મહારાજે રણછોડ ભગતનો ભૌતિક દેહ છોડાવ્યો ને અક્ષરધામમાં લઈ ગયા.

## "રણુના પ્રભાતગિરિ બાપુ"

હે ભક્તો ! વડોદરા જીલ્લામાં પાદરા તાલુકામાં રણુ નામનું એક ગામ આવેલ છે. શ્રીજી મહારાજના વખતથી ત્યાં સત્સંગનો પ્રારંભ થયેલ છે. હાલ પણ ત્યાં સારો સત્સંગ છે. સૌ સત્સંગીઓ બહેનો અને ભાઈઓ ત્યાં ભજન-ભક્તિ કરીને સત્સંગની કેમ વૃદ્ધિ થાય એ માટેના પ્રયત્નો કરે છે.

આ પવિત્ર રણુ ગામમાં બસો વર્ષ પહેલાં તુલજા-ભવાની માતાના ઉપાસક અતીત પ્રભાતગિરિ નામના પ્રતાપી બાપુ રહેતા હતા. તેઓની પાસે મોટા મોટા રાજાઓ પણ પ્રણામ કરવા અને સલાહ લેવા આવતા હતા. કાનમ પ્રદેશમાં લોકો તેમને સિદ્ધ માનતા હતા. તે પ્રભાતગિરિને બહુ શિષ્યો હતા. તેઓ ખૂબ જ બુદ્ધિશાળી અને ચમત્કારી હતા. તેઓ હંમેશાં પંચકેશ રાખતા હતા.

એક સમયે રણુ ગામમાં સ્વામિનારાયણ ભગવાનના સંતો સત્સંગના પ્રચારાર્થે આવ્યા હતા. તેમાં મુખ્ય અખંડાનંદ સ્વામી હતા. તેઓ કથા-વાર્તા કરતા હતા ત્યાં પ્રભાતગિરિ બાપુ આવ્યા. પોતે પ્રસિદ્ધ સિદ્ધ હોવા છતાં નિર્માની થઈને સંતોને પ્રણામ કરી સભામાં બેઠા.

હે ભક્તો ! અખંડાનંદ સ્વામીએ શ્રીહરિના ઐશ્વર્યની, ભગવાનપણાની અને ધર્મ-જ્ઞાનાદિકની વાત કરી. તે સાંભળીને પ્રભાતગિરિએ અનેક પ્રશ્નો પૂછ્યા. તેના અખંડાનંદ સ્વામીએ

સંતોષકારક જવાબ આપ્યા. તેથી પ્રસન્ન થઈને ગિરિએ કહ્યું : "તમે સંતના સર્વ લક્ષણોથી સંપન્ન છો, તેથી હું સ્વામિનારાયણ ભગવાન પાસે જઈને તેમનો આશ્રય કરીશ. "

થોડો સમય ગયો, ત્યાં દયાળુ પ્રભુ શ્રીહરિજીએ ડભાણમાં અતિ ભવ્ય યજ્ઞનો પ્રારંભ કર્યો. આ મહોત્સવમાં પ્રભાતગિરિ પોતાના અનેક શિષ્યો લઈ ડભાણ આવવા રણુથી નીકળ્યા. રસ્તામાં તેમણે મનોમન સંકલ્પ કર્યો : "જો સ્વામિનારાયણ પ્રત્યક્ષ ભગવાન હોય તો પોષ મહિનાની કડકડતી ઠંડીના સમયમાં મને માગ્યા વિના ગોદડી (રજાઈ) આપે. આ મારો સંકલ્પ પૂર્ણ કરે અને મારા સત્કર્મો પણ કહે, તો હું તેમને પરાત્પર ભગવાન માનીશ અને અનન્યભાવથી તેમનો આશ્રય કરી નિરંતર તેમનું જ ભજન કરીશ."

હે ભક્તો ! આવો સંકલ્પ કરીને ગિરિજી ડભાણ પહોંચ્યાં. ત્યાં જઈને જોયું તો શ્રીહરિજી મહારાજ હજારો ભક્તોના સમુદાયથી વીંટાયેલા, મહા મોંઘા વસ્ત્રો ને આભૂષણોથી ભૂષિત સભામાં વિરાજમાન હતા. તેવાં દર્શન પ્રભાતગિરિને થયાં અને તુરંત તેના મનમાં શાંતિ થઈ ગઈ.

ગિરિનો સંકલ્પ અંતર્યામી પ્રભુ જાણી ગયા હોવાથી તેને સત્ય કરવા માટે લોકોના સમુદાયથી દૂર ઊભેલા પ્રભાતગિરિને પોતાની સમીપે બોલાવ્યા. તેથી તેઓ મહારાજ પાસે આવી પ્રણામ કરી ત્યાં જ બેઠા. પછી મહારાજે અમૃત વાણીથી તેમના કુશળ-સમાચાર પૂછ્યા અને બોલ્યા : "હાલમાં અત્યંત ઠંડી છે, માટે તમો આ રજાઈ લ્યો." આ પ્રમાણે બોલીને હરિજીએ ઠંડીના કારણે પોતે ઓઢેલી રજાઈ ગિરિને ઓઢાડી દીધી. ત્યારબાદ પ્રભાતગિરીના તમામ

સંકલ્પો, સત્કર્મો અને સર્વજ્ઞ શ્રીહરિજીએ અંતર્યામીપણે સભામાં જ કહી બતાવ્યા. તેથી સભાજનો આશ્ચર્ય પામી ગયા.

હે ભક્તો ! તેઓના તમામ સંકલ્પો કહી બતાવ્યા, તેથી પ્રભાતગિરિ પ્રસન્ન થઈને શ્રીહરિજીને નમસ્કાર કરીને કહેવા લાગ્યાઃ "હે પ્રભુ ! તમારા દર્શન કરવા માટે માર્ગમાં આવતાં મેં જે જે સંકલ્પો કર્યા હતા તે મારા સંકલ્પો આપે પૂર્ણ કર્યા, તેથી આપ મનુષ્યરૂપમાં સ્વયં ભગવાન જ છો. મને આપનો દાસ જાણો. હું આપની આજ્ઞામાં રહીને નિત્ય આપનું ભજન કરીશ."

આવી રીતે ગિરિએ કહ્યું, એટલે શ્રીહરિજીએ પૂછ્યું : "હે યોગી તમો જો મારા દાસ હો તો આ તમારી ભયંકર લાગતી જટા અને આ તમારો બિહામણો લાગતો વેશનો ત્યાગ કરી સાત્ત્વિક વસ્ત્રો પહેરો. શ્રીહરિનું આવું વચન સાંભળી તુરંત જ વાળંદને બોલાવી જટા ઉતરાવીને મુંડન કરાવી નાખ્યું. તેથી હરિજી વિશેષ રાજી થયા. પછી તેઓ સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરતા કરતા પોતાના ગામ રણુમાં આવ્યા.

આ વાતની સમગ્ર ગુજરાતમાં ખબર પડી, તેથી લોકો એક બીજાને કહેવા લાગ્યાઃ "આશ્ચર્ય કહેવાય કે બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ અને સિદ્ધ પુરુષ ગણાતા તેમજ રાજાઓ પણ જેમનાં ચરણમાં નમતા એવા અતીતના અગ્રેસર પ્રભાતગિરિ સ્વામિનારાયણના આશ્રિત થયા ? !"

રણુમાં પોતાના આશ્રમમાં રહીને પણ ગિરિજી પ્રેમથી દૃઢતા પૂર્વક ધર્મનું પાલન કરતા કરતા પ્રગટ પ્રભુ શ્રીહરિજીનું ભજન કરવા લાગ્યા. સમય જતા તેઓ વૃદ્ધ થયા અને પ્રારબ્ધકર્મના અંતે આયુષ્ય પૂરી થઈ. એ સમયે.....

**"ત્યારે તેડવા આવ્યા મહારાજ, લાવ્યા બહુ વિમાન બાવા કાજ,**
**આવી કંઠમાં આરોપ્યો હાર, આપ્યો તોરો કહ્યું થાઓ તૈયાર.**
**પછી બાવોજી બેઠા વિમાન, તેડી ચાલ્યા પોતે ભગવાન,**
**આપ્યો હતો હાર તોરો જેહ, રહ્યો પ્રકટ કોટમાં તેહ."**
**-ભક્તચિંતામણિ-પ્ર-૧૫૧**

હે ભક્તો ! શ્રીહરિજીએ દિવ્ય વિમાનો રણુના આકાશમાં ઊભા રાખી, પોતે પ્રભાતગિરિ પાસે આવ્યા ને સુંદર પુષ્પોનો એક મોટો હાર પહેરાવ્યો અને એક તોરો આપીને કહ્યું : "ચાલો તૈયાર થઈ જાવ. અમો અક્ષરધામમાંથી તમોને તેડવા માટે જ દિવ્ય વિમાનો લઈને આવ્યા છીએ."

મહારાજની વાણી સાંભળી તુરંત પ્રભાતગિરિએ પ્રભુની પ્રાર્થના કરી અને ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્ય દેહ ધારણ કરી વિમાનમાં હરિજીની બાજુમાં બેસી ધામમાં પહોંચી ગયા. પરંતુ શ્રીહરિજીએ હાર અને તોરા પહેરાવ્યા હતા તેને જોઈને લોકો આશ્ચર્ય પામ્યા અને મહારાજનો જયજયકાર કરવા લાગ્યા.

હે ભક્તો ! ડભાણમાં જે ગોદડી મહારાજે પ્રભાતગિરિને ઓઢાડી હતી તે હાલમાં રણુ ગામમાં તુલજા માતાના મંદિરમાં છે.

## "ધાણલાનાં મૂળીમા"

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં અમરેલી જીલ્લામાં ધાણલા નામનું નાનકડું એવું ગામ આવેલ છે. જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રીગણેશ થયા હતા. અર્થાત્ સત્સંગનો ઉદ્‌ગમકાળ હતો ત્યારનો બનેલ એક પ્રસંગ આપ સર્વેની સમક્ષ રજૂ કરું છું.

સત્સંગની મા અને મારા (લેખકના) આદિ ગુરુ એવા મુક્તાનંદ સ્વામી સત્સંગ વિચરણ કરતાં કરતાં ઘાણલા ગામમાં આવ્યા અને ધર્મશાળામાં નદી કિનારે ઉતારો કર્યો.

તે સમયે શ્રીજી મહારાજની આજ્ઞા હતી કે, ‘‘સંતો ગામડાંઓમાં કથા-વાર્તા કરવા જાય ત્યારે ભિક્ષા માગીને જમવું. શ્રીજીની આજ્ઞા મુજબ મુક્તાનંદ સ્વામી સંતો સાથે ગામમાં ઝોળી માગવા ગયા. દરેક ઘરે જઈ ઉચ્ચ સ્વરે ‘નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ’ બોલીને સંતો ઊભા રહે, તેથી દૈવી નર-નારીઓ જે હોય તે ઉંચેથી ઝોળીમાં આપે.

હે ભક્તો ! ઝોળીમાં જે લોટ મળે તેને નદી કિનારે લઈ જઈને સંતો બાટીઓ બનાવે. પછી લાલજીને ધરાવીને જમી લે ને મુમુક્ષુઓ આગળ સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને તેના અશ્રિત થવાથી તે પ્રભુ અંતકાળે પોતાના ધામમાં લઈ જાય છે. આવી વાતો કરી મુમુક્ષુઓને પ્રભુનો નિશ્ચય કરાવી વર્તમાન ધરાવી કંઠી પહેરાવે ને પાંચમાળા રોજ કરવાનો નિયમ આપે.

નિત્યના નિયમ મુજબ એક દિવસ મુક્તાનંદ સ્વામી સંતો સાથે ઘાણલા ગામની એક બજારમાં ચાલતા ચાલતા એક સ્થાને ઊભા રહી ભિક્ષાન્નો આહલેક જગાવ્યો : ‘નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ.’

હે ભક્તો ! એ જગ્યાએ જ કુંભાર જ્ઞાતિનાં મૂળીબાઈ નામની સ્ત્રી પોતાના ઘરને ધોળ કરતી હતી. સંતોને જોઈને તેને ગુસ્સો આવ્યો ને બોલવા લાગી : ‘‘મારા પીટ્યા કામના કુટ્યા, કામ કરવું પડે એટલે સાધુ બની ગયા છે અને ડોજારું ભરવા કોકનાં ઘેર માગવા જાય છે, લ્યો મારા રોયા લેતા જાવ.’’

આ પ્રમાણે બોલીને મૂળીબાઈએ નીસરણી પર ઊભા ઊભા જ ધોળ કરવાના પોતાનો (કપડાનો) મુક્તાનંદ સ્વામી ઉપર ઘા કર્યો! પોતું સ્વામીના મોઢા પર લાગ્યું, તેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલીને સ્વામીએ તે પોતાને પણ પોતાની ઝોળીમાં મૂકી દીધું. પછી નદીએ જઈને પાણીથી ધોઈ સૂકવી દીધું અને સાંજે તેમાંથી દીવેટ બનાવી ઘીમાં પલાળી લાલજી મહારાજની આરતી ઉતારી.

હે ભક્તો ! મૂળીબાઈનો એક કપડાંનો ટુકડો ભગવાનની આરતી ઉતારવાના કામમાં આવ્યો તેથી તેની બુદ્ધિ પવિત્ર થઈ અને સદ્‌વિચાર આવ્યો : ‘‘કાલે જો એ સાધુઓ મારે ઘેર ભિક્ષા માગવા આવે તો હું સુંડલી ભરીને રસોઈ માટે સીધું આપું ને મારા ઘેર કથા કરવા સાંજે બોલાવું.’’

મુક્તાનંદ સ્વામી તો મહારાજની જેમ અંતર્યામી હતા.તેથી બીજે દિવસે પણ ત્યાં જ ગયા ને ભિક્ષા માંગી. મૂળીબાઈએ લોટ આપીને સ્વામીની ઝોળી છલકાવી દીધી. પછી પોતાના પતિ જાદવજીભાઈ દ્વારા મુક્તાનંદ સ્વામીને પોતાને ઘેર સાંજે કથા-વાર્તા કરવા બોલાવ્યા.

સાંજે સ્વામી સંતો સાથે મૂળીબાઈને ઘેર પધાર્યા અને શ્રીજી મહારાજનો પ્રગટ થવાનો હેતુ અને આશ્રિત થવાથી થતા ફાયદાઓ અને મૃત્યુ પછી કાયમ માટે અક્ષરધામમાં ભગવાન સાથે રહેવા મળે, આવી બધી વાતો કરી. તેથી જાદવજીભાઈ તો સત્સંગી ન થયા, પણ તેનાં પત્ની મૂળીબાઈના મનમાં મુક્તાનંદ સ્વામીની વર્તનસભર વાત ઉતરી ગઈ. તેથી તેઓએ સ્વામી પાસેથી કંઠી મંગાવીને પહેરી અને સત્સંગના દરેક નિયમો પાળવાં લાગ્યાં.

હે ભક્તો ! પછી મૂળીમા પાકા ભક્ત બની ગયાં અને ગામની ઘણી બાઈઓને સત્સંગ કરાવી સત્સંગી બનાવી ગઢપુર સંઘ લઈને ઉત્સવ-સમૈયામાં જવાં લાગ્યાં હતાં અને ત્યાં જીવુબા-લાડુબા સાથે પણ સત્સંગ કરતા હતાં.

સમય જતાં તેઓ વૃદ્ધ થયાં અને એક દિવસ તેના પતિ જાદવજીભાઈને કહેવા લાગ્યાં : "તમે તો સત્સંગી થયા જ નહિ. પુરુષોત્તમ નારાયણ પૃથ્વી પર પધાર્યા તો પણ તેને તમો ઓળખી શક્યા જ નહિ; પણ વાંધો નહિ, હું સ્વામિનારાયણ ભગવાનની ભક્ત છું અને સતત તેમની ભક્તિ કરું છું, તેથી મારા હાથનું આપેલ જળ અને અન્ન જે જમશે તેની સદ્‌ગતિ થશે અને તમે તો મારા પતિ છો અને મારા હાથના ઘડેલા રોટલા મેં સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં બનાવીને તમને જમાડ્યા છે, માટે તમારું પણ કલ્યાણ થશે...

અને બીજી વાત સાંભળો. મને સ્વામિનારાયણ ભગવાને દર્શન દઈને કહ્યું છે કે, "મારી આયુષ્યના પાંચ દિવસ બાકી છે. આજથી પાંચમે દિવસે ગાયો છોડવાને સમયે સવારે હું મૃત્યુ પામીશ. તે સમયે મને લેવા માટે અક્ષરધામમાંથી મારા ભગવાન સ્વામિનારાયણ આવશે અને મારી વિનંતી છે કે તમો સત્સંગી થાઓ અને મહારાજનું ભજન કરો."

હે ભક્તો ! મૂળીમાનું કહેવું સાંભળી તેનો પતિ જાદવ બોલ્યોઃ "અરે મૂળી ! તને તો કોઈ પ્રકારનો રોગ નથીને તું ક્યાંથી મરવાની છો ? તને મૃત્યુ કેવી રીતે આવે ? તને તારા ભગવાન તેડવા આવવાના છે એ બધી વાત ખોટી છે." આમ કહી તે મશ્કરી કરવા લાગ્યો અને ગામના લોકોને કહેવા લાગ્યો કે, " મારી ઘરવાળીને એના

ભગવાન પાંચમે દિવસે તેડવા આવવાના છે, માટે તે દિવસે બધા હાજર રહેજો.''

પાંચમો દિવસ ઉદય થયો ત્યારે જાદવજી ડોહાને મૂળીમાએ કહ્યું : ''હું હમણા જ ગાયના છાણ લીપેલ જગ્યા પર બેસું છું અને મને તેડવા મારા ભગવાન આવશે, માટે અહીંયાં જ રહેજો.'' ગામના લોકોને ખ્યાલ આવતાં તેઓ પણ આવી ગયા. મૂળીમા ગાર્ય લીંપીને તેના પર સ્વસ્તિક આસને બેસી જઈ ભજન કરવાં લાગ્યાં. ત્યાં તો દિવ્ય રથમાં શ્રીહરિનાં દર્શન થયાં. તુરંત મૂળીમા બોલ્યાં : ''જુઓ જુઓ , શ્રીજી મહારાજ પધાર્યા છે, તેથી હું તેઓની સાથે જાઉં છું.'' આ રીતે કહી દિવ્યદેહ ધારણ કરી ધામમાં ગયાં. આવું દિવ્ય ઐશ્વર્ય જોઈને જાદવજીભાઈ સત્સંગી થયા અને ગામના પણ ઘણા લોકો સત્સંગી થઈ શ્રીહરિજીનું ભજન કરવા લાગ્યા.

## ''મેલિયાણાનાં જાનંતીબેન''

હે ભક્તો ! કાઠિયાવાડમાં ભાવનગર જીલ્લામાં વલ્લભીપુર તાલુકામાં મેલિયાણા ગામમાં જાનંતી નામના મહારાજનાં આશ્રિત એક બહેન રહેતાં હતાં. તે જાનંતીબેન દરબાર જ્ઞાતિના હતાં. તેમની સેવામાં અમરીબેન નામની સેવિકા હતી તે પણ શ્રીજી મહારાજની ભક્ત હતી. તેઓ બન્ને દરરોજ સવારે પોતાના ગામ મેલિયાણાના પાદરમાં વહેતી નદીમાં સ્નાન કરવા જતાં હતાં.

સ્નાન કર્યા પછી નદીની સમીપે નાના ઉપવનમાં બેસી જાનંતીબેન અને અમરીબેન બન્ને શ્રીહરિજીનું ધ્યાન કરતાં. આ તેમનો નિત્યક્રમ હતો. જાનંતીબેન ઘણીવાર અમરીબેન સાથે ગઢપુરમાં શ્રીહરિજીનાં દર્શન કરવા પણ જતાં હતાં. પછી તેને સમાધિની સ્થિતિ પ્રાપ્ત થઈ, તેથી અખંડ મહારાજનાં દર્શન થવાં લાગ્યાં.

એક દિવસ દરરોજના ક્રમ પ્રમાણે સવારે નદીએ સ્નાન કરવા બન્ને ભક્તાણીઓ ગઈ. મહારાજને અને તીર્થોને યાદ કરીને સ્નાન કર્યું અને ધ્યાન કરવા જતી હતી ત્યારે જાનંતીબેને કહ્યું : ‘‘અમરીબેન! હું આજથી દસમે દિવસે અક્ષરધામમાં જવાની છું. મારું મૃત્યુ દસમાં દિવસે થશે, તેથી શ્રીહરિજી મહારાજ મને તેડવા આવશે.’’

હે ભક્તો ! જાનંતીબેનનાં આવાં વચન સાંભળી અમરીબેન કહેવાં લાગ્યાં : ‘‘મારે પણ ધામમાં આવવું છે, તેથી તમો મને તમારી સાથે અક્ષરધામમાં લઈ જાઓ.’’ ત્યારે જાનંતીબેને કહ્યું : ‘‘મારાં મૃત્યુ પછી અર્થાત્ હું ધામમાં જઈશ, પછીના તેરમાં દિવસે મહારાજને લઈને હું તને તેડવા આવીશ તું તૈયાર રહેજે.’’

હે ભક્તો ! પોતાની સેવા કરતી અમરીબેનને વચન આપી દસમાં દિવસે પોતાનાં સગાંઓને બોલાવીને જાનંતીબેન બોલ્યાં : ‘‘હે સંબંધીજનો ! સાંભળો. આજે મધ્યાહ્ને બપોરે બાર વાગ્યે મારું મૃત્યુ થશે અને મને તેડવા શ્રીજીમહારાજ પધારશે, માટે જેને દર્શન કરવા હોય તે હાજર રહેજો.’’

આ પ્રમાણે કહી ગાયનું છાણ લીંપી તેના પર પલાંઠીવાળી બેસી જઈ શ્રીહરિજીનું ચિંતવન કરતા કરતા સમાધિ અવસ્થામાં જ દેહનો ત્યાગ કરી દીધો. તે સમયે જ દિવ્ય વિમાન લઈ અનેક મુક્તોને સાથે લઈ શ્રીજી મહારાજ પધાર્યા અને જાનંતીબેનને દિવ્યદેહ આપી ધામમાં લઈ ગયા. આ દૃશ્ય ત્યાં રહેલ સર્વે નર-નારીઓએ પ્રત્યક્ષ જોયું.

હે ભક્તો ! જાનંતીબેને વચન આપ્યું હતું તેથી તેરમાંને દિવસે તેઓ મહારાજને લઈને અમરીબેનને તેડવાં આવ્યાં. દિવ્ય વાહનો અને દિવ્ય ગાડાંઓ તથા મહારાજ સાથે જાનંતીબેનને જોઈ અમરીબેનનાં સગાંઓ વિસ્મય પામી ગયા !

ત્યારે અમરીબેને પોતાનાં સગાંઓને કહ્યું : ''મને તેડવા માટે મહારાજને લઈને જાનંતીબેન આવ્યાં છે, તેથી હું અક્ષરધામમાં જાઉં છું. જય સ્વામિનારાયણ.'' આમ કહીને તેણે દેહ છોડી દીધો. પછી શ્રીહરિજી તેને દિવ્ય દેહ આપી અક્ષરધામમાં લઈ ગયા.

## ''ડડુસરના ગલુજી''

**એવો સત્સંગી કોઈ ન કા'વે, જેને તેડવા નાથ ન આવે,**
**જાણો અવશ્ય ટેક એ ખરી, છૂટે તન આવે જ્યારે હરિ.**
**એનું આશ્ચર્ય ન માને કોય, પ્રભુ હોય તિયાં એમ હોય,**
**કોઈ વાતની ન રહી ખામી, મળ્યા જેને સહજાનંદ સ્વામી.**
**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૫૭**

હે વહાલા ભક્તો ! લોયાનાં ત્રીજા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે,'' જેને ભગવાનનો અને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે વગેરે....''

આ વચનામૃતમાં પ્રથમ નામ જ ડડુસરવાળા રજપૂત ગલુજીનું લખ્યું છે. એનો અર્થ એ થયો કે ગલુજીને ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હતો.

હે ભક્તો ! ગલુજીનો જન્મ ખેડા જીલ્લાના મહુધા તાલુકાના ડડુસર ગામમાં થયો હતો. તેઓ જ્ઞાતિએ મહિડા રજપૂત હતા. માતાનું નામ જીજીબા અને ધર્મપત્નીનું નામ અંબાબાઈ હતું. દીકરીનું નામ સુખબાઈ હતું. અદ્ભૂતાનંદ સ્વામીના સમાગમને કારણે તેઓ સત્સંગી થયા હતા. તેથી શ્રીજી મહારાજ તેમને ત્યાં છ-સાત વખત પધાર્યા હતા.

મહારાજની આજ્ઞા પાળવામાં તેઓ શૂરવીર હતા. એકવાર ગઢપુરથી શ્રીહરિજી વડથલ ગામ પધાર્યા. ત્યાંથી પત્ર લખીને જણાવ્યું કે ''ગલુજીને માલુમ થાય કે આ પત્ર મળે તુરંત ઘરની તમામ સંપત્તિ-પૈસા-ઘરેણાં વગેરે ગાડામાં મૂકીને માતાને ઘેર રાખી તમે વડથલ આવતા રહો.'' પત્ર વાંચી તરત જ તેઓએ તમામ મિલકત ગાડામાં ભરી મહારાજ પાસે વડથલ પહોંચી ગયા. આવું કરીને શ્રીજીએ તેમના પ્રાણ બચાવ્યા હતા તેમજ સંપત્તિ બચાવી હતી. કારણ કે તે રાત્રીએ જ તેઓની સંપત્તિ લૂંટવા અને મારવા માટે તેમના દુશ્મનો આવવાના હતા.

હે ભક્તો ! ગલુજીને જેવી આજ્ઞા પાળવામાં ત્વરા હતી તેવી જ નિષ્ઠા જોરદાર હતી. હરિજી ઉમરેઠ જતા હતા. રસ્તામાં ડડુસર આવતું હોવાથી મહારાજે સમાચાર મોકલ્યા કે ''આજે ગલુજીને ઘેર રાત રહીને કાલે ઉમરેઠ જશું.'' પરંતુ એ જ સમયે તેમના બા જીજીબા મૃત્યુ પામ્યાં ! તો પણ લોકલાજ છોડી માતાને મેડી ઉપર સુવડાવી. સ્નાન કરી પવિત્ર થઈને ગલુજી ગામને પાદર આવી મહારાજને પોતાને ઘેર લાવ્યા હતા ! તેઓ મહારાજના કહેવાથી સંત પણ બન્યા હતા અને મહારાજના કહેવાથી પાછા ગૃહસ્થ બની ગયા હતા !

હે ભક્તો ! સમય જતા ગલુજી વૃદ્ધ થયા અને બીમાર પડ્યા ત્યારે તેના ભત્રીજા ઘનશ્યામસિંહ  સેવા કરતા હતા. વિ.સંવત ૧૯૧૨ના જેઠ સુદ-બારસને દિવસે શ્રીજી મહારાજ તેમને અનેક મુક્તોને સાથે લઈ તેમને તેડવા પધાર્યા. ઘરના સૌ ભાઈઓ-બાઈઓને પણ દર્શન થયાં. ત્યારે ગલુજી બોલ્યા : ''અક્ષરધામથી શ્રીજી મહારાજ પધાર્યા છે અને હું તેઓની સાથે જાઉં છું જય સ્વામિનારાયણ.'' આ

રીતે કહી ભૌતિક શરીરનો ત્યાગ કરી દિવ્ય દેહ ધારણ કરી મહારાજની સેવામાં પહોંચી ગયા.

## ''ઉમરેઠનાં કુશળબા''

હે ભક્તો ! ખેડા જીલ્લામાં રણછોડરાયનું ડાકોરધામ આખા ગુજરાતમાં પ્રખ્યાત છે. તે ડાકોરની બાજુમાં ઉમરેઠ નામનું નાનું એવું શહેર આવેલ છે.ત્યાં શ્રીજી મહારાજ ઘણીવાર પધારેલા છે. નંદુભાઈ વગેરે બ્રાહ્મણ જ્ઞાતિના ઘણા ભક્તો તે સમયે હતા અને તે સમયે ઉમરેઠ છોટી કાશી પણ કહેવાતું. મહારાજનાં સમયથી આજ સુધી ત્યાંનો સત્સંગ જળવાઈ રહ્યો છે. ત્યાં વરતાલ દેશનું સુંદર મંદિર પણ આવેલ છે અને મનમોહક ઘનશ્યામ મહારાજ તેમાં બિરાજે છે.

આવા ઉમરેઠ નગરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કુશળબા નામના એક સ્ત્રી ભક્ત રહેતાં હતાં. તેઓને ધ્યાનનું અંગ હતું. કામકાજથી પરવારે એટલે તુરંત જ ધ્યાનમાં બેસી જતાં, આવાં તો ધ્યાનના આગ્રહવાળા હતાં ! એક સમયે કુશળબાના પિતા બહુ જ બીમાર થઈ ગયા. તેઓ ભક્ત ન હતા, તેથી તેમની ચિંતા કુશળબાને રહ્યા કરતી હતી. તેના કારણે તેઓએ પ્રભુની પ્રાર્થના કરીઃ '' હે ભક્તાધિન ભગવાન, જ્યારે જ્યારે ભક્તો તમોને પ્રાર્થના કરે છે, ત્યારે ત્યારે અનેકવાર આપ દર્શન દેવાં પધાર્યા છો, તો મને દર્શન દેવાં નહિ પધારો ?''

હે ભક્તો ! કુશળબાએ આ પ્રકારે પ્રાર્થના કરી તુરંત શ્રીહરિજી ત્યાં જ પ્રગટ થઈ ગયા અને બોલ્યાઃ ''બોલો ભક્ત ! અમોને કેમ બોલાવ્યા છે ?'' મહારાજનાં દર્શન થયાં એટલે કુશળબા ભાવવિભોર બની ગયાં. આંખમાં આંસુ સાથે કુશળબાએ પ્રાણથી પ્રિય પોતાના

ઈષ્ટદેવ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન કરીને આદરપૂર્વક પંચાંગ પ્રણામ કરી બાજોઠ પર મખમલનું કપડું પાથરીને બેસાડ્યા. પછી બોલ્યાં : "હે મહારાજ ! હું તો તમારી ભક્ત છું, અને મારો મોક્ષ તો તમો કરશો જ એમાં મને શંકા નથી, પણ મારા પિતા તમારા ભક્ત નથી અને હવે રોગથી પીડાઈ રહ્યા છે, તેનું મૃત્યુ સમીપ આવી રહ્યું છે, તેથી તેઓ નરક-ચોરાશીમાં જશે. મારા પિતાને આવું મોટું દુઃખ આવશે એને કારણે મને બહુ દુઃખ થાય છે. હે દયાળુ ! મારા પિતાની સંસારમાંથી મુક્તિ થાય એવી મારી ઈચ્છા છે, મારો સંકલ્પ આપ પૂરો કરો. આ મારા પિતાને આપ આપના અક્ષરધામમાં લઈ જાવ."

હે ભક્તો ! કુશળબાની પ્રાર્થના સાંભળીને મહારાજે કહ્યું : "હે ભક્તરાજ કુશળબા ! તમારા પિતા તો સંસારમાં જ ભટકે એવા છે પણ તમારા જેવી મહાન ભક્તના પિતા બનવાનું તેમને સૌભાગ્ય સાંપડ્યું છે અને તમોએ પણ મને પ્રાર્થના કરી છે, તેથી આજથી પાંચમે દિવસે અમો તમારા પિતાને અક્ષરધામમાં તેડી જશું." આ પ્રમાણે કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા અને પાંચમે દિને આવી કુશળબાને દર્શન આપી તેમના પિતાને ધામમાં લઈ ગયા.

હે ભક્તો ! જે ગૃહસ્થના ઘેર કુશળબા જેવી મહારાજની ભક્ત જન્મ લે છે, તેનાં માતા-પિતા સત્સંગી ન હોય તો પણ તેની પુત્રીના કારણે તેને પણ ધામ મળે છે, પણ શરત એટલી જ છે કે, દીકરી કુશળબા જેવી જ જોઈએ.

## "ગામડીનાં તેજોવતી બેન"

હે ભક્તો ! અમદાવાદની બાજુમાં અથવા તો જેતલપુરની નજીક આવેલ ગામડી ગામના હજુ એક ભક્તની વાત સાંભળો. તે

ગામમાં તેજોવતી નામના શ્રીજીમહારાજનાં એક પ્રેમી ભક્ત બહેન રહેતાં હતાં. તેઓ ઘરકામમાંથી પરવારે તુરંત મંદિરે જતાં રહેતાં અને કચરાં-પોતાં કરવાં, ફૂલહાર પોરવવાં, કીર્તનો બોલવાં અને કથા-વાર્તા કરતાં ને સાંભળતાં. અર્થાત્ ભક્તિ કર્યા વિના સમય વેડફતાં નહિ.

આમ કરતાં કરતાં તેઓની અંતાવસ્થા આવી. તેથી તેઓને તેડવા માટે શ્રીજી મહારાજ ઘુઘરમાળા બાંધેલા બે દિવ્ય બળદો જોડેલા રથ લઈને પધાર્યા. બીજા બળદ ગાડાંઓમાં દિવ્ય મુક્તો બેઠા હતા. હરિની ઈચ્છાથી તે સમયે બાજીભાઈ પટેલે પોતાની ઘરની સમીપે આવેલા ફળિયામાં શ્રીહરિજી મહારાજનો સર્વોત્તમ રથ જોયો. ત્યાં તેમના સંબંધીઓ પણ આવ્યાં અને તે સર્વેએ પણ રથમાં બેઠેલા હરિજીને જોયા.

હે ભક્તો ! શ્રીહરિજી તો તેજોવતીબેનને ઘેર જઈ દર્શન દઈ બોલ્યાં : ‘‘ચાલો તેજોવતી ! તમોને લેવા માટે અમો મુક્તો સાથે અક્ષરધામથી આવીએ છીએ. આવવું છે ને મારી સાથે મારા ધામમાં?’’ મહારાજની વાણી સાંભળી તેજોવતી બેન બોલ્યાં : ‘‘મારા વહાલા પ્રભુ ! અક્ષરધામમાં આવીને અખંડ તમારી સેવામાં રહેવા માટે તો હું આખો દિવસ ભક્તિ કરતી હતી. હવે તમે સ્વયં આવ્યા છો ને હું ના પાડું તો મારાં જેવી કમભાગી બીજી કોણ ગણાય ?.....

હે ભક્તવત્સલ ! આ લોકનાં સુખમાં તો અંતે દુઃખ જ રહ્યું છે. તમે જ તો કહેતા હતા કે, ‘‘ પૃથ્વીલોકનું પંચવિષયનું સુખ તો વિષ્ટા જેવું કહેવાય, તેને શું ભોગવવાનું ? વિષયોનું સુખ અનંત વર્ષ સુધી ભોગવીએ તો પણ તૃપ્તિ થાય જ નહિ, એવું સત્ય જાણીને મેં તો વિષ્ટા તુલ્ય માની તેને છોડી દીધું છે ને તમારી ભક્તિ કરતી

કરતી રાહ જોઉં છું કે ક્યારે તમો મને તેડવા આવો અને અક્ષરધામમાં લઈ જઈ તમારી સેવામાં રાખો. આમાં ધામમાં નહિ આવવાનો સવાલ જ ક્યાં છે ?''

હે ભક્તો ! તેજોવતી બહેનની આ પ્રમાણે ઉત્તમ સમજણ જોઈ સાથે આવેલા મુક્તો મહારાજ આગળ તેમનાં વખાણ કરવા લાગ્યા. પછી હસતાં હસતાં હરિજી બોલ્યા : ''તેજોવતી ! હવે મારા સ્વરૂપમાં વૃત્તિ રાખી ભજન કરવા બેસી જાવ. હમણા તમને મુક્તનો દિવ્ય દેહ આપી દઉં.''

આ પ્રમાણે કહી તેજોવતીબેનને ભૌતિક દેહ છોડાવી દિવ્યદેહ આપી દયાળુ પ્રભુ તેમને અક્ષરધામમાં લઈ ગયા. અને તેજોવતીબેનની ઈચ્છા મુજબ પોતાના સામીપ્યની સેવામાં રાખી લીધાં.

આ બધું નજરો-નજર જોનારાં બાજીભાઈ પટેલ અને તેમનાં સગાંઓ તો આશ્ચર્ય પામી ગયાં અને તે સર્વે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ બની શ્રીજી મહારાજનું ભજન કરવાં લાગ્યાં. પછી તે સર્વેની આયુષ્ય પૂરી થઈ ત્યારે તેમને તેડવા પણ શ્રીહરિજી પધાર્યા અને પોતાના અક્ષરધામમાં લઈ ગયા.

## ''ગામડીના નરસિંહદાસ-બેચર ભક્ત''

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદથી પાવન થયેલ જેતલપુરની બાજુમાં ગામડી ગામ આવેલ છે. આ ગામડી પણ શ્રીહરિનું પ્રસાદીનું ગામ છે. આ ગામમાં પટેલ જ્ઞાતિમાં નરસિંહદાસ નામના સારા સત્સંગી ભક્ત રહેતા હતા. તેઓ ધર્મ-નિયમનું ચુસ્તપણે પાલન કરતા હતા. તે ભક્તના પ્રારબ્ધ કર્મનો અંત આવ્યો અને અંતકાળે તેમને તેડવા શ્રીજી મહારાજ પધાર્યા.

દિવ્ય સોનાની શ્રેષ્ઠ અંબાડીવાળા ઉત્તમ હાથી ઉપર બિરાજેલા, કોટિ કામદેવોને પણ મોહ પમાડનારા, અનેક પ્રકારના અલંકારોથી સુશોભિત શ્રીહરિજી મહારાજ હજારો મુક્તો સાથે રાત્રીને સમયે નરસિંહભાઈને ઘેર પધાર્યા. મુક્તો જયજયકાર કરવા લાગ્યા, તેથી બાજુમાં રહેતા બેચર ભક્ત જાગી ગયા.

બેચર ભક્ત વણકર જ્ઞાતિના હતા. તેઓને દર્શન દેવા હતા તેથી જ હરિજીએ આવી લીલા કરી. અવાજ સંભળાયો તુરંત જ બેચર ભગત ઘરમાંથી બહાર આવ્યા. ત્યાં તો શ્રીજીને હાથી ઉપર બેઠેલા જોઈ વિસ્મય પામી ગયા તેથી પૂછ્યું : "હે પ્રભુ ! તમો રાત્રીએ ક્યાં જાવ છો ?" ત્યારે શ્રીહરિજીએ કહ્યું : "હું મારા ભક્ત નરસિંહને અક્ષરધામમાં લઈ જવા આવ્યો છું."

હે ભક્તો ! તે સમયે જ માર્ગમાં ચાલતો શ્રીહરિજીનો હાથી દિવ્ય હોવાથી નિરાવરણ હતો એટલે ભીંત સોંસરો (આરપાર) નીકળી ગયો. આવું જોઈને તે બેચર ભક્તને પાકો નિશ્ચય થઈ ગયો કે, "સ્વામિનારાયણ ભગવાન જ છે." નરસિંહ ભક્તને ઘેર જઈ મહારાજે તેમને દર્શન આપીને કહ્યું : "ભગત ! આવવું છે ને મારી સાથે અક્ષરધામમાં ? આવવું હોય તો તૈયાર થઈ જાવ." તુરંત ભગતે હા કહી. જેથી તેને દિવ્ય દેહ આપી પ્રભુ ધામમાં લઈ ગયા અને પોતાની સામીપ્યમાં કાયમ માટે રાખ્યા.

હે ભક્તો ! બેચર ભક્તને દિવ્ય દર્શન થયેલાં અને હાથીને ભીંતની અંદર જતા જોયો એ અદ્‌ભૂત દિવ્ય ઐશ્વર્ય તેણે સત્સંગીઓને અને ગામના લોકોને કહ્યું. ત્યારબાદ તે બેચર ભક્ત પણ ભજન-ભક્તિ કરવા લાગ્યા ધર્મ-નિયમ પાળવા લાગ્યા ને પરમ એકાંતિક ભક્ત બની ગયા.

સમય જતા બેચર ભક્તની આયુષ્ય પૂરી થઈ તેથી તેમને પણ હાથીની અંબાડી લઈને શ્રીજી મહારાજ તેડવા પધાર્યા. મહારાજનાં દર્શન થતાં જ બેચર ભક્ત તો ભાવવિભોર બની ગયા અને સ્તુતિ કરવા લાગ્યા : ‘‘હે સર્વોપરી મહારાજ ! મને તમારા ધામમાં લઈ જાવ. હું તમારી ઘણા સમયથી રાહ જોઉં છું, હવે વાર ન લગાડતાં.’’

બેચર ભક્તની વાત સાંભળી મહારાજ પણ રાજી થયા અને તેના ભૌતિક દેહનો ત્યાગ કરાવી દિવ્ય દેહ આપી પોતાની સાથે અંબાડી ઉપર બેસાડીને ધામમાં લઈ ગયા.

## ‘‘ઉનાના ગણેશ શેઠ’’

હે ભક્તો ! જૂનાગઢ જીલ્લામાં ઉના શહેર છે. તે નાનકડા શહેરમાં શ્રીજીમહારાજના વખતમાં વણિક જ્ઞાતિમાં ગણેશ શેઠ થઈ ગયા. તેઓ પૈસે-ટકે સુખી હતા. પણ તેઓને સંતાન ન હોવાથી એકવાર ગઢપુર જઈ શ્રીજી મહારાજને વિનંતી કરી : ‘‘હે મહાપ્રભુ! સંપત્તિ તો ઘણી આપી છે, પણ સંપત્તિને વાપરનાર આપ્યો નથી, માટે કૃપા કરી એક દીકરો આપો.’’ ત્યારે હસતાં હસતાં હરિજી બોલ્યા : ‘‘ગણેશ શેઠ ! તમને તો અમે એક તૈયાર દીકરો જ આપીએ, તેથી એ તમારી સંપત્તિ એવી રીતે વાપરશે કે એના કારણે સત્સંગમાં તમારું નામ અમર થઈ જશે.’’

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીહરિજીએ મૂળજી બ્રહ્મચારીને કહ્યું : ‘‘મારા લાલજી લાવો.’’તેથી બ્રહ્મચારી લાલજી લઈને આવ્યા. તેને હાથમાં લઈ શ્રીહરિજી ઊભા થઈને બહેનોની સભામાં ગણેશ શેઠનાં ઘરવાળાં બેઠાં હતાં તેની પાસે જઈને તેના ખોળામાં ઠાકોરજી મૂકીને બોલ્યા : ‘‘લ્યો આ તમને દીકરો આપ્યો. દીકરો માનીને

એની સેવા કરજો અને સંસારી લોકો મૃત્યુ સમયે દીકરાના નામે બધી મિલકત લખી આપે છે, એમ તમે બન્ને પણ આ તમારા લાલજી દીકરાના નામે મિલકત લખી દેજો.''

ઠાકોરજીને દીકરા તરીકે સ્વયં ભગવાને જ આપ્યા ! તે જોઈને ગણેશ શેઠ અને તેનાં ધર્મપત્ની તો ભાવવિભોર બની ગયાં અને લાલજીને ઉના લઈ જઈ બન્ને પ્રેમથી લાલજીની સેવા કરવાં લાગ્યાં.

હે ભક્તો ! ગણેશ શેઠ વૃદ્ધ થયા એટલે એક દિવસ શ્રીજી મહારાજે દર્શન દઈને કહ્યું : ''શેઠ ! આજથી દસમે દિવસે તમારી આયુષ્ય પૂરી થાય છે, તેથી તમો ગઢડા જાવ. ત્યાં તમારું મૃત્યુ થશે અને હું તમને મારા અક્ષરધામમાં લઈ જઈશ.'' આમ કહી શ્રીજી અંતર્ધાન થઈ ગયા.

હે ભક્તો ! તરત જ ગણેશ શેઠે પોતાના ભાઈ શિવચંદ્રના દીકરાને અને બીજા ભાઈ કલ્યાણજીના દીકરાને બોલાવીને કહ્યું : ''મારો અંતકાળ નજીક આવ્યો છે. મારું મૃત્યુ ગઢપુર થશે એમ શ્રીજી મહારાજે મને દર્શન દઈને કહ્યું છે. મને શ્રીજીમહારાજે કહ્યું હતું કે, ''તમારી સંપત્તિ આ તમારા લાલજી દીકરાને લખી આપજો, તેથી હું મારી બધી સંપત્તિ તેને નામે લખી આપું છું, માટે કલમ કાગળ લાવો.''

શેઠના કહ્યા પ્રમાણે ભત્રીજાઓએ કલમ-કાગળ આપ્યાં. પછી પોતાની સહી કરી પોતાની તમામ સંપત્તિ લાલજી ગણેશના નામે લખી આપી. આજે પણ મંદિરનો વહીવટ લાલજી ગણેશના નામથી જ ચાલે છે.

હે ભક્તો ! પછી ગણેશ શેઠ ગઢપુર આવ્યા અને દસમાં દિવસે મહાપ્રભુ શ્રીહરિજી સંતોના રૂપમાં અનેક મુક્તોને દિવ્ય રથમાં

બેસાડીને લાવ્યા ને પોતે પાલખીમાં બેસીને આવ્યા. પછી ગણેશ ભક્તને દિવ્ય દેહ આપી ધામમાં લઈ ગયા.

**“અંતકાળે તો અવશ્ય આવે, એ બિરુદ કેદી ન બદલાવે,**
**જે કોઈ સ્વામિનારાયણ કેય, તેને માથે નથી કેનો ભેય.”**

**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૫૫**

## “કણભાના ઉત્તમચંદ્ર અને ઝવેરદાસ”

હે ભક્તો ! અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકામાં કણભા નામનું ગામ આવેલ છે. તે ગામમાં ધર્મમાં નિષ્ઠાવાળા શ્રીહરિજીના અનન્ય ભક્ત થઈ ગયા છે. તેઓનું નામ ઉત્તમચંદ્ર હતું. તેઓ જ્ઞાતિએ વણિક હતા. તેઓનું સમગ્ર જીવન સદાચારમય ગયું હતું. તેથી તેમની આયુષ્ય પૂરી થતાં જ શ્રીજી મહારાજ ઉત્તમચંદ્રને તેડવા પધાર્યા હતા.

દિવ્ય વિમાનમાં સંતોની સાથે મહારાજ કણભા ગામમાં વૈરાગીઓનું મંદિર હતું ત્યા પધાર્યા. તેથી વૈરાગીઓ હર્ષપૂર્વક શ્રીજીનાં દર્શન કરવાં લાગ્યા. તે વૈરાગીઓ વિસ્મય પામીને પરસ્પર કહેવા લાગ્યા : “અહો ! આકાશમાં પણ ઘણાં દિવ્ય વિમાનો તો જુઓ. તેમાં બેઠેલા દિવ્ય અલૌકિક મુક્તોને તો જુઓ ! આપણે આવા દિવ્ય પુરુષો ક્યારેય જોયા નથી. અને એની મધ્યે દિવ્ય સિંહાસનમાં બેઠેલા પુરુષનું તો વર્ણન જ થઈ શકે તેમ નથી; એ કોણ હશે. ?”

હે ભક્તો ! એ સમયે શ્રીહરિજીએ સાથે રહેલા મુક્તોને કહ્યુંઃ “તમો વૈરાગીઓ પાસે જઈ મારો નિશ્ચય કરાવો.” તુરંત મુક્તો તે વૈરાગીઓ પાસે ગયા. ત્યારે વૈરાગીઓ પૂછવા લાગ્યાઃ “તમે કોણ છો ? અને વિમાનમાં કોણ બેઠા છે ?” ત્યારે મુક્તો

બોલ્યા : ''અમો સ્વામિનારાયણ ભગવાનના સંતો છીએ-મુક્તો છીએ. અમો અક્ષરધામમાંથી આવીએ છીએ અને આ બેઠા છે એ સ્વયં અમારા ભગવાન છે. હે વૈરાગીઓ ! ભક્તવત્સલ દયાળુ અમારા ભગવાન પોતાના આશ્રિતને અંતકાળે લેવા માટે પોતાના સંતો સહિત દિવ્ય વાહનોમાં બેસીને આવે છે. આજે આ ગામના ઉત્તમચંદ્રભાઈને તેડવા આવ્યા છે.''

હે ભક્તો ! આ પ્રકારે મુક્ત સંતોનું કહેવું સાંભળી વૈરાગીઓએ કહ્યું : '' આવા દયાળુ ભગવાનના અમારે પણ આશ્રિત થવું છે. અમો તમારા ભગવાનનું ભજન કરીશું તેથી તેઓ પણ અમને અંત સમયે તેડવા આવશે.''

પછી મુક્તો મહારાજ પાસે વિમાનમાં ગયા. તે સમયે કણભા ગામનાં આબાલ-નર-નારીઓએ પણ દિવ્ય વિમાનમાં બેઠેલા મહારાજ અને મુક્તોને જોયા. પછી પ્રભુ ઉત્તમચંદ્રને ઘેર પધાર્યા. ઉત્તમચંદ્ર તો રાજી રાજી થઈ ગયા ને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''ભગત ! તમોને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છીએ, માટે તૈયાર થઈ જાવ.'' ત્યારે ઉત્તમચંદ્ર બોલ્યા : ''દયાળુ ! હું તો ઘણા સમયથી આપની રાહ જોઈ રહ્યો છું, માટે ચાલો, હું તો તૈયાર જ છું.'' પછી તેને દિવ્ય દેહ આપી મહારાજે વિમાનમાં બેસાડ્યા અને દેવોને પણ દુર્લભ એવા ધામમાં લઈ ગયા.''

હે ભક્તો ! એ જ કણભા ગામમાં ઝવેરદાસ નામના વૈશ્ય ભક્ત રહેતા હતા. તેમનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજી મહારાજ સુવર્ણના દિવ્ય વિમાન, રથો અને દિવ્ય ઘોડાં લઈને તેમને તેડવા પધાર્યા હતા. મહારાજે કહ્યું : ''અક્ષરધામમાં આવવું છે ભગત ?'' ત્યાં તો ઝવેરભગત પથારીમાંથી એકદમ બેઠા થઈ ગયા ને કહ્યું :

"હું તો ક્યારનો આપની રાહ જોઈ રહ્યો છું." પછી મહારાજે તેને ભૌતિક શરીર છોડાવીને મોટા મોટા તપસ્વીઓને પણ દુર્લભ એવા અક્ષરધામમાં લઈ ગયા.

## "ધુવાના બિંદુ ભક્તની કાકી"

હે ભક્તો ! હિંદુસ્તાનમાં (ઉત્તર ભારતમાં )ધુવા નામનું નાનકડું એવું ગામ આવેલ છે. તેમાં સંતોના સમાગમના કારણે એક બિંદુ નામનો સોળ વર્ષનો લબર મૂછીયો ભક્ત થયો હતો. તે લુહાર હતો. બિંદુ ભક્ત થયો, તેથી તેની કાકી સત્સંગીઓની નિંદા કરવા લાગી અને બિંદુને હેરાન કરવા લાગી.

પછી તેની કાકીનો અંતકાળ આવ્યો એટલે અતિક્રૂર એવા યમદૂતો તેને યમપૂરીમાં લઈ જવા માટે તેના ઘેર આવ્યા. કારણ કે તે સત્સંગીઓને ગાળો દેતી હતી અને પોતાના ભત્રીજા બિંદુને પણ દુઃખ દેતી હતી.

યમદૂતોને જોઈને તે સૂર્પણખા ગભરાઈ ગઈ અને પોતાનું રક્ષણ કરવા માટે અનેક દેવ-દેવીઓને સંભારવા લાગી. પણ કોઈ દેવ કે દેવી તેને બચાવવા આવ્યું નહિ, તેથી તે પાપીણી અત્યંત અકળાઈ ગઈ.

હે ભક્તો ! ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે એ ન્યાયે તે બોલી : "જો બિંદુના સ્વામિનારાયણ ભગવાન હોય તો તે યમદૂતોથી મારી રક્ષા કરે." ત્યાં તો યમદૂતોએ તેને પકડી લીધી. તેથી તે સ્ત્રી ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલવા લાગી.

જ્યાં સ્વામિનારાયણ નામનું શ્રવણ યમદૂતોએ સાંભળ્યું તુરંત તેઓ તે બાઈને છોડી દઈ દૂર ઊભા રહ્યા. તેથી તે વારંવાર

સ્વામિનારાયણ મંત્ર જપવા લાગી. ત્યારે ભક્તવત્સલ શ્રીહરિજી પોતાના ભક્ત બિંદુની કાકી છે, એવું જાણીને તેની રક્ષા કરવા માટે સોનાના દિવ્ય રથ ઉપર બેસીને ત્યાં પધાર્યા ! સાથે સોમલા ખાચર અને સુરાખાચર વગેરે પાર્ષદો પણ હતા.

મહારાજ પધાર્યા એ ધુવા ગામના લોકોને પણ દર્શન થયાં, તેથી તેઓ વિસ્મય પામી બે હાથ જોડી પ્રણામ કરવા લાગ્યા. પેલા યમદૂતોએ જોયું કે, પરમાત્મા આ સ્ત્રી પાસે આવે છે, તેથી તેઓ ભય પામી ભાગી ગયા.

હે ભક્તો ! બિંદુ ભક્તની કાકી મહારાજનાં દર્શન કરી પોતાના અપરાધને યાદ કરતી રડવા લાગી અને કહેવા લાગી : “હે પતિત પાવન ! આપ પ્રત્યક્ષ ભગવાન જ છો. તમોએ મારા અપરાધો તથા દોષો ન ગણીને યમદૂતોથી મારું રક્ષણ કર્યું.”

આ પ્રમાણે પ્રભુની પ્રેમથી પ્રાર્થના કરીને પોતાના સગાં-સંબંધીઓ તથા ગામનાં નર-નારીઓને કહેવા લાગી : “સુવર્ણ રથમાં બિરાજેલા શ્રીહરિજી મહારાજ મને લઈ જવા માટે અહીં પધાર્યા છે, માટે હું તેઓની સાથે તેમના અક્ષરધામમાં જાઉં છું. આ સ્વામિનારાયણ સર્વકારણના કારણ છે અને સર્વ-અવતારના અવતારી છે, માટે એનું ભજન કરજો. એમના સંપ્રદાયના અનુયાયી થઈને સત્સંગ કરશો તો તમને પણ મારી જેમ તેડવા આવશે અને એના ધામમાં લઈ જશે.”

હે ભક્તો ! આ પ્રમાણે બિંદુની કાકીએ કહ્યું. પછી તેનું મૃત્યુ થયું તેથી તેને મુક્તનો દેહ આપી રથમાં બેસાડી શ્રીજી મહારાજ અંતર્ધાન થઈ ગયા. ગામના લોકોએ આવું જોયું તેથી મુમુક્ષુ હતા તેઓ સત્સંગી થયા અને ભક્તિ કરીને અંતે તેઓ પણ અક્ષરધામને પામી ગયા.

## "બોટાદના શિવલાલ શેઠ"

હે ભક્તો ! કાઠિયાવાડમાં બોટાદ નામનું નાનું શહેર આવેલ છે. ત્યાં શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં સત્સંગ બહુ સારો હતો અને હાલમાં પણ સત્સંગ બહુ સારો છે. મોટું મંદિર છે અને એમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ રમણીય છે. એકવાર સૌ કોઈ ભક્તોએ ત્યાં દર્શને જવું જ જોઈએ. આવા પવિત્ર ગામમાં હમીર ખાચર, ભગા દોશી વગેરે અનેક ભક્તો મહારાજના સમયમાં થઈ ગયા છે.

તે બોટાદ નગરમાં વણિક જ્ઞાતિમાં ભગા દોશી બહુ નિષ્ઠાવાન અને ધનવાન ભક્ત હતા. તેમને ત્યાં વિ.સંવત્ ૧૮૮૨માં એક પુત્રનો જન્મ થયો અને શિવલાલ નામ રાખવામાં આવ્યું.

સવા વર્ષનો બાળક થયો ત્યારે ભગાભાઈ તેને ગઢપુરમાં શ્રીજી મહારાજનાં દર્શન કરાવવા લઈ ગયા. ગઢડા જઈ ભગા દોશીએ શિવલાલને શ્રીજીના ખોળામાં સૂવડાવ્યા. ત્યાં તો શ્રીજી બોલ્યા : "અરે આ તો સિદ્ધવલ્લભ ! અમો વનવિચરણ વખતે સિરપુર ગયા હતા ત્યારે ત્યાંના સિદ્ધવલ્લભ રાજાએ અમારી બહુ સેવા કરી હતી. પણ અમારી નિષ્ઠા થઈ ન હતી, તેથી જન્મ લેવો પડ્યો છે."

હે ભક્તો ! પૂર્વજન્મના યોગભ્રષ્ટ આત્મા હોવાથી ભગવાન અને સંતો શિવલાલને ખૂબ ગમતા હતા. તેઓ દરરોજ સાડા ચાર કલાક શ્રીજી મહારાજનું ધ્યાન કરતા, આવા ધ્યાની ભક્ત હતા. તેમને સાધુ થવું હતું, પણ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ના કહી. પછી ઈચ્છા ન હોવા છતાં લીમડીના શેઠની સુપુત્રી રાધાબેન નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા. સમય જતાં તેમને ત્રણ દીકરા થયા હતા.

શિવલાલભાઈને સંતોનો ખૂબ મહિમા હતો, તેથી તેઓએ વાગડ ગામમાં રહેતા ભાયાત્માનંદ સ્વામીની ખૂબ સેવા કરી હતી. તેના કારણે સ્વામીએ રાજી થઈને વરદાન માંગવાનું કહ્યું, ત્યારે ૩૩ વર્ષના શિવલાલ શેઠે માગ્યું : ''સ્વામી ! તમે ધામમાં જાવ પછી ચૌદમાને દિવસે શ્રીજી મહારાજને લઈને મને તેડવા આવજો. અક્ષરધામમાં રહેલા પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની સેવા કરવા મારે જલદી પહોંચી જવું છે.''

હે ભક્તો ! ભાયાત્માનંદ સ્વામીએ વચન આપ્યું અને સ્વામી ધામમાં ગયા. પછી તેનો અંતિમ સંસ્કાર કરીને વાગડ ગામથી બોટાદ આવ્યા અને ઘેર ન જતા મંદિરમાં આવ્યા અને પોતાના પિતા ભગા દોશીને કહ્યું : ''મને ભાયાત્માનંદ સ્વામીએ વરદાન આપ્યું છે, તેથી હું તેમના ચૌદમાએ ધામમાં જવાનો છું.''

વિ.સંવત્ ૧૯૧૬ના અષાઢ સુદ પાંચમને દિવસે શિવલાલ ભક્ત નાહિ-ધોઈ પવિત્ર થઈ ગાયનું છાણ લીંપી, તેમાં તલ વેરી તેના પર ધ્યાનમાં બેસી ગયા. એ સમયે શ્રીજી મહારાજ અનેક મુક્તોને અને ભાયાત્માનંદ સ્વામીને લઈને પધાર્યા. શિવલાલ શેઠે કહ્યું : ''મને વિમાન લઈ પ્રભુ તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું.'' આ પ્રમાણે બોલી દેહ છોડી દીધો. પછી મહારાજે તેને દિવ્યદેહ આપી પોતાની પાસે જ વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. તે દર્શન બોટાદમાં ઘણાને થયા હતા.

## ''બોટાદના નગરશેઠ ભગા દોશી''

હે ભક્તો ! બોટાદ શહેરના નગરશેઠ ભાઈચંદ શેઠ હતા.તેઓ ખૂબ જ ધનવાન હતા. તેઓને ભાવનગરના રાજા સાથે મિત્રતા હતી.

ત્યાં પણ તેમની નગરશેઠ તરીકે ખ્યાતી હતી. તેઓ જૈન સમાજના આગેવાન હતા.

આવા પ્રતિષ્ઠિત ભાઈચંદશેઠને ત્યાં વિ.સંવત્ ૧૮૪૭માં એક દીકરાનો જન્મ થયો અને એનું નામ ભગો રાખવામાં આવ્યું. તેઓ ૧૫ વર્ષના થયા ત્યારે બોટાદના ગામધણી હમીર ખાચરના પુત્ર દાહાખાચરની સાથે મિત્રતા હોવાથી સત્સંગ થયો હતો.

તેઓના પિતા ભાઈચંદશેઠ ચુસ્ત જૈન હોવાથી તેઓએ ભગા ભગતને સત્સંગ છોડાવવા બહુ પ્રયત્ન કર્યા, પણ ભગાએ સત્સંગ છોડ્યો નહિ. તેથી ભાવનગરના રાજા આતાભાઈ ઉર્ફે વખતસિંહ પાસે લઈ ગયા. સ્વયં ભાવેરાના ધણી ૧૫ વર્ષના ભગા ભક્તને સત્સંગ છોડી દેવા સમજાવવા લાગ્યા, પણ ભગા ભક્તના સવાલો સામે તેઓ પણ જવાબ આપી શક્યા નહિ. પછી ભાઈચંદશેઠે જૈનના સંતોને (મહારાજ સાહેબને) પણ બોટાદ બોલાવ્યા. તેમણે પણ સત્સંગ છોડી દેવા ખૂબ સમજાવ્યા, પણ ભગાભક્તની આગળ તેઓનો પણ પરાજય થયો ! !

હે ભક્તો ! એક વખત હમીર ખાચર અને સોમલા ખાચર વગેરે ભક્તોના આમંત્રણને માન આપી શ્રીજી મહારાજ ગઢપુરથી બોટાદ પધાર્યા ને હમીર ખાચરના દરબારમાં વિશાળ ચોકમાં વિશાળ સભા ભરાઈ. ત્યાં ભગા દોશી પણ દર્શને આવ્યા હતા. શ્રીજી મહારાજને હમીર ખાચરે વાત કરી : ‘‘હે મહારાજ ! આ ભગા ભક્તના પિતા ગામના નગર શેઠ છે અને ચુસ્ત જૈન છે, તેથી સત્સંગ છોડાવવા ભગાને ખૂબ હેરાન કરે છે, માટે આપ કૃપા કરો તો ભગો સુખેથી તમારી ભક્તિ કરી શકે.’’

પછી તો મહારાજની ઈચ્છાથી ભાઈચંદશેઠની બુદ્ધિ ફરી, તેથી ભગા દોશીને(દોશી એમની અટક હતી) સત્સંગ કરવાની છૂટ આપી. પછી તો વ્યવહારકુશળ જાણીને ભાઈચંદશેઠે ભગા દોશીને પોતાનો વ્યવહાર સોંપી દીધો અને બોટાદ શહેરના નગરશેઠ બનાવી દીધા.

હે ભક્તો ! પછી તો ભગા દોશીને ત્યાં મહાન ભક્ત શિવલાલ થયા હતા, તે પ્રસંગ આપણે જોઈ ગયા છીએ.ભગા દોશીએ ખૂબ સહન કરીને સત્સંગ દ્રઢ રાખ્યો હતો, તેથી શ્રીહરિજી તેમના ઉપર રાજી થયા હતા. સત્સંગ માટે પણ તેઓએ પોતાની લક્ષ્મીનો (ધનનો) સદુપયોગ કર્યો હતો. તેઓ ખૂબ વ્યવહારકુશળ અને બુદ્ધિમાન હોવાથી વરતાલના આચાર્ય રઘુવીરજી મહારાજ અને ભગવદ્પ્રસાદ મહારાજ પણ તેમની સલાહ લેતા હતા. ભગા દોશી માત્ર બોટાદમાં જ નહિ, પણ વરતાલદેશમાં આગેવાન ભક્ત ગણાતા હતા.

હે ભક્તો ! વિ.સંવત ૧૯૨૫ના કારતક સુદ પૂનમને દિવસે મંદિરે જઈ મહારાજને પ્રાર્થના કરી : ‘‘હે પ્રભુ ! હવે મને તમારી સેવામાં લઈ જાઓ. હવે મને સંસારમાં ગમતું નથી.’’ પછી ઘેર ગયા અને પલંગે બેસીને ઘરના લોકોને કહેવા લાગ્યાઃ ‘‘જુઓ, શ્રીજી મહારાજ મુક્તોને લઈને મને અક્ષરધામમાં લઈ જવા તેડવા પધાર્યા છે. હું જાઉં છું જય સ્વામિનારાયણ.’’ આ પ્રમાણે કહી ભૌતિક દેહનો ત્યાગ કરી દીધો. પછી દિવ્યદેહ ધારણ કરાવી વિમાનમાં બેસાડી મહારાજ ધામમાં લઈ ગયા.

## "ભૂજના સુંદરજી સુથાર"

હે ભક્તો ! કચ્છનો સત્સંગ રામાનંદ સ્વામીના સમયથી છે. તે દિવસે દિવસે વધતો જ જાય છે. આખા સંપ્રદાયમાં કચ્છનો સત્સંગ ધર્મ-નિયમ પાળવામાં, કથા-વાર્તા સાંભળવામાં અને દાન કરવામાં પ્રથમ નંબરે આવે છે. કચ્છી લોકો વિદેશોમાં ગયા, ત્યાં પણ તેઓએ મોટાં મોટાં મંદિરો કર્યાં છે. કચ્છનાં ગામડાંઓમાં પણ મોટાં મોટાં મંદિરો હાલમાં છે.

એક સમયે ભૂતકાળમાં કચ્છ પ્રદેશની આર્થિક સ્થિતિ બહુ જ ખરાબ હતી. હરિભક્તો બહુ જ ગરીબ હતા, છતાં પણ ધર્મ-નિયમ પાળવામાં શૂરવીર હતા. સમય જતાં ત્યાંના હરિભક્તો વિદેશમાં ગયા અને ખૂબ ધન કમાયા. પણ તેઓએ વતન અને વર્તન છોડ્યા નહિ. પોતાની જન્મભૂમિમાં આવી, પોતાના ગામમાં મોટાં મોટાં મકાનો તો કર્યાં જ, પણ સાથે સાથે મોટાં મોટાં મંદિરો પણ કરાવ્યાં.

હે ભક્તો ! રામાનંદ સ્વામી વખતમાં કચ્છનો સત્સંગ સુતાર જ્ઞાતિમાં વધુ હતો, જો કે હાલમાં પટેલોમાં સત્સંગની બહુમતી છે. કચ્છનું પાટનગર ગણાતું ભૂજ શહેર છે. તે શહેરમાં મુક્તાનંદ સ્વામીના સમાગમને કારણે સુંદરજીભાઈ સુથાર સત્સંગી થયા હતા. તે વ્યવહારમાં અને સત્સંગમાં આગેવાન હતા. ભૂજના રાજાના તેઓ નાયબ દિવાન હતા. નિષ્કુળાનંદ સ્વામીએ સુંદરજીભાઈ વિષે ભક્ત ચિંતામણિમાં લખ્યું છે કે,....

**"મોટા મોટા માણસનો મો'બતી, શેઠ શાહુકારનો સોબતી,**
**તે તો સર્વે હરિથી વિમુખ, તેની રાખે નિત્ય પ્રત્યે રૂખ.**
**એમ ગઈ આયુષ્ય સઘળી, તોય ચેતી શક્યો નહિ વળી,**
**ત્યાં તો આવિયો દેહનો કાળ, થયું તન પરવશ તતકાળ."**

**-ભક્ત ચિંતામણિ પ્ર-૧૫૭**

સુંદરજીભાઈને મોટા મોટા લોકો સાથે પટલાઈ કરવાની ટેવ હતી. કુસંગીઓ સાથે પણ ભાઈબંધાઈ રાખતા હતા. આમ વ્યવહારનાં કામો કરવામાં ને ગામ-ગપ્પા મારવામાં આખી આયુષ્ય જતી રહી અને અંતકાળ આવી ગયો. દેહ પરવશ થઈ ગયો. તેથી સૂતા હોય ત્યારે સ્વપ્નમાં જેમ તેમ બકવાસ કર્યા કરે. પછી જાગ્રતમાં આવે ત્યારે ખૂબ પસ્તાવો કરીને બોલે : ''મારા જેવો કોઈ મૂરખ ન કહેવાય. મેં કથા-વાર્તા ને સંતોનો સમાગમ કરવાને બદલે કુસંગીઓ સાથે રખડી રખડીને જીવન પૂરું કર્યું. હવે તો શ્રીજી મહારાજ મારું કલ્યાણ કરે તો જ મોક્ષ મળે તેમ છે, એની કૃપા વિના મારી મુક્તિ નહિ થાય.'' આમ કહીને સ્તુતિ કરવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે દીનદયાળ પ્રભુ શ્રીહરિજીએ દર્શન દીધાં. તુરંત સુંદરજીભાઈ પશ્ચાતાપ કરતાં કરતાં રડવા લાગ્યા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : ''ભગત ! તૈયાર થઈ જાવ, અમો તમને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છીએ.'' આવું સાંભળીને સુંદરજીભાઈ ભાવવિભોર બની ગયા અને ત્યાં હાજર રહેલાં નર-નારીઓને કહેવા લાગ્યાઃ....

**''આવ્યા છે મને તેડવા નાથ, હું જાઉં છું મહારાજની સાથ,**
**કઈ વારના ઊભા છે આવી, મુજ કારણ વિમાન લાવી.**
**તજ્યું દેહ તેહ તતકાળ, તેડી ચાલ્યા છે પોતે દયાળ''**

**-ભક્તચિંતામણિ - પ્ર-૧૫૭**

## ''સરસોદના પ્રદેશના રામજી પટેલ''

હે ભક્તો ! શ્રીજી મહારાજના સમયે કેવળ ગુજરાતમાં જ નહિ, પણ અનેક રાજ્યોમાં ત્યાંની મૂળ પ્રજામાં પણ સત્સંગ હતો. એ સમયે નિમાડ પ્રદેશમાં (મધ્ય પ્રદેશ રાજ્યના એક ભાગમાં)

સરસોદ નામનું એક ગામ હતું. તે ગામમાં પટેલ જ્ઞાતિમાં રામજીભાઈ નામના એક સજ્જન રહેતા હતા.

તેના શરીરમાં અનેક પ્રકારના રોગ હતા. તેના કારણે અતિ દુઃખી હતા. બીમારી મટાડવા માટે તેણે ઘણી બધી દવા કરાવી તો પણ સારું થયું નહિ અને પીડા તો વધવા લાગી. પછી અનેક દેવ-દેવીઓની માનતાઓ માની, સાધુ, સંન્યાસીઓ અને જોગીઓને જમાડ્યા, પરંતુ કાંઈ ફેર પડ્યો નહિ. રોગ તો દિવસે -દિવસે વધવા જ લાગ્યા, તેના કારણે રામજીભાઈ વિશેષ પીડાવા લાગ્યા.

હે ભક્તો ! એ સમયે સત્સંગ પ્રચાર-પ્રસાર માટે વિચરણ કરતાં કરતાં આપણા સંતો સરસોદ ગામમાં આવ્યા અને રામજી પટેલને મુમુક્ષુ જાણી તેઓના ઘેર ઝોળી માગવા ગયા.

રામજી પટેલે સંતોનાં દર્શન કર્યાં, એટલે અંતરમાં શાંતિ થઈ ગઈ. તેથી માની લીધું કે આ સંતો મોટા પુરુષ છે. તુરંત દોડીને સંતોનાં ચરણ (પગ )પકડી લીધાં અને કહ્યું : ‘‘આજથી હું તમારા શરણે આવ્યો છું, મારા રોગ મટાડો. મને બહુ જ પીડા થાય છે.’’ ત્યારે સંતોએ કહ્યું : ‘‘ તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થાવ અને ભજન કરો, તેથી ભગવાન તમને તેમના અક્ષરધામમાં લઈ જશે. ત્યાં તમને દિવ્ય દેહ આપશે, તેથી કોઈ પ્રકારના રોગ નહિ થાય.’’

હે ભક્તો ! પવિત્ર સંતોનાં વચનમાં વિશ્વાસ રાખી રામજીભાઈ વર્તમાન ધરાવી કંઠી પહેરી સત્સંગી થયા અને અખંડ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન કરવાનું શરૂ કરી દીધું. પથારીમાં સૂતા સૂતા સ્મરણ કરતા હતા; તે સમયે જ તેની આયુષ્ય પૂરી થઈ ગઈ તેથી....

**ત્યારે તેડવા આવ્યા મહારાજ, ભેળા સંત સખાનો સમાજ,**
**આવ્યા ગામને ગોંદરે નાથ, નીરખી બહુ જન થયાં સનાથ,**
**કહે કોણ તમે કિયાં જાશો, આ ગામમાંહી કેમ સમાશો,**
**કહે અમે સ્વામિનારાયણ, આવ્યા ભક્ત રામજી કારણ.**
**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૫૩**

હે ભક્તો ! શ્રીજી મહારાજ ઘણાં સંતો-ભક્તોને લઈને તેડવા પધાર્યા. ગામને ગોંદરે આવ્યા, ત્યાં ઘણા લોકો બેઠા હતા. તેઓ પૂછવા લાગ્યાઃ "તમે કોણ છો ? અને આટલા બધા અમારા ગામમાં કેમ સમાશો. સરસોદ ગામ તો નાનું છે." ત્યારે શ્રી હરિજી કહે : "તમે ગભરાશો નહિ. અમે સ્વામિનારાયણ ભગવાન છીએ અને અમારા રામજી ભગતને અક્ષરધામમાં લઈ જવા માટે આવ્યા છીએ."

હે ભક્તો ! પછી વાડીમાં થોડીવાર ઉતારો કરીને રામજીભાઈને ઘેર પધાર્યા. મહારાજનાં દર્શન થયાં એટલે રામજીભાઈએ ધીરે રહી પલંગ પરથી ઉતરી પ્રણામ કરી પોતાને નિયમ ધરાવ્યા હતા તે સ્વામીનાં પણ દર્શન કર્યાં. પછી મહારાજે કહ્યું : "અમો તમને તેડવા આવ્યા છીએ, માટે તૈયાર થઈ જાવ." તુરંત તેમણે ઘરના માણસોને જય સ્વામિનારાયણ કહી દેહ છોડી દીધો. પછી તેમને દિવ્ય દેહ આપી ગામના અને ઘરના લોકોને દેખતા જ વિમાનમાં બેસાડી શ્રીજી મહારાજ ધામમાં લઈ ગયા.

## "કેલોદના વલીભાઈ"

હે ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામીની કલમે મુસ્લિમ ભક્તો થયા હતા તેના પણ પ્રસંગો લખાયેલ છે. શ્રીજી સમકાલીન સમયમાં

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘણા મુસલમાન સજ્જનો શ્રીજી મહારાજને ખુદા માનીને ભજન કરતા હતા. સત્સંગ રાખવા માટે તેઓએ ખૂબ સહન કર્યું હતું અને નાત બહાર પણ રહ્યા હતા. એવા ભક્તોમાં એક વલીભાઈ પણ મહાન ભક્ત થઈ ગયા છે.

વલીભાઈ કાનમ પ્રદેશમાં રહેતા હતા. અર્થાત્ વડોદરા જીલ્લાના કરજણ તાલુકાનું 'કેલોદ' ગામ તેની જન્મભૂમિ અને કર્મભૂમિ હતી. તેઓ શેખ હતા. સંતોના સમાગમને કારણે તેઓને મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થયો હતો.

હે ભક્તો ! વલીભાઈ શેખ સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત થયા એટલે કેલોદ ગામના સર્વે મુસ્લિમો અને તેમનાં સગાંઓ ભેગાં થઈને વલીભાઈ પાસે આવ્યા અને કહેવા લાગ્યાઃ "વલી ! તે તો ઈસ્લામ છોડી કાફરનો (હિન્દુનો) ધર્મ સ્વીકાર્યો છે એ મૂકી દે, નહિતર તને ન્યાત બહાર મૂકવામાં આવશે. તારા દીકરા-દીકરી સાથે કોઈ મુસલમાન નિકાહ પઢશે નહિ. પરણશે નહિ; માટે સ્વામિનારાયણનો ધર્મ છોડી દે અને અમારી ભેળો ભળી જા."

ન્યાતની વાત સાંભળી વલીભાઈએ કહ્યું : " સ્વામિનારાયણ અલ્લા છે, તેથી હું તેમનો ભક્ત થયો છું. તેમના ધર્મમાં ન્યાય-નીતિ છે. પવિત્રતા છે, અહિંસા ધર્મ મને ગમે છે અને તે સ્વામિનારાયણ પંથમાં પળાય છે. દારૂ-માંસ પણ ત્યાં કોઈ ખાતું નથી, તેમજ કોઈ પ્રકારનું વ્યસન પણ ત્યાં કોઈ રાખતું નથી. આવા કળિયુગમાં આવો પવિત્ર સંપ્રદાય હું કેમ છોડી શકું ? માટે એ આશા રાખતા નહિ. હું કોઈ પણ સંજોગોમાં સત્સંગ છોડવાનો નથી."

વલીભાઈનાં આવાં વાક્યો સાંભળી મુસલમાનોએ તુરંત જાહેરાત કરી કે, " આજથી વલી શેખ ન્યાત બહાર છે. તે કાફર થઈ ગયો છે, તેથી તેની સાથે કોઈ પણ મુસલમાને રોટી-બેટીનો વ્યવહાર રાખવો નહિ અને જો કોઈ તેની સાથે વ્યવહાર રાખશે તેને પણ વિમુખ કરવામાં આવશે."

હે ભક્તો ! વલીભાઈને ન્યાત બહાર મૂક્યા છતાં પણ તેને કોઈ પ્રકારનું દુઃખ ન થયું. તે તો આખો દિવસ ભજન-ભક્તિ કરવા લાગ્યા. ન્યાત બહાર નીકળ્યા પછી ચાર વર્ષ વીતી ગયાં. અને તેમની આયુષ્ય પણ પૂરી થઈ ગઈ. તેથી અક્ષરધામમાંથી મહારાજ તેમને તેડવા પધાર્યા.....

**"લાવ્યા રથ વેલ્ય ને વિમાન, આપે અશ્વે બેસી ભગવાન,**
**આવી વાડીમાં ઉતર્યા નાથ, બહુ સખા છે પોતાને સાથ.**
**ઘણાં ઘોડાં બળદ અપાર, બોલ્યો રખવાળો તેહ વાર,**
**મારી ખેતી આ જાશે ખવાઈ, અમારે છે આટલી જીવાઈ."**
**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૫૧**

હે ભક્તો ! મહારાજ ઘોડાં બળદ વગેરે લઈને કોઈકની વાડીએ ઉતર્યા. ત્યારે વાડીનો રખેવાળ કહેવા લાગ્યો : " આ તમારા ઘોડાં ને બળદ મારી ખેતીમાં વાવેલ બધું ખાઈ જશે, માટે અહીંથી ચાલ્યા જાઓ." ત્યારે શ્રીહરિજી કહે : "હે રખેવાળ, અમારાં ઘોડાં ને બળદ તારું ઘાસ ખાય એવાં નથી. અમે તો અમારા ભક્ત વલીભાઈને તેડવા આવ્યા છીએ." આ રીતે કહી પ્રભુજી વલીભાઈને ઘેર પધાર્યા અને તેમને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા.

## ''રાજપુરના જેકર્ણ ભક્ત''

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં મહેસાણા જીલ્લામાં રાજપુર નામનું ગામ આવેલ છે. તે ગામમાં પટેલ જ્ઞાતિમાં જેકર્ણ નામના મહારાજના અનન્ય ભક્ત રહેતા હતા. તેનો આખો પરિવાર સત્સંગી હતો. સૌ ભજન ભક્તિ કરીને સત્સંગ શિર સાટે રાખતા હતા.

એક દિવસ શ્રીજી મહારાજે જેકર્ણ ભક્તને દર્શન દઈને કહ્યું: ''હે ભક્તરાજ ! તમારી આયુષ્ય હવે એક વર્ષની બાકી રહી છે, માટે એક વર્ષ પૂરું થશે એટલે હું તમને લેવા આવીશ, તમે તૈયાર રહેજો.''

જેકર્ણ ભક્ત તો આવું સાંભળી રાજી રાજી થઈ ગયા અને બોલ્યાઃ '' મહાપ્રભુ ! હું તો અત્યારે પણ તૈયાર છું. તમારી ઈચ્છા હોય તો અત્યારે પણ લઈ જાવ.'' ત્યારે મહારાજ કહે : '' અત્યારે નહિ, એક વર્ષ પૂર્ણ થયે હું આવીશ.'' આ પ્રમાણે કહી અદશ્ય થઈ ગયા.

હે ભક્તો ! અગ્યાર મહિના ગયા અને ફરીને પ્રભુજી પધાર્યા અને કહ્યું : ''ભગત ! હવે તમારો મૃત્યુ આડો એક જ મહિનો રહ્યો છે, માટે તૈયાર રહેજો.'' આમ કહીને અંતર્ધાન થઈ ગયા.

એ સમયે જેકર્ણ ભક્તે રાજપુર ગામના દરેક સત્સંગીઓને બોલાવી વાત કરી કે,'' મને મહારાજે દર્શન દઈને કહ્યું છે કે '' મારી એક મહિનાની આયુષ્ય બાકી છે. મને મહિના પછી મહારાજ અક્ષરધામમાં લઈ જવા માટે આવશે. મારી છેલ્લી ઈચ્છા મંદિર કરવાની છે. મંદિર બનાવીએ એટલે સંતોને રહેવાની સારી સગવડ મળે.

**‘‘માટે મંદિર સંત ઉતરવા, કાલ્ય થકી આદરીયે કરવા;**
**પછી મંદિર સુંદર કરાવ્યું, ત્યાં તો મૃત્યુ તે નજીક આવ્યું,**
**ત્યારે પત્ની પોતાનીને કહ્યું, મારે મરવા આડું નવ રહ્યું.**
**માટે મોર થકી તુ તો ચાલ, કેડ્યે હું પણ આવું છું કાલ,**
**પછી બેઠી તે કરવા ભજન, આવ્યા નાથ તેડ્યે તજ્યુ તન’’**

**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૪૧**

હે ભક્તો ! મંદિર એક મહિનામાં પૂરું થઈ ગયું ત્યાં તો મૃત્યુનો દિવસ આવી ગયો. હવે સાંભળો એક આદર્શ ભક્તમાં ભગવાનના ભજનને પ્રતાપે આવેલી તાકાત. જેકર્ણ ભક્તે તેની પત્નીને કહ્યું : ‘‘હું કાલે ધામમાં જઈશ, પણ તેં મને ભજન ભક્તિ કરવામાં અને ધર્મ-નિયમ પાળવામાં ખૂબ સાથ આપ્યો છે, માટે હું તને આજે ધામમાં મોકલું છું, તેથી તારે વિધવા ન થવું પડે, તેથી તું તૈયાર થઈ જા.’’

પોતાના પતિના કહેવાથી ભક્તિબેન ભજન કરવા બેસી ગયાં. જેકર્ણ ભક્તના સંકલ્પને સત્ય કરવા મહારાજ વિમાન લઈને પધાર્યા અને તેની પત્ની ભક્તિબેનને અક્ષરધામમાં લઈ ગયા.

પછી તેને અગ્નિસંસ્કાર કરીને સૌ ઘેર આવ્યા. બીજે દિવસે જેકર્ણ ભક્તે સત્સંગીઓને બોલાવીને કહ્યું : ‘‘ જુઓ વિમાન લઈને સંતો સાથે શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે. મારી ધર્મપત્નીને તો મેં અક્ષરધામમાં મોકલી દીધી છે. હવે એક દીકરો બાકી છે, તેને હું મારી સાથે જ ધામમાં લઈ જાવ છું.’’ આમ કહી જેકર્ણ ભક્તે કહ્યું : ‘‘દીકરા ! તું ધામમાં આવવા તૈયાર થઈ જા. સ્વામિનારાયણ મહામંત્રનો જપ શરૂ કરી દે, આપણે બન્ને એક સાથે જ મહારાજ સાથે ધામમાં જતા રહીએ.’’ પછી તે પણ ભજન કરવા લાગ્યા અને

બાપ - દીકરાએ દેહ છોડી દીધો. બન્નેને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી મહારાજ અક્ષરધામ લઈ ગયા. હે ભક્તો ! કેવા મહાન જેકર્ણ ભક્ત હશે કે, પત્ની અને પુત્ર બન્નેને અક્ષરધામ મોકલી દીધાં. ! !

## "ચમારાના દયાળજી ભક્ત"

હે ભક્તો ! ચરોતર પ્રદેશમાં આણંદ અને વડોદરા વચ્ચે મહી નદી વહી રહી છે. તેના કિનારે અનેક ગામડાંઓ છે. તેમાં ચમારા નામનું ગામ છે. તે ગામમાં સુતાર જ્ઞાતિમાં દયાળજી ભક્ત રહેતા હતા. તેઓ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત હતા. તેમને મહારાજ સાથે ખૂબ હેત હતું. સમય જતાં તેમની આયુષ્ય પૂરી થઈ, તેથી શ્રીજી મહારાજ દિવ્યરૂપે, દિવ્ય વિમાન લઈ અનેક સંતો સાથે ચમારા ગામ પધાર્યા. એ સમયે...

**"ધાયું દર્શને સરવે ગામ, કહે પધાર્યા સુંદર શ્યામ,**
**દીધાં દયાળજીને દર્શન, નીરખી નાથને થયો મગન,**
**કહે ઊઠો ભાઈઓ સહુ મળી, કરો વા'લાની ચાકરી વળી,**
**આપો ઘોડાને ચાર નીલેરી, કરાવિયે રસોઈ વેલેરી,**
**જમે મહારાજ ને મુનિજન, આજ પધાર્યા છે ઘણે દન."**
**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૩૮**

હે ભક્તો ! આખા ગામનાં નર-નારીઓ આબાલ-વૃદ્ધ સૌને સંતો સાથે મહારાજનાં દર્શન થયાં. મહારાજ તો માણકીયે અસ્વાર થઈ ગામની બજારે થઈને દયાળજી ભગતને ઘેર પધાર્યા. મહારાજનાં દર્શન થયાં ત્યાં તો ભગત ભાવ વિભોર બની ગયા અને ઘરનાં સૌ નર-નારીઓને કહેવા લાગ્યાઃ "અરે ! જલદી કરો, જલદી ઊઠો.

મહારાજ અને સંતો પધાર્યા છે. તેમની સેવા કરો. માણકી અને ઘોડાને લીલું ઘાસ નાખો. તેમજ રસોઈ સરસ બનાવો; કારણ કે ઘણા દિવસથી મહારાજ અને સંતો આવ્યા ન હતા. હવે કૃપા કરી પધાર્યા છે, તેથી આપણા ઘરની રસોઈ જમે. માટે જલદી જલદી રસોઈ બનાવો....''

આ પ્રમાણે કહીને ખાટલામાંથી ઊભા થઈને દયાળજી ભગત શ્રીજી મહારાજને દંડવત કરવા લાગ્યા. ત્યારે ઘરના લોકો પૂછવા લાગ્યા : ''તમે કોને દંડવત કરો છો ? અહીં તો ભગવાન કે સંતો કોઈ જ નથી.'' ત્યારે દયાળજી ભગત બોલ્યા : ''અરે ! તમને બધાને દેખાતું બંધ થઈ ગયું કે શું ? શ્રીજી મહારાજ સંતોને લઈને પધાર્યા છે, તેથી તેઓને દંડવત કરું છું.''

એ સમયે ચમારા ગામના લોકો ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા : ''અમોએ તમારા સ્વામિનારાયણ ભગવાનને અને સંતોને તમારા ઘેર આવતા જોયા છે, તેથી અમો તેમનાં દર્શન કરવાં આવ્યા છીએ, ક્યાં છે મહારાજ ? અહીંયાં તો દેખાતા નથી.''

હે ભક્તો ! ત્યારે દયાળજી ભક્ત કહે: ''અરે ! તમને પણ મહારાજનાં દર્શન થતાં નથી ? આ ઊભા મહારાજ. મને તેડવા માટે જ અહીં પધાર્યા છે. જમવાની પણ ના પાડે છે. હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું, જય સ્વામિનારાયણ.'' આ રીતે કહ્યું, ત્યાં તો દેહ ઢળી પડ્યો. લોકો આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા :-

**''સાચા તમે સાચો સતસંગ, પાપી જીવ નહિ કરે પ્રસંગ,**
**આવી રીતે છૂટે ક્યાંથી દેહ, મોટા મુનિને દુર્લભ એહ.''**

## "અમદાવાદના પ્રાણવલ્લભજી"

**"એક અમદાવાદને માંઈ, પ્રાણવલ્લભ દ્વિજ રહે ત્યાંઈ,**
**ભજે સ્વામિનારાયણ નિત્ય, બીજી વારતા જાણે અનિત્ય.**
**એક વાર ગોદાવરી ગયો, મરકી રોગમાંહી માંદો થયો;**
**રહ્યો નહી રોગ ઘણા દન, તર્ત તજી ચાલ્યો જીવ તન.**
**આવ્યા તેડવા તેહને નાથ, ચાલ્યો વિપ્ર મહારાજ સાથ."**
**- ભક્ત ચિંતામણિ- પ્ર-૧૩૭**

હે ભક્તો ! અમદાવાદમાં દામોદરભાઈ અને નથુ ભટ્ટ વગેરે અનેક સત્સંગી ભક્તો થઈ ગયા છે. તે શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં પ્રાણવલ્લભ નામના એક હરિભક્ત થઈ ગયા છે. તેઓને સ્વામિનારાયણ મહામંત્ર જપવાનું અંગ હતું. કામકાજથી નિવૃત થાય તુરંત માળા લઈને જપ કરવા બેસી જતા. નવરા થઈને કોઈની નિંદા-કુથલી કરવાનું તો એના સ્વભાવમાં જ નહોતું.

તે પ્રાણગોવિંદજી એક વખત યાત્રા કરવા માટે નાસીક-ત્રંબક ગયા હતા. ત્ર્યંબકેશ્વર મહાદેવનાં દર્શન કરી નાસીકમાં આવી જ્યાં રામ ભગવાન વનવાસ દરમ્યાન પંચવટીમાં રહ્યા હતા. ત્યાં પણ બધાં સ્થાનોમાં દર્શન કર્યા અને ત્યારબાદ નાસીકમાં વહી રહેલ પવિત્ર ગોદાવરી નદીના કિનારે એક ધર્મશાળામાં ઉતારો કર્યો.

હે ભક્તો ! એ સમયે નાસીકમાં મરકીનો રોગ ફાટી નીકળ્યો હતો. તેથી તે રોગ પ્રાણગોવિંદજીને પણ થયો. થોડા દિવસમાં તો તેનું મૃત્યુ થયું. પરંતુ શ્રીજી મહારાજના ભક્ત હોવાથી તેમને અંતકાળે તેડવા અક્ષરધામમાંથી સ્વયં મહારાજ પધાર્યા. પછી તેમને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા.

પછી મહારાજે તેમને પૂછ્યું : "ભગત ! તમારી કોઈ ઈચ્છા રહી ગઈ છે ? હોય તો બોલો." ત્યારે પ્રાણગોવિંદજી બોલ્યા : "હે મહારાજ ! મેં કોઈને કહ્યું નથી કે, હું મારા ભગવાન સાથે અક્ષરધામમાં જાઉં છું. બધા એવું માનશે કે જેમ મરકીમાં સર્વે મરે છે – તેમ હું પણ મરી ગયો. હું ધામમાં ગયો છું એવું કોઈ નહિ માને. અહીં ગોદાવરી અને અમદાવાદ બન્ને સ્થાને એવું માનશે કે હું તો મરકીને કારણે કમોતે મર્યો છું."

હે ભક્તો ! તુરંત મહારાજે કહ્યું : "ભગત ! તમે દેહમાં પાછા જાઓ અને સૌને કહીને પાછા આવતા રહેજો. ધામમાં આવવાની હું તમને સામર્થી આપું છું."

આ બાજુ લોકો તેના દેહને સ્મશાનમાં લઈ જઈ લાકડાંમાં સૂવડાવી અગ્નિ લગાડવાની તૈયારી કરતા હતા, ત્યાં તેનો દેહ સળવળ્યો. અને પ્રાણગોવિંદજી બેઠા થયા. આવું જોઈ લોકો આશ્ચર્ય પામ્યા અને પૂછવા લાગ્યાઃ "તમે તો મૃત્યુ પામ્યા હતા ને ? " ત્યારે પ્રાણગોવિંદે કહ્યું : "હું તો અક્ષરધામમાં ગયો હતો, પણ મારા પ્રભુના કહેવાથી તમને કહેવા આવ્યો છું કે હું કમોતે મર્યો નથી, પણ ધામમાં ગયો છું, તમારે જો મરકીના રોગથી બચવું હોય તો સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરજો. હવે બધા મારી સાથે તાળી વગાડી ધૂન કરો એટલે હું ફરીને ધામમાં જતો રહું." બધા તાળી વગાડી ધૂન કરવા લાગ્યા. એ સમયે જ પ્રાણગોવિંદજી લાકડાં ઉપર સૂઈ ગયા ને ધામમાં જતા રહ્યા !

## "કારિયાણીના મૂળજી ભગત"

હે ભક્તો ! આ પ્રસંગ પણ અપમૃત્યુનો છે, તો પણ શ્રીજી મહારાજ પોતાના ભક્તને અક્ષરધામમાં લઈ જ જાય છે, એ કૃપા-

અનુસાર મૂળજી ભગતને પણ ધામમાં લઈ ગયા એ પ્રસંગ આપની આગળ રજૂ કરું છું.

કાઠિયાવાડમાં સારંગપુરની નજીક કારિયાણી નામનું નાનકડું ગામ આવેલ છે. ત્યાં માંચા ખાચર, વસ્તાખાચર અને વીરદાસ પટેલ વગેરે અનેક ભક્તો શ્રીજી મહારાજના સમકાલિન સમયમાં થયેલ છે. તે ગામમાં કડવા પટેલ પૂરીબાઈ નામના મહારાજનાં ભક્ત રહેતાં હતાં. તેના દીકરાનું નામ મૂળજીભાઈ હતું.

આ મૂળજીભગત બીજા લોકો સાથે બળદ-ગાડા લઈને કેરીયા ગામ આવતા હતા. ત્યાં ભગુ પટેલના પિતાનું બારમું હતું. સૌ ગાડાં ચલાવતા ચલાવતા રસ્તામાં એક નદી આવી ત્યાં આવ્યા. સૌએ પોતાના બળદોને પાણી પાયું અને આગળ ચાલવા લાગ્યા.

મૂળજી ભગતનું ગાડું પાછળ રહી ગયું હતું, તેથી તેઓ નદીએ મોડા પહોંચ્યા. તેમણે પણ બળદને ગાડેથી છોડ્યા ને પાણી પાયું. પછી ગાડે બળદને જોડવા ગયા ત્યાં તો એક બળદે માથું માર્યું તેથી મૂળજીભગત પડી ગયા અને ગળામાં રાશ (દોરડું) આવી ગઈ ! બળદ તો ભડક્યા ને દોડવા લાગ્યા. પણ રાશ તેના મોરડાની સાથે બાંધેલ હતી તેથી મૂળજી ભગત ઢસડાવા લાગ્યા. ખૂબ ઢસડાયા તેથી તેનું મૃત્યુ થયું !!

એ જ સમયે ભક્તપ્રિય ભગવાન શ્રીહરિજી દિવ્ય વિમાન લઈને આવ્યા અને મૂળજી ભગતને દિવ્યદેહ આપી અક્ષરધામમાં લઈ ગયા ! આ બાજુ ભગતના દેહને કારિયાણી લાવીને અગ્નિસંસ્કાર કર્યો. પરંતુ મૂળજી ભગતના માતા પૂરીબાઈને દીકરામાં હેત હોવાને કારણે દરરોજ રડ્યા કરતાં હતાં.

હે ભક્તો ! ઘણા દિવસ જતા રહ્યા તો પણ પૂરીબાઈનું રડવું બંધ ન થયું, તેથી શ્રીજી મહારાજ મૂળજી ભગતને સાથે લઈ હાથી ઉપર બેસાડીને કારિયાણી આવી પૂરીબાઈને દર્શન દીધાં અને બોલ્યાઃ ‘‘પૂરીબાઈ ! શું મૂળજી-મૂળજી કરીને રોયાં કરે છે ? લે તારો મૂળજી. તેં તો એને એક ફૂલ અને એક વેઢ એ બે જ પહેરાવ્યાં હતાં, પણ જો, અમોએ તો તારા આ મૂળજી દીકરાને સુંડલી ભરાઈ જાય એટલાં બધાં ઘરેણાં પહેરાવ્યાં છે.’’

પછી મૂળજી ભગત બોલ્યા : ‘‘બા ! હું ભલે અકાળે મૃત્યુ પામ્યો, પણ શ્રીજી મહારાજ મને અક્ષરધામમાં લઈ ગયા છે અને ત્યાં તો બહુ જ સુખ છે, એનું વર્ણન મુખથી કહી શકાય તેમ નથી; માટે મારા કારણે રડતાં નહિ.’’

પુત્રનાં આવાં વેણ સાંભળી પૂરીબાઈ રાજી થયાં અને મહારાજને આભારના રૂપમાં પંચાગ પ્રણામ કરીને બોલ્યાં : ‘‘હવે હું ક્યારેય રડીશ નહિ, હવે તો મને ખ્યાલ આવી ગયો છે કે મારો દીકરો તો ધામમાં ગયો છે.’’

હે ભક્તો ! ધામની અંદર મુક્તોના દેહના રૂપ ભગવાનની જેવાં જ હોય છે, પણ અહીં દેહનાં રૂપ હોય છે એવા નથી હોતાં; છતાં પૂરીબાઈને સત્ય મનાય તેથી મૂળજી ભગતના દિવ્યદેહને મનુષ્યદેહ હતો તેવો બતાવ્યો હતો.

## ‘‘કુંડળના હાથીયા પટગીર’’

હે ભક્તો ! શ્રીજી મહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઈ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય ઈત્યાદિક ગમે તેવી

રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, 'ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ એ તો ભગવાનના ધામને જ પામે.''

હે ભક્તો ! આ વચનામૃતમાં કહ્યા મુજબ હાથીયા ભક્તનું અપમૃત્યુ થયું હતું, છતાં પણ ભક્ત હોવાને કારણે મહારાજ તેમને ધામમાં લઈ ગયા તે પ્રસંગ સાંભળો. તેને સાંભળવાથી ભગવાનની દયાળુતાનો મહિમા વિશેષ વધશે.

કાઠિયાવાડમાં સારંગપુરની બાજુમાં કુંડળ નામનું ગામ આવેલ છે. તે ગામમાં રાઈબા નામના શ્રીજી મહારાજનાં મહાન ભક્ત થઈ ગયાં. તેઓ પૂર્વના મુક્ત હોવાને કારણે ઘેર બેઠાં નીલકંઠ વર્ણીરાજની માનુષિક લીલા જોઈ શકતાં હતાં. અર્થાત્ ઘનશ્યામ મહારાજ અયોધ્યાથી વિક્રમ સંવત ૧૮૪૯ના અષાડ સુદ દસમના દિવસે વન-વિચરણ કરવા પધાર્યા, ત્યારથી જે જે લીલા કરતા તે સર્વ રાઈબા કુંડળમાં ઘેર બેઠાં જોઈ શકતાં હતાં.

આવાં મહાન મુક્તના પુત્ર હાથીયા પટગીર આસોદર ગામમાં પોતાના સંબંધીઓની સાથે ગામ ભાંગવા (લૂંટવા) ગયા હતા. તે બધા જ કાઠીઓને શ્રીજી મહારાજે કહ્યું હતું કે, ''તમે ભાવનગરના રાજા વજેસિંહ સામે તમારા ગરાસને માટે બહારવટે નીકળ્યા છો, તો પણ આત્માનંદ સ્વામીનું ગામ આસોદર ભાંગવા જશો નહિ, છતાં પણ જો તમે જશો તો તમારી જીત નહિ થાય.''

હે ભક્તો ! સ્વયં પરમાત્મા શ્રીહરિજીએ ના કહી, છતાં કાઠીઓ પોતાના સ્વભાવને વશ થઈ આસોદર લૂંટવા ગયા અને ત્યાં તે જ સમયે ભાવનગરના સૈનિકો આવી ગયા. તેથી કાઠીઓ સાથે ઘમાસાણ યુદ્ધ થયું. તેમાં એક ગોળી હાથીયા પટગીરને વાગી તેથી

તેનું મૃત્યુ થયું. તે જ સમયે શ્રીજી મહારાજ દિવ્ય વિમાન લઈને આવ્યા અને હાથીયા ભક્તને અક્ષરધામમાં લઈ ગયા.

પછી મહારાજે કુંડળમાં રાઈબાને દર્શન દઈને કહ્યું : ‘‘અમારી આજ્ઞા લોપીને કાઠીઓ આસોદર ગામ લૂંટવા ગયા, તેથી ઘણા મરાયા ને ઘણા બધા ઘવાયા છે, તેમાં તમારા દીકરા હાથીયાને ગોળી વાગી, તેથી મૃત્યુ થયું તેના કારણે હું મારા ધામમાં લઈ ગયો છું. તેની ઘોડી કાલે સવારે અહીં આવશે.’’

હે ભક્તો ! આ રીતે કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી બીજા દિવસે ઘોડી કુંડળ આવી, ત્યારે રાઈબાએ તેનું પૂજન કરીને કહ્યું : ‘‘ધન્ય પંખાળી તને ધન્ય, તું મારા હાથીયાને અક્ષરધામમાં મૂકીને આવી.’’

આ પ્રમાણે કહીને ગામના સર્વે નર-નારીઓને બોલાવી સાકરના ખોબા ભરી ભરીને આપવાં લાગ્યાં ને કહેવાં લાગ્યાં : ‘‘લ્યો લ્યો સાકર જમો, મારો હાથીયો અક્ષરધામમાં ગયો છે, તેની ખુશાલીમાં સાકર ખાઓ.’’ આ રીતે રાઈબા રાજી થયાં, પણ સગા પુત્રના મૃત્યુથી રડ્યાં જ નહિ. આવી સમજણવાળાં તેઓ હતાં.

## ‘‘રોજકાના મશરુ ગોળ’’

હે ભક્તો ! ભાલ પ્રદેશમાં રોજકા નામનું રળિયામણું ગામ છે. ત્યાં કાકાભાઈ વગેરે સારા હરિભક્તો શ્રીજી મહારાજના સમયમાં થયેલ છે. તે ગામમાં મસરૂ ગોળ નામના રજપુત હતા. તેઓ સત્સંગી ન હતા, પણ સજ્જન હતા. સાધુ-સંતો પ્રત્યે તેમને પૂજ્યભાવ હતો. તેઓ ખેતી કરી જીવન નિર્વાહ કરતા હતા.

શ્રીજી મહારાજની સેવામાં અમુકવાર રહેતા એવા જેરામ બ્રહ્મચારી એક વખત સુરતથી શ્રીજી મહારાજનો પોશાક (વાઘા) લઈને આવતા હતા. ચાલતા ચાલતા તેઓ રોજકાની સીમમાં આવ્યા. ત્યારે તેમની પાછળ કોળી જ્ઞાતિના બે ચોર દોડ્યા. જેરામ બ્રહ્મચારી સમજી ગયા કે, '' આ ચોર -લૂંટારા મારી પાસેથી શ્રીજી મહારાજના વાઘા લઈ જશે, માટે હું દોડીને પેલો માણસ સાંતી હાંકે છે (બળદને ઘાસ કાઢવાનાં સાધન સાથે જોડીને ચલાવવા એને સાંતી હાંકે કહેવાય) તેની પાસે જતો રહું.''

આ પ્રમાણે મનોમન નક્કી કરી બ્રહ્મચારી મશરૂભાઈ પાસે દોડીને આવી ગયા અને કહ્યું : '' હું સ્વામિનારાયણ ભગવાનનો બ્રહ્મચારી છું. સુરતથી મારા ભગવાન માટે પોશાક લઈને ગઢડા જાઉં છું, પણ પોશાક લૂંટી લેવા આ કોળીઓ મારી પાછળ દોડતા દોડતા આવે છે, તેથી હું તમારી પાસે આવ્યો છું.''

હે ભક્તો ! બ્રહ્મચારીનું આ પ્રમાણે કહેવું સાંભળી મશરૂ ગોળ બોલ્યા : '' બ્રહ્મચારી મહારાજ ! એનાથી બીશો નહિ. હું તમારું રક્ષણ કરીશ અને તમારા ભગવાનના પોશાકનું પણ રક્ષણ કરીશ.'' આ રીતે કહીને મશરૂભાઈ તેમની પાસે તલવાર હતી તે ઉઘાડી કરી હાથમાં લઈને કોળી સામે દોડ્યા. તેથી ભય પામીને કોળી ભાગી ગયા.

હે ભક્તો ! પછી મશરૂભાઈ જેરામ બ્રહ્મચારીને પોતાને ઘેર લઈ ગયા અને પાકું સીધું આપી રસોઈ બનાવવા કહ્યું. તેનો ભાવ જોઈને બ્રહ્મચારી થાળ બનાવીને જમ્યા. પછી બીજે દિવસે ગાડામાં બેસાડી બ્રહ્મચારીને ઠેઠ ભીમનાથ મહાદેવ સૂધી મૂકી ગયા. પછી ગઢપુર આવી બ્રહ્મચારીએ શ્રીજી મહારાજને બધી વાત કરી. ત્યારે

મહારાજે કહ્યું : ''તેને અહીં બોલાવજો. એ જ્યારે આવે ત્યારે અમને કહેજો.''

મહારાજના કહેવાથી જેરામ બ્રહ્મચારીએ રોજકા ગામથી મશરૂ ગોળને તેડાવ્યા. તેથી તેઓ હરિભક્તો સાથે ગઢડા આવ્યા. ત્યારે બ્રહ્મચારી તેને શ્રીજી મહારાજ પાસે લઈ ગયા અને ઓળખાણ કરાવી. ત્યારે મહારાજ અતિશય રાજી થયા અને પોતાના ગળામાં પહેરેલ હાર કાઢી મશરૂ ગોળને પહેરાવીને બોલ્યા : ''મશરૂભાઈ! તમે ક્ષત્રિયનો ધર્મ પાળીને નિઃસ્વાર્થભાવે દેહને જોખમમાં મૂકીને અમારા પવિત્ર બ્રહ્મચારીનું રક્ષણ કર્યું છે અને અમારા પોશાકનું પણ રક્ષણ કર્યું છે, તેથી અમો અંતકાળે લેવા આવીશું અને મુક્તાનંદ સ્વામી જેવું તમારું કલ્યાણ કરીશું.''

હે ભક્તો ! પછી જ્યારે મશરૂગોળની આયુષ્ય પૂરી થઈ ત્યારે શ્રીજી મહારાજ વિમાન લઈને તેડવા પધાર્યા અને બ્રહ્મચારીનો પક્ષ રાખ્યો હતો એ વાત યાદ કરાવી દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

## ''રેફડાના મોળદાન''

હે ભક્તો ! ભગવાનના ભક્તો ભક્તિ કરીને મુક્તિ મેળવી શકે છે- એ જ રીતે અમુકવાર એવું પણ બને છે કે, ભક્ત ન હોય પણ ભગવાનનો કે સંતનો પક્ષ રાખ્યો હોય તેના કારણે ભગવાનની કૃપા થઈ હોય, તેથી ભગવાન તે વ્યક્તિની મુક્તિ ભક્ત જેવી કરતા હોય છે, તે વિષેનો આ પ્રસંગ વાંચો.

કાઠિયાવાડમાં રેફડા નામનું નાનું એવું એક ગામ આવેલ છે. તે ગામમાં કાઠી જ્ઞાતિમાં મોળદાન રેફડીયો નામનો એક ઝઘડાખોર

ચોર-લૂંટારો રહેતો હતો. તેણે અનેક વખત નાની-નાની લડાઈઓ પણ કરી હતી. રેફડા ગામની આજુબાજુ તેઓની ધાકથી લોકો ડરતા હતા. આવો ખુંખાર દાદો મોળદાન હતો.

તે મોળદાન એક વખત ભાવનગર રાજા વજેસિંહ પાસે ગયો. વજેસિંહને તેમની સાથે હેત હતું, તેથી આવકાર આપી મહેમાનની જેમ સાચવ્યો. એક દિવસ વજેસિંહ રાજાએ પૂછ્યું : "મોળદાન ! હવે તો તું ઘરડો થયો છે, તેથી ચોરી કરવાનું બંધ કરી દીધું હશે ને ?" ત્યારે મોળદાન બોલ્યો : "બાપુ ! તમો કહો તો હું જૂનાગઢના દરવાજા ઉતારી આવું અને તમારી ઈચ્છા હોય તો જામનગરનાં કમાડ ઉતારી આવું. બોલો બાપુ, ક્યાં જાઉં ?"

ત્યારે વજેસિંહ બાપુએ કહ્યું : "ત્યાં જવાની જરૂર નથી, પણ મારા રાજ્યમાં સ્વામિનારાયણ રહે છે. તેને લોકો ભગવાન માનીને પૂજે છે અને તેઓ કાઠિયાણી ભેગા રહે છે, માટે તું ગઢડા જઈને તેનું પાખંડ પકડી પાડ્ય તો તને શાબાશી આપી સાફો બંધાવી મોટી ભેટ આપું."

હે ભક્તો ! જ્યાં શ્રીજી મહારાજનું ઘસાતું વજેસિંહ બોલ્યા, ત્યાં તો મોળદાન એકદમ ઊભા થઈ ગયા અને બોલ્યા : "બાપુ ! એક પણ શબ્દ સ્વામિનારાયણ ભગવાનનો વાંકો બોલશો નહિ. અને જો બોલ્યા તો આપણી વચ્ચેનું હેત તૂટી જશે અને અત્યારે જ હું ભાવનગર છોડીને જતો રહીશ, પછી ક્યારેય તમને મળવા નહિ આવું. સાંભળી લ્યો બાપુ ! સ્વામિનારાયણ તો સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છે, માટે તેની પરીક્ષા કરવાનું તો ક્યારેય વિચારશો પણ નહિ; નહિ તો પસ્તાવું પડશે."

હે ભક્તો ! મોળદાન રેફડીયાએ આ પ્રમાણે જવાબ આપ્યો. આટલો પક્ષ મહારાજનો રાખીને પછી તે પોતાને ગામ રેફડા આવ્યો. તેની આગળ કોઈ પણ શ્રીજી મહારાજની નિંદા કરી શકતું નહિ, એવી હાક વાગતી.

એક વખત તે ચોટીલા ગામની પાસે આવેલ સરવા ગામ છે ત્યાં લડાઈમાં ગયો. ગઢપણ હતું છતાં પણ ખૂબ લડ્યો અને અંતે અતિશય ઘાયલ થયો. તે સમયે દિવ્યરૂપે શ્રીજી મહારાજ હાથમાં ઠંડા પાણીનો લોટો લઈને પ્રગટ થયા અને મોળદાન પાસે જઈ પોતે હાથમાં છત્ર લઈ ઘાયલ થયેલ મોળદાન ઉપર રાખી છાયો કરી જળ પાયું અને બોલ્યા : ‘‘મોળદાન ! તમે ભાવનગરના રાજા વજેસિંહ આગળ મારો પક્ષ રાખ્યો હતો એના કારણે અમે તને તેડવા આવ્યા છીએ. તને અમો અમારા ધામમાં લઈ જશું.’’ આ પ્રમાણે કહી તેના જીવને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા અને કૃપાદૃષ્ટિ કરી તેના કારણ શરીરના સ્વભાવ ટાળી નાખ્યા.

## ‘‘નાવડાના હીરા શેઠ’’

હે વહાલા ભક્તો ! ભાવનગર જીલ્લામાં નાવડા નામનું ગામ આવેલ છે. તે ગામમાં વણિક જ્ઞાતિમાં હીરાભાઈ શેઠ સારા સત્સંગી હતા. તેઓ ધનવાન પણ હતા. તેમના મનમાં એવા વિચારો આવતા કે ‘‘અહીં હું મંદિર બંધાવું એટલે સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં મને રહેવા માટે મોટો બંગલો આપે.’’ આ પ્રમાણે મનોમન નક્કી કરી પોતાના નાવડા ગામમાં મંદિર બંધાવવાનું શરૂ કર્યું !

હે ભક્તો ! પરમાત્મા તો ભક્તની ઈચ્છા હોય તેવી પૂરી કરે છે. સકામ ભક્તની ઈચ્છા ચાર પ્રકારના મોક્ષની હોય તો તે પણ

પૂરી કરે છે. નિષ્કામ ભક્તની ઈચ્છા પોતાની સેવામાં રહેવાની હોય તો તે પણ પૂરી કરે છે - એ વચન પ્રમાણે હીરા શેઠની ઈચ્છા અક્ષર ધામમાં પણ અલગ પ્રાઈવેટ બંગલામાં રહેવાની હતી, તેથી તે પ્રમાણે મહારાજે પ્રાઈવેટ બંગલો ચણાતો હોય એવું એક બેનને બતાવ્યું.

નાવડા ગામમાં એક સારા સત્સંગી પ્રેમવતી બહેનને સમાધિ થતી હતી અને અક્ષરધામમાં જતાં હતાં. એક વાર તેમને સમાધિ થઈ અને ધામમાં ગયાં. ત્યાં જોયું તો એક મહેલ ચણાતો હતો ! તેથી તેમણે મહારાજને પૂછ્યું : ‘‘હે પ્રભુ ! આ બંગલો કોનો ચણાય છે ?’’ ત્યારે મહારાજે હસીને કહ્યું : ‘‘અહીં સોનાના બંગલામાં રહેવા માટે નાવડામાં હીરા શેઠ મારું મંદિર બનાવે છે, તેથી અમો પણ તેના માટે સોનાનો મહેલ બનાવડાવીએ છીએ. છ મહિને આ મહેલ પૂરો થશે, કારણ કે હીરા શેઠની આયુષ્ય હવે છ મહિનાની બાકી છે, માટે તેને કહેજો કે મંદિર પૂરું કરી દે.’’

હે ભક્તો ! તે પ્રેમવતી બહેનને સમાધિ ઉતરી એટલે હીરાશેઠને બધી જ વાત કરી. તેથી તેઓએ ચોપડામાં તિથિ-વાર અને મહિનો તે દિવસના લખી લીધાં.

પછી એકવાર ચોમાસામાં હીરા શેઠ પોતાના દીકરા ઝીણાભાઈ સાથે કામ પ્રસંગે ધંધુકા ગયા. ત્યાં તેમને તાવ આવ્યો. તેથી ઝીણાભાઈને પૂછ્યું ‘‘પેલા સમાધિવાળા બહેને કહ્યું છે તેને કેટલા દિવસ બાકી રહ્યા છે ?’’ ત્યારે ઝીણાભાઈએ પેલો ચોપડો ખોલીને જોયું અને કહ્યું : ‘‘બાપા ! હવે છ મહિનામાં ફક્ત ત્રણ દિવસ જ બાકી છે.’’ તુરંત હીરા શેઠે કહ્યું : ‘‘તો તો જલદી ગાડું લાવ, મારે નાવડા જઈને દેહ મૂકવો છે.’’ પણ ચોમાસું હોવાથી ગાડું ચાલે તેમ ન હોવાથી બે પાડા ભાડે કરીને તેના પર બેસી બન્ને બાપ દીકરો નાવડા પોતાના ઘેર આવ્યા.

હે ભક્તો ! છ મહિના પૂરા થયા ત્યાં તો મહારાજ પધાર્યા. ત્યારે હીરા શેઠે સૌ સત્સંગીઓને અને ઘરનાં સંબંધીઓને કહ્યું : "જુઓ જુઓ શ્રીજીમહારાજ મને અક્ષરધામમાં લઈ જવા પધાર્યા છે, તેથી હું તેઓની સાથે ધામમાં જાઉં છું, ત્યાં હું સોનાના મહેલમાં રહીને ભક્તિ કરીશ." આ રીતે કહીને ભૌતિક દેહનો ત્યાગ કરી દિવ્યદેહ ધારણ કરી મહારાજ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયા. !

## "ગોલીડાના રાણા ભક્ત"

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં રાજકોટ જીલ્લામાં ગોલીડા નામનું એક નાનકડું ગામ આવેલ છે. તે ગામમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિમાં ચાર ભાઈઓ રહેતા હતા. રાણાભાઈ, રાઘવભાઈ, વશરામભાઈ અને ભીમભાઈ, આ ચારેય ભાઈ સારા સત્સંગી હતા. તેમના શૂરવીરપણાનાં અંગ હતાં.

તેમના પિતા ગુજરાતથી ઠેઠ જગન્નાથપુરી સુધી દંડવત કરતાં કરતાં ગયા હતા ! પગે ચાલીને પણ જ્યાં પહોંચવું અતિ કઠિન છે, એ ભારતની પૂર્વની સરહદ કહી શકાય એવી પુરી સુધી દંડવત કરતાં કરતાં જવું એ કેટલું કઠિન કહેવાય ? એવા તીર્થમાં પણ જે દંડવત કરીને ગયા એવા મુમુક્ષુના આ ચારેય પુત્રો હતા.

હે ભક્તો ! ગોલીડા ગામમાં સત્સંગ સારો હતો, પણ એક માણસ કુસંગી હતો. તે વ્યસની હતો. અનેક પ્રકારના ફેલ-ફિતુર પણ કરતો હતો. તે પાપી હોવાને કારણે જમપૂરીમાંથી તેને લેવા માટે યમદૂતો આવ્યા. તેને આ ચારેય ભાઈઓએ જોયા. તેથી એકબીજાને કહેવા લાગ્યાઃ "આપણે શ્રીજી મહારાજના સત્સંગી છીએ, માટે આપણા ગામમાંથી કોઈ પણ જીવને યમપૂરી કેમ જવા દેવાય ?

માટે ચાલો શ્રીજી મહારાજનું સ્મરણ કરી, પ્રભુના બળથી યમદૂતોને પાછા કાઢી મૂકીએ.''

હે ભક્તો ! આ પ્રમાણે ચારે ભાઈ નક્કી કરી યમદૂતો પાસે આવીને કહેવા લાગ્યા : ''તમને ગામમાં નહિ જવા દઈએ. પાછા જતાં રહો.'' ત્યારે યમદૂતો ખીજાયા અને કહેવા લાગ્યાઃ ''તમો તમારું ઘર સંભાળોને, આખા ગામના લોકોનું રક્ષણ કરવાનું શા માટે માથે લ્યો છો ? અમો એ પાપીયાને લીધા વિના નથી જવાના.''

ત્યારે ચારે ભાઈઓ કહે : ''તો પછી માર ખાવા તૈયાર થઈ જાવ. તમને અમો મારીશું, તો જ તમે અહીંથી જશો, તે વિના નહિ જાઓ.'' આવું સાંભળી યમદૂતોને ક્રોધ ચડ્યો, તેથી અપશબ્દો કહીને મારવા માટે હાથ ઉગામ્યા. એ જ સમયે રાણાભાઈ અને ભીમભાઈ આ બન્ને ભાઈએ શ્રીજી મહારાજને યાદ કર્યા, તેથી તેઓમાં શક્તિ આવી ગઈ. તુરંત હાથમાં કડિયાળી ડાંગ( મજબૂત લાકડી) લીધી અને યમદૂતના મુખ પર મારી ! તેથી તેના દાંત તૂટી ગયા ! તુરંત ભય પામીને યમદૂતો ભાગી ગયા !

હે ભક્તો ! શ્રીહરિજીના પ્રતાપથી સત્સંગીઓમાં પણ કેવી શક્તિ આવી જાય છે ? તે પ્રસંગ આપણે સાંભળ્યો હવે પ્રભુ - પ્રતાપથી ભક્તમાં કેવી સામર્થી આવે છે તે પ્રસંગ સાંભળો.

રાણા રાજગરનો અંતકાળ આવ્યો ત્યારે તેણે ગામના કુસંગી-સત્સંગી સર્વેને કહ્યું : ''હવે હું અક્ષરધામમાં જવાનો છું, માટે જેને મારી સાથે ધામમાં આવવું હોય તે ચાલો. શ્રીજીના પ્રતાપથી હું પણ બધાને ધામમાં લઈ જવાની સામર્થી ધરાવું છું, માટે તૈયાર થઈ જાઓ.''

હે ભક્તો ! રાણા ભક્તની આવી વાણી સાંભળી પણ મોક્ષની તો કોઈને ઈચ્છા જ ન હતી, તેથી કોઈ તૈયાર ન થયા. —પણ બે મુમુક્ષુ ધામમાં જવા તૈયાર થયા. તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાની કલમથી લીધી છે.....

**''પછી માત સુતે માની વાત, કહે અમે આવશું સંઘાત,**
**પછી તજ્યું રાણે જ્યારે અંગ, માત સુત લઈ ચાલ્યો સંગ.**
**એવો પ્રતાપ મહારાજ તણો, શું કહીએ મુખથી ઘણો ઘણો''**
**-ભક્ત ચિંતામણિ- પ્ર-૧૩૬**

હે ભક્તો ! રાણા ભગતની માતા અને દીકરો આ બન્ને ધામમાં જવા તૈયાર થયા. તે સમયે રાણા ભક્તે કહ્યું : '' જુઓ, શ્રીજી મહારાજ અને સંતો મને તેડવા માટે વિમાન લઈને આવ્યા છે, તેથી હું મારા બા અને મારો દીકરો અમે ત્રણેય તેઓની સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં જઈએ છીએ.''

આ રીતે કહ્યું. ત્યાં તો ત્રણેયના દેહ પડી ગયાં અને દિવ્ય દેહ મળી ગયાં. પછી મહારાજ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં પહોંચી ગયાં ! આવું જોઈને ગોલીડા ગામનાં સર્વે નર-નારીઓ તો વિસ્મય પામી ગયાં ! અને બોલ્યા : ''સ્વામિનારાયણ ભગવાન સાચા અને એમના ભક્ત પણ સાચા; નહિતર આવો ચમત્કાર થાય નહિ. એક સાથે ત્રણેય ધામમાં જતા રહ્યાં !''

(નોંધ : હે ભક્તો ! આ પ્રસંગ ભક્ત ચિંતામણિ ગ્રંથના આધારે લેવામાં આવ્યો છે. સંપ્રદાયના અન્ય ગ્રંથમાં રાણા રાજગર તેની માતાને અને તેના ભત્રીજાને પોતાના બારમાંના દિવસે ધામમાંથી મહારાજને સાથે લઈને તેડવા આવ્યા એવો પણ ઉલ્લેખ છે.)

## "હાથસણીના કાનાભાઈ"

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં હાથસણી નામનું નાનું એવું એક ગામ આવેલ છે. ત્યાં સંતો-સત્સંગ પ્રસારાર્થે ગયેલા. ત્યાં જઈ ચોરામાં ઉતરી સંતો કથા-વાર્તા કરીને મુમુક્ષુઓ આગળ વાત કરતા કે, "સ્વામિનારાયણ ભગવાન મનુષ્ય સ્વરૂપે પ્રગટ થયા છે અને ગઢપુર નામના ગામમાં રહે છે, માટે તેઓના આશ્રિત બની જીવનું કલ્યાણ કરી જન્મ-મરણનાં દુઃખમાંથી છૂટકારો મેળવી લ્યો."

આ પ્રમાણે કથા-વાર્તા કરી મુમુક્ષુઓને સત્સંગના નિયમો આપી મહારાજના આશ્રિત બનાવી સત્સંગ દૃઢ કરાવતા હતા. સંતો પાસે ઘણા મુમુક્ષુઓ આવતા હતા, તેમાં પટેલ જ્ઞાતિના કાનાભાઈ પણ આવતા હતા. તેઓ ખેતી કરતા હતા. સંતો દ્વારા સત્સંગ થતાં જ તેમને શ્રીજી મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય પાકો થઈ ગયો, તેથી કંઠી પહેરીને પાકા સત્સંગી થઈ ધર્મ-નિયમનું પાલન કરવા લાગ્યા.

હે ભક્તો ! સત્સંગી થયા પછી કાનાભાઈ જ્યારે-જ્યારે ગઢડા મહારાજનાં દર્શન કરવા જાય, ત્યારે-ત્યારે અવશ્ય તેઓ મહારાજ માટે શેરડીના બે મોટા સાઠા લઈ જતા અને સાઠાને ધોઈ માંદળીયા કરીને પોતે મહારાજને જમાડતા. આવો ક્રમ તેમણે કાયમ માટે જાળવી રાખ્યો હતો, તેથી શ્રીજી મહારાજ તેમના ઉપર ખૂબ રાજી હતા.

સમય પછી સમય જવા લાગ્યો. દિવસો પછી દિવસો ગયા. મહિનાઓ પછી મહિનાઓ ગયા અને વર્ષો પછી વર્ષો ગયાં. તેના કારણે કાનાભાઈની ઉંમર પણ ઘણી થઈ ગઈ. વૃદ્ધાવસ્થાને કારણે ગઢપુર જવાનું બંધ થઈ ગયું, તેથી પથારીમાં સૂતા-સૂતા સંકલ્પ કર્યા

કરે : ‘‘હું ઘરડો થઈ ગયો તેથી ચાલી શકતો નથી; તેથી ગઢપુર જઈ શકાતું નથી, તેથી મહારાજ માટે શેરડી લઈ જઈને ખવડાવી શકાતી નથી. આવો મોટો લાભ મળતો મને બંધ થઈ ગયો છે.’’

આ પ્રમાણે સંકલ્પો કર્યા કરે અને પથારીમાં બેઠા બેઠા, સૂતા-સૂતા માળા ફેરવતાં-ફેરવતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ્યા કરે. આ રીતે ભજન કરતા કરતા આયુષ્ય પૂરી થઈ અને મહારાજ પધાર્યા, પણ કેવી રીતે આવ્યા ? દિવ્ય વિમાનમાં શેરડી લાવ્યા ! શેરડીનો મોટો ઢગલો મહારાજે કાના ભગતના ઘર આગળ કર્યો અને બોલ્યા : ‘‘ભગત ! અમોને તમોએ ખૂબ શેરડી ખવડાવી છે, તેથી અમો શેરડી લઈને તમોને તેડવા આવ્યા છીએ.’’

હે ભક્તો ! શ્રીહરિજીનાં આવાં વચન સાંભળી કાના ભગત તો ઘેલા જેવા થઈ ગયા અને પરિવારના સર્વે લોકોને કહ્યું : ‘‘જુઓ જુઓ, સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે અને હું તેઓની સાથે અક્ષરધામમાં જાઉં છું, જય સ્વામિનારાયણ.’’

હે ભક્તો ! કાના ભગત કહીને ધામમાં ગયા તેનું બહુ આશ્ચર્ય તેના પરિવારને અને ગામના લોકોને ન થયુ, પણ ઘર બહાર શેરડીના સાઠાનો મોટો ઢગલો મહારાજે કર્યો હતો તેનું આશ્ચર્ય બહુ જ થયું હતું. પછી તેઓ પણ સત્સંગી થયા હતા અને અંતે અક્ષરધામને પામ્યા હતા.

## ‘‘આંબાની બકરી અક્ષરધામમાં’’

હે વ્હાલા ભક્તો ! સૌરાષ્ટ્રમાં અમરેલી જીલ્લામાં આંબા નામનું સોહામણું ગામ આવેલ છે. આ ગામમાં દેવશી ભગત રહેતા હતા. તેઓ લુહાર જ્ઞાતિના હતા. આમ તો તેઓનું મૂળ ગામ

પીઠાવાજાળ હતું, પણ ગામધણીના ઉપદ્રવના કારણે તેઓ કાયમ માટે આંબા ગામમાં રહેવા આવી ગયા હતા. તેઓની ઉપર મહારાજની અપાર કૃપા હોવાથી અખંડ મૂર્તિ દેખતા હતા. મહારાજ તેઓને પ્રત્યક્ષરૂપે અનેકવાર દર્શન આપતા હતા.

આંબા ગામમાં એક સમયે પ્રથમ-આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પધાર્યા હતા. તેઓની સાથે નિત્યાનંદ સ્વામી વગેરે સંતો પણ આવ્યા હતા. આખા ગામમાં તેઓની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. દેવશીભગત, ભગાભાઈ, મૂળાભાઈ વગેરે ભક્તોએ ખૂબ પ્રેમથી પોતપોતાનાં ઘેર આચાર્યશ્રીની તથા સંતોની પધરામણી કરાવી ખૂબ રાજીપો મેળવ્યો હતો.

એ સમયે નિત્યાનંદ સ્વામી બીમાર રહેતા હતા. સંતોની સાથે ભજનાનંદ સ્વામી પણ હતા. તેઓ વૈદ્ય હતા. તેથી તેમણે દવા આપીને કહેલું : ‘‘સ્વામી ! તમારે દવા હંમેશાં બકરીનાં દૂધ સાથે લેવી, પણ પાણી સાથે લેવી નહિ.’’

આ પ્રમાણે કહ્યું હોવાથી નિત્યાનંદ સ્વામીએ દેવશી ભગતને બકરીનું દૂધ લાવી આપવા કહ્યું. દેવશીભગત પોતાના ઘેર જ બકરી રાખતા હતા, તેથી તરત જ ગયા અને બકરીને દોહીને દૂધ ગાળીને મંદિરે આવી નિત્યાનંદ સ્વામીને આપ્યું. ત્યારબાદ સ્વામીએ તે દૂધ શ્રીજી મહારાજની મૂર્તિને ધરાવીને દવા સાથે પીધું.

હે ભક્તો ! અમુક વર્ષો જતાં જે બકરીનું દૂધ નિત્યાનંદ સ્વામીએ પીધું હતું તેનો અંતકાળ આવ્યો. તે સમયે જ શ્રીજી મહારાજ દેવશી ભગતને દર્શન આપીને કહ્યું : ‘‘ભગત ! તમારી બકરી ઉપર અમો ખૂબ જ રાજી થયા છીએ, તેથી તે બકરીના જીવને અક્ષરધામમાં લઈ જવા આવ્યા છીએ.’’

મહારાજનું વચન સાંભળી દેવશીભગત તો રાજી રાજી થઈ ગયા અને બોલ્યા : ''અરે ! મહાપ્રભુ ! બકરીનાં તો મહાભાગ્ય ઉદય થઈ ગયાં. એક પવિત્ર સંતના કામમાં એનું દૂધ આવ્યું ત્યાં તો તમારી કૃપાનું પાત્ર બની ગઈ, તેથી હે પ્રભુ ! જરૂર તેને અક્ષરધામમાં લઈ જાવો. હું ખૂબ જ રાજી થયો છું, કારણ કે મારા આંગણાંનું એક પશુ ધામમાં જઈ રહ્યું છે.'' દેવશી ભગતે કહ્યું, તુરંત જ મહારાજ બકરીનો દેહ છોડાવી મુક્તનો દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા.

હે ભક્તો! સંપ્રદાયના અન્ય ગ્રંથમાં ભરવાડને ઘેરથી દૂધ લાવ્યા એવો પણ ઉલ્લેખ છે પણ ''સહજાનંદ સ્વામી ચરિત્ર'' ગ્રંથમાં જે પ્રસંગ લખ્યો છે તે અહીં લેવામાં આવ્યો છે.

## ''લાઠીદડના ડાહ્યાભગત''

હે ભક્તો ! કાઠિયાવાડમાં સારંગપુરની બાજુમાં લાઠીદડ નામનું રળિયામણું ગામ આવેલ છે. ત્યાં શ્રીજી મહારાજના વખતથી સારો સત્સંગ છે. હાલમાં પણ લાઠીદડ ગામનો સત્સંગ ગઢડા પ્રદેશમાં વખણાય છે.

તે ગામમાં વાળંદ જ્ઞાતિમાં ડાહ્યાભાઈ નામના સારા સત્સંગી ભક્ત હતા. પોતાનું કામ -કાજ ઉતાવળથી કરી પરવારીને તુરંત દરરોજ મંદિરમાં જતા રહેતા. અને ત્યાં જઈને મંદિર વાળતા, દીવો કરતા ફૂલના છોડને અને તુલસીને કૂવામાંથી પાણી કાઢીને પાતા, આ તેમનો દરરોજનો નિત્યક્રમ હતો.

સંતો કથા-વાર્તા કરવા આવે અથવા નામ-ધર્માદો લેવા આવે ત્યારે તો અખંડ તેઓની સેવામાં જ રોકાઈ જતા. સંતોને સ્નાન

કરવા માટે કૂવામાંથી પાણી ખેંચીને નવડાવે, ધોતિયાં ધોઈ નાખે, પથારી પાથરી દે, વૃદ્ધ સંતો સૂવે ત્યારે ચરણ -સેવા કરે, માથું દબાવી દે વગેરે સેવા કરી સંતોનો પણ રાજીપો પ્રાપ્ત કરતા હતા.

હે ભક્તો ! આ પ્રમાણે મંદિરની અને સંતોની સેવા કરવાને કારણે અક્ષરાધિપતિ શ્રીહરિજી મહારાજ બહુ જ રાજી થયા અને એક દિવસ દિવ્ય દર્શન દઈને કહ્યું : ''હે ડાહ્યા ભગત ! તમારી ભક્તિ અને સેવાને કારણે હું અતિ પ્રસન્ન થયો છું, માટે તમોને આવતી એકાદશીએ આવીને મારા અક્ષરધામમાં લઈ જઈશ. તમારે જેને મળવું હોય તેને મળી લેજો અને ગામનાં સૌ સત્સંગી-કુસંગી નરનારીઓને કહેજો કે, એકાદશીને દિવસે બપોરના બાર વાગ્યે મારા ભગવાન મને અક્ષરધામમાં લઈ જવા તેડવા આવશે.''

આ પ્રમાણે કહી ભક્તપતિ ભગવાન અંતર્ધાન થઈ ગયા. પછી ડાહ્યા ભગતે ગામના દરેક લોકોને કહ્યું, તેથી સૌ કોઈ એકાદશીની રાહ જોવા લાગ્યા.

થોડા દિવસ ગયા બાદ એકાદશી આવી. સવારે ગામના લોકો ભગતના ઘેર આવવા લાગ્યા. ડાહ્યા ભગત તો સ્નાન કરી ધોયેલાં વસ્ત્રો પહેરી સૌની સાથે ધૂન કરવા લાગ્યા. બારનો સમય થયો ત્યાં તો આકાશમાં રથ દેખાયો. તેમાં ત્રણ છોગલાધારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ બેઠા હતા. ગામના લોકોને દર્શન થયાં. ડાહ્યા ભગતને મહારાજે કહ્યું : ''ભગત ! તૈયાર છો કે કોઈને મળવાનું બાકી છે ?'' ત્યારે ડાહ્યા ભગતે કહ્યું : ''હે દયાળુ ! તમે મળી ગયા પછી હવે કોને મળવાની ઈચ્છા થાય ? હું તો આપની રાહ જોઈને જ બેઠો છું.''

હે ભક્તો ! આ રીતે કહી પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા. એ જ સમયે પ્રભુએ ભૌતિક દેહનો ત્યાગ કરાવી દિવ્ય દેહ આપ્યો અને રથમાં બેસાડી સૌને દેખતાં જ અક્ષરધામમાં લઈ ગયા !

આવો પ્રગટ પરચો જોઈને લાઠીદડ ગામના ઘણાં નર-નારીઓ સત્સંગી થયાં અને ભજન-ભક્તિ કરી અંતે અક્ષરધામને પામી લખ-ચોરાશી, ગર્ભવાસ તથા યમપૂરીનાં દુઃખ થકી કાયમ માટે છૂટી ગયાં અને દિવ્ય સુખો ભોગવવાં લાગ્યાં.

## ''કલ્યાણીનાં લક્ષ્મીબા''

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુ ભક્તવત્સલ છે, એવું ઘણાં ચરિત્રો દ્વારા અને વાંચન દ્વારા જાણવા મળે છે. આ પ્રસંગ એવો છે કે, ભક્ત કહે તે પ્રમાણે ભગવાન તેને લેવા આવે છે.

કાઠિયાવાડમાં કલ્યાણી ગામમાં લક્ષ્મીબેન નામના શ્રીજી મહારાજનાં પરમ એકાંતિક ભક્ત રહેતાં હતાં. તે સત્સંગના સર્વ ધર્મ-નિયમનું ચુસ્તપણે પાલન કરી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરતાં હતાં.

અમુક વર્ષો જતાં એક વખત શ્રીજી મહારાજે લક્ષ્મીબાને દિવ્ય દર્શન આપ્યાં. તેથી તેઓ તો ભાવવિભોર બની ગયાં, તેના કારણે આંખોમાંથી પ્રેમનાં આંસુઓ વહેલાં લાગ્યાં. પછી તેઓએ મહારાજને પંચાગ પ્રણામ કર્યા અને કહ્યું : '' હે દયાનિધિ ! દર્શન દઈને બહુ જ કૃપા કરી.''

હે ભક્તો ! તે સમયે શ્રીહરિજીએ કહ્યું : ''લક્ષ્મીબા ! હવે તમારી ઉંમર થઈ ગઈ છે અને આયુષ્ય પૂરી થઈ ગઈ છે, તેથી હું તમોને આવતી એકાદશીએ તેડવા આવીશ, અને મારા અક્ષરધામમાં

લઈ જઈશ; માટે તમારે કોઈને મળવું હોય તો મળીને તૈયાર રહેજો. હું જરૂર તેડવા આવીશ.'' આ પ્રમાણે કહીને મહાપ્રભુ અદૃશ્ય થઈ ગયા.

વળતે દિવસે લક્ષ્મીબાએ તો બાજુના ગામમાં પોતાની દીકરીનું સાસરું હતું ત્યાં પત્ર મોકલ્યો. તેમાં લખ્યું : ''મારી વહાલી દીકરી! આ પત્ર મળે તુરંત મને મળવા આવજે.'' પરંતુ એકાદશી સુધીમાં તેની દીકરી આવી નહિ. પરંતુ શ્રીજી પ્રભુ તો એકાદશીએ બપોરે બાર વાગ્યે દિવ્ય વિમાન લઈને મુક્તો સાથે આવી ગયા અને લક્ષ્મીબાને કહે : ''ચાલો અક્ષરધામમાં.''

હે ભક્તો ! ત્યારે દીકરીને છેલ્લીવાર મળવાની ઈચ્છા હોવાથી લક્ષ્મીબાએ મહારાજને કહ્યું : ''હે પ્રભુ ! મારે મારી દીકરીને હજુ મળાયું નથી, માટે કૃપા કરી આજે પાછા જતાં રહો અને પૂનમે મને લેવા આવજો, તે દિવસે હું તમારી સાથે અક્ષરધામમાં આવીશ. ત્યાં સુધીમાં હુ મારી દીકરીને મળી લઉં .''

આવું લક્ષ્મીબાઈનું કહેવું સાંભળી મહારાજ તો પાછા અક્ષરધામમાં જતા રહ્યા. પછી લક્ષ્મીબાએ તો બીજો પત્ર લખીને પોતાની દીકરીને તેડાવી તેથી કલ્યાણી આવી. ત્યારે તેમને લક્ષ્મીબાએ વિગતે સહિત બધી વાત કરી અને કહ્યું ''તું પણ મારી જેમ ભક્તિ કરીશ તો તને પણ મહારાજ અંતકાળે તેડવા પધારશે અને પોતાના અક્ષરધામમાં લઈ જશે. આજે બપોરે બાર વાગ્યે મહારાજ મને તેડવા આવવાના છે. તને છેલ્લીવાર મળવાની ઈચ્છા હતી તેથી તેડાવી છે.''

હે ભક્તો ! આ પ્રમાણે લક્ષ્મીબાએ પોતાની દીકરીને ભલામણ કરી. પછી સ્નાન કરી ધોયેલાં વસ્ત્રો પહેરી ગાયનું છાણ લીપ્યું અને

પલાંઠી વાળી ધૂન કરવાં લાગ્યાં. ત્યાં તો બરાબર બાર વાગ્યે મહારાજ દિવ્ય વિમાન લઈને પધાર્યા અને લક્ષ્મીબાઈને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા. આવું પ્રત્યક્ષ જોઈ તેની દીકરી પણ ભક્તિ કરવા લાગી અને તેની આયુષ્ય પૂરી થતાં તેને પણ મહારાજ અક્ષરધામમાં તેડી ગયા.

## ''ખોખનેશનાં પાર્વતીબા''

હે ભક્તો ! કાઠિયાવાડમાં લોયાધામની નજીક રાણપુર પાસે ખોખનેસ નામનું નાનકડું એવું ગામ છે. તે ગામમાં વણિક જ્ઞાતિમાં પાર્વતીબેન નામના શ્રીજી મહારાજનાં એકાંતિક ભક્ત રહેતાં હતાં.

એક સમયે પાર્વતીબેન ગઢપુર મહારાજનાં દર્શન કરવાં માટે આવ્યાં હતાં. તે સમયે ચાતુર્માસ શરૂ થયો અને નિયમની એકાદશી આવી. અર્થાત્ દેવપોઢી એકાદશી આવી. શ્રીજી મહારાજના કહેવાથી સહુ સંતોએ બ્રહ્મચારીઓએ અને સત્સંગી બહેનો-ભાઈઓએ નિયમ લીધા.

હે ભક્તો ! ત્યારે ખોખનેસ ગામનાં પાર્વતીબાએ પણ એવો નિયમ લીધો કે જમતાં પહેલાં અને પાણી પીતાં પહેલાં બીજી વ્યક્તિને જય સ્વામિનારાયણ કહેવા અને એ વ્યક્તિ જય સ્વામિનારાયણ કહે પછી જ અન્ન-જળ લેવું, નહિતર ખાવું -પીવું નહિ.

આ પ્રમાણે ચાતુર્માસમાં નિયમ લઈને પોતાના ગામ ખોખનેસ આવ્યાં. નિયમ શરૂ હતો. થોડા દિવસ પછી તેઓ બાજુમાં આવેલ રાણપુર ગામ ગયાં. પોતાની સાથે કોઈ હતું નહિ. એકલા જ હતાં. રાણપુરથી ખરીદી કરી તેઓ ચાલતાં ચાલતાં ખોખનેસ જવાં લાગ્યાં. રસ્તામાં તેને ખૂબ જ તરસ લાગી. તેથી વાવ આવી તેમાંથી જળ

ગાળીને લોટો ભરી હાથમાં રાખી ત્યાં બેસીને કોઈ વટેમાર્ગુની રાહ જોવાં લાગ્યાં !

હે ભક્તો ! રાહ જોતાં જોતાં બે કલાક જતી રહી, પણ કોઈ ત્યાંથી નીકળ્યું જ નહિ. ઉનાળાનો સમય હતો. બરાબર તાપ તપી રહ્યો હતો, તેથી પાર્વતીબેનને બરાબર તરસ લાગી હતી. તેણે મનોમન કહ્યું : ‘‘ભલે મારો કંઠ સૂકાઈ ગયો. અરે ! મારા પ્રાણ કદાચ શરીરમાંથી નીકળી જાય તો પણ મારો નિયમ તોડવો નથી. કોઈ મને સામા જય સ્વામિનારાયણ કહે ત્યારે જ પાણી પીવું છે.’’ દઢ મનોબળને કારણે તેમણે પાણી ન પીધું તેથી બેભાન જેવાં થઈ ગયાં, બોલવાનું બંધ થઈ ગયું.

હે ભક્તો ! આવી દઢતા જોઈને શ્રીજી મહારાજ ત્યાં પ્રગટ થયા અને બોલ્યા : ‘‘ પાર્વતીબેન ! તમારી નિયમની દઢતા જોઈને હું બહુ જ રાજી થયો છું. હવે તમારો દેહ રહે તેમ નથી, માટે હું તમોને મારા અક્ષરધામમાં લઈ જાઉં છું. મારી કૃપાદષ્ટિથી તમારી સર્વે કસર મટાડી દઉં છું, કારણ કે પ્રાણના ભોગે પણ તમે પાણી પીધું નથી.’’

તે સમયે કોઈ વટેમાર્ગુ ત્યાંથી નીકળ્યો. તેને શ્રીજી મહારાજને કહ્યું : ‘‘તમે કોણ છો અને આ બાઈ કોણ છે ? ’’ ત્યારે મહારાજે કહ્યું : ‘‘હું સ્વામિનારાયણ ભગવાન છું અને આ બાઈ ખોખનેસની પાર્વતી બાઈ છે. તે મારી મહાન ભક્ત હતી, તેથી હું તેને મારા ધામમાં લઈ જાઉં છું, તું તેમના સબંધીઓને જઈને કહેજે કે, ‘પાર્વતીબેનને એના ભગવાન ધામમાં લઈ ગયા છે, માટે એના દેહને લઈ જઈ અગ્નિસંસ્કાર કરે.’’ આ પ્રમાણે કહી, તે પુરુષના દેખતાં જ શ્રીહરિજી અંતર્ધાન થઈ ગયા. આવો દિવ્ય પ્રસંગ જોઈ-સાંભળી પેલો તો આશ્ચર્ય પામી ગયો.

## ''છાપરીનાં જાનબાઈ''

હે ભક્તો ! ગીતાજીના છઠ્ઠા અધ્યાયમાં ભગવાને કહ્યું છે કે, ''અનેક જન્મ સંસિદ્ધસ્તોનો યાતિ પરાં ગતિમ્'' અર્થાત્ અનેક જન્મોની સાધના ભેગી થાય છે (ત્યારે પ્રગટ ભગવાનનો યોગ મળે છે અને ) પછી મુક્તિ મળે છે.

ભગવાન પુરુષોત્તમ નારાયણની પ્રાપ્તિ થવી એ કાંઈ નાની સૂની વાત નથી. ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુના પ્રાગટ્ય હેતુઓમાં એક અસાધારણ હેતુ એ હતો કે પૂર્વના હજારો મુમુક્ષુઓનું કલ્યાણ કરવું. કેટલાય જન્મોથી કે યુગોથી પ્રભુમિલન માટે ઝંખી રહેલા મુમુક્ષુ આત્માઓ ચારે બાજુથી ખેંચાઈને શ્રીહરિ પાસે એકઠા થયેલા.

હે ભક્તો ! મહાભારત ગ્રંથમાં ( ઈતિહાસમાં) દેવયાનીનું નામ પ્રસિદ્ધ છે. અસુરોના ગુરુ શુક્રાચાર્યનાં એ તેજસ્વી પુત્રી હતાં. વર્ષો સુધી એમણે બ્રહ્મચર્યનું પાલન કરેલું. અનેક યુગોથી મુક્તિની ઝંખના સેવતાં આ આત્માએ સૌરાષ્ટ્રમાં છાપરી ગામમાં જન્મ લીધો. પિતાનું નામ રાવત ચૈતરો અને માતાનું નામ કામળબાઈ હતું. તેને ત્યાં દીકરી રૂપે અવતરેલાં આ મોક્ષભાગી આત્માનું નામ જાનબાઈ પાડવામાં આવ્યું.

રાવત ચૈતરાનું કુટુંબ સત્સંગના રંગે રંગાયેલું હતું. રાવત ચૈતરો અવાર-નવાર ગઢપુર સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જતા હતા. ત્યાં સેવા કરતા અને સંતોનો સમાગમ કરતા હતા.

એક વાર જાનબાઈને પણ મહારાજનાં દર્શન કરવા ગઢપુર સાથે તેડી ગયા. ત્યાં જઈ જાનબાઈએ શ્રીજી મહારાજનાં દર્શન કરી પંચાંગ પ્રણામ કર્યા. ત્યારે મહારાજ તેની સામે એકધારા જોઈ

રહ્યા. પછી બોલ્યા : ‘‘અરે ! આ તો દેવયાની ! શુક્રાચાર્યની તેજસ્વી દીકરી ! જે અમને મળવા માટે હજારો વર્ષથી ઝંખે છે, તેથી આજે મિલન થયું.’’

હે ભક્તો ! શ્રીહરિજીનાં અમૃત સમાન વચન જાનબાઈનાં અંતરમાં આરપાર ઉતરી ગયાં. ભાવ-ભક્તિના ભાલાથી ભીતર ભેદાઈ ગયું. તેમને પોતાના પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવી. રોમ રોમ આનંદથી નાચી ઊઠ્યાં. મહાપ્રભુ હરિજીનાં દર્શન કરીને જાનબાઈ પોતાના ગામ છાપરી આવ્યાં. પછી તો અખંડ ભજન કરવાં લાગ્યાં. લગ્ન કરવાની ના કહી દીધી.

હે ભક્તો ! અમુક વર્ષો જતાં શ્રીજી મહારાજે દિવ્ય દર્શન દીધાં અને કહ્યું : ‘‘જાનું ! એક મહિના પછી અમે તને તેડવા આવીશું.’’ ત્યારે જાનબાઈ કહે : ‘‘હે દયાળુ પ્રભુ ! હું એકલી નથી, અમે ત્રણ છીએ. હું, મારી માસીની દીકરી અને ત્રીજી ચુડેલ-વાણિયાની ઘરવાળી. અમારે ત્રણેને એક સાથે અક્ષરધામમાં આવવાની બોલી થઈ છે! મેં તેને વચન આપેલ છે.’’ ત્યારે મહારાજ કહે : ‘‘તારે ઈ ભૂતડીને પણ ધામમાં લાવવી છે ?’’ ત્યારે જાનબાઈ કહે : ‘‘મેં તેને તમારો મહિમા કહીને સત્સંગી બનાવી છે. ’’ ત્યારે હસીને મહારાજ કહે : ‘‘સારું, એમને પણ તેડી જશું.’’

હે ભક્તો ! બરાબર એક મહિનો થયો અને મહારાજ વિમાન લઈને મુક્તો સહિત છાપરી ગામમાં પધાર્યા. જાનબાઈએ કહ્યું : ‘‘મહારાજ પધાર્યા છે, અમો ત્રણેય તેઓ સાથે અક્ષરધામમાં જઈએ છીએ.’’ એમ કહી તેઓ માયિક શરીર છોડી દિવ્ય દેહ ધારણ કરી વિમાનમાં બેસી ધામમાં ગયાં.

## "નાર્દીપુરના તીતા ભગત"

'દંઢાવ્ય દેશમાં નાર્દીપુરે, દ્વિજ તીતારામ નામ,
ભક્ત એક મહારાજનો, બીજું વિમુખ સઘળું ગામ.
વિમુખ મુખથી એમ વદે, આ ભક્તિ બીજા ભેદની,
આવશે વિમાન તેડવા, તમે માનજ્યો વાણી વેદની.
પરધન પરત્રિયા પરહરી, પરહરિયાં બીજાં નામ,
સ્વામિનારાયણ નામને, સમરે છે આઠું જામ.'

- ભક્ત ચિંતામણિ- પ્ર-૧૪૦

હે ભક્તો ! ઉત્તર ગુજરાતમાં નાર્દીપુરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં એક તીતારામ નામના પ્રેમી હરિભક્ત હતા. આખા ગામમાં તેઓ એક જ સત્સંગી હતા. બીજા લોકો કુસંગી હતા. વિમુખ લોકો ભગતની મશ્કરી કરીને કહેતા કે, "આ ભક્તિ તો નવાઈ નવાઈની છે. આવી ભક્તિ તો ક્યાંય જોઈ નથી. તીતારામને તો એના સ્વામિનારાયણ વિમાન લઈને અંતકાળે જરૂર તેડવા આવશે; કારણ કે તીતો ભગત તો બીજાના પૈસાને ધૂળ સમાન માને છે અને પારકી સ્ત્રીઓ તરફ ક્યારેય કુદૃષ્ટિ કરતા નથી તેમજ સ્વામિનારાયણનું અખંડ ભજન કર્યા કરે છે."

વિમુખ લોકો મશ્કરીમાં એકબીજાને કહેતા : "અરે ભાઈ ! તીતો બહુ જ ભક્તિ કરે છે ! આ તો મોટી ભગતની પૂંછડી થઈ ગઈ છે ? એલા એય બધા સાંભળો. તેને લેવા માટે તો એના ભગવાન વિમાન લઈને આવશે. માટે એના ભગવાનનાં દર્શન કરવાં બધા તૈયાર થઈને રાહ જોજો."

આ પ્રમાણે દુર્જનો મશ્કરી કરી રહ્યા હતા, ત્યાં તો એક બીજો દુર્જન એને સાથ આપતો હોય એમ બોલ્યો : "અરે સાંભળો -

સાંભળો. તીતા ભગતને એના સ્વામિનારાયણ વિમાન લઈને તેડવા આવશે, ત્યારે હું તો વિમાનનો ડાંડીયો ઝાલી લઈને એની હારે અક્ષરધામમાં પેહી જઈશ.''

હે ભક્તો ! આવી રીતે અવાર-નવાર તીતા ભગતની મશ્કરી કરીને માનસિક ત્રાસ આપતા હતા, પરંતુ ભગત તો સ્થિતપ્રજ્ઞ થઈને સાંભળી લેતા હતા, ભજન-ભક્તિ વિશેષ ને વિશેષ કરતા હતા. આ પ્રમાણે ભક્તિ કરતાં કરતાં તેની આયુષ્ય પૂરી થઈ, તેથી મહારાજ તેડવા પધાર્યા.

**''આવ્યાં તેડવા તેને વિમાન, ઘણા સંત ભેળા ભગવાન;**
**કોટિ કોટિ સૂર્યને સમાન, શોભે અલૌકિક તે વિમાન.**
**તેના તેજમાં ઢંકાણું ગામ, પામ્યાં આશ્ચર્ય પુરુષ ને વામ.''**

હે ભક્તો ! વિમાન જોઈ, તેજ જોઈ ખળ નર-નારીઓ કહેવાં લાગ્યાં : '' અમારાં ઘર ઉપરથી તીતા ભગતના ભગવાને વિમાન હાંક્યું હતું. આપણે તો મશ્કરી કરતાં હતાં, પણ આ તો સાચું થયું. તીતા ભગતની ભક્તિ સાચી હતી, તેથી જ એના ભગવાન વિમાન લઈને સંતો સાથે તેને તેડવા આવ્યા.''

**''ગયું વિમાન તીતાને ઘેર, તેડી ચાલ્યા તેને રૂડી પેર,**
**જેમ શીખ માગી જાય ગામ, તેમ ચાલ્યો તીતો કરી કામ.''**

## ''આખોલના મનોરમ ભગત''

હે ભક્તો ! ભાલદેશમાં પ્રસાદીનું ધોલેરામાં મંદિર આવેલ છે. તેમાં મદનમોહનજી મહારાજ સ્વયં શ્રીજી મહારાજે પધરાવ્યાં છે, તે ધોલેરા વિસ્તારમાં આખોલ નામનું નાનકડું એવું ગામ આવેલ છે. તેમાં મનોરમ નામના ભક્ત રહેતા હતા.

મનોરમ ભક્ત શિક્ષાપત્રીમાં કહ્યા મુજબ દેવને દાન-ધર્માદો દર વર્ષે આપતા હતા. દર વર્ષે સંતોને વરતાલથી અને ધોલેરાથી બોલાવી રસોઈ આપતા હતા અને ધોતિયાં ઓઢાડી પૂજન કરતા હતા.

હે ભક્તો ! મનોરમ ભગતને સંતોનો ખૂબ મહિમા હતો. તેથી તેઓ પોતાના ખેતરમાં શેરડી વાવે ત્યારે દરેક વર્ષે તુંબડાં પણ ભેગાં વાવતાં હતાં. તુંબડાં મોટાં થાય એટલે તેને કાપી તૈયાર કરી પાણી પી શકાય એવાં થાય એટલે સંતોને તેડાવે. રસોઈ જમાડી વસ્ત્રો સાથે દરેક સંતોને એક એક તુંબડું ભેટ આપે. સંતો તુંબડામાં પાણી પીવે અને મનોરમ ભગતને આશીર્વાદ આપે, એટલે તેઓ રાજી થાય.

હે ભક્તો ! દર વર્ષે તુંબડાં વાવી, તૈયારી કરી સંતોને આપે તેથી કુસંગીઓ તેમને કહે : ''તું તુંબડાં પાછળ મહેનત કરે છે, એના કરતાં શેરડી પાછળ મહેનત કરતો હો તો પૈસા તો મળે, આ સાધુ તને શું આપી દેવાના છે ? ત્યારે મનોરમ ભક્ત તેઓને જવાબ આપતા :—

**''સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને,**
**સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને,**
**એવા સંત જમ્યે જમ્યા શામ, જમ્યા સહુ દેવતા**
**જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા,**
**એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી.''**

**-ચોસઠપદી : પદ-૩**

હે ભક્તો ! મનોરમ ભક્ત વૃદ્ધ થયા અને દેહની આયુષ્યનો અંત આવ્યો. તે સમયે શ્રીજી મહારાજ અને સંતો આખોલ ગામની બજારે નીકળ્યા. દરેક સંતોના હાથમાં એક એક રંગેલું નવું તુંબડું હતું. ગામના લોકો તો આટલા બધા સંતોને જોઈને આશ્ચર્ય પામી ગયા.

પછી બજારમાં દરેકને દર્શન દેતાં દેતાં મહાપ્રભુ શ્રીહરિજી મનોરમ ભક્તના ઘેર ગયા. આટલા બધા સંતોના હાથમાં તુંબડાં જોઈને ભગત હસવા લાગ્યા. ત્યારે મહારાજ કહે : ‘‘મનોરમ ભગત! તમો સંતો માટે દર વરષે તુંબડાં તૈયાર કરીને આપતા હતા, તેથી હું રાજી થઈને તમને તેડવા આવ્યો છું, કોઈ વ્યક્તિ મારા સંતોની નાનામાં નાની સેવા મહિમા સમજીને કરશે તો હું તેને પણ મારા ધામમાં લઈ જઈશ. તમે ચાલો.’’ એમ કહીને તેમને દિવ્ય દેહ આપી વિમાનમાં બેસાડી ગામના બધા જ લોકોને દર્શન દઈ અક્ષરધામમાં લઈ ગયા.

## ‘‘જેતલપુરના જોઈતા ભગત’’

હે ભક્તો ! અમદાવાદની બાજુમાં જેતલપુર નામનું ગામ આવેલ છે. ત્યાં ગંગામા વગેરે ઘણા ભક્તો થયાં છે. ત્યાં શ્રીજી મહારાજે સંવત ૧૮૬૫ માં મોટો યજ્ઞ કર્યો હતો અને લક્ષ્મીબાઈ નામની વેશ્યાનું પણ કલ્યાણ કર્યું હતું. આવા પ્રસાદિના પવિત્ર ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જોઈતા ભગત થઈ ગયા છે. તેઓને મહારાજ સાથે ખૂબ હેત હતું. તેઓ પ્રેમી ભક્ત હતા. તેઓનો પ્રસંગ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિ ગ્રંથમાં લખ્યો છે, તે જોઈએ તેઓના શબ્દોમાં...

**“એક દ્વિજ ભક્ત છે નિષ્કામ, જાણજો જોઈતો તેનું નામ,**
**તેના દેહનો આવિયો અંત, આવ્યા માસ મોર્યે ભગવંત.”**

હે ભક્તો ! શ્રીજી મહારાજ દિવ્યરૂપે જેતલપુરમાં જોઈતા ભગતના ઘેર પધાર્યા. મહારાજનાં દર્શન થતાં તો તે રાજી રાજી થઈ ગયા અને કહેવા લાગ્યાઃ “અરે મહાપ્રભુ ! તમે મારા પર કૃપા કરી મને દર્શન દેવા પધાર્યા એને હું મારાં મોટાં ભાગ્ય માનું છું. હે પ્રભુ! મારા હાથની બનાવેલી રસોઈ જમીને જ જાવ, એવી મારા પર કૃપા કરો. આપ જમવાની હા કહો.”

જોઈતા ભક્તનો ભાવ જોઈ શ્રીહરિજીએ રાજી થઈને જમવાની હા કહી, એટલે તુરંત તેઓ જમવાનું બનાવવા લાગ્યા. સરસ થાળ બનાવી મહારાજને જમવા બેસાડ્યા. મહાપ્રભુ પ્રેમથી જમ્યા. પછી જોઈતા ભગતે મુખવાસ આપ્યો. મહારાજ પલંગ પર બેસીને મુખવાસ જમવા લાગ્યા. એ સમયે મહારાજે જોઈતા ભગતને કહ્યું : “ભગત! અમો અહીં તમને એક વાત કહેવા માટે જ આવ્યા છીએ. તમો ધીરજ રાખીને સાંભળો.....

**“તારું તન તે પામશે નાશ, એહ આડો રહ્યો એક માસ,**
**ના’વા જાઈશ કૂપમાં નીરે, પડશે કૂપ લાગશે શરીરે,**
**ત્યારે છૂટી જાશે તન તારું, માનજે વચન એ અમારું.**
**આવશું તેડવા તને અમે, સહાય કરશું વસમે સમે”**
**- ભક્ત ચિંતામણિ- પ્ર-૧૩૮**

હે ભક્તો ! મહારાજે કહ્યું : “તારી આયુષ્ય ફક્ત એક મહિનાની જ બાકી છે. તારું મૃત્યુ અપમૃત્યુ જેવું થશે. તું કૂવામાં નાવા માટે જઈશ ત્યારે તારા ઉપર કૂવાની ભેખડ પડશે અને તું મૃત્યુ પામીશ. પરંતુ તું ચિંતા કરીશ નહિ; કારણ કે એ સમયે હું તને

અક્ષરધામમાં લઈ જવા માટે તેડવા આવીશ. તું પ્રેમથી મારું ભજન કરજે અને આ વાત તું એક ભક્તને જ કહેજે, પરંતુ જેને તેને કહીશ નહિ.''

શ્રીજી મહારાજની આવી વાણી સાંભળી જોઈતા ભક્ત તો આનંદ આનંદ પામી ગયા, કારણ કે મહિના પછી તેને હંમેશા માટે મહાપ્રભુની સાથે જ રહેવા મળવાનું હતું. અક્ષરધામમાં કાયમ રહેવા મળવાનું હતું.

**''પછી પૂરો થયો જ્યારે માસ, ત્યારે આવ્યા પોતે અવિનાશ,**
**તેડી ચાલ્યા જનને જીવન, થયાં બીજાને પણ દર્શન.''**

## ''પંચાળાના ઝીણાભાઈ''

હે ભક્તો ! સોરઠ પ્રદેશમાં જૂનાગઢથી પશ્ચિમ તરફ પંચાળા નામનું નાનકડું ગામ આવેલ છે. તેના ગામધણી દરબારનું નામ હેમંતસિંહ હતું. તેઓ શ્રીજી મહારાજના અનન્ય ભક્ત ઝીણાભાઈ પોતે.

ઝીણાભાઈની ભક્તિને વશ થઈ-ભાવને જાણીને શ્રીજી મહારાજે પંચાળામાં અનેક ઉત્સવો કર્યા છે.એમાંય પણ માંગરોળના વાંઝા જ્ઞાતિના કમળશી ભગતની સેવા ઝીણાભાઈએ પોતે કરી હતી તે સાંભળીને તો મહારાજ બહુ રાજી થયા હતા.

હે ભક્તો ! શ્રીજી સમકાલીન સમયમાં સંપ્રદાયમાં જે અગ્રગણ્ય ભક્તો હતા તેમાં પંચાળાના ઝીણાભાઈ પણ એક હતા. તેમનું જૂનાગઢમાં પણ એક દિવાનખાનું (મકાન) હતું. ત્યાં તેઓ બીમાર થયા ત્યારે મનુષ્યરૂપે મહારાજ હતા. તેથી તેમની ખબર લેવા ગઢપુરથી જૂનાગઢ આવ્યા હતા, તે પ્રસંગ અહીં વર્ણવું છું.

શ્રીજી મહારાજે ઝીણાભાઈ પાસે આવીને કહ્યું : "ઝીણાભાઈ! માગો માગો, જે માગો તે આપું. ગોલોક, વૈકુંઠ કે અક્ષરધામ જ્યાં તમારે રહેવાની ઈચ્છા હોય તે ધામ આપું. તમારે ઐશ્વર્યોની ઈચ્છા હોય તો એ આપું." ત્યારે ભક્તરાજ ઝીણાભાઈ બોલ્યા : "હે મહારાજ ! મારે કોઈ ઐશ્વર્યની ઈચ્છા નથી. મને તો અક્ષરધામમાં નિરંતર તમારી સેવામાં રહેવાની ઈચ્છા છે."

હે ભક્તો ! આવું સાંભળી શ્રીજી મહારાજ બહુ રાજી થયા ને પોતાની મૂર્તિનું ધ્યાન કરાવી ઝીણાભાઈને દેહ ત્યાગ કરાવ્યો ને દિવ્ય સ્વરૂપે અનંત મુક્તોને સાથે લાવી દિવ્ય વિમાનમાં બેસાડી દિવ્ય દેહ આપી અક્ષરધામમાં લઈ ગયા ને પોતાની સેવામાં રાખ્યા.

પછી ઓરડા બહાર નીકળી મહારાજે ઝીણાભાઈની બાને પોતાની પાસે બોલાવ્યા. ને તે ન જાણી શકે તેમ વાતની શરૂઆત કરતા કહ્યું : "માડી ! ઝીણાભાઈને જૂનાગઢનું રાજ મળે તો તમે રાજી કે નહિ ?" ત્યારે ડોશીમાં કહે : " તો તો હું બહુ રાજી થાઉં." ત્યારે મહારાજ કહે : "જૂનાગઢ કરતાં તો વડોદરાનું રાજ્ય બહુ જ મોટું છે, તે ઝીણાભાઈને મળે તો ? " તે સાંભળી માજી કહેઃ "ત્યારે તો હું બહુ રાજી થાઉં."

પછી મહારાજ બોલ્યા : "વડોદરા રાજ્ય કરતાં તો અંગ્રેજોનું રાજ્ય બહુ જ મોટું અને એ કરતાં તો આખી પૃથ્વીનું રાજ્ય મોટું અને એ કરતાં તો સ્વર્ગના રાજા ઈન્દ્રનું રાજ્ય બહુ મોટું અને એ કરતાં તો બ્રહ્માંડનું રાજ્ય મોટું, એ તમારા દીકરા ઝીણાભાઈને મળે તો તમે રાજી થાઓ કે નહિ ?" ત્યારે માજી કહે : "ત્યારે તો હું અતિશય રાજી થાઉં." ત્યારે મહારાજ કહે : "માજી ! એવી મોટી

રાજગાદી ઉપર રાજ્ય કરતા હોય અને તમે તો અહીં પૃથ્વી પર હો, તેથી તમને દેખાય તો નહિ.'' ત્યારે માજી કહે : ''ભલે મને ઝીણાભાઈ ન દેખાય, પણ મને એમ તો થાય ને કે મારો દીકરો મોટો રાજા છે.'' ત્યારે મહારાજ કહે : ''માજી ! ઝીણાભાઈને અમે સૌથી મોટું સુખ આપ્યું છે. તે સુખ અવિનાશી છે અને તમને પણ ત્યાં ઝીણાભાઈ સાથે રહેવા અમે તેડી જશું.''

## ''હળિયાદના ડાયા ભગત''

**''દેહ છતાં દુઃખિયા નહિ, તન છૂટ્યે તેજ અંબાર,**
**આવે પ્રભુજી તેડવા, જાય બ્રહ્મમહોલ મોઝાર,**
**રથ વેલ્ય ઘોડા પાલખી, વળી દેખે બહુ વિમાન;**
**માગી શીખ મૂકે દેહને, જેને મળ્યા સ્વામી ભગવાન.**
**મોટો પ્રતાપ મહારાજનો, એક જીભે કહ્યો ન જાય;**
**એમાં જે જન ઉદ્ધરે, તેનું નહિ આશ્ચર્ય જરાય.''**

**- ભક્ત ચિંતામણિ- પ્ર-૧૧૪**

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં અમરેલી શહેરથી થોડે દૂર બગસરા નામનું ઐતિહાસિક નાનું શહેર આવેલ છે.

એક સમયે રાત્રે એક વાગ્યાના સમયે આખું ગામ ગાઢ નિદ્રામાં સૂતું હતું ત્યારે દક્ષિણાદા બારના સ્વામિનારાયણ મંદિરના ફળિયામાં સુંદર ઘોડા જોડેલો દિવ્ય રથ આવીને ઊભો રહ્યો. તેથી સર્વત્ર પ્રકાશ ફેલાયો. આ શ્વેત શાંત પ્રકાશથી બગસરાનું મંદિર પણ ભરાઈ ગયું. તે રથમાંથી સ્વયં સ્વામિનારાયણ ભગવાન ઉતરીને મંદિરમાં જઈ સિંહાસન ઉપર બિરાજમાન થયા.

ત્યારે મંદિરમાં ઠાકોરજીની સેવા કરતાં પાંચા ભગત જાગી ગયા. જોયું ત્યાં તો મહારાજ પોતે પલાંઠી વાળીને સિંહાસનમાં બેઠા હતા. તુરંત દોડીને પાંચા ભગત શ્રીજીને દંડવત કરવા લાગ્યા. પછી નમસ્કાર કરી હાથ જોડી સામે ઊભા રહીને પૂછ્યું : ‘‘હે દયાળુ પ્રભુ! અત્યારે રાત્રે કેમ પધાર્યા છો ?’’

ત્યારે મહારાજ કહે : ‘‘ભક્તરાજ ! અમો તો આ નજીકમાં રહેલા હળિયાદ ગામ જઈએ છીએ. ત્યાં અમારા ભક્ત હરિભાઈ છે, તેનો દીકરો ડાહ્યો બીમાર છે, અક્ષરધામમાં લઈ જવા તેડવા જઈએ છીએ. અહીંયાં તો તમને દર્શન દેવાં આવ્યા છીએ.’’

હે ભક્તો ! આ પ્રમાણે કહી મહાપ્રભુ શ્રીહરિજી રથમાં બેઠા અને મુક્તે રથ ચલાવ્યો. પણ રથની ધરી તુલસી-ક્યારાના ખૂણા ઉપર ભરાણી એટલે ખૂણો પડી ગયો અને રથનાં પૈંડાંના ચીલા પણ ફળિયામાં પડ્યા.

સવારે હરિભક્તો મંદિરમાં દર્શન કરવાં આવ્યા ત્યારે ભક્તરાજ પાંચા ભગતે વિગતથી વાત કરી કે, ‘‘આજે હળિયાદ ગામમાં હરિભાઈના દીકરા ડાહ્યાએ દેહ મેલ્યો તેને તેડવા માટે શ્રીજી મહારાજ પધાર્યા છે અને અહીં પણ પધાર્યા હતા. જુઓ આ તુલસી-ક્યારાનો ખૂણો તૂટી ગયો છે એ રથની ધરી ભરાવાથી તૂટ્યો છે અને રથનાં પૈંડાનાં નિશાન પણ જુઓ.’’

તે સમયે હળિયાદના હરિભક્તો ત્યાં દર્શન કરવા આવ્યા. તેને પાંચા ભગતે કહ્યું : ‘‘તમારા ગામમાં હરિભાઈનો પુત્ર ડાહ્યો આજે રાત્રે અક્ષરવાસી થયો છે, તેને મહારાજ તેડીને ધામમાં લઈ ગયા છે.’’ આવું સાંભળી તે ભક્તો આશ્ચર્ય પામી ગયા.

## "કંડોરડાની ગાયને અક્ષરધામ"

હે ભક્તો ! રાજકોટ નજીક ધોરાજી નામનું નાનું એક શહેર છે. ત્યાં માવજી ભગત વગેરે  અનેક મહાન ભક્તો થઈ ગયા છે. તે ગામમાં શ્રીજી મહારાજે ગામની બહાર લાલ વડે રંગોત્સવ પણ કરેલ છે. તે વડ નીચે મહારાજ વેલ ઉપર બિરાજમાન થયા હતા.

તે સ્થાને માધવચરણસ્વામીએ દેરી કરાવી છે. તેમાં હનુમાનજી પધરાવવા માટે જૂનાગઢથી ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા.. હનુમાનજીની પ્રતિષ્ઠાનો વિધિ રાઘવજીભાઈ દવે પાસે કરાવ્યો અને ગુણાતીતાનંદ સ્વામીએ આરતી ઉતારી. પછી ટોપરું ને ખાંડ હનુમાનજીને ધરાવી સૌને પ્રસાદ વહેંચી દીધી.

હે ભક્તો ! સ્વામી સાથે તે પ્રતિષ્ઠામાં ઘણા સંતો આવ્યા હતા. તેથી હરિભક્તોએ સ્વામીને કહ્યું : "સંતો માટે ઠાકોરજીનો થાળ અહીં લાલ વડે જ બને એવી અમારી સૌની ઈચ્છા છે, માટે અહીં રસોઈ બને તો સારું."

હરિભક્તોની ઈચ્છા જાણી સ્વામીએ સંતોને ત્યાં જ થાળ બનાવવા કહ્યું, તેથી સંતો રસોઈ બનાવવા લાગ્યા. તે સમયે કંડોરડા ગામથી કેશવજી દવે પોતાની ગાયનું દહીં લઈને ત્યાં આવ્યા. તે જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું : "દવે ! શું લઈને આવ્યા છો?" ત્યારે દવે કહે : " મારી ગાયનું ગોરસ છે, તે આપને તથા સંતોને જમાડવા લાવ્યો છું."

પછી ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના શિષ્ય રામચરણદાસજી સ્વામીને બોલાવીને કહ્યું : "આ દહીં ઠાકોરજીના થાળમાં ધરાવજો." પછી રસોઈ તૈયાર થઈ એટલે તે દહીં પણ ભગવાનને ધરાવ્યું. પછી

થાળ ઉતાર્યો અને તે દહી સ્વામી જમ્યા અને સંતોને પણ થોડું થોડું પીરસાવ્યું. સૌ સંતો જમીને ગામમાં મંદિરમાં આવ્યા.

ગુણાતીતાનંદ સ્વામી બે દિવસ ધોરાજીમાં રોકાયા. સૌ ભક્તોએ પોતપોતાના ઘેર સ્વામીની પધરામણી કરાવી પૂજન કરી ધોતીયાં ઓઢાડ્યાં. પછી સ્વામી જૂનાગઢ પધાર્યા.

હે ભક્તો ! પોષ મહિનો આવ્યો, ત્યારે એક દિવસ શ્રીજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીના કેશવજી દવેને દર્શન થયાં. દવેએ જોયું તો શ્રીજી મહારાજ અને સ્વામી ગાયના ફરજા તરફ ગયા. ત્યાં જઈ ગાયના જીવને દિવ્યદેહ આપી વિમાનમાં બેસાડી ધામમાં લઈ ગયા. ! !

આવું દશ્ય જોઈ કેશવજીબાપાએ પોતાના દીકરા પીતાંબરભાઈને ઉઠાડ્યા ને કહ્યું : ‘‘જાગ જાગ દીવો કર, આપણી ગાયને શ્રીજી મહારાજ અને સ્વામી ધામમાં લઈ ગયા.’’ પછી દીવો પ્રગટાવી બન્ને બાપ-દીકરો ગાયની કોઢમાં ગયા ત્યાં તો ગાયને મૃત્યુ પામેલ જોઈ. ગાયનું માથું નમી ગયું હતું.

હે ભક્તો ! ત્યાં તો આકાશમાં તેજ ઝળહળ્યું. તેજમાં મહારાજનાં દર્શન થયાં. ત્યારે મહારાજ બોલ્યા : ‘‘ભક્તો ! તમારી ગાયનું દહીં મારા થાળમાં ધરવામાં આવ્યું હતું અને તે દહીં ગુણાતીતાનંદ સ્વામી અને સંતો જમ્યા, તેથી હું રાજી થઈને ગાયને મારા ધામમાં લઈજાવ છું.’’ આવું સાંભળી પીતાંબરભાઈ બોલ્યા : ‘‘મોટા સંતો અને મહારાજના કામમાં આપણી ગાયનું દહીં આવ્યું તો તેનું પણ કલ્યાણ થયું. આપણી ગાયનાં મોટાં ભાગ્ય કે મહારાજ તેમને તેડી ગયા.

## "ઈંટોલાના બળદને અક્ષરધામ"

**"કહુ જન કાનમના, વળી વિચારી મન,**
**ભાગ્ય મોટાં એ ભક્તનાં, જેને મળ્યા જગજીવન**
**જપ તપ જોગે કરી, વળી નાવે દયાનો નાથ,**
**તેહ હરિ નયણાં ભરી, નીરખી થયાં સનાથ.**
**પળે પળે થાય પરચા, વળી આવે અંતે અવિનાશ.**
**સરવે જન તે જાણતાં, થાય બ્રહ્મનગરે નિવાસ."**

**– ભક્ત ચિંતામણિ પ્ર-૧૨૫**

હે ભક્તો ! કાનમ પ્રદેશ એટલે વડોદરા જીલ્લાનાં ગામડાંઓનું ક્ષેત્રફળ. વડોદરા જીલ્લાના કંડારી ગામની નજીક ઈંટોલા નામનું નાનકડું ગામ છે. તે ગામમાં શ્રીજી મહારાજના સમયથી સત્સંગના શ્રી ગણેશ થયેલ છે.

ઈંટોલા ગામમાં પટેલ જ્ઞાતિમાં જીજીભાઈ નામના એક મહાન ભક્ત થઈ ગયા છે. તે ભક્ત સત્સંગ સમાજ ઈંટોલાના અગ્રગણ્ય હતા. સત્સંગમાં શિરોમણી હતા. તેઓને શ્રીજી મહારાજ સાથે ખૂબ હેત હતું. પોતાનું તન, મન અને ધન સત્સંગ પરાયણ કરી દીધું હતું.

આવા એકાંતિક ભક્ત જીજીભાઈની આયુષ્ય પૂરી થઈ એટલે તેઓને તેડવા માટે અક્ષરધામમાંથી સ્વયં સ્વામિનારાયણ ભગવાન મુક્તો સહિત સોનાનો રથ લઈને પધાર્યા. તે રથને સફેદ હાથીઓ જોડેલા હતા.

શ્રીહરિજી પધાર્યા ત્યારે રાત્રીનો સમય હતો. દિવ્ય રથ લઈ મહાપ્રભુએ પરમ ભક્ત બાપુભાઈ બ્રાહ્મણના ઘેર તેના ફળિયામાં રથ ઊભો રાખ્યો. તે સમયે પ્રભુ-ઈચ્છાથી આખા ગામમાં પ્રકાશ ફેલાઈ ગયો. રાત્રીએ પણ દિવસ જેવું અજવાળું થઈ ગયું !

હે ભક્તો ! અજવાળું થવાથી બાપુભાઈ જાગી ગયા. આંખો ખોલીને જોયું ત્યાં તો દિવ્ય સ્વરૂપે સ્વયં મહારાજ ! બાપુભાઈ તો પરમ આશ્ચર્ય પામી ગયા ! ! જલદી જલદી પલંગ પરથી નીચે ઉતરી દંડવત કરવા લાગ્યા અને બોલ્યા : ‘‘હે મહારાજ ! મારા ઉપર અપાર કૃપા કરી મારા ઘેર મને દર્શન દેવા પધાર્યા એ મારાં મોટાં ભાગ્ય હું માનું છું, વળી આટલા બધા સંતોને સાથે લાવીને આપે તો મારા પર અપાર કૃપા કરી છે. હે પ્રભુ ! હવે આપ રાજી થઈને મારે ઘેર રહો.’’

બાપુભાઈની વાત સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : ‘‘બાપુભાઈ ! અમો તમારે ઘેર રહેવા માટે નથી આવ્યા. અમે તો જીજીભાઈને તેડવા માટે આવ્યા છીએ. તેમના દેહની આયુષ્ય પૂરી થઈ ગઈ છે, તેથી અમારા બિરુદ મુજબ તેને આ રથમાં બેસાડી અમારા અક્ષરધામમાં લઈ જશું.’’

હે ભક્તો ! શ્રીહરિજીની આવી વાણી સાંભળી બાપુભાઈ કહેવા લાગ્યા : ‘‘મહારાજ ! જીજીભાઈનાં મોટાં ભાગ્ય કે આપ તેઓને ધામમાં લઈ જવા પધાર્યા, પરંતુ હાલમાં જીજીભાઈ અમોને કથા-વાર્તા સંભળાવી અમારું સર્વે સત્સંગીઓનું પોષણ કરે છે. તેના જેવા બીજા ભક્ત અમારા ઈંટોલા ગામમાં કોઈ નથી. જીજીભાઈને કારણે તો અમારા ગામમાં સર્વે સત્સંગીઓને સારો સમાસ છે, જો તમો તેમને તેડી જાશો તો સત્સંગ ઘટી જશે, માટે મારી આપને વિનંતી છે કે જીજીભાઈને રહેવા ઘો તો સારું.’’

બાપુભાઈની વિનંતી સાંભળી શ્રીજી મહારાજ સ્મિત કરતાં કરતાં બોલ્યા : ‘‘બાપુભાઈ ! જો એવું જ હોય તો અમો તેમને મૂકી જશું, એને બદલે એના બળદને લઈ જશું.’’

ત્યારે બાપુભાઈએ સવાલ કર્યો : ''અરે મહારાજ ! બળદને? શું વાત કરો છો ? પશુને અક્ષરધામમાં લઈ જશો ? તમો સર્વોપરી ભગવાન અને તમારી કૃપા પણ સર્વોપરી ? એ બળદનાં તે એવાં કંઈ મોટાં પુણ્ય છે કે એને ધામમાં તેડી જવા તમે તૈયાર થઈ ગયા ?''

હે ભક્તો ! બાપુભાઈનો પ્રશ્ન સાંભળી મરક મરક હસતા મહારાજ કહેવા લાગ્યા : ''એ બળદના શાં પુણ્ય છે તે સાંભળો, તેનો તમને પ્રસંગ સંભળાવું છું.''

એક વખત મુક્તાનંદ સ્વામી અમારી આજ્ઞાથી પચાસ સંતોને લઈને તવરાના મેળામાં ગયેલા. ત્યાં કોઈ મુમુક્ષુ આવે તેને સદ્બોધ આપી સત્સંગી બનાવવા માટે અમોએ સંતોને ત્યાં મોકલ્યા હતા.

સંતોને ત્યાં જમવાનું મળ્યું નહિ. દશમનો ઉપવાસ થયો. એકાદશીએ ઉપવાસ કર્યો અને બારસે કોઈએ પારણાંનું પણ પૂછ્યું નહિ. એ સમયે જીજીભાઈ પોતાના કામ પ્રસંગે તવરા બાજુ ગયેલા. ત્યાં તેઓએ સમાચાર સાંભળ્યા કે, ''મુક્તાનંદ સ્વામી અને ૫૦ સંતો ત્રણ દિવસથી ભૂખ્યા છે.'' તુરંત પોતાના એકામાં જમવાનો સામાન ભરી બળદને જોડી ઉતાવળા ઉતાવળા તવરા આવી સંતોને રસોઈનો સામાન આપીને કહ્યું : ''જલદી જલદી થાળ બનાવો અને જમી લ્યો.'' ત્યાર પછી સંતોએ રસોઈ બનાવી ઠાકોરજીને થાળ ધરાવી સૌ જમ્યા. અને જીજીભાઈ ઉપર ખૂબ રાજી થયા.

હે બાપુભાઈ ! મુક્તાનંદ સ્વામી જેવા પવિત્ર સંતો જમ્યા એ સીધાં-સામાન તાણીને-ખેંચીને-વજન ઉપાડીને બળદ તવરા લઈ ગયો હતો તે પુણ્યના કારણે અમો તેને અમારા ધામમાં લઈ જશું.'' આ રીતે કહી પ્રભુ અદશ્ય થઈ ગયા. આવી શ્રીજીની વાણી સાંભળી

બાપુભાઈ તો ભાવવિભોર બની ગયા અને ઉતાવળા ઉતાવળા જીજીભાઈને ઘેર જઈ સર્વે વાત કરી. પછી બન્ને કોઢમાં બળદ પાસે ગયાં. ત્યાં તો બળદ મૃત્યુ પામેલ હતો !

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૧માં વચનામૃતમાં કહ્યું છે કે, ''આ સત્સંગમાં તો ભગવાનનો મોટો પ્રતાપ છે તેણે કરીને પશુનું પણ કલ્યાણ થાય છે.'' સત્સંગીને ઘેર રહેલાં ગાયો, ભેંસો વગેરેનું દૂધ, છાશ અને ઘી ભગવાન, સંતો તથા સત્સંગીઓના ઉપયોગમાં આવે તથા બળદો પણ માલ-સામાન ઉપાડવામાં કામમાં આવે તેના કારણે ભગવાન રાજી થાય અને તે સર્વેને તેડવા આવે અને તેઓનું કલ્યાણ થાય.

**''મોક્ષનો સદા રાખજો લક્ષ, પ્રભુનો સદા રાખજો પક્ષ,**
**જીવન બનાવજો દક્ષ, તો શીઘ્ર થઈ જાશે મોક્ષ''**

હે ભક્તો ! આપણે પણ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ અને મહારાજની આજ્ઞા પાળી ધર્મ સહિત ભક્તિ કરીએ છીએ, તેથી આપણા ઉપર મહારાજ રાજી થશે, તેના કારણે આપણને પણ અંતે તેડવા આવશે અને પોતાના અક્ષરધામમાં લઈ જઈ પોતાની સેવામાં રાખી નિજ-મૂર્તિનું અખંડ સુખ આપશે. માટે મહારાજનો કેફ રાખી આનંદમાં રહી ભક્તિ કર્યા કરવી અને મહારાજ રાજી થાય એવું વર્તન રાખવું એ જ અભ્યર્થના સાથે...

સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના સર્વે વાચકોને ઘણા હેતપૂર્વક
જય શ્રી સ્વામિનારાયણ

**લેખન પ્રારંભ : વિક્રમ સંવત ૨૦૭૦, જેઠ વદ-૧, તારીખ : ૧૪-૦૬-૨૦૧૪**
**લેખન સમાપ્ત : વિ.સંવત્ -૨૦૭૦, અષાઢ વદ-૧૧, તારીખ : ૨૨-૦૭-૨૦૧૪**

# નોંધ



## સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

**લેખકશ્રી**

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સંવત્ ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને "સત્સંગિજીવન સાગર મંથન" નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિક 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ'માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું "પ્રગટના ગુણગાન" નામે પુસ્તક પણ પ્રકાશિત થયેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૨૦ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

લિ. ડૉ. સંતવલ્લભદાસ (આ.કો. વડતાલધામ)

## બ્રહ્મસ્વરૂપ સ્વામી દ્વારા લખાયેલ પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | | ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ | (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ | (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ | (૧૩) | આત્મબોધ | ઈ.સ. ૨૦૧૨ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ | (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ | (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ | (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ | (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ | (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ | (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ | (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |



"મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું;
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું."

- ભક્ત ચિંતામણિ-પ્ર-૬૮

-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ
પીન. - ૩૮૭૩૭૫.

(0268) 2589728, 2589776
vadtaldhamvikas@gmail.com
www.vadtalmandir.org

ISBN 978-81-940549-5-5